निन्द्यशृंगारनिषेधक रूपक.

રચીને પ્રસિદ્ધ કરનાર

દિવાન બહાદુર

રણછોડભાઈ ઉદયરામ.

મુંબઇ વૈભવ પ્રેસ.

સંવત ૧૯૭૬ ભાદ્રપદ. સન ૧૯૨૦ આકટોબર.

મુલ્ય રૂ ૧-૪-૦

૧-૧૨-

પ્રકાશક—દિવાન બહાદુર રણછોડભાઈ ઉદયરામ એઓએ
આ રૂપક રેજીસ્ટર કરાવી સર્વ પ્રકારના હક
પોતાને સ્વાધીન રાખ્યા છે.

મુદ્રક—રા. રા. ચિંતામણ સખારામ દેવલે, **મુંબઇ વૈભવ પ્રેસ,**
સર્વંટ્‌સ ઑફ ઈંડિયા સોસાઇટિસ હોમ.
સેંડર્સ્ટ રોડ ગિરગામ.

નિવેદન.

પ્રેક્ષકજનોને ગંમતની સાથે જ્ઞાન મળે એવી રૂપકના લખાણની રચના થવી જોઇયે. સારા લખનારા આ વાત પૂરેપૂરી લક્ષમાં રાખે છે. પરંતુ કેટલાક નાટક મંડળિયોના માલિકોને એ વાત પોસાતી નથી. આજકાલ પ્રેક્ષકજનોનું વલણ સર્વ પ્રકારનો ભભકો જોવા ભણી દોરાય છે. ઉંચા પ્રકારના દેખાવોના પડદા, આંખને ઝંખવી નાંખે એવા તાજા, અને સર્વ પ્રકારની ચિત્રકારની ચતુરાઇ જેમાં વપરાયલી હોય એવા હોય તો તેઓ રાજી થાય છે. પાત્રોના પોશાક ખરી બનારસી જરીના ચકચકિત, અને નાના પ્રકારના વેલબુટ્ટાની કારીગરીવાળા પસંદ કરે છે. સીનસીનરી પલટાઇ જતી થતી હોય તે દેખીને પ્રસન્ન થાય છે. વીજળીની લાઇટ ચિત્રવિચિત્ર યોજનાઓમાં ગોઠવાયલી હોય અને આંખોને ઝાંખવી નાંખે એવી હોય તો મનપ્રસંદ ગણાય છે. પાત્રો રૂપાળાં અને નાનાપ્રકારનાં નખરાં કરી બતાવે એવાં હોય છે તો તેથી પ્રેક્ષકો મોહાય છે. આવા બાહ્ય ભભકા ઉપર પ્રેક્ષકોનું વલણ થઈ જવાથી, જ્યાં તેવું જોવામાં આવે નહિ એવી નાટકશાળાઓ તેઓને લુખીલશ લાગે છે. રૂપકની રચનાને અનુસરતા દેખાવો છે કે નહિ, તેની દરકાર તેઓને હોતી નથી. તેથી ભાડુતી લખાયલા ગમે તેવા લેખો હોય તો ચાલી શકે છે. નાનાપ્રકારના રાગડા અને રાગની લઢાણો સારી રીતે લલકાતી હોય તે મનરીઝવનારી થઇ પડે છે. ચૂનાની થાબ દેવાતા કૂબાની તાલબંધ થાબડિયો ઠોકાતી હોય તે પ્રમાણે પ્રેક્ષકોને પોતાના બૂટ પ્હેરેલા પગે ઠોકવાને બની આવે એવું એકાદ ગાયન ચાલ્યું તો તેની ચાલે પગના ધબકારાથી આખી નાટકશાળા ગજવી નાંખે છે. ઘણું કરીને અજાણુ પ્રેક્ષકોમાં હલકી વૃત્તિના જનોનો સમૂહ વધારે હોય છે, તેઓને નિન્દ્ય શૃંગારપ્રદર્શક ઉઘાડી કવિતા, તેમના મનના વિકારી વલણને અનુસરતી હોવાથી તેઓને મન ગમતી થઇ પડે છે, તેથી નાટક મંડળીના માલિકને ખાસ ધ્યાન આપીને તેવી કવિતા રચાવવી પડે છે. નિર્લજ ચાળા કરીને હલકો હાસ્ય રસ જમાવાતો હોય તે જોઇને વિકારીવૃત્તિની વલણવાળા રાજી રાજી થઇ જાય છે.

સીનસીનરી ગોઠવવાને સમય જોઇયે તેને માટે હવણાં લખાતાં કેટલાંક નાટકોમાં બે નિરનિરાળા રૂપકો (નાટકો) ભેગાં ભજવી બતાવવાની ખાસ ગોઠવણ રાખવામાં આવે છે. મુખ્ય નાટક પ્રયોગમાં કરૂણારસ પૂરે-

પૂરો જામ્યો હોય, પ્રેક્ષકજનોના મન ઉપર તેની પૂરી અસર થવાથી તેમની આંખમાંથી આંસુ ટપકવાનો સમય આવ્યો હોય તે દૃશ્ય બંધ થતાં, હાસ્યરસના સંબંધ વિનાના બીજા પેટા રૂપક (નાટક) નો પડદો પડતાં હલકા પાત્રોના હાસ્ય ઉપજાવતા હલકા કથનનો પ્રયોગ ચાલતો થાય છે, તેથી જેઓ સમજુ અને રસિક પ્રેક્ષકો હોય છે તેમનું કાળજુ કપાઇ જતું હોય એવો આઘાત તેમના હૃદયપર થાય છે. પડદાની પછવાડેનો મુખ્ય નાટકનો સીન ગોઠવાઇ રહેતા સુધી પેટા નાટકનું ટાયલુ ચાલતું રહે છે. જ્યારે મુખ્ય નાટકનું એક દૃશ્ય ચાલતું થઇ પૂરૂ થાય છે કે તુરત જ બીજો પડદો પડતાં પેટા નાટકનું હાસ્ય રસનું દૃશ્ય ચાલતું થાય છે. આવા ક્રમે બે જુદાં જુદાં રૂપકો (નાટકો) ભેગાં બતાવવામાં આવે છે. આવી અયોગ્ય ઢબ ઉપર નાટકમંડળના વ્યવસ્થાપકનું લક્ષ કોઇ ખેંચે છે ત્યારે તેને એમ કહેવામાં આવે છે કે પડદાની પછવાડે અમારે દૃશ્યો ગોઠવવાનાં એટલાં બધાં હોય છે કે તેને ઢાંકેલા પડદા ઉપર હાસ્ય રસનું ટાયલું ચાલતું હોય તેટલું પણ બસ થતું નથી, તો પછી અમારે અણચાલ્યે આવાં ટાયલાં ચલાવવાં પડે છે.

નાટક મંડળીને થતા નાનાપ્રકારના ખર્ચના ખાડા પૂરવાને તેઓને પ્રેક્ષકજનોની વૃત્તિને અનુસરતી રચના રચાવવી પડે છે, કેમકે પ્રેક્ષકજનોને રીઝવીને તેમની પાસેથી પૈસા કઢાવવાનો આવો માર્ગ લેવો પડે છે. આવો મંડળીના માલિકોનો અભિપ્રાય હોતાં, પ્રેક્ષકજનોમાં, સારા અને નરસા બંને પ્રકારના મનુષ્યોનો સમાસ હોય છે તેથી તેવો ભલો વર્ગ પણ ભૂંડાની સાથે વગોવાય છે અને એક ભ્રષ્ટ વૃત્તિવાળાના સંગમાં બીજાની વિહાર વૃત્તિ ઉશ્કેરવાનો પ્રસંગ અણધાર્યો બની જાય છે.

નાટક મંડળીના સ્થાપકો આવી તકરાર બતાવીને બધો વાંક પ્રેક્ષકજનો ઉપર નાંખે છે, અને તેમના લાભની દૃષ્ટિએ આપણે જોઈયે તો તેમના વાંકનો બોજો આપણને પણ હલકો થઈ ગયેલો જણાય છે, એ વાત ખરી, પરંતુ પ્રેક્ષકસમૂહ અજ્ઞાની હોય તેમની અયોગ્ય વૃત્તિને ઉત્તેજન મળે એવા પ્રયોગો ભજવી બતાવવામાં કેટલુ બધુ જોખમ છે તે તેમણે સમજવું જોઇયે. પ્રેક્ષકજનોને જેવું બતાવિયે તેવું તે જુવે, તો નાટક મંડળીના સ્થાપકોએ, પ્રેક્ષકોની વૃત્તિ સાચવવાની વાત વેગળી મૂકીને, જનસમૂહની વૃત્તિ સારે માર્ગે દોરાય એવા લેખવાળાં રૂપકો રચાવવાં જોઇયે. નાટકમંડળિયે માંહોમાંહેની ચડસાચડસી કરવી જવા દઈને એક સંપ કરવો જોઈયે. નાટકમંડળીના સ્થાપકોએ પોતપોતામાં મળીને એક મંડળ સ્થાપવું જોઇયે, તેમણે સર્વાનુમતે ગ્રહણ કરવા યોગ્ય નિયમો રચીને તે

પ્રમાણે નાટક મંડળીના જુદા જુદા સ્થાપકોએ એક સમાન ધોરણ ચલાવવું જોઇયે. વિદ્વાન લેખકો પાસે ઉત્તમ રૂપકો લખાવી તેના પ્રયોગ ભજવી બતાવવા અને તેવા લેખ પરિપૂર્ણ છપાઇ પ્રસિદ્ધિમાં આવે એવી વ્યવસ્થા યોજવી જોઇયે. છપાઈ પ્રસિદ્ધ થયેલા લેખ, લોકમાન્ય થાય છે કે નહિ તે જોવાનો પ્રસંગ આ માર્ગે ચાલવાથી બની આવશે.

પૌરાણિક સમયના ઇતિવૃત્તો, અને ઇતિહાસ વિષયક નાટકના પ્રસંગોમાં, તે તે સમયનાં દશ્યો અને ફરનિચર આદિની યોજના કરવી જોઈયે. પોશાક પણ સમયાનુસાર અને પાત્રની યોગ્યતાને છાજતો પ્હેરાવવો જોઇયે. એ ઉપર યોગ્ય લક્ષ આપવામાં આવતું નથી. હવણાં પૌરાણિક સમયનાં છાયાચિત્રપટ ઉપર દશ્યો બતાવવામાં આવે છે તેમાં પણ ઉઘાડે છોગે આવા નિયમો તોડવામાં આવે છે. આવી થતી ભૂલો મેં એક છાયાચિત્ર દશ્યયોજકને મારી પાસે બેસારીને બતાવી ત્યારે તે કહેવા લાગ્યો કે આ અમારૂ પ્રારંભકાર્ય છે, એમાં અમે ફાવતા જઇશું તેમ તેમ સુધારો કરતા જઈશું. હાલની ફાશનમાંથી રદ બાતલ થયેલા કોચ અને ખુરશિયો ઉપર પૌરાણિક પાત્રો બિરાજમાન કરાવ્યા હોય એ કેટલુ બધુ હાસ્યજનક છે તેનો વિચાર પણ કરવામાં આવતો નથી.

અંગરેજી નાટકમંડળીવાળા સમયાનુસાર દશ્યો અને સાદાં તે સમયનાં ફરનીચર આબેહુબ એવાં ગોઠવે છે કે ઇતિહાસના વાંચકો તે જોઈને આનંદ પામે છે અને નાટકકારનાં વખાણ કરે છે. ત્યારે આવા દેખાવનાં અંગરેજી ભજવાતાં નાટકો આપણા પ્રેક્ષકોને રસ વિનાનાં લુખાં લશ લાગે છે. આપણી રસજ્ઞતામાં આટલો બધો ફેર છે. તે ટાળવાને નાટક મંડળિયોના સ્થાપકોએ પૂરતુ લક્ષ રાખવું જોઇયે. અને સીનસીનરીમાં અને પડદાની ઉથલપાથલની ચડસાચડસીના ભભકામાં હજારો રૂપિયા નકામા ખરચી નાંખે છે તે બંધ કરવા જેવું છે.

જનસમૂહને કેળવવા માટે યોગ્ય ઇતિવૃત્તો ઉપર વિદ્વાનોની લેખિનીથી લખાયલા લેખો, પ્રયોગદ્વારાએ દૃષ્ટિગોચર થવાથી અને ગ્રંથ દ્વારાએ વાંચનમાં આવવાથી નાટકશાળાઓ, સુધારણાનું મ્હોટું સાધન થઈ પડશે સારા લેખકો હવણાં નાટકમંડળીનાથી અલગ થઇ ગયેલા જોવામાં આવે છે. લેખક જેમ લખે તેમ નટોને પોતાની ભૂમિકા ભજવવાને નાચવું પડે છે તે વાત નટોને હવણાં પોસાતી નથી, તેઓ તો પોતાને લેખકો કરતાં વધારે કેળવાયલા અને ડાહ્યા માની લે છે, તેથી, તેઓ

લેખકોને પોતાની વૃત્તિપ્રમાણે લખાણ કરાવી નચાવે તેમ નાચવાની ફરજ પાડેછે આવી રીતિ સારા સ્વતંત્ર લેખકોને પોસાતી નથી. એક પ્રસિદ્ધ નાટકમંડળીના માલિકે અમુક પ્રકારનો ફેરફાર કરવાની તેના લેખકને સૂચના કરી, પણ તે તેને અયોગ્ય લાગવાથી તેની લેખિની તે ચલાવી શકયો નહિ. છેવટે મારી દરમિયાનગિરિ કરાવાને તે મારી પાસે આવ્યો અને મારે તે નાટકમંડળીના માલિકને ખરી સ્થિતિ સમજાવીને સમાધાન કરાવવું પડયું. એજ કંપનીના માલિકની ઇચ્છાથી એક સારા લેખકે સુંદર રૂપકની રચના કરી, કરાર એક બીજાને માન્ય થયા પછી પુસ્તક ઉપરની માલિકીનો અને રચનામાં કેટલોક ફેરફાર કરાવાનો વાંધો ઉઠયો. આગ્રહી લેખક એકનો બે ન થયો. નાટક ભજવી બતાવવાનો હક નાટક મંડળીના માલિકનો રહે, પુસ્તક છપાવી તે વેચવાનો હક લેખકનો રહે એવો નિર્ણય મારી સમક્ષ થવાથી નાટકના માલિકને કરાર તોડવા બદલ લેખકને મનમાનતી રકમ એઓશીના દંડતરીકે આપવી પડી. નાટકમંડળીના માલિકોના વશમાં રહે એવા લેખકો અને કવિઓ તેઓ શોધી કહાડેછે પરંતુ સારા લેખકો અડગ રહેછે તેઓ નાણાકરતાં પ્રતિષ્ટાના ભૂખ્યા હોયછે, તેથી નાણાંની દરકાર કરતા નથી. આવો મામલો હોવાથી સાધારણ લખનારાની સંખ્યા વધતી જોવામાં આવે છે, તેઓને જે આપે તે લઇને લખાણ કરવાની, આ મોંઘવારીનો સમય ફરજ પાડે છે, એટલે જે જડયું તે ખરૂ, એમ વિચારીને માલિકની ઇચ્છાને અનુસરીને તેઓ લેખ ઉભા કરેછે. કોઇ કોઇ નાટકો લખવામાં પાંચ સાત કવિયોનાં માથાં—ભેજાં ભેગાં થાયછે એમ સાંભળવામાં આવ્યું છે.

અહિ થી લીધું તહિથી લીધું, લીધુ જયાંથી લાધ્યું
ટંટળ ઉભુ એમકરીને નાટક લેખન સાધ્યું.
કો લેખકનું જૂનુ લેખન નામ ફેરવી નાંખી
નવી યોજના જાણે કીધી એવી વાણી ભાખી.

આ પ્રમાણે આજકાલ નાટકકળાની દુર્દશા થતી ભેવામાં આવેછે. એવું કેટલકનું કહેવું છે, તે જરા ભારે પડતું અમને લાગે છે, બાકી સારા લખનારાને પણ નમ્યું આપવું પડે છે એ વાત ખરી છે. મુંબઇમાં કામધંધો ઓછો થઇ ગયો છે. કેટલાક સટ્ટાબાજો પ્રપંચી જાળો પાથરી ઘણાને ફસાવે છે અને પૈસાની પ્રાપ્તિ કરી લેછે. દેવાનું હોય તે દેવું નહિ પણ લેવાનું હોય તે ગમે તે પ્રકારે લેવું. આવા લોકો, તેમજ બીજા સારા લોકો પણ બે ઘડી ગંમતની ખાતર આકરા ભાવની નાટકની

ટિકિટો લઇને નાટક જોવાના શોખમાં પડ્યા છે. તેથી સારી, તેમજ, સામાન્ય નાટકમંડળીવાળાઓનો વ્યવહાર ધમધોકાર ચાલેછે. અધૂરામાં પૂરૂ છાયાચિત્રપટ (સિનેમા) નાં દૃશ્ય હવે ચકલે ચકલે થવા માંડ્યાં છે. તેમાં-પણ ભીંડ જોઇયે તો એટલીજ હોય છે. પરદેશી રીતભાત જુદા પ્રકારની હોતાં તેમાં શૃંગાર રસની ભરચકતા ભરેલાં દૃશ્યો ઘણાં હોયછે તેની અસર પણ વિકારી વૃત્તિ રાખી જોનારાને માઠી થાયછે. નાટકમંડળીવા-ળાઓ જેમ ચડસાચડસીમાં ઉતરેલા જોઇયે છિયે. તેમ સિનેમાવાળા પણ પ્રેક્ષકોનું ખેંચાણ કરવાને ચડસાચડસીમાં ઉતરી પડેછે. કેટલાક સિનેમાવાળા જે દૃશ્યથી બોધમળે, ભ્રષ્ટવૃત્તિથાય નહિ એવાં જે છાયા ચિત્રો હોય તેજ બતાવવાની મુખ્યત્વે કરીને કાળજી રાખેછે.

નાટક અને સિનેમાનાં પ્રકટ થતાં અયોગ્ય દૃશ્યો જોવાથી થઇ આવતી નિન્દ્યશૃંગારરસની માઠી અસર અટકાવવાના હેતુથી આ નિન્દ્યશૃંગાર નિષેધક રૂપકની રચના કરવામાં આવી છે.

નિન્ધ શૃંગાર નિષેધક રૂપકનાં પાત્ર.

સ્થળ, મોહપુરી—મુંબઇ.

લલિતાનંદ—ભારતીયનાટયપ્રયોગ શાળાનો નિયોજક.

મધુર—પ્રથમ નાટયશાળાનોસ્થાપક, સૂત્રધાર. તેમજ, વનિતાવિશ્રામનો સેવક-મધુરીનો સદાસંગી—પોલિસને આશ્રય આપનારો. હેરક.

બાપુજી—ભારતીયનાટયપ્રયોગશાળાનો વ્યવસ્થાપક.

સુત્રધાર—રૂપક ભજવી બતાવનાર.

નટી—સૂત્રધારની સ્ત્રી.

વિરહિણી—રૂપકની નાયિકા.

વિરહો—રૂપકનો નાયક.

માધવી પંડિતા—વનિતાવિશ્રામ, વિધવારક્ષક સંસ્થા આદિનાં કાર્યવાહિણી.

મધુરી—વનિતાવિશ્રામની સેવિકા. મધુરની સદાસંગી. પોલિસની આશ્રયદાતા, હેરક. પ્રયોગશાળાઓની નિરિક્ષકા પ્રેક્ષકોની મનોભાવનાનું વલણુ જોનારી.

ગુલાબ—વિરહિણી-શ્યામજી રૂપજી ઝવેરીની વિધવા-વિરહા ઉપર પ્રથમ પ્રેમભાવના રાખવાવાળી; પછવાડેથી મધુરમધુરીના સંગથી સુધરી ગયેલી વનિતાવિશ્રામની સેવિકા.

પોલિસકમિશનર—મોહપુરી-મુંબઈની પોલિસખાતાનો મુખ્ય અધિકારી.

મિ. સ્મિથ. પોલિસઇન્સ્પેકટર.

મિ. ડાનિયલ—પોલિસઇન્સ્પેકટર.

સારાભાઈ—કૃષિકર્મવિસ્તારક મંડળના કાર્યાલયનો મંત્રી.

જીવણ ભગુ—શ્યામજી રામજી ઝવેરીનો મુન્યમ.

પથ્થરલાલ પાણકાલાલ નાટકી. નિન્ધશૃંગારદર્શક નાટકમંડળીનો સ્થાપક.

મૂળજી મેઘજી—શેરની ટાન્સફર રિસીટમાં સહિકરનાર.

અંક ૨ જો. સ્થળ, વટપુર.

પેસ્તનજીદાદી દારૂવાળા. વટપુરનો રેલવેસ્ટેશનમાસ્તર.
રઘુનંદ—જળસંચય ખાતાનો ઇરિગેશન એનજિનિયર.
રઘુનંદિની, રઘુનંદી, મિસબેલી—રઘુનંદની વિલાયતી સ્ત્રી.
સીતામાતા—રઘુનંદનીમાતા— } જેઓને રઘુનંદે ખરચીબાંધીઆપી
કલ્યાણી—રઘુનંદની પરણેતરસ્ત્રી } પોતાના વતનમાં જુદાં રાખેલાં.

જમાદાર
નથુમેઘજી પટાવાળો } રઘુનંદની ઑફિસના નોકરો.

અંક. ૩ જો.

સ્થળ, મોહપુરી—મુંબઈ.

ફિરોજ જમશેદ—પેસ્તનજીનો સિનેમાનો ભાગિયો. (કથનમાં નિકળતું નામ)

મિસબેલી—રઘુનંદની વિલાયતી સ્ત્રી. જેણે વિલાયતની નાટયશાળામાં તેની સંગી નટિયો સાથે કરેલા નાચના નાના પ્રકારના છાયા ચિત્રપટ ઉપરના દશ્યોનુ અવલોકન આલેખનારી.

અંક. ૪ થો.

સ્થળ, **પ્હેલાવર્ગની ગાડીનો મેલટ્રેનનો જતો આવતો ડબો. પછી વટપુર, દમણસ્ટેશન.**
મિસબેલી અને વિરહો તે મિસ આડમ.

મિ. સ્મિથ.
મધુર. } વિરહાને પકડવા ગયેલા પોલિસવાળા.

અંક. ૫ મો.

સ્થળ, મોહપુરી—મુંબઈ.

પોલિસ કમિશનર; મિ. સ્મિથ પોલિસઈન્સ્પેકટર. મિસિસ-સ્મિથ બનેલો મધુર. મિસબેલી. મિસ આડમ બનેલો વિરહો ટિકિટમાસ્તર, ગુલાબ અને મધુરી,

ફોજદારી ન્યાયાધીશ—ગ્રાણ્ટરોડસ્ટેશને કોર્ટમાંડી વિરહાઅને મિસ બેલીનો કેસ ચલાવનાર.

શિરસ્તેદાર—ફોજદારી ન્યાયાધીશનો.

અંક. ૬ ઠો,

સ્થળ, વટપુર.

રઘુનંદ, સીતામાતા, કલ્યાણી, નથુમેઘજી પટાવાળો, જમાદાર,
દેવજી—એક કંટ્રાક્ટર, જેનેત્યાં સીતામાતા અને કલ્યાણી રહેલાંછે.
આત્મારામ—ડાક્ટર, જે સીતામાતાની માવજત કરેછે.
સીતામાતાના મૃત્યુનો કેસ ચલાવનારી પંચાયત અને ફોજદારી ન્યાયાધીશ. પોલિસસુપરીન્ટેણ્ડણ્ટ, પંચપ્રમુખ. સરકારી તિજોરીનો કિલિદાર,
કાવસજી—તારમાસ્તર.
આવાંબાઇ—પેસ્તનજી સ્ટેશનમાસ્તરની સ્ત્રી.
આમદ-આમદશેઠ. એક કંટ્રાક્ટર મેમણ.

ઉપાંગ.

સ્થળ, સુજળાનદીનો કિનારો. પરવડીનું રેલવેસ્ટેશન, વટપુરનું રેલ્વેસ્ટેશન. મિરઝાપીરજાદાના તકિયાના ટેકરાનો એટડો.

આમદ, આગબોટવાળો-કાંટ્રાક્ટર. નાખુદા આગબોટનો ઉપરી ખારવો. સોમલો, રામલો ભાણો, જસો આમદશેઠની આગબોટના ખારવા. મિસએલી અને વિરહો મેલટ્રેનમાં કેદી છે. એક જમાદાર અને ત્રણ પોલિસસિપાઇયોની હવાલતમાં છે. હેરક મધુર, અને મધુરી પુરૂષના વેશમાં તેમની સાથે છે. પછવાડેથી મધુર બબરચીના વેશમાં છે.

જહાંગીર—પરવડીનો તારમાસ્તર
પોલિસઇન્સ્પેકટર—પરવડી વિભાગનો.
પોલિસજમાદાર—પરવડી વિભાગનો, જાતિનો વાણિયો.
ટંડેલ—સુજળા નદીમાં રહેલા બતેલાનો ચલાવનાર.

અંક. ૭ મો.

સ્થળ, મોહપુરી-મુંબઈ. વરલી, એલિફંટાની ગુફા.

પોલિસ કમિશનર, મધુરી, એક બાતમીદાર, મધુર બબરચી.
મિ. એડવર્ડ—પોલિસ ઇન્સ્પેક્ટર.
નાસર—પોલિસજમાદાર.

આમદ, મિસએલી, મિસઆડમ (વિરહો), મોટરવાળો (સિરહાનો), સોમલો ખારવો. ગુલાબશેઠાણી. ટપાલનો પટાવાળો, વૉટરપોલિસ ઇન્સ્પેકટર.

ન્યાય અંક.

સ્થળ, મુંબઈ.

ન્યાયાધીશ—ખાસ ન્યાયાધીશીના નિમાયલા ન્યાયકાર.
દરબારિયો, સાક્ષિયો, પંચાયત અને ભરકચેરી.
કેસમાં નિકળી આવતાં નામ,—
મિ. એલી—ભ્રષ્ટથયેલો રોમનકેથોલિક પાદરી.
પેનલ—પાદરીની રાખેલી સ્ત્રી. મિસએલીની મા.
એની હંટર—લંડનનું ઑપેરા હાઉસ ચલાવનારી.

અંક. ૮ મો.

સ્થળ, મોહપુરી-મુંબઈ.

માધવીપંડિતા, ગુલાબ, મધુરી, મધુર,
ભાણજીદલાલ—શ્યામજીરામજી ઝવેરીના ધર્માલયનો ભોંયતળિયાનો ભાડુત, ઝવેરાતની દલાલી કરનાર.

સમાપન.

સ્થળ, ભારતીયનાટયપ્રયોગશાળા.

સુત્રધાર, એક પ્રેક્ષકબાઈ, બીજી પ્રેક્ષકબાઈ, ગુલાબબાઈ.

निन्द्यशृंगारनिषेधक-रूपक.

अंक १ लो.

प्रवेशक.

સ્થળ—ભારતીય નાટ્યપ્રયોગશાળા.

લલિતાનંદ અને મધુર.

લલિતાનંદ—(પ્રસ્તાવના લખી રહ્યા પછી લેખિની વેગળી મૂકી વાંચે છે.)

(ગીતિ.) **મંગળાચરણ.**

મારી ઇચ્છા પૂરો, પ્રભુજી! પ્રાર્થી તમ ચરણે જાચું
જો સાહાય્ય તમારી, તો જગસુખમાં નહિ કંઇ રહે કાચું, १

મધુર—(દ્વારપડદાની પેલીપાર.) (ગીતિ.)

મારી ઇચ્છા પૂરો, તમ પ્રતિ વિનતિ વિનય ભરી મારી
જો સાહાય્ય તમારી, તો મુજ કાર્યો સફળ થશે ભારી. २

લલિતાનંદ—આશ્ચર્ય! આ પ્રતિધ્વનિ કોનો! (પડદો ઉંચો કરતાં)

મધુર (પ્રવેશ કરતાં) (ગીતિ).

મધુર તણી આ વાણી, મધુરો કરીને નમન, પગે લાગે
આમ પ્રવેશ કરંતો, આ મધુરો આપની ક્ષમા માગે. ૩

લલિતાનંદ—તમે ભલે પધાર્યા. તમારૂં નામ મધુર છે, અને તમારી વાણી પણ મધુર છે. મેં પણ મારા આ નવીન લેખનો નાયક મધુર કલ્પ્યો છે.

મધુર—તો પ્રભુ પ્રેરણાથી, આપના કલ્પેલા મધુરને સ્થાને સાચો મધુર પ્રત્યક્ષ થઈ આવ્યો. આવા અચાનક, અચિંત્ય બનાવથી, પ્રભુ આપણો સંબંધ જોડશે એવું સુચિહ્ન સમજાય છે.

લલિતાનંદ—તમારી ઇચ્છા શી છે! તમે કેવો સંબંધ જોડવા ઇચ્છો છો!

મધુર—હું કોણ છું એ મારે પ્રારંભમાં વિદિત કરવું યોગ્ય છે, તેથી જણાવું છું કે, કલકત્તાની કૉલેજમાં અંગરેજી અભ્યાસ પૂરો કરી, એમ. એ. ની પરીક્ષામાં સફળ થયો છું. તે ઉપરાન્ત, કાશિપુરીની સંસ્કૃત પાઠશાળામાં અભ્યાસ કરીને મેં ઉપાધ્યાયની પદવિ મેળવી છે.

મારો મુખ્ય વિષય કાવ્યનો અને નાટ્યશાસ્ત્રનો છે. વાંચનપઠનમાં આવેલો વિષય, પ્રત્યક્ષ અનુભવમાં કરી બતાવવાની ઇચ્છાથી, હું આપની પાસે આવ્યો છું.

(એમ. એ. અને ઉપાધ્યાયની પદવિનાં પ્રમાણપત્રો વંચાવે છે.)

લલિતાનંદ—(વાંચીને પાછાં આપતાં.) તમારા જેવા વિદ્વાનની સાહાય્ય અમને અમૂલ્ય થઈ પડશે. પરંતુ મારે પ્રારંભમાંજ જણાવવું જોઇયે કે, અમારી ભારતીય નાટ્ય પ્રયોગ સંસ્થાના ધારા ઘણા આકરા છે.

મધુર—મેં એ વાંચ્યા છે. તેમજ, તમારા નાટ્યાલયમાં થતા પ્રયોગો પણ મેં ધ્યાનપૂર્વક જોયા છે, તેથી, તમારી ભારતીય નાટ્યપ્રયોગ સંસ્થાના પ્રત્યેક વિષયો મારા જાણવા બ્હાર નથી. આપે ધંધાને અર્થે આ સંસ્થા સ્થાપી નથી; પણ નીતિના પ્રયોગો થતા જોઈ, પ્રેક્ષકોને ગંમતની સાથે બોધ મળે એવો આપનો હેતુ છે; અને તેને માટે આપે આપના લાખો રૂપિયાનો ભોગ આપ્યો છે, ને હજુ પણ આપો છો. માત્ર કમાઇ કરવાને અર્થે સ્થપાતી નાટક ટોળિયો, અતિ શૃંગારી અને અનીતિના પક્ષમાં પ્રવેશ કરાવે એવા ખેલોના પ્રયોગો કરી બતાવી, સ્ત્રીપુરૂષો, અને તેમાં મુખ્ય કરીને, યુવકોનાં જીવન બગાડે છે, તેવો આપનો હેતુ નથી, એ જાણી મને અતિ હર્ષ થાય છે.

લલિતાનંદ—હા, એવી થતી હાનિ અટકાવવાને, અમે આ અમારી સંસ્થા સ્થાપી છે. અને તેથીજ, અમે અમારા પાત્રો પસંદ કરવામાં અતિશય કાળજી રાખિયે છિયે.

મધુર—તમે ધનાઢ્ય અને વિદ્વાન છો તેથી, આ કાર્યમાં વિજય પામ્યા છો.

લલિતાનંદ—ઘણી ખોટ ખમ્યા પછી, અમે અમારા કાર્યમાં હવે પૂરો વિજય પામ્યા છિયે.

(ઘંટચાંપ દબાવે છે.)

બાપુજી—(પ્રવેશ કરતાં) શી આજ્ઞા છે!

લલિતાનંદ—આ મધુરભાઈ નાટ્યશાસ્ત્રમાં નિપુણ છે, એઓ આપણી સંસ્થામાં જોડાવા ઈચ્છે છે, તો, આપણા ધારાને અનુસરીને એમની સાથેના કરાર નક્કી કરો. (બંને જણા જાય છે.)

आमुख–प्रस्तावना.

સ્થળ, ભારતીય નાટ્યપ્રયોગશાળા.

લલિતાનંદ અને મધુર.

મધુર—મહાશય લલિતાનન્દ ! શૃંગારી નાટક મંડળીનાં બધાં નાટકો, ઉઘાડા શૃંગારથી ભરેલાં મારા જોવામાં આવ્યાં, અને તેથી, પ્રેક્ષકોના મન ઉપર કેવી અસર થાય છે, એ પણ, તેમના ભેગા ભળીને, મેં જોયું. યુવક સ્ત્રીપુરૂષોના મન ઉપર તેની ખોટી અસર થાય છે. પ્રયોગ જોતાંજ તેઓ વિહ્વળ બની જાય છે.

લલિતાનંદ—એ મ્હોકાણને લીધેજ મારો આ પ્રયાસ છે. ઘણા સુજ્ઞ પુરૂષોના આગ્રહથી, મેં ભારતીય નાટ્યપ્રયોગશાળા સ્થાપી છે, તે તમે પણ જાણી લીધું છે.

મધુર—શૃંગારી નાટકમંડળીવાળા **પથ્થરસ્થાલે વિરહદર્શક નાટક** રચાવ્યું છે. અને તેના પ્રયોગ કરી બતાવ્યા છે. તે માહેલો એક નટ છે, જેનું નામ **વિરહો** છે. એ સ્ત્રીના, તેમજ પુરૂષના વેશ ભજવી શકે છે. એવા એક નટનાં અપકૃત્ય અને તેના અનિષ્ટ પરિણામદર્શક પ્રયોગ ભજવી બતાવી, **નિન્દ્યશૃંગારનિષેધક** રૂપક દ્વારા, આપની ઈચ્છા ફલીભૂત કરવા મેં આદર્યું છે.

લલિતાનંદ—શૃંગારરસની મર્યાદાના ઉલંઘનવાળા, ને અતિશૃંગારી ખેલ જોવાથી ખોટી અસર થાય છે. એનાં દૃષ્ટાંન્ત પ્રકટ થવાથી લોક સમૂહને લાભ છે, માટે, ભલે તમે નવીન રૂપકનો પ્રયોગ ચાલતો કરો.

પ્રવેશ ૧ લો.

સ્થળ પ્રયોગશાળા.

સુત્રધાર અને નટી.

સુત્રધાર—(પ્રવેશ કરીને) નટી ! વ્હાલી નટી ! પ્રેક્ષકજનો તારી મધુર વાણીનું શ્રવણ કરવાને, તારી આવવાની આતુરતાથી વાટ જોતા, બેઠા છે.

નટી—(પ્રવેશ કરી) તો તેમની ઇચ્છાને માન આપવા, આ હું આવી.

(સ્તુતિ કરે છે. રાગ ભૂપાળીકલ્યાણ.)

સૃષ્ટિવૃદ્ધિ કેરૂ કામ, રતિપતિ માથે પડયું,
એવા રતિપતિ દેવ ! વિનતિ સ્વીકારજો......(ટેક)
ત્યાગી ને વૈરાગી થઈ, વનિતાનો ત્યાગ કરે,
એવા યતિ સંન્યાસીનાં ઝુંડોને વિદારજો; સૃષ્ટિ૦ ૧
નરનારી વશ કરી, પ્રેમમાંહ પલોટવા
રતિપતિ ! રતિ સાથ પ્રેમથી પધારજો......સૃષ્ટિ૦ ૨
વિરહિણી હૃદયને વિંધતા ઓ રતિ દેવ !
ધનુષ્યને બાણ ગૃહી સચોટ પ્રહારજો.......સૃષ્ટિ૦ ૩

સુત્રધાર—તારા સરખી પ્રેમાલ પ્રિયાએ, આદરપૂર્વક, રતિપતિનું આવાહન કર્યું છે તો તે પ્રેમપોષક પ્રેમી દંપતિ, તારી ઇચ્છાને અનુસરીને, અવશ્ય, આપણને દર્શન દેવાને પ્રેમથી પધારશે.

નટી—રતિપતિની મારા ઉપર મ્હેર છે, આપના પ્રતિ આદર કરવાને મને અતિશય ઉમળકો આવે છે તે એમનીજ પ્રેરણાનો પ્રતાપ છે. જુવો ! જુવો ! એ પ્રત્યક્ષ થાય છે.

(રતિપતિ, રતિ સહવર્તમાન પ્રવેશ કરે છે. વિરહિણીની આસપાસ ઘણાં કામદેવનાં સ્વરૂપ, બાણ સાધતાં પ્રત્યક્ષ થાય છે. નાના પ્રકારનાં પુષ્પનાં અને મંજરિયોની પણછોવાળાં ધનુષ્ય ધારણ કરેલાં છે.)

(સ્તંભીકરણ. પડદો પડે છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ, પ્રયોગશાળા.

વિરહિણી અને વિરહો.

(મોહબાણે ઘવાયલી વિરહિણી પ્રવેશ કરે છે.)

વિરહિણી—(છાતી, હાથના પંજાથી દબાવતી, ગાતી પ્રવેશ કરે છે.)

મને પીડાના કરનાર પ્રેમી! આવ્ ધાયો
પ્રેમની પીડા તું શમાવવા,   મને૦
કામદેવ બાણુથી હૃદય વિંધાયું,
વિંધાયું, વિંધાયું, વિંધાયું, તેને રૂઝાવવા.   મને૦
અરે! સૂંસરો એ વાટથી જાય છે,
જાય છે, જીવડો, તેને અટકાવવા.   મને૦
ધા તું વ્હારે! ધા તું વ્હારે! વ્હેલો તું વાધ્
મારી પ્રેમની પીડાને પટકાવવા.   મને૦

(નેપથ્યમાં)

વિરહો—(ગાવાની ઢબે) આવ્યો, વ્હાલી આવ્યો, વ્હાલી! તારી
વ્હારે આવ્યો. આ આવ્યો હું તારી વ્હારે આવ્યો.
(પ્રવેશ કરતાં તે વિરહિણીની છાતિયે હાથ દઇને) ઝાલ્યો,
વ્હાલી! ઝાલ્યો, વ્હાલી! જીવડો જાતાં ઝાલ્યો.
આવ્યો મારી મૂઠીમાં, એ પાછો હૃદયે ધાલ્યો.
ધાલ્યો, હૃદયે ધાલ્યો, પાછો જો આ હૃદયે ધાલ્યો.
હૃદય વિંધાયું. બંધ કરીને મુખથી શિક્કો મારયો.
જો મેં શિક્કો મારયો, ઝાલ્યો. જીવડો જાતાં ઝાલ્યો.
હૃદય બાણુથી વિંધાતાં, આ પ્રેમતણો રસ રેલ્યો
તેને મારા પંજાથી, ખૂબ હઠાવી, ઠેલ્યો
જો આ મેં તો ઠેલ્યો, ઠેલ્યો, વ્હાલી! ઠેલ્યો,
તેને ચૂશી ચૂશી મ્હોએ જો આ ધા મેં ધોયો.

વિરહિણી—અલ્યા વિરહા! આમ મને શાન્તિ વળતી નથી.
શાન્તિ વાળવાના ઘટિત ઉપાય કરીશ ત્યારેજ, છલકાતો પ્રેમરસ, તેના

સ્વસ્થાનમાં શમાઇ જશે. અને ત્યારેજ મારા પ્રેમરસનો ઉભરો, ઉભરાતો બેશી જશે, અને ઉછાળો પણ ત્યારેજ શમશે.

વિરહો—મીઠડી! એટલુંજ સાંભળવાની હું વાટ જોતો હતો. (ક્હેવા પ્રમાણે કરે છે.)

(પ્રયોગશાળાના એક પડખામાં)

ગુલાબ—(એક વિધવા, ઉભી થઇને) અલી **મધુરી**! મારૂં ઉપનામ પણ **વિરહિણી** છે. કોઈ રચ્યાયે મારા ઉપર નાટક રચ્યું હોય એમ જણાય છે.

મધુરી—(ઉભી થઇને) તમે એમ કેમ ક્હો છો? આવું આવું જોઈને તમે ખરે ખરાં વંઠી ગયેલાં જણાઓ છો. મને તો આવા નિર્લજ હાવભાવ જોતાંજ લાજ આવે છે, અને દાઝ ચડે છે. આવું તે નજરોનજર જોઈ શકાય!

ગુલાબ—તને શૃંગારી રસનો અનુભવ નથી, એટલે એમ લાગે છે, તું નીતિમાં ઉછરી છું, ને નીતિનાં બણગાં ફૂક્યાં છે, ગાયાં છે, ને વાંચ્યાં છે, તેથી તારૂં હૃદય કઠોર થઈ ગયું છે. પણ પૂછ મને, મારા મનની વાત. અરે, જો! જો, પેલો વિરહો તો ખરેખરો રંગમાં રેલાતો રંગી બન્યો જણાય છે. (તેના ઉપર ફૂલહાર, તોરો નાંખતાં) સાબાશ! **વિરહા**! સાબાશ! તારા હાવભાવની ચેષ્ટા, જિગર તોડી નાંખે એવી છે. હાય રે!

(ગાય છે.)

મારી છાતીમાં કાંઈ કાંઈ થાય છે, જીવ મારો જાય છે, હૃદય ચિરાય છે,
ધાજે તું વ્હારે મારી ધાજે, વ્હેલો વ્હાલા ધાજે
અતિ પીડા આજે, જીવ મારો દાઝે છે
દાઝ હોલવાવજે. હાય રે હો **વિરહા**, વ્હેલો તું મારી વ્હારે આવજે.

વિરહિણી—તું શું મારી શોકડી થઈ ભાગિયણ થવા ઈચ્છે છે! જો એમ હોય તો આવ આ રંગ મંડપ ઉપર.

ગુલાબ—(રંગ ભૂમિ ઉપર છલંગ મારી જાય છે, **મધુરી** તેને રોકે છે પણ તે તો ભૂશકો મારી પડે છે). **વિરહા**, આ હું આવી.

(**વિરહાને** બાઝી પડી, તેને કપાળે ચુંબન કરતાં) **વિરહા**! હું પણ વિરહિણી છું અને તેથી મારૂં નામ પણ **વિરહિણી** પાડયું છે.

વિરહિણી—મારી શોકય ! વળી તું કયાં ઉભી થઈ! આ વિરહો તો મારો માંટી છે, કાંઈ તારો નથી. (વિરહાને ખેંચતી, તેને કપાળે ચુંબન કરે છે.)

ગુલાબ—(તેને ધક્કો મારી, વિરહાને ભેટી, તેને વેગળો લઈ જઈ છાનું કહે છે) લે આ હીરાની વિંટી, તારી આંગળિયે પ્હેરાવું છું (તેમ કરે છે). એ વિંટી બે હજાર રૂપિયાની છે. સોની ફળિયામાં અંક ૫૨૭ નું મારૂં ઘર છે તેને ચોથે મજલે કાલે બપોરે આવજે. (તેને ભેટે છે).

વિરહિણી—(દોડી આવીને વિરહાને છૂટો કરતાં, તેની પાસેથી ચાબુક ખુંચી લઈને તેને ખૂબ મારે છે. તેને ગુલાબ અટકાવા જાય છે, તેના ઉપર પણ ચાબુકના ઝપાટા લગાવે છે. પ્રેક્ષકોમાં ધિક્કારપૂર્વક હોં હો થાય છે. ગુલાબ ઉપર ખાસડાંનો વરસાદ વરસતાં, તે ત્યાંથી છટકી જાય છે.　　　　(પડદો પડે છે.)

સુત્રધાર મધુર–(પડદા બ્હાર આવીને)

સુજ્ઞ પ્રેક્ષકજનો! અતિશૃંગારી નાટકો કેવાં ભજવી બતાવવામાં આવે છે તેનો આ ન્હાન્કડો ટુકડો છે. એટલા ટુકડાની ભવાઇ ભજવી બતાવવામાં આવી. આપ સુજ્ઞ પ્રેક્ષકોને એથી કોપ ચઢ્યો, અને તેના પરિણામે આ રંગમંડપમાં ખાસડાં ઉછળ્યાં.

એક પ્રેક્ષક બાઇ—(ઉશ્કેરાઈ ઉભી થઇને બોલી ઉઠી.) રડ્યાઓ! તમારાં છાજિયાં લઉં. અમે જોતાં લજવાઇયે એવાં કૂડાં કૃત્ય તમે અમારી નજરે પાડો એ અમારાથી જોઈ શકાય કે?

સુત્રધાર મધુર—ડાહ્યાંબાઈ! તમે ખરૂં કહોછો, તમારા જેવી સમજુ સ્ત્રિયોથી એવું જોઈ રહેવાય નહિ. અને તેથી તમે તમારા પગમાંથી મોજડી કહાડીને એક પછી બીજી ઠોકી, તે ઘટતું કર્યું છે. એથી અમારી રંગભૂમિ લજવાઇ, પણ અમારી આંતરડીની ટાઢક સચવાઈ.

એક બીજી સ્ત્રી—કૂડા ચાળાકરનારા, બૂટની લાંબી એડિયોના પ્રહારને પાત્ર છે. અમે સુધરેલી બાઇયોને ઝંખ લાગે એવું કરો તે અમારાથી જોઇ શકાય નહિ, તેથી, મેં મારા બૂટ ઝાપટ્યા, પણ મારાં મોજાં બગડશે. તમને બૂટ જડ્યા હોય તો મને તે પાછા આપો. જુવોની સાંભળો. હું ઓળખવાની નિશાની બતાવું છું. બાયડિયો કાળા ને પીળા બૂટ પ્હેરે છે તે મારા વિચાર પ્રમાણે બરાબર નથી. બૈરાંને તો રંગીત વસ્ત્ર શોભે. જુવોની, આ મારી સાડી લાલ છે. મારો પોલકો

લાલ છે. રાંડેલી બાયડિયો પ્હેરે એવાં ધોળાં વસ્ત્ર, સુધારામાં ખપતી અબળાઓ પ્હેરે છે તેવાં હું પ્હેરતી નથી. શોભાગણ થઇને રાંડેલીના જેવા ધોળા પોષાક પ્હેરે, તેનો મને ધિક્કાર છે. માટે મેં મારા બૂટ પણ ખાસ કરીને લાલ ચાંમડાના કરાવ્યા છે. તે તમને શોધી લાવવાને વાર નહિ લાગે.

સુત્રધાર—(દોડતો અંદર જાય છે, અને પાછો આવી) લ્યો બાઈ! આ તમારા લાલ બૂટ, તેને પ્હોચાડે છે. (બીજી ને) ભલાં બાઇ! આ તમારી મોજડિયો છે. (તેને પ્હોચાડી દેછે.)

ત્રીજી સ્ત્રી—ત્યારે તો મને પણ મારા ચંપલ આપો. એ ઓળખતાં તમને વાર નહિ લાગે. બૂટથી આંગળિયો ભીંડાઇ જાય છે. મોજડિયોથી આંગળિયોએ પ્હેરેલા કચડા ઢંકાઇ જાય છે, એટલા માટે, મેં ચંપલ પ્હેરવાનું પસંદ કર્યું છે.

સુત્રધાર—એ તમે ઠીક કર્યું. તમારા ચંપલ તો તરત નોંખા પડી જાય. પેલા પડ્યા, ખાસડાંના ઢગલામાં. હું હવણાં લઈ આવું છું (ચંપલ લઈ આપે છે.)

સામટો ઘુંઘાટ—ત્યારે અમારો શો અપરાધ! અમારા પણ આપો.

સુત્રધાર—પ્રત્યેક જોડ મેળવવાને હારબન્ધ રાખવા મેં મારા માણસને કહ્યું છે, તે પ્રમાણે તેણે કરવા માંડયું છે. જતી વેળાએ ખાસડાં પ્હેરી લેજો.

ખાસડાંની વાત વચ્ચે આડી નીકળી, તેથી મારે જરા ખોટી થવું પડ્યું, હું આપ સર્વેની ક્ષમા યાચવા આ રંગભૂમિપર આવ્યો છું, તે એ કહેવાને કે, શૃંગારી નાટકોનો ખોટો પરિણામ પ્રકટ કરવા માટે, અમે અમારૂં નાટક આપ સુજ્ઞ પ્રેક્ષકોની સમક્ષ, ભજવી બતાવિયે છિયે.

(સામટો અવાજ ને તાળિયો.) ભલે ચલાવજો.

(પડદો પડે છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—સોનીની પોળ, ઘર અંક. ૫૨૭ નો ત્રીજો માળ.

ગુલાબ અને મધુરી.

મધુરી—ગુલાબબાઈ! રાત્રે તમે નાટકશાળામાં વિચિત્ર નાટક ભજવ્યું. ઠીક થયું જે તમને કોઈએ ઓળખ્યાં નહિ. નહિ તો, તમારાં સાસરાંની ને પિયરની પ્રતિષ્ઠાના કાંકરા થાત.

ગુલાબ—મારૂં હૃદય ફાડીને તેં જોયું હોત તો મારી પીડા તારા જાણવામાં આવત. રડ્યાઓ, નાટકમાં હાવભાવ એવા ભજવે છે કે, તે જોઈને આપણાં કાળજાં ઉશ્કેરાઈ આવે છે, અને, તે વેળાએ આપણને કશું ભાન રહેતું નથી.

મધુરી—ત્યારે ખરો માર્ગ તો એ છે કે, એવાં હલકાં નાટકો જોવા જવું નહિ. જેમાં નીતિનો બોધ મળે એવા પ્રયોગો જ્યાં થતા હોય ત્યાં, તેજ જોવા જવામાં લાભ છે.

ગુલાબ—નીતિનાં લુખાં લસ નાટકો જોવાનું મને જરાય મન થતું નથી. જ્યાં આપણી લાગણિયો ઉશ્કેરાય ત્યાંજ આપણને મઝા પડે. અને ત્યાંજ રસ જામે. અમારાં જેવાંના પેટમાં લ્હાય બળતી હોય, તે ઓળવવાને તો શૃંગારરસનું સિંચન થવું જોઈયે.

મધુરી—એથી તો ઉલટો વધારે ભડકો થાય. નીતિરસનું સિંચન થાય તોજ એવા ભડકા ઓલાય.

ગુલાબ—લુખીને લસ, જોઇ તારી નીતિ! મારા રડ્યા સુધારાવાળા, નીતિની લાંબી લાંબી વાતો કરે છે, અને નીતિ તો તેઓજ તોડાવે છે.

મધુરી—એ હું માનતી નથી.

ગુલાબ—ન માનું તો પડ કૂવામાં, મારે તારૂં ડ્હાપણ જોઇતું નથી. હું તો મને ફાવ્યું કરીશ, અને છચોક મારા વિરહાનાં નખરાં જોવાને જઇશ.

મધુરી—હજી તું વિરહાને ભૂલી નથી કે!

ગુલાબ—એને તે ભૂલાય? એ તો મારા કાળજામાં લાંબી વેળાથી જડાયો છે. એના લટકા મટકાએ કેટલાક કાળથી મારૂં કાળજું કોરી નાંખ્યું છે. કાલે રાત્રે, નાટકમાં મારાથી મારા મનનો પ્રેમનો ઉછાળો રોકાયો નહિ તેથી એના ઉપર કૂદી પડી.

મધુરી—અને તેથીજ ફજેતાનો ફાળકો ફર્યો.

ગુલાબ—એથી શું થયું ! હવે તો મેં નિશ્ચય કર્યો છે કે, એજ મારો યાર, અને હું એની યારીની. મારા ઘરમાં અમે નાટક ભજવ્યાંજ કરીશું અને રંગીલાં થઇ રમીશું.

મધુરી—ત્યારે તો સાંભળો, હું તમારૂં ભલું ઇચ્છું છું, માટે તમે મારી સાથે નિરાંતે બેશીને વિવાદ કરો, પણ સરત એટલી કે, મારી સાથે વિવાદમાં તમો હારો તો તમારે મારા કહ્યા પ્રમાણે વર્તવું.

ગુલાબ—હવે હું તારા નીતિના તીરવાની બ્હાર છું. હું આડી અવળી એટલી બધી વગોવાઇ ચૂકી છું કે, હવે મેં મારાં સગાંવ્હાલાંની મર્યાદા મૂકી છે-લાજ લોપી છે. હું સ્વતંત્ર છું, કોઇના વશમાં નથી. હું મારી લાગણીના વશમાં છું. મારી લાગણી વધારે ઉશ્કેરનારો વિરહો છે. એનાં નાટક હું રોજ જોઉં છું, એના લટકાને મટકાનો મને એટલો બધો મોહ લાગ્યો છે કે, હવે હું એકલી રહેવાની નથી. બસ ! હવે તો હું, ને મારો વિરહો. (આવેશમાં આવીને) વિરહા ! વિરહા ! હજી તું કેમ આવ્યો નહિ ! બે હજારની વીંટી તને ઓછી પડી ! (આવેશમાં આવી ગાય છે)

(ગાયન)-વિરહા તું વેરવી થા માં, મારા વિરહા ! ઓ વીરહા ! તું વેરવી થા માં.

વ્હાલો થઇને વેરી ના થા, ના થા નુઘરો નાથ
આવ, અલ્યા તું મારી ઓથે, ભીડું ભાવે તુને બાથ. વિરહા૦ ૧
વચને બાંધ્યો વચન પાળજે-સેવકીને થા સ્હાય
અંગે તુને અંગ વિંટાળું, હોલવ ઉરની લ્હાય. વિરહા૦ ૨

વિરહો— (ઓચિંતો પ્રવેશ કરે છે).

આ આવ્યો હું વિરહો તારો, ઓલવવા તુજ લ્હાય
જાચુ જુવતી તારી પાસે, સેવકને થા સ્હાય.
વિરહાને વર તું કરજે, બાંકાને બાથ તું ભરજે.
એક બીજાને આલિંગન દે છે, મધુરી આભી બની જોઇ રહે છે.

(સ્તંભીકરણ. પડદો પડે છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ, ઘર અંક. ૫૨૭ નો ચો[illegible].

વિરહો અને વિધવા વિરહિણી—ગુલાબ.

ગુલાબ—વ્હાલા વિરહા ! હવે મને પૂરી સાતા વળી. હું તારી અને તું મારો, કેમ ! કબુલ છે કે !

વિરહો—કબુલ તો છું, સ્નેહનો સેવક છું. પણ હું પરસ્વાધીન છું.

ગુલાબ—પણ મારી એકલીને તો સ્વાધીન છું. બોલ ત્યારે તું મારે સ્વાધીન રહેવાને તું રાજી છું ? હું પૂરા પ્રેમના આવેશમાં છું. તારા પ્રેમની સેવકી છું.

વિરહો—જો એમ હોય તો આ સેવક તારે સ્વાધીન છે. સદાનો તારો દાસ છે.

ગુલાબ—(ગાય છે.)

દાસ બનું તો દાસી હું તારી, વણમૂલે વેચાઉં
પ્રેમ પટે જો તું રંગાયો તો હું ઉમળકે ન્હાઉં.
વ્હાલા વ્હાલે, વશમાં વરતી.

વિરહો—હું એટલી વાત પૂછું છું કે, અહિં આપણે પ્રેમનું નાટક ભજવિયે છિયે, તે પ્રેમ ખરેખરો છે ? હું એક સામાન્ય નટ, તેના ઉપર તારો આટલો બધો સ્નેહભાવ માની શકાય નહિ એવો જણાય છે, તે સાચેસાચો, અને રગેરગમાં રેલાયલો, ખરો છે ?

ગુલાબ—આ સ્નેહ આજનો નથી, લાંબા સમયનો મારા મનમાં બંધાયો છે. પણ તેં મારા સ્નેહની પરીક્ષા કરી નહિ એમ મને સમજાયું, એટલે, તે સ્નેહ બીજે માર્ગે દોરાયો.

વિરહો—આ વળી નવી વાત નીકળી. એવો એ કોણ હતો !

ગુલાબ—એક મોહક દેખાવનો યુવક હતો, હજી તો પૂરી મૂછો ઉગી ન હતી, પણ નાટ્યકળામાં એવો કુશળ હતો કે, તારા અભિનયમાં થતી ભૂલો, તે મને બરાબર સમજાવતો હતો. એ પણ, મારી પેઠે, અચૂક નાટક જોવા આવતો, અને હું જ્યાં બેસુ છું તેજ ઓળમાં મારી પાસે બેસતો. એટલા માટે કે, ત્યાંથી બધુ સંભળાય છે, અને પ્રત્યક્ષ દેખાય છે.

વિરહો—મારી ભૂલો તે શી ક્‌હાડતો હતો ?

ગુલાબ—ઉઘાડા શૃંગારરસના તારા અભિનય એકે એક તે ધિઃક્કારી ક્‌હાડતો હતો. પણ ખરૂં પૂછાવું તો મને તો તે બધાય ગમતા હતા, એમ છતાં પણ, તેના કથનની છાયા મારા ઉપર એટલી બધી પડતી હતી કે હું શરમાઈ જતી હતી. મારા ઉભરા એની કથનકળાના જળથી ઓલવાઇ જતા હતા, મારે મ્હોએ શેરડા પડતા હતા.

વિરહો—ત્યારે આ ટાણે હવે ભભકતા કેમ થયા ?

ગુલાબ-એને મારા મોહની જાળમાં લપેટવાને હુ અટકચાળા કરતી, તે એને ગમતું નહિ. મેં વધારે છૂટ લેવા માંડી, ત્યારથી, એ વધારે સાવધાન થયો, અને મારો તિરસ્કાર કરીને ક્‌હેવા લાગ્યો કે, હવેથી હું તારી પાસે નહિ બેસુ, એમ કહી છટકી ગયો. લગભગ ચાર માસથી એને હું કોઇ પણ નાટકશાળામાં દેખતી નથી.

વિરહો—ત્યારે એ તારા પ્રેમના પાશમાં પલોટાયો નહિ ?

ગુલાબ—મને તો પછી એ જડ જેવો લાગ્યો. તારા જેવો રસિયો લાગ્યો નહિ. મારા મન ઉપર ઠસાવેલું એનું ડખાણ ઉપડી ગયું, અને તારા નાદને નાદે ચડીને મેં મારા મનને પાછું સતેજ કર્યું.

વિરહો—ત્યારે તેનો પરિણામ આ મારા પ્રતિના તારા પ્રેમમાં પલટાયો છે ?

ગુલાબ—વ્હાલા, હાં, એમજ થયું છે. મારો પ્રેમ એના ઉપરથી ઉતરીને તારા ઉપર ચોંટયો છે.

વિરહો—ત્યારે એ યુવક જેમ તને તજી ગયો તેમ તું મને તજી જાય તો પછી મારા શા હાલ ?

ગુલાબ—(ઘેલછાના તાલમાં આવીને, તાલ વિનાનું આડું અવળું ગાય છે.)

મારા હાલ તે તારા હાલ. મારા ગાલ તે તારા.
તારા પ્રેમનો હાલ ચડ્યો છે, હાલ ન ઉતરે હાલ.
મરશું ત્યારે તે હાલ ઉતરશે, એવો ચડયો છે હાલ.
વિરહા ! તું મારો વ્હાલો, થા નહિ હાવાં કાલો.
મને લાગ્યો ત્હારો ચાળો, આવો મને બાથમાં ઘાલો.

વિરહો—(ગાતાં) કાલો થતો નથી, કાલી વ્હાલી, પણ જો તું છટકી જાય.
જીવ છટકશે મારો ત્યારે, મારી વ્હલે શી થાય ?
વિચારી જો વ્હાલી મારી, હાંમ શી મારે તારી.

ગુલાબ—હામ બકુ છું, વામ ભરીને, દામની નહિ દરકાર
તન, મન, ધન હું તુજને અરપું, તું મારો કિલિદાર
આપું તે વાવરૂં હું તો, ધણી ઋણી મારો તું તો,

વિરહો—હું ધણી ? સર્વ વાતે !

ગુલાબ—વ્હાલા વિરહા ! લે આ કુંચિયોનું ઝુમખું. જો પેલી તિજોરી. (ગાય છે) ધનની તિજોરીની કૂંચી છે, આ લે, મનની કૂંચી તુજ હાથ,

દે તું ઉઘાડીને મન મુજ કરમાં, દે હવે પ્રેમની બાથ,
સાથી થઇ ને, સાથે રહેજે, પ્રેમની પટી ખાવા દેજે.

વિરહો—(જરાક ગંભીર થઇને) જો સાંભળ. અમે નાટકી, જાણે ખરા ખાટકી, અમારા પોશાક ખોટા ! અમારા અલંકાર ખોટા. અમારાં કથન ખોટાં, અમારા દેખાવ ખોટા, અને ટુંકામાં કહું તો અમારૂં સર્વે ખોટું. માટે તું જે પગલું ભરે તે સમજીને ભરજે.

મારી ચેતવણી ચિત ધરજે.
ત્યાર પછી તું ફાવતું કરજે.

ગુલાબ—આટલે સુધી વાત આવી અડી, હું આખી તુજ વશમાં પડી;
તો હવે, અબ છેવટ ઘડી, છૂટી પડવાની પળ જડી ?

વિરહો—હું છૂટી પડતો નથી; પણ ચેતાવું છુ. જેમ સ્ત્રિયોનો વિશ્વાસ નહિ, તેમ, ખોટાનો શો વિશ્વાસ? એ વાત, હું ફરીને તારા લક્ષમાં લાવું છું. તું હવણાં પ્રેમઘેલી છું, તેથી, તેના આવેશમાં આવી, મને સર્વે સમર્પણ કરવા ઉભી થઇ છું. પણ પળ પછી, પ્રેમનો નિશો ઉતરી જાય, પ્રેમની છાપ લોપાઇ જાય, પ્રેમનો પાશ ઢીલો થાય ત્યારે મનુષ્યની કેવી સ્થિતિ થાય છે તેનો વિચાર કરવાની આપણ બન્નેને છૂટ છે.

ગુલાબ—મને પ્રેમનો પ્રમાદ ચડયો છે, હું પ્રેમના નિશામાં ચકચૂર છું. પણ હું સાવધાન છું, તેથી પ્રેમની અટપટી ગુંચવણીનો સંવાદ ચલાવવા હું તને પૂછું છું, તું શું એમ સમજાવવા ઇચ્છે છે કે, (ગાય છે)

પ્રેમ તણે પંથે ન જાવું, મારે આજ થકી પ્રેમતણે પંથે ન જાવું.
પ્રેમફંદમાંહ ન ફસાવું, માટે આજ થકી પ્રેમતણે પંથે ન જાવું.

વિરહો—(ગાય છે) પ્રેમતણી ઘેલછા તો ઘેલાં કરે છે
કઠિન છે પ્રેમનું નિભાવું. માટે આજ થકી, પ્રેમતણે પંથે ન જાવું.

ગુલાબ—પ્રેમની પીડા પીડી, પીડી, પ્રાણ લેછે,
પ્રેમ દુઃખ મારે કોને કહેવું.
મારે કોની ઓથે જઇ રહેવું.

વિરહો—કોની ન ઓથે સંતાવું,
તારે આજ થકી પ્રેમતણે પંથે ન જાવું.
પ્રેમફંદ માંહ ન ફસાવું, તારે આજ થકી પ્રેમતણે પંથે ન જાવું.

વિ. ગુલાબ—પ્રેમ પલટવાની સાથ, પ્રાણ પલટાય છે.

વિરહો—આકળવિકળ બહુ થાવું,
માટે આજ થકી પ્રેમતણે પંથે ન જાવું.

વિ. ગુલાબ—લક્ષ બળે જાય તોય લક્ષ નથી છૂટતું

વિરહો—લક્ષમાં હું લાખ વાર લાવું,
તારે આજ થકી, પ્રેમતણે પંથે ન જાવું;

વિ. ગુલાબ—પ્રેમ પડે પાંશરો, તો પાંશરૂં પડે છે.

વિરહો—અવળો પડે તો થાય આડું
માટે આજ થકી પ્રેમતણે પંથે ન જાવું.

વિ. ગુલાબ—પ્રેમતણી રીઝમાંહ રીઝો બને છે;

વિરહો—રીઝ ખરચે, ખત્તાનું ખાવું,
તારે આજ થકી પ્રેમતણે પંથે ન જાવું.
સ્હેજ સ્હેજ વાતમાંહ વ્હાલાં રીસાશે, છોડયું ન છૂટે રીસાવું
માટે આજ થકી પ્રેમતણે પંથે ન જાવું.

વિ. ગુલાબ—પ્રેમમાં રીસાવ્યાં એને રીસ કેમ કહેવી,
પ્રેમથી રીઝવતાં રીઝાવું,
મારે આજ હવે પ્રેમ તણે પંથે ચડાવું,

વિરહો—રીઝતાં ન આવડયું તો રોષ વધી જાય છે.

વિ. ગુલાબ—રોષ દોષ શ્રમથી શમાવું,
તેથી આજ થકી તુજ કેરા પ્રેમમાં ફસાવું.

વિરહો—ફસ્યા તણો ફાંસો, એ તો, ફાંશી સમાન છે.

વિ. ગુલાબ—તોય એવા ફાંસામાં ફસાવું,
માટે આજ થકી પ્રેમપાણી પીવું ને પાવું.

વિરહો—પ્રેમ પાણી એ તો ખરૂં ઝેર જેવું જાણો, કઠિન છે ઝેર જીરવાનું
માટે આજ થકી પ્રેમતણી વાટે ન જાવું.

વિ. ગુલાબ—પ્રેમ-પ્રેમ-પ્રેમ-મને પ્રેમ તો ગમે છે.
માટે પ્રેમ કેરાં ફ્હેણુ ફ્હાવું
વ્હાલા ! આજ થકી તુંજ પ્રેમમાંહ લપટાવું.
પ્રેમ પાળવાથી પ્રેમ પ્રીત સચવાય છે,
પ્રેમ કરી પ્રેમમાં પોસાવું,
માટે આજ થકી તુંજપ્રેમ પાશમાં ખોસાવું.

વિરહો—પ્રેમમાર્ગ જોવા પ્રેમ દીવો પ્રકટાય છે,
એ દીવા પ્રકાશે દોરાવું, ઘણું, કઠિન છે પ્રેમમાર્ગ માંહે ઓકાવું.
પ્રેમતણો માર્ગ ઘણો અટપટો ગણાય છે,
પ્રેમ ગલીકુંચીમાં ઘૂંચાવું,
માટે આજ તારે પ્રેમતણે પંથે ન જાવું.

વિ. ગુલાબ—પ્રેમ ખોળી ક્હાડે છે પ્રેમપંથ પોતે,
પ્રેમ પ્રેરણાથી દોરાવું
માટે આજ થકી પ્રેમપંથ માંહ પેશી જાવું.

વિરહો—પ્રેતતણો પંથ ઘણો અઘરો પડે છે,
ખત્તા ખાઇ ખાણમાં ખણાવું
માટે આજ થકી પ્રેમતણે પંથે ન જાવું.

વિ. ગુલાબ—પ્રેમ જેમાં નહિ તેને માનવી ન માનવું
પ્રેમતણે તાંતણે તણાવું,
માટે આજ થકી પ્રેમતણા પંથ માંહ જાવું.

વિરહો—જ્યારે તારો આટલો બધો આગ્રહ છે, પ્રેમમાં તું અચલિત જણાય છે, ત્યારે તારી, મારા પ્રતિની પ્રેમની વાત, ખરી માનવી એમ તું આગ્રહપૂર્વક, નક્કી, છેવટનું ક્હે છે ?

વિ. ગુલાબ—હા, મ્હારા વ્હાલા ! હું પ્રેમના પૂરા નિશામાં આવી છું, (ઉઠીને તિજોરી ઉઘાડી એક ટૂંક ને હાથ પેટી બ્હાર ક્હાડી) તન, મન તને

અર્પણ કરૂં છું તેની સાથે (દાગીના એક પછી એક તેના આગળ રજુ કરતાં) આ સર્વે માલમતા પણ તને—

મધુરી—(મધુરને લઈને ઓચિંતી પ્રવેશ કરતાં બંને બોલી ઉઠે છે.) ખબરદાર, એમ અર્પણ નહિ થાય. (સ્તંભીકરણ. પડદો પડે છે.)

प्रवेश ५ मो.

સ્થળ—ઘર અંક ૫૨૭ નો ત્રીજો મજલો.

મધુર, મધુરી, અને ગુલાબ.

મધુર—ગુલાબ ! તને આ શું સૂઝયુ ? વિરહા ઉપરની તારી અયોગ્ય પ્રીતિ નિવારવા, મેં તને કેટલો બધો બોધ કરયો હતો ? તે બધું તું વિસરી ગઈ ?

ગુલાબ—(તેને નિહાળીને જોતાં) જ્યારે મારી તારા પ્રતિની પ્રીતિ તું વીસરી ગયો, ત્યારે, તારા બોધની અસર હું પણ વીસરી ગઇ, તેથી, તે ભૂશી વાળુ એમાં નવાઈ શી ?

મધુરી—(ચકિત થઈ) અહો મધુર ! તમે પણ આ લટકાળીના પ્રેમપાશમાં લપટાયલા છો કે શું ?

મધુર—પૂછો એ ક્હાણીની કુથલી એજ બાઇને.

ગુલાબ—હા. બાઈ, આ ભાઇને મારા પ્રેમપાશમાં ગુંથવા મેં અટકચાળાં કરવા માંડ્યાં હતાં, એટલે એ છટકયા, તે આજ ચાર માસે હવણાં પ્રકટ થયા છે, અને એમણેજ મારા રંગનો ભંગ કર્યો જણાય છે. (મધુર ભણી વળીને) તમે મારાથી નાઠા, પણ તેમાં મારૂં શું વળ્યું ? મારે તો કોઈ પ્રેમીની અગત્ય હતી. મને જીગરથી ચ્હાનારો મારે કોઈ પ્રેમી જોઇતો હતો. આટલાં બધાં નાટકો જોઇને તેમાંથી મેં એજ બોધ લીધો હતો કે, નખરાંબાજનાં નખરાંમાં જેવી મોહની છે તેવી બીજા કશામાં નથી. એમાં, સાધુ, સન્ત, સંન્યાસી સરખા ફસાય છે, તો પછી, મારી સરખીનું શું ગજુ ?

મધુર—આમ ફસાવું એ તો વ્યભિચાર ક્હેવાય, અને તેમાં પાપ છે, એ વિષે મેં તમને કેટલો બધો બોધ કર્યો હતો ? તે વિસરી ગયાં ?

વિ. ગુલાબ—કહેવું સહેલું છે, પણ પાળવું કઠિન છે. મારા જેવી જવાન સ્ત્રીને પતિ જોઇયે, પતિ હોય તો સતી થવાય; વર મરી ગયો, ને વિધવા થયાં, તો પછી, પાછાં સધવા કેમ ન થવાય ? મારા રડ્યા ભાયડા, એકલ પેટા, બાયડી મરે ત્યારે પોતે પુનર્લગ્ન કરે, એમાં દોષ ન ગણે, અને અમે એવડાં શાં પાપ કર્યાં કે, અમે રાંડિયે ત્યારે અમને ફરી લગ્ન કરવાની છૂટ આપે નહિ !

મધુર—તમારૂં તરૂણ વય છે. તમારાથી એકલાં ન રહેવાય તો પુનર્લગ્ન કરો. તમને કોણ ખાળે છે ? તમારી નાતમાં પુનર્લગ્ન કરવાની છૂટ છે.

વિ. ગુલાબ—પણ કેટલાંક ચબાવલાં સ્ત્રીપુરૂષોએ એ રેવાજ બન્ધ કર્યો છે, તેથી બીજાં તેમ કરે તો નિંદાય છે.

મધુર—વ્યભિચાર કરી પાપી થવું, અને ધરેધર નિંદાવું તે કરતાં મન ગમતા યોગ્ય પુરૂષ સાથે પુનર્લગ્ન કરવું એ ઉચિત છે, તમે પણ તેમ કરો તો તમને કોઇ બાંધી મારશે નહિ.

વિ. ગુલાબ—તમારી એવી સલાહ છે તો હું આ પેલા મારા **વિરહા** સાથે પુનર્લગ્ન કરવાને તૈયાર છું, તમે બધાં માંડવામાં પધારજો.

મધુર—અમારો વાંધો માત્ર એટલોજ છે કે એ પૂરો દુરાચારી છે, એ કોઇનો થયો નથી, અને તમારો પણ થવાનો નથી. તેમ છતાં, તમારો વિરહો હજી ચોથે માળ તમારી રેણાકના સ્થાનમાં ધભરાયલો ભરાઈ રહ્યો છે તેની સાથે ખુલાસેથી તેવી વાત કરો. (સર્વે ઉપલે મજલે જાય છે.)

પ્રવેશ ૬ ઠ્ઠો.

સ્થળ—ઘર અંક ૫૨૭ નો ચોથો મજલો.

વિરહો—(સ્વગત) બધાં ત્રીજે માળ ગયાં તે બહુ સારૂં થયું. આ ઘરેણાની ટૂંક, અને આ હાથ પેટી, જેમાં નોટોનો થોકડો છે, એટલું આપણે જન્મારા સુધી પ્હોંચતાં પણ ખૂટી પડે એમ નથી, માટે ચાલ ઉપાડી જાઉં. પણ રહે, આ મ્હોરોની પેટી ઉપડે એમ નથી, તો કોઇ બીજે પ્રસંગ સાધીશું. પણ રહો, ગુલાબ વગેરે ઉપર આવશે, અને મને જોશે

નહિ, તેમજ, દાગીનાની ટૂંક અને પેટી આદિ દેખશે નહિ, તો મને પકડવા પોલિસને ખબર આપશે, માટે ચાલ, પેલું પ્રવેશદ્વાર અંદરથી આગળા ચડાવી બંધ કરૂં. (બારી બારણાં બંધ કરી, બે પેટિયો ઉપાડીને પછવાડેની સીડિયે થઇને નીચે ઉતરી રવાને થાય છે).

(નાકા ઉપર ભાડાની મોટર હતી તેમાં બેશીને રેલ્વે સ્ટેશનને માર્ગે ઉતાવળ કરી જવાની સોફરને તાકીદ આપે છે;)

વિ. ગુલાબ—(બારણું ઠોકતાં) મારા વ્હાલા વિરહા! તેં રીસાઇને બારણું બંધ કર્યું હોય તો ઉઘાડ, હું તારી વ્હાલી, હવે તારીજ થવાની છું, હું છ ચોક તારી સાથે પુનર્લગ્ન કરીને પરણીશ. (જવાબ ન મળ્યો.)

મધુર—(અપવાર્ય) ધૂળ ઉપર લીપણ—(ચાસન)

તમારા પ્રેમના પટમાં લપટાયલો પ્હોડી ગયો હશે. મને જરા પોકારીને ફ્હેવા ધો.

ભાઇ વિરહા! ઓ વિરહા! મને તો ઉત્તર આપ? તું આ વિધવા વિરહિણી ગુલાબ સાથે પુનર્લગ્ન કરીશ તો પછી તું દોષિત ગણાઇશ નહિ, એટલે અમે અમારી નાટક મંડળીમાંથી તને ક્હાડી મૂકીશું નહિ, માટે તું હવે જાગૃત થઇને સુખે કમાડ ઉધાડ. (કાંઇ ઉત્તર મળતો નથી.)

વિ. ગુલાબ—વિરહિણીના વ્હાલા વિરહા. હું તારા ઉપર ફિદા છું, હું રીસાઇ નથી. હું તારી, ને તું મારો છે, માટે જરા તો માન, ભલા, જરા તો ર્હેમ કરીને ભલો થા, અને તારા મુખકમળનાં દર્શન કરાવીને આ અભાગણીને ભાગ્યશાળી કર. મારો વાંક વશ્યો હોય તો તે જતો કર; વ્હાલા વિરહા! ઓ વિરહા! વ્હેલો થા, ભલો થા, તારી વ્હાલીને, કમાડ ઉધાડીને તારી બાથમાં લે.

મધુર—આપણે ઝગડામાં પડ્યાં હતાં તે વેળાનો લાગ લેઇને જો કદાપિ એ રવાના થઇ ગયો હોય તો કોણ જાણે.

(ગીતિ)

વાસ્યુ કરે ન તેને, હાર્યું કરવું પડે પછી થાકી,
હોય ચતુર તે ચેતી-પ્રથમ થકી શીખ માની લે પાકી.

વિ. ગુલાબ—મ્હારો વ્હાલો, મને કહ્યા વિના, મારી રજા લીધા વિના જાય નહિ. એ તો અંદરજ હશે. મારા આ એકાન્તના ઓરડામાં

ચાકરને પણ હું પેસવા દેતી નથી, તો પછી, એના વિના અંદરથી આગળો બીજો કોણ દે. (પોકારે છે)

વિરહા, ઓ વિરહા! હવે લાંબી હઠ કર્ નહિ. તારી વ્હાલીનાથી વિરહવેદના વેઠાતી નથી. ભલો થા, ડાહ્યો થા, ઉઘાડ્ બારણાં.

મધુરી—(મધુરને) પ્રેમ પાશના જોયા ભવાડા આમ છે.

મધુર—અને અમે એટલા માટેજ અળગા રહિયે છિયે. સમજ્યાં શાણાં **મધુરી**!

મધુરી—લોકો કહેછે કે સ્ત્રિયો હઠીલી છે. ના, ના. પુરૂષો વધારે હઠીલા હોય છે.

વિ. ગુલાબ—મારો વિરહો હઠીલો નહિ થાય, હવણાં બારણાં ઉઘાડશે. અમારી એકાંત ગોષ્ટીમાં તમે ગોટાળો કર્યો તેથી એ રીસાવ્યો છે.

મધુરી—એકાન્તના ઓરિયા હવે વીતશે તે જોઇશું. હવણાં તો એ વટાણા માપી ગયો છે.

મધુર—ચાલો, હવે, આપણે પાછલી નિસરણિયે થઇને ઉપર આવિયે. મને પણ એમજ લાગે છે. એ માલની પેટિયો ઉઠાવીને પોબાર ગણી ગયો. પાકો નટ-ખટ.

વિ. ગુલાબ—મારા વ્હાલા ઉપર આવો સડસડતો ખોટો આરોપ મૂકો છો! મારી દાગીનાની પેટિયો મેં મારે હાથે એને અર્પણ કરી દીધી છે, તો પછી, એને છાની લઈ જવાની શી અગત્ય હોય! જાઓ મારા ભાઇ! મ્હારા વ્હાલા ઉપર એવું આળ મૂકાતું હશે! જાઓ, તમે પાછલી સીડિયેથી ઉપર આવવાની ખાતરી કરી જુવો. હું અહિ ઉભી છું, તમે જશો ત્યારે મ્હારો વ્હાલો બારણાં ઉઘાડશે. (**મધુર** પાછલી સીડિયે થઈને ઓરડામાંના બારણા આગળ આવી ઉભો રહી ગાય છે.) **હે**-એ એ-હો-ઓ-ઓ-તારા પ્રેમમાં મ્હોયો, તેથી હું રોયો, ખોયો ખચીત ઇતબાર.

વિ. ગુલાબ—એ મારો વ્હાલો, બોલ્યો, અરે એ તો ગાય છે.

(હરખાઈને)

મારા પ્રેમમાં ભલે મ્હોયો, મારા વ્હાલા તું રોયો તો હું મારા પ્રેમને પાલવડે તારાં આસુડાં લ્હોઇશ. મારા વ્હાલા, તારો ઇતબાર તેં નથી ખોયો.

ગુલાબ—ખશી જા, મધુરી ?

તું તો મારામાં મોયો, મોયો, મારામાં,
મારા વ્હાલા, ખોલો કમાડ થઇ ડાહ્યા.

(અંદરથી અવાજ) પેલી મધુરીને ખશેડો તો હું આગળો ખશેડું.

મધુર—(આગળો ખશેડી કમાડ ઉઘાડે છે.)

વિ. ગુલાબ—(પ્રવેશ કરી) વ્હાલા વિરહા, ક્યાં ગયો ? તું ક્યાં છૂપાયો ? (આમ તેમ ફાં ફાં મારે છે.)

મધુર—(અપવાર્ય)-આ શી પ્રેમઘેલછા. (પોતે દોપટ્ટામાં છુપાઈ રહે છે);

વિ. વિરહિણી—(આમ તેમ દોડમદોડા કરતી, તિજોરી આગળ જાય છે, ત્યાં પેટિયો અને ઘરેણું કાંઈ જોતી નથી, એટલે ગભરાય છે તોપણ) તેં પેટિયો સંતાડી દીધી તો હરકત નથી, એ તારીજ છે. તું ગમે ત્યાં સંતાડ, આ આખું ઘર હવે તારૂં છે.

(મધુર સંતાયો હતો તેની પાસે જઇ) આમ મ્હો શું કરવા છૂપાવે છે. મારા સામું એક વાર તો જો ! તારા મુખકમલનાં મને દર્શન કરાવ.

મધુર—(મ્હો ઉઘાડીને) કર મારાં દર્શન. મેં કહ્યું તેમ, એ, દાગીનાની પેટિયો ઉપાડીને પોબાર ગણી ગયો, એમાં હવે શક રહેતો નથી.

મધુરી—પૂરી ખાતરી કરવા માટે ટેલીફોનથી તપાસ તો કરો ! આ પેલો ટેલીફોન રહ્યો.

મધુર—મધુરી ! તમે ઠીક સુઝાડ્યું.

(ટેલીફોન આગળ જઇને) હલો, નં૦-૫૨૭, હું મધુર-કોણ કલ્યાણજી !

કલ્યાણજી—(ટેલીફોનમાં) હા જી-હું કલ્યાણજી.

મધુર—વિરહો કયાં છે ! એના ઓરડામાં શોધો, જુવો, તેમાં શું શું છે !

કલ્યાણજી—(થોડી વારે) વિરહો નથી, એના ઓરડામાં રામો છે, તે કહે છે કે, થોડી વાર ઉપર વિરહો આવ્યો હતો, તેણે પોતાના

નાટ્ય પ્રયોગના બધા પોશાક અને અલંકારોની ગાંસડી બાંધીને મને આપી અને પાસે માર્ગમાં મોટર ઉભી હતી તેમાં મૂકાવી.

મધુર—મોટરમાં રામાએ ટ્રંક કે પેટી દીઠી !

કલ્યાણજી—રામો કહે છે કે, લોખંડની એક હાથપેટી, અને બીજી ટ્રંક તે મોટરમાં હતી, ને રામાને દશ રૂપિયાની નોટ આપીને રવાને થઇ ગયો.

મધુર—મોટર કયે માર્ગે ગઇ ?

કલ્યાણજી—રેલવેને માર્ગે-જોતજોતામાં અલોપ થઇ ગઈ.

મધુર—પાસેના પોલીસ સ્ટેશને જઇને આ ખબર આપો.

શ્યામજી રામજી ઝવેરીની વિધવા ગુલાબના દાગીનાની ટ્રંક અને હાથ પેટી વિરહાયે ચોરી છે, એ પણ જણાવજો. હુ પણ ત્યાં ટેલીફોન કરૂં છું, તમે સત્વર જાઓ.

ગુલાબ—વિરહાને પોલિસ પકડશે તો અમારી ફજેતી થશે.

મધુર—ફજેતી થવામાં હવેશી બાકી રહી છે ? જોયો એનો પ્રેમ ! જો તમારા ઉપર સાચો પ્રેમ હોત તો આમ દાગીના ચોરીને રવાને થઇ જાત નહિ. નક્કી એ રેલ્વેમાં સૂર્યપુર રવાને થઇ ગયો હશે એમ મને લાગે છે. (પોલિસસ્ટેશને ટેલીફોન કરે છે.)

ગુલાબ—અલ્યા વિરહા, તને આ શું સૂઝયું. તું આવો નમ્હેરો કેમ થયો ! (નિશ્વાસ નાંખે છે)

(ગીતિ).

મધુર—પૈસાનાં યારી જે, પૈસો તેને સરવ થકી પ્હેલો,
પ્રીતિ પીતલ પેખે, પૈસા માટે બને અધમ ચેલો.

ગુલાબ—અરે ! વિરહાએ મને છેવટે ઠગી.

(ટેલીફોનની ઘંટડી વાગે છે, તેની પાસે **મધુર** જાય છે.)

મધુર—(યંત્ર હાથમાં લઈ) હ્લૌ.

પોલિસ સુપરીનટેણ્ડણ્ડ—એક પાર્ટી રેલ્વે સ્ટેશન ઉપર તપાસ કરવાને કે લિયે ભેજી હૈ; કેસ તૈયાર કરનેકે લિયે પોલિસસ્ટેશન અંક

૭ કી ઑફિસકા ઇન્સ્પેક્ટર, જગા તપાસનેકે લિયે આતા હૈ, ઇસ લિયે વાં જો હાજર હોવે ઉનકો જાને મત દેના.

મધુર—બહુ સારૂ. અમે બધાં હાજર છિયે.

ગુલાબ—ફજેતીનો ફાળકો ખરેખરો હવે ચકડોળે ચડશે.

મધુરી—(ગીતિ)

શાણાંની શીખામણ, શુણે નહિ તો દુઃખી પછી થાય,

રાંડ્યા પછીનું ડ્હાપણ, આખર વેળા નકામું થઇ જાય.

ગુલાબ—હા, બ્હેન, એમજ થયું.

મધુર—(ભોંયતળિયે જઇને પોલિસ ઇન્સ્પેક્ટરની રાહા જોતો ઉભો રહે છે.)

(પોલિસ ઇન્સ્પેક્ટર આવે છે.)

મધુર. પધારો સાહેબ, આ ઘર, ૫૨૭ મા અંકનું છે, એને ચોથે માળે ચોરી થઇ છે.

પો. ઇન્સ્પેક્ટર.—(ભોંયતળિયું તપાસતાં) ઇધર કૌન રહતા હૈ.

મધુરી—(પ્રવેશ કરીને) અહિં સુખરામ ભટ્ટ ર્‌હે છે.

ઇન્સ્પેક્ટર—દેખને દો યહ સબ જગાહ (બધે જગ્યા તપાસી વળે છે, પછી બીજે મજલે જાયછે. તે તપાશી ત્રીજે મજલે ચડે છે) યહાં કૌન રહતા હૈ ?

મધુરી—અહિયાં હું રહુછું. આ ગુલાબ બાઈ શેઠાણીનો માળો છે તેમની હુ સહચરી (કમ્પયેનિયન) છું, તેથી મને ર્‌હેવાને આ મજલો આપ્યો છે. (બધો જોવાઈ રહ્યા પછી ચોથે મજલે જાય છે) આ **ગુલાબ** બાઈ શેઠાણી ચોથે મજલે ર્‌હે છે. એમણે પોતાની પેલી તિજોરી ઉઘાડી દાગીના ક્‌હાડ્યા, અને તે વિરહા નટને બતાવતાં હતાં, તેવામાં, હું ને આ મધુર ઉપર આવી ચડ્યાં. કેમકે, વિરહો નઠારી ચાલનો માણસ છે એમ અમે જાણતાં હતાં, તેથી ગુલાબ શેઠાણી ઠગાય નહિ એ અમારી મતલબ હતી. ગુલાબને શિખામણ દેવા, અમે નિચે લેઇ આવ્યાં. વિરહો જતો રહેશે એમ અમે ધાર્યું ન હતું, પણ એણે તો અમારી પછવાડે આ બારણું બંધ કર્યું અને દાગીનાની ટૂંક અને એક હાથ પેટી હતી તે લઇને પાછલી નિસરણીને માર્ગે જતો રહ્યો.

ઇન્સ્પેક્ટર—યેહ તિજોરી ઇસી તરેહ ખુલી રખીથી, ગુલાબ શેઠાણી ?

ગુલાબ—જી. હા. એમાંજ ટ્રંક ને હાથ પેટી હતી તે મેં બ્હાર ક્હાડી હતી.

ઇન્સ્પેક્ટર—(તિજોરીની અંદર તપાસ કરતાં) ઇસકે નીચે ખાના હોગા. દેખો ઇધર ચાવી લગાનેકી ચાંપ હૈ. (ચાંપ ડબાવતાં કુંચીનું બાકું ઉઘડે છે. એક કુંચી, ઉપરના ખાનામાં હતી તે લાગું કરતાં ખાનું ઉઘડે છે. તેમાંથી **શ્યામજી રામજી** ઝવેરિયે કરેલું ઇચ્છાપત્ર અને બીજા કાગળ તથા દસ્તાવેજો હાથ આવે છે.)

મધુર—ઇચ્છાપત્ર લઇ વાંચે છે,

ગુલાબ—નીચે આ ખાનું છે એ મારા પણ જાણવામાં ન હતું, કેમકે, ચાંપ ઉઘાડવાની મને ખબર ન હતી.

મધુરી—માધવી પંડિતાના ક્હેવાથી મેં તમને ઇચ્છાપત્ર બતાવવાનું કહ્યું ત્યારે તમે કહ્યું કે, વિલ તો જોવામાં આવતું નથી, એ વાત હવે ખરી ઠરે છે.

મધુર—આ વિલમાં, કૃષિકર્મવિસ્તારક મંડળીના ૨૦૦) શેર **વિધવા રક્ષક સભાના** ભંડોળમાં આપ્યા છે એમ લખ્યું છે.

મધુરી—માધવી પંડિતા પાસે **શ્યામજીનો** કાગળ છે, તેમાં તેમણે શેર આપવાની પોતાની ઇચ્છા જણાવી હતી, પણ તે તેમને મળ્યા નથી, વળી, એ સાલનો રોજમેળ અને ખાતાવહી બંને ચોપડાનો પત્તો નથી, માટે, એમાં કાંઇક ગોટાળો જણાય છે.

ગુલાબ—એ શેરની વાર્ષિક વ્હેંચણી પણ આપણને મળતી નથી. ગુમાસ્તો ગોટા વાળીને નિકળી ગયો છે.

મધુરી—કૃષિકર્મવિસ્તારક મંડળીની ઑફિસમાં જઇને હવણાંજ હું તપાસ કરીશ.

મધુર—જુવો આ એક દાગીનાની નોંધ છે, એમાં લખે છે કે તિજોરીમાં નીચે પ્રમાણે દાગીના વગેરે છે.

પો. ઇન્સ્પેક્ટર—મૈં સુનતા હૂં. આપ પઢિયે.

મધુર (વાંચે છે. બધા ધ્યાનપૂર્વક સાંભળે છે.)

૨,૫૦,૦૦૦ ચલણી નોટો પ્રત ૧૦૦૦) ની
૨,૦૦,૦૦૦ સોના મ્હોરો. થોડા ગીની, તથા સોનાના પાસલા ટ્રંકમાં
૬,૦૦,૦૦૦ હીરાના હાર, તથા દાગીના નંગ ૧૮
૩,૦૦,૦૦૦ મોતીની માળા નંગ ૧૦
૨૫,૦૦૦ નાકની નથનિયો નંગ ૫
૫૦,૦૦૦ બાઈરાંના કાનનું પરચુરણ ધરેણું.
૭૫,૦૦૦ હીરાની વીટિયો નંગ ૧૦.

૧૫,૦૦,૦૦૦
૨,૦૦,૦૦૦ સોનાના નક્કર દાગીના.

૧૭,૦૦,૦૦૦

ગુલાબ—એ બધુ ધરેણું આજ મેં ક્હાડુ હતું.

મધુરી—હીરાની એક વીંટી બે હજાર રૂપિયાની તમે વિરહાને આપી છે, હુ ના ક્હેતી રહી, ને તમે એની આંગળિયે પ્હેરાવી દીધી.

મધુર—પંદર લાખનો માલ જાય છે. માટે ઇન્સ્પેકટર સાહેબ, તમે બધુ જોઇ લીધું. એ ગયો તે પાછલી સીડિયે થઇને આપણે ઉતરી સ્ટેશને જઇયે. અને ગાડી રવાને થઈ ગઇ હશે માટે એક એનજીન લઇને વિરહાની પૂઠ પકડિયે, તો નક્કી, એ મુદ્દામાલ સહિત પકડાશે.

પો. ઈન્સ્પેકટર—દાગીનાકી યેહ નોંધ તુમ્હારે તાબે રખ્ ચલિયે.

મધુરી—ઇન્સ્પેકટર સાહેબ, હવણાંજ એક પોલીસ ઑફિસરને મારી સાથે મોકલો, હું તેમને લઇને ૨૦૦ શેર કોને નામે છે તેની તપાસ કરવા જઇશ અને ગુમાસ્તાના ઘરનો ઝાડો લેવાનો પ્રસંગ પ્રાપ્ત થશે, તો તેમ પણ કરાવીશ.

ઈન્સ્પેકટર—આપ ભી પોલીસ કમિશનર સાહેબ કી ઑફિસ મૈં ચલિયે (બધાં જાય છે;)

પ્રવેશ ૭ મો.

સ્થળ પોલીસ કમિશનરની ઑફિસ.

પો. કમીશનર—અચ્છા હુઆ તુમ સબ આ ગયે. કહો કયા હકિકત હૈ.

પો. ઈન્સ્પેકટર—(દાગીનાની યાદી બતાવી બધી હકિકત કહેછે.)

પો. કમશિનર—દેખો. હમને સબ તલાશ કિયા. જીસ મોટરમેં વો બદમાશ ભાગા વોહ મોટર, દુસરી મોટરસે ટકરા ગઇ, ઉસકી તલાશીસે ઐસા માલુમ હોતા હૈ કિ, પ્લે હાઉસ કી પાસ દો ટ્રંક મોટરમેં રખકે વોહ હરામજાદા સ્ટેશન પર ગયા. ટિકિટ માસ્તર કો એક હજાર રૂપયે કી એક નોટ દે કે સૂર્યપુર કી ફર્સ્ટ કલાસ ટિકિટ કી કિંમત દેકર, ઔર બાકી રૂપિયેં આપસેં લેકે ફર્સ્ટ કલાસ કમ્પાર્ટ મેણ્ટ મેં બેઠકર ચલ દિયા. ઉસી ડબ્બેમેં એક અંગરેજ લેડી, વટપુર જાનેવાલી બૈઠીથી. મિ. સ્મિથ, અબ તુમ એ જનટલમનકો સાથ લેકે રેલ્વે સ્ટેશનપર જાઓ, વહાં એક એનજીન તૈયાર રખા હૈ ઉસપર સવાર હોકે મેલ ટ્રેનકે પીછે સૂર્યપુર તક ચલે જાઓ, ઔર એ હરામજાદાકો મુદ્દામાલ સમેદ પકડલો. Mr: Smith, start at once and do the needful.

મધુરી—પો. કમિશનર સાહેબ, આ કામને લગતો એક બીજો અપરાધ પકડવા જેવો બન્યો છે.

પો. ક.—બોલો, વોહ કૈસા હૈ !

મધુરી—શ્યામજી ઝવેરિયે વિધવારક્ષકસંસ્થામાં પોતાના આ (બતાવે છે) વિલમાં બે લાખ રૂપિયાના કૃષિકર્મ વિસ્તારક મંડળના (૨૦૦) શેર વિધવાશ્રમમાં આપ્યાનું લખ્યું છે. પણ તે શેર એ સંસ્થાને નહિ મળતાં, કોઇ બારોબાર ઉચાપત કરી ગયું છે, માટે તે મંડળીની ઑફિસમાં એ શેર કોના નામ ઉપર ચડ્યા છે તેનો તપાસ કરીને, જેનું નામ જાહેર થશે, તેના ઘરનો ઝાડો લેવો પડશે, તેમ કરવાની કૃપા કરીને આપ ગોઠવણ કરાવી આપો.

પો. ક.—લડકી, તેરી બાત, સચ્ચી હૈ. તું હોશિયાર હૈ. (પાસે બીજો ઇન્સ્પેકટર હાજર હતો તેને કહે છે.) Mr, Danial, go with

this girl and do the needful in the matter. લડકી, લેજાઓ એ મિ. ડાનિયલકો તુમેરી સાથ.

મધુરી—આપનો આભાર માનું છું. (મિ. ડાનિયલને લઇને જાય છે.) (મિ. સ્મિથને લઇને મધુર સ્ટેશને જઇ એનજીન લઇને મેલટ્રેનની પાછળ જાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—કૃષિકર્મવિસ્તારક મંડળનું કાર્યાલય
સારાભાઈ, અને જીવણ ભગુ.

સારાભાઈ—અમારી સંસ્થાના ૨૦૦) શેરમાંથી ૧૦૦) શેર તમારા નામ ઉપર છે, અને ૧૦૦) શેર તમે પથ્થરલાલ નાટકીને નામે ચડાવ્યા હતા તેની વ્હેંચણી ગયા છ માસની તેને મળી ગઈ છે, છતાં, તમે ફરી કેમ માગણી કરોછો ?

(મિ. ડાનિયલ અને મધુરી પ્રવેશ કરે છે, અને કાર્યાલયમાંની બે ખુરશિયો ઉપર બેસે છે.)

જીવણ ભગુ—જુવોને મંત્રી સાહેબ, એતો એમ થયું કે, પ્હેલાં તો ૨૦૦) શેર શેઠ **શ્યામજી રામજી** ઝવેરીના નામ ઉપર હતા, તે તેમની પાસેથી મેં ખરીદી લીધા, તેમાંથી **પથ્થરલાલ** નાટકીને મેં ૧૦૦) શેર વેચ્યા.

મધુરી—મિ. ડાનિયલ સાંભળ્યું ? પેલો શખ્સ જીવણ ભગુ જણાય છે.

મિ. ડાનિયલ—(પોતાની ખુરશી વધારે પાસે લઇ જઇ, ધ્યાનથી સાંભળે છે.) લડકી, મુદ્દાકી બાત હોતી હૈ. સુનિયે.

સારાભાઈ—જુવોને, જીવણ ભગુ, **શ્યામજી રામજી** ઝવેરીની સહિની ટ્રાન્સફર રિસીટ ઉપરથી તેના ૨૦૦) શેર તમારા નામ ઉપર ચડ્યા, ત્યાર પછી તમે તેમાંથી કેઈ મિતિએ **પથ્થરલાલને** ૧૦૦) શેર વેચ્યા, અને પછીથી તેની પાસેથી તમે કેઇ તારીખે પાછા ખરીદી લીધા, તેનો તમારા ચોપડા ઉપરથી દાખલો લઇને કાલે મારી પાસે આવજો.

મધુરી—(ઉઠીને તેની પાસે જઇને) **મંત્રી સાહેબ**! આ **જીવણ ભગુ**, શેઠ **શ્યામજી રામજી** ઝવેરીને ત્યાં ગુમાસ્તો હતો.

જીવણ ભગુ—(**મધુરીને** આમ બોલતી જોઇ ગભરાય છે) હા. હતા, તેમાં તારે શી પંચાત છે! અમારી વાતમાં તું શું કરવા વચ્ચે બકે છે.

મી. ડાનિયલ—(તેને કાંડે પકડીને) તુમ ચોર હો, તુમને ૨૦૦) શેર **શ્યામજી**કા ચોર લિયા હૈં, હમ તુમકો હમારી હવાલતમાં લેતા હું (તેને પકડીને કન્સસ્ટેબલને સ્વાધીન કરે છે.)

સારાભાઈ—આ તો વળી તૃત્યં નિકળ્યું!

મધુરી—જી, હા, એ ૨૦૦) શેર **શ્યામજી રામજી** ઝવેરિયે **વિધવા રક્ષક સંસ્થા**ના ભંડોળમાં ભેટ આપ્યાનું તેમના આ ઇચ્છાપત્રમાં લખ્યું છે, જુવો વાંચો. (તેને વાંચવા આપે છે.)

જીવણ ભગુ—મારા નામ ઉપર એ શેરો ટ્રાન્સફર કરવાની રિસીટમાં એમણે સહિ કરીને એ શેર મને વેચ્યા છે.

મધુરી—એ લાખ રૂપિયા આપીને તમે એ શેર ખરીદ્યા નથી, પણ અમારી સંસ્થાને આપવાના હતા તે તમે નહિ આપતાં, કપટ કરીને, તમારા નામ ઉપર ચડાવી લીધા છે. **મંત્રી સાહેબ**! જરા કૃપા કરીને શેઠની સહિની ટ્રાન્સફર રિસીટ ફહાડશો?

સારાભાઈ—રિસીટ આ રહી. એમાં **શ્યામજી રામજી** ઝવેરીની સહિ છે.

મધુરી—(રિસીટ, તપાસતાં) ખરીદનારને ઠેકાણે, **જીવણ ભગુ**ની સહિના અક્ષર એના પોતાના છે.

સારાભાઈ—બોલો **જીવણ ભગુ**, આ અક્ષર કોના છે?

જીવણ ભગુ—એ દસ્કત તો મારા છે. તેમાં શું થઈ ગયું! મારા નામ ઉપર ચડાવવાના હતા તેથી મેં મારૂં નામ લખ્યું.

મધુરી—તમારા નામને ઠેકાણે **વિધવારક્ષક સંસ્થા**નાં કાર્યવાહિણી **માધવી પંડિતા**નું નામ લખવાનું હતું, તેને બદલે, તમે તમારૂં નામ ખોશી ઘાલ્યું. (**સારાભાઇને**) મહાશય, મંત્રી, આ રિસીટમાં સાક્ષી તરીકે **મૂળજી મેઘજી**ની સહિ છે, એને અમારે શોધી ફહાડવો પડશે. અને આ અસલ રિસીટ અને ટ્રાન્સફર બુક વગેરે કાગળિયાં લઇને આપને ફોજદારી ન્યાયાધીશીમાં

સાક્ષી આપવા આવવું પડશે. માટે આપ એને લગતાં કાગળિયાં જોઇ, તૈયારી રાખજો. અમે આ ભાઈસાહેબને લઇને એમના ઘરનો ઝાડો લેવા જઈયે છિયે (તેને મોટરમાં બેસારી લઇ જાય છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ—જીવણ ભગુનું ઘર.

મિ. ડાનિયલ, મધુરી, અને જીવણ વગેરે.

મધુરી—તમારી પાસે ૨૦૦) શેર છે તે બતાવો.

જીવણ ભગુ—તું કોણ જોવાવાળી !

મી. ડાનિગલ—ચલો, જલદી કરો,-નિકાલો શેર.

જીવણ—(એક પટારા પાસે જઈને તે ઉઘાડી, શેરનું પોટકું ક્હાડે છે) આ રહ્યા શેર.

મધુરી—(ગણી લેતાં) બસે થાય છે. આ તો ઠીક. મિ. ડાનિયલ આ લોકોના ટોળામાંથી પંચને પસંદ કરી તેમની સમક્ષ યાદી કરાવિયે. (તેમ કરે છે, પછી પટારા પાસે જઇને) તમે ચોપડા ક્યાં રાખો છો ?

જીવણ ભગુ—એજ પટારામાં રાખું છું.

મધુરી—બ્હાર ક્હાડો જોઇયે.

જીવણ ભગુ—ચોપડાનું તમારે શું કામ છે ?

મધુરી—ચોપડાનું અમારે એટલા માટે કામ છે કે, તમે ૨૦૦) શેર ખરીધા તેના બે લાખ કે જેટલી રકમ થઈ હોય તે રૂપિયા કેવા પ્રકારે, ક્યાંથી, તમે આપ્યા છે તેનું નામું મારે જોવું છે. વળી શ્યામજી ઝવેરીનો એક રોજમેળ અને એક ખાતાવહી તમે ચોરી લેઇ આવ્યા છો, તે બે ચોપડા અમારે સ્વાધીન કરો.

જીવણ ભગુ—એવા ચોપડા હું લાવ્યો નથી, મારી પાસે નથી. (પટારાનું ઢાંકણું વાશી દેછે.)

મિ. ડાનિયલ—(તેને ધમકાવીને) યે પેતીમેંસે સબ ચોપડા અભી ને અભી નિકાલ દો. (તેની બોચી ઝાલી પટારા પાસે લઇ જાય છે.)

જીવણ ભગુ—(એક પછી એક ચોપડા ક્હાડે છે.)

મધુરી—(ચોપડા જોઇને) જુવો સાહેબ ! આ **શ્યામજી**નો રોજમેલ છે, અને આ રહી ખાતાવહી. (પંચના મ્હો આગળ મૂકે છે. શેર ખરીધાનું જમેખર્ચ, અને વ્હેંચણીનો દાખલો જોવાને તે સાલનો રોજમેળ અને તેની ખાતાવહીમાંથી ખાતું ક્હાડી તે પણ પંચ આગળ રજુ કરે છે. રીતસર પંચનામું કરાવી, **જીવણ ભગુ**ની જુબાની લખાવી લેવામાં આવે છે, અને મુદ્દામાલ સહિત **જીવણ ભગુ**ને લઈને **મૂળજી મેઘજી**ને ઘેર જાય છે, ત્યાં તેની જુબાની લખી લે છે, તે લખાવે છે કે, "ટ્રાન્સફર રિસીટમાં **શ્યામજી રામજી** ઝવેરિયે મારા દેખતાં સહિ કરી છે, તે જોઇને, મેં મારી સાક્ષી કરી છે. એમાં **માધવી** પંડિતા જેનું નામ ક્હે તેનું નામ લખવાને આ **જીવણ ભગુ**ને **શેઠે** મારા દેખતાં કહ્યું હતું, તેને બદલે, **જીવણે** પોતાનું નામ પોતાને હાથે લખ્યું છે, એ એણે તરકટ કર્યું છે, **એમ મારૂં** માનવું છે." (આ પ્રમાણે કામ પૂરૂં થતાં સર્વે **પો.** કમીશરની ઑફિસમાં જાય છે.)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—પોલિસ કમિશનરની ઑફિસ.

પો૦ કમિશનર, મિ. ડાનિયલ, મધુરી.

પો૦ કમિશનર—(મધુરી અને મિ. ડાનિયલની હકિકત સમજી, કાગળો જોઇ, આ કામની સર્વ વ્યવસ્થા કર્યા પછી.) લડકી, મૈં તુજકો બોત બોત થેંકસ દેતા હું. એ ઠગાઈકા કેસકા અચ્છા પૂરાવા હોગા.

મધુરી—અમારી વનિતાવિશ્રામની વિધવારક્ષક શાખામાં, બે લાખ રૂપિયાના શેર આપની કૃપાથી અમને મળશે તેને માટે અમે આપનો મ્હોટો આભાર માનિયે છિયે.

પો૦ ક૦—લડકી, વનિતાવિશ્રામકા અચ્છા કામ ચલતા હૈ એ મૈંને સુણા હૈ લેકિન તું વાં કયા કામ કરતી હૈ !

મધુરી—નાટ્યપ્રયોગનિરીક્ષકા મને ઠરાવી છે. આજ કાલ નાટક મંડળિયો ઘણી વધી પડી છે, અને સિનેમા હાઉસ ઉપર લોકો મોહિત

થઇ પડ્યા છે. તે જોવાને જતી સ્ત્રિયોની મર્યાદા સચવાય, તેઓ અનીતિને માર્ગે ચડે નહિ, તેમને નીતિનું જ્ઞાન મળે છે કે કેમ આદિનું નિરીક્ષણ એ આદિ કરવાનું કામ મને સોંપ્યું છે.

પો૦ ક૦—ઓહો. પ્લે હાઉસકા સેનસરકા કામ તું કરતી હૈ. બોત અચ્છી બાત. હમકોભી નાટક વિષયપર દેખરેખ રખની પડતી હૈ.

મધુરી— એ મારા જાણવામાં છે. માફ કરજો સાહેબ ! મારે ક્‌હેવું પડે છે કે, સરકાર વિરૂદ્ધ કાંઇ વિષય તેમાં આવે નહિ તેની સંભાળ રાખવા આપના ખાતાની દેખરેખ બહુ સારી ર્‌હે છે, પરંતુ, તેમાં લોકોની નીતિ સચવાય છે કે નહિ, એ ઉપર ખાસ લક્ષ આપવામાં આવતું હોય, એમ મને લાગતું નથી.

પો૦ ક૦—અનીતિકી બાત હોવે તો તે હમ ચલને દેને નહિ.

મધુરી—ક્ષમા કરજો સાહેબ, હવણાં તો કેટલાંક ઉઘાડાં શૃંગાર-રસનાં અને બિભિસ્ત રસનાં નાટક ભજવાય છે, તે અમારાથી તો દેખી ખમાતું નથી, આપ લખાયલું નાટક પસંદ કરીને પછી તેભ જવવાની પરવાનગી આપો છો, પરંતુ તેને બદલે, તે નાટક છપાઈને પ્રસિદ્ધ થઇ જાહેરમાં ચરચાયો પછી, ભજવી બતાવવાની રજા આપો તો કશો ગોટાળો ચાલે નહિ. હવણાં ઘણા ખરા નાટકવાળા માત્ર કવિતાનો ભાગ, થોડી સમજુત આપી છપાવે છે. અને ગદ્ય ભાગ આખો છપાવતા નથી. તેમનું નાટક લોકપ્રિય થાય નહિ તો પછવાડેથી તેમાં ઉઘાડા શૃંગાર અને બિભસ્ત રસનો ઉમેરો કરે તો આપ શી રીતે જાણી શકો ?

પો૦ ક૦—હમારા સેનસર દેખરેખ રખતા હૈ.

મધુરી—છાપેલી ચોપડી તેમની પાસે હોય તો તેમાં છપાયા પ્રમાણે ભજવાય છે કે નહિ તે જાણી શકે. તેઓ બિચારા આ વિષયમાં કેટલું જોઈ શકે ? નાટકનો બ્હોળો ધંધો ફેલાયો છે, તો સર્વ ઠેકાણે શી રીતે પ્હોંચી શકે ?

પો૦ ક૦—લડકી ! નાટકી કિતાબ સબ છપાની ચહીયે એ બાત તેરી ઠીક હૈ: ઇસકા અવશ્ય બંદોબસ્ત હોના ચાહિયે. લેકિન અચ્છા નાટક દેખના, બુરા નહિ દેખના, વો તો લોકોકી મરજીકી બાત હૈ.

મધુરી—નીતિ શીખવવા નિશાળો છે, અને અનીતિ શીખવવા અર્થે નથી, છતાં અભણ લોકો, અને જેઓ ભણેલા પોતાને માનતા હોય છે

તેવા લોકોનું અનીતિ ઉપર વળણ થાય છે. તેમની તેવી ઈચ્છાને ઉત્તેજન મળે તેવાં નાટકો અને નવલકથાઓ પ્રસિદ્ધ થતાં અટકાવવાં જોઇયે.

પો૦ ક૦—લોકકી સ્વતંત્રતાપર અંકુશ રખના એ અચ્છી બાત નહિ.

મધુરી—ફ્રાન્સ જેવા સુધરેલા દેશમાં, અને મુખ્યત્વે કરીને પૅરિસ જેવી નગરીમાં સ્વતંત્રતાની મોકાણને લીધે, નીતિ સચવાતી નથી, ત્યાં ગમે તેવાં અનીતિ ભરેલાં પુસ્તકો છપાય છે, અને નાટકો ભજવી બતાવવામાં આવે છે. લોકો નિર્લજ બનતા જાય છે; સ્ત્રિયો વંઠી જાય છે. સારાં અને નામાંકિત કુટુંબોની પ્રતિષ્ટા ધૂળ મળી જાય છે. તેના દાખલા મેં પણ મારી નજરે જોયા છે.

પો૦ ક૦—મેરી પ્યારી લડકી, એ સબ તેને નજરે દેખા? કિધર દેખા?

મધુરી—ખુદ પૅરિસ નગરીમાં, આ મારી આંખથી જોયું.

પો૦ ક૦—હેં! તું પૅરિસ દેખ આઈ?

મધુરી—જી, હા. વધારે કહેતાં મારી જીભ ઉપડતી નથી; પૅરીસમાં ચાલતી અનીતિની વાત આપ ન જાણતા હો એવું મારૂં માનવું નથી, તો પણ હું કહું છું કે, સુધરેલી કહેવાતી પૅરિસ નગરીમાં સો સો સ્ત્રિયોનો ટેબ્લાનો કહેવાતો નાચ અતિ નિર્લજ હોય છે. કેવળ નગ્ન સ્ત્રિયો અનીતિ ભરેલા હાવભાવ કરતી સંગાથે નાચે છે. અને જન્ટલમન કહેવાતાં સ્ત્રીપુરૂષનાં જોડાં સાથે બેશીને તે જુવે છે. પ્રભુ, આવા લોકોના અંતરમાં ઉતરીને તેમને સદ્‌મતિ આપી સીધા કરો. (આવેશમાં આવીને પોતાના બે હાથે આંખો ડબાવીને ખુરશી ઉપર સ્તબ્ધ બની જાય છે.)

પો૦ ક૦—(તેની આવી સ્થિતિ જોઇ) લડકી, પ્યારી લડકી, તેરી બાત સચ્ચી હૈ.

મધુરી—(જરા ધીમી પડીને) ફ્રાન્સ ઉપર પરમેશ્વરે લડાઈની આ આફત આણી છે, તેને જો અમારી માયાળુ બ્રિટિશ સરકારે આશ્રય આપ્યો હોત નહિ, તો આજે, પૅરિસના કિલ્લાઓ ઉપર જર્મન વાવટા ઉડતા હોત.

પો૦ ક૦—સચ્ચી બાત હૈ લડકી, સચ્ચી બાત હૈ. તું આદમ જાત નહિ હૈ, કોઈ દેવી હૈં ઐસા હમકો માલુમ હોતા હૈ.

મધુરી—આવી સ્થિતિ અમારા દેશની થાય નહિ, એટલા માટે અમારો પ્રયત્ન છે. વિધવા **વિરહિણી** નામનું ઉપનામ ધરાવનારી ગુલાબના હવણાં બનેલા કિસ્સાનું નાટક ભજવી બતાવવાનો મિ. **મધુરે** પ્રયત્ન કર્યો છે તે લોકોની આંખો ઉઘાડવાને કર્યો છે, અને તેને લગતા બધા બનાવો જેવા બન્યા છે તેવા પ્રત્યક્ષ ભજવી બતાવવા અમને પણ યોગ્ય લાગ્યા નથી, તો પણ, મિ. **મધુરને** તેમ કરવાની સખેદ અગત્ય પડી છે.

પો૦ ક૦—એ **મધુર** કોણ હૈ ? ઔર તું **મધુરી** કોણ હો. તુમ લોકકા કિસ્સા મેરેકો સભેદ નજર આતા હૈ.

મધુરી—**મધુર** મ્હોટો વિદ્વાન અને ધનાઢ્ય છે, એ પણ **અમે**-રિકા, ઈંગ્લાંડ, **ફ્રાન્સ** આદિ-જગ્યાએ દેશાટન કરી આવ્યો છે, અને ત્યાંના નાટકો પણ મુખ્યત્વે કરીને જેયાં છે. હું પણ એક પ્રતિષ્ટિત કુટુંબની દીકરી છું. અમારો કિસ્સો વિચિત્ર છે, અને તેનું નાટક પણ રચાયું છે તે જ્યારે ભજવી બતાવવામાં આવશે ત્યારે અવશ્ય હું આપને આમંત્રણ આપીશ,

પો૦ ક૦—તેરી બાત સુનકે મૈં બોત રાજી હુવા. લડકી ! નાટક દેખનેકે લિયે મૈં ખસુસન આવુંગા. મેરી એક લડકી હૈ વો બી તેરે જેસી હૈ, ઈસ્કોબી મેં તેરી પાસ ભેજુંગા.

મધુરી—મારી એ બ્હેનને મળવાથી મને બહુ આનંદ થશે. મે આપનો ઘણો વખત રોકયો માટે ક્ષમા માગું છું. ગુલાબ શેઠાણીના બે કેસ બન્યા છે તે કોર્ટમાં રજુ કરવાને અમે બે, પૂરતો પ્રયત્ન કરીશું. અને આપ અમને ઘટિત આશ્રય આપશો એવી વિનતિ કરીને હું આપની રજા માગું છું. (નમન કરી જાય છે.)

अंक २ जो.

प्रवेश १ लो.

સ્થળ—વટપુરના રેલવે સ્ટેશનનો એક ખંડ.

પેસ્તનજી અને (રઘુનંદિની) મિસ બેલી.

પેસ્તનજી—માયડિયર મીસ બેલી ! તારા હસબન્ડનાં ઘરડાં માયજી, અને તેની પરણેતર ધનિયાની, આજની ટ્રેનમાં આવિયાંચ. ને તે રઘુનંદને બંગલે ગિયાંચ.

મિસ બેલી—કુચ ફિકર મત કરો, એક દફે એ આવી ’તી, તેને લાતો મારીને પીછી કુહાડી હતી. હવે પન હું એમજ કરીશ.

પેસ્તનજી—હા, એમજ કરવું જોઇયે. મિસ બેલી ! યાર, તું બડી હોંશિયાર છે, તું રઘુનંદને ખરેખરો કબજામાં રાખેચ તેથી તે તારો ડબાયલો રહેચ, તોપન આપરે તો ચેતીને રહેવા જેવી વાત છે, આપના ઉપર હવણાં કાંઇકિ એ વ્હેમાયો હોય એમ મને સમજાયેચ.

મિસ બેલી—એ બાત બરોબર છે. આપણી દોસ્તીકી કુચ સ્મેલ ઉસકો આવેલી જણાય છે, પન મેં એસો ધાક રાખ્યો છે કે, અબતક, ઉઘાડો પડી કુચ બોલતો નથી.

પેસ્તનજી—તોપન, જેટલાં, એને તારો ભરોંસો છે તેટલાં આપણે મુંબઇમાં સિનેમા ચલાવવાની ગોઠવન પૂરી કરવી જોઇયે. તે મને થોરે થોરે થઇને ૨૮) હજાર રૂપિયાની નોતો આપીચ તે મેં ફિરોજને મુંબઈ મોકલી દીધીચ. સિનેમાનુ હાઉસ બંધાયેચ, તે મહિના સોરૂ પૂરૂ થસે. હાલ તો દોઢ લાખ રૂપિયા ખરચ થસે, એમ ફિરોજ લખેચ, એના ભાગના ૫૦) હજાર અને તારા ભાગના ૨૮) હજાર ખરચાઇ ગિયાચ. હવે તારે ૨૨) હજાર તારા ભાગના આપવાના બાકી રહિયાચ, તે આપું તો તારા ૫૦) હજારનો ભાગ પૂરો થાય, અને મને પન મારા ભાગમાં તેં મદદ આપવાને કબુલિયુંચ ત્યારે તો કામ મેં ઊભુ કરિયુંચ, તો તારે મને હાલ ૨૫) હજાર રૂપિયા ધીરવા પડસે. સિનેમાની કમાઈનો મારો ભાગ આવસે

તેમાંથી હું તને મુજરે આપસ. તે ઉપરાંત તારા બાકીના ૨૨) હજાર થઇ હવનાં ૪૭) હજારની નોતો મને તારે આપવી પડસે.

મિસ બેલી—અબ મેરા સાબ પાસ ઇતના પેસા મિલે એવા નથી. તિજોરીમાં નોટો હવણાં નથી.

પેસ્તનજી—જો 'ડિયર' સાંભલ. ૮૦ હજારનાં એના ખાતાનાં, અને કંતરાકતરનાં ચાર બીલો મંજુર થવા ગિયાંચ, તે પાસ થઇને આવસે, એટલે, તેનાં નાણાં એને મળસે. સરકારી તિજોરીવારા કારકુન પાસેથી મને ખબર મળસે એટલે હું તુંને ચેતાવીસ. તે વેળાએ તારે કેસ બાકસની ઉઠાન્તરી કરવી.

મિસ બેલી—બોમ્બઇકી સિટી બેંકમેં મેરા સહાબને ખાતા રખ્ખા હૈ, **વાં** જાઉ તો કુચ મિલે ઐસા હૈ.

પેસ્તનજી—હા યાર, એ વિચાર બી ઠીક છે. હું ફિરોજ ઉપર કાગજ લખી આપસ. સિનેમા હાઉસ કેટલું તૈયાર થયુંચ તે તમે જો જો, ને સિટી બેંક ઉપર ચેક લખાવી, મળે એટલા રૂપિયા લેજો, ને તિયાંજ ફિરોજને આપજો.

મિસ બેલી—ઠીક હૈ. અબ તો મેં બંગલે જાકે ઓ દો ઓર તોકું નિકાલ દઉ, ને ફિર પિછે, બોમ્બઇ જાનેકી ગોઠવણ કરૂંગી. (જવા માંડે છે).

પેસ્તનજી—વેઇટ **મિસ** બેલી, મને એક તરકીબ મગજમાં સૂઝીચ. તું ક્હેતી હતી કે લંડન ઑપેરા કુંપનીમાં તને નાચ કરતાં રઘુનંદે જોઈ તે વારથી તારો તેને નાદ લાગિયોચ, તો એ ઑપેરાની સિનેમેટોગ્રાફમાં ઉતારેલી ફિલમ મુંબઇમાં આવીચ, તે જોવાને તુને મુંબઈ જાવુંચ એમ તારા હસબંડને ક્હેજે.

મિસ બેલી—યસ 'થેન્કસ' એ તરકીબ બોત સારી છે. હું કહીશ કે એ ફિલમ મેરેકો દેખને જાના હૈ, એટલે રજા આપશે, અને ફિલમ ખરીદી લેવાને માટે ચેક લખાવા લેવાને ખોલી દેવાશે.

પેસ્તનજી—આવી જુગતિયો તો તારા જેવી એકતરેસનેજ સૂઝે, સાબાશ છે, ડિયર **મિસ બેલી**, આફરીન છે તારી અક્કલ ઉપર, ખરેખર એ સબબે સારી રકમનો ચેક ભરાવી લેજે, હોકે!

મિસ બેલી—જીતની રકમ એને ખાતે જમે હોગી ઉતનીકા ચેક ભરાવી લઈને કાલેજ બોમ્બે રવાને થઇ જઇશ.

પેસ્તનજી—ટ્રેન આવતા પ્હેલાં એક કલાક અહીં આવસો તો આપણે ગંમત કરીશું, પણ રઘુનંદ તુને વિદાય કરવા આવસે તો તાલ લાગસે નહિ.

મિસ બેલી—અહોત કરકે તો હોગા એસાજ, પન જો સાહેબ કામગિરિ ઉપર જવાના હોશે તો હું એ જાશે કે તુરત અહિ આવીશ. હાલ તો સાહેબજી (જાય છે).

પ્રવેશ ૨ જો.

સ્થળ—વટપુરમાં-રઘુનંદનું નિવાસસ્થાન.

રઘુનંદ, સીતામાતા, અને કલ્યાણી.

રઘુનંદ—ડોકરી, તું અહિં શું કરવા આવી ? આ ડાકણ કલ્યાણીનેં આવવાની શી અગત્ય હતી ? મારાં મડમ સાહેબ ફરવા ગયાં છે તે વળી આવશે તો તમને દેખીને ચીડાશે. જતાં રહો અહિંથી.

સીતામાતા—આ જગતમાં તારા વિના મારૂં કોઇ નથી, તું મારો વ્હાલો દીકરો છું, તારે માટે મારો જીવ વલખાં મારે છે. આ કલ્યાણીને પગલે તારૂં સારૂં થયું છે, તે ગરીબડી તારી વહૂ તારા વિરહથી વિધવા જેવી હાલતે પ્હોંચી ગઈ છે, તેના સામું તો જો ? તારી મડમ કરતાં એ હજાર દરજ્જે વધારે સારી અને હકદાર તારી ધણિયાણી છે, તેને શા માટે તજી દીધી છે ?

રઘુનંદ—જ્યારે તું મારી પાસે આવું છું ત્યારે એનો એ કુથલો કરૂં છું. ખરચી લેવા આવી હોઉં તો લે આ ૧૦૦) રૂપિયા. (પાકિટમાંથી નોટ ક્‌હાડીને આપે છે). ચાલી જા. અહિંથી હવે.

કલ્યાણી—મારા પ્રભુ ! બે વર્ષથી આપે ખરચી મોકલી નથી. સગાં વ્હાલાંનું દેવું કરી, માતાજિયે નિભાવ કર્યો છે. મારી વાત તો વેગળી રહી, હું લોકોનાં દલણાં ખાંડણાં કરીને મારૂં પૂરૂં કરીશ, પણ આ તમારાં ઘરડાં જનેતા ઉપર જરા તો દયા બતાવો ?

રઘુનંદ—ચાલ ચાલ જંગલી જટ, તારાં આવાં ટાયલાં મારી આગળ નહિ ચાલે.

સીતામાતા—મારા વ્હાલા રઘુ! કલ્યાણી ખરૂં કહે છે. તારા સરખો કમાતો ધમાતો કરમી દીકરો છતાં, અમે સગાંનાં ઓશિયાળાં થઇયે અને ધાન પાણી માટે રડવડિયે એવી અમારી દશા ઉપર તને દયા કેમ નથી આવતી? તું આવો નમ્હેરો ના થા.

રઘુનંદ—મને બ્હાવાની તારી લવરી બંધ કર, લે આ બીજા ૧૦૦) રૂપિઆ વધારે આપું છું તે લઇને ચાલી જા.

કલ્યાણી—પ્રભુ! અમે ચાલ્યાં જઇશું, આપનું કહ્યું માથે ચડાવીશું પણ જુવો, આ ખર્ચના હિસાબની ચોપડી. પાંચસો રૂપિયાનું સગાંનું દેવું થયું છે. તેમનાં મેણાં અમારે સ્હેવાં પડે છે. અમને વેગળાં રાખ્યાં તો અમે વેગળાં રહિયે છિયે, પણ અમારા પેટનું પૂરૂં કરવાની તમારી ફરજ છે તે તો આપ બજાવો. હું આપની પરણેતર વહૂ છું. હું તમને મૂકીને કોની પાસે ભીખ માગવા જાઉં?

રઘુનંદ—મારે તો મારી એક મડમ સાહેબ છે. તને હું મારી બાયડી લેખતોજ નથી. ચાલ, નિકળ અહિંથી, નહિ તો ધક્કા મારીને બ્હાર કહાડી મૂકાવીશ. પટાવાળા, નિકાલો એ લોકકો.

પટાવાળો—માફ કરો સાબ! આ તમારાં માજી અને આ તમારાં વહૂ ઇમને અમારાથી હાથ અડાડાય નહિ.

રઘુનંદ—તું એક પટાવાળો, તારા સાહેબનો પણ હુકમ માનતો નથી તો તને બરતરફ કરીશ.

પટાવાળો—ધેર રહી તમારી નોકરી, લ્યો આ તમારો પટો. (છોડીને ફેંકતાં) ધરયો રયો. પરભુ મને ખાવાને મઠ બાવટાનો રોટલો આપશે, પણ હું તમારા જેવો પાપી નથી, મારાથી પાપનાં કામ નહિ થાય.

રઘુનંદ—યુ, ડેમ, સુઅર! મારો હુકમ માનતો નથી, ને પતરાજ કરે છે? (તેનું ડોકું પકડી મારે છે.) પટાવાળો સામો થાય છે. એટલામાં,

રઘુનંદિની—(પ્રવેશ કરીને) એ તુમ કાલે લોક! અમારા સાબકો સતાનેકો શા માટે ઇધર આવ્યાં છો? (સીતામાતાને બૂટ પ્હેરેલે પગે લાતો મારી, પટાવાળાને પોતાની છત્રી વડે મારતાં, મારામારી થાય છે. રઘુનંદ

(જમાદાર આવી પ્હોંચે છે તેને) હુકમ કરૂં છું કે, આ ડોકરીને, અને આ આયડીને એક ગાડામાં ઉપાડી જઈને રેલ્વેમાં બેસારી રવાને કરી દ્યો.

જમાદાર—અચ્છા સાબ, (બંનેને જોરાવરિયે લઈ જાય છે.)

રઘુનંદી—(માઇ ડિયર) મેરા પ્યારા હસબંડ, અબ મેરી ખાતરી હો ચૂકી કિ, તમે મને જિગરથી ચ્હાઓ છો. મેં સ્ટેશનપર ફીરવાને ગઈ'તી. વહાં પેસ્તનજી શેઠને કહા કે, દો ઓરતેં આઈ હૈં. મેં તાકીદથી આવીને સંતાઇને સબ બાત સુણી, આપકી પરણેતર ઓરતકી આપ કુચ પરવા કરતા નથી, અને મને ખરેખર ચ્હાઓ છો, ઐસી અબ મેરી બોત બોત ખાતરી હો ગઈ.

રઘુનંદ—મારી ડિયર મડમ સાહેબ ! મને તો તું ઘણી વ્હાલી છું, પણ પેલો પેસ્તનજી તને ફસાવવાનું કરતો હોય એમ મને વ્હેમ આવે છે. એ લુચ્ચો છે. આપણા કંટ્રાકટરોની પાસેથી માલ ચડાવવા ઉતરાવવામાં વેગનની સોઈ કરી આપી, ઘણું મારી ખાય છે. અને તેમને કંટ્રાક્ટ અપાવા, પૈસા ખવરાવવાની લાલચ આપી, તને પણ ઉંધી સલાહ આપે છે, એમ મેં જાણ્યું છે. એવા લુચ્ચા માણસની પાસે હવેથી તારે જવું નહિ. એ ફસાવી દે એવો નીચ છે.

રઘુનંદી—એ પારસી છે તો મેં સાબ લોક મડમ છું. એનાથી ફગાઉ ઐસી નથી. આપ કુચ અંદેશા મત રખો, એણે મુજકો કહા કે બોમ્બઇમેં એક સિનેમાકી ફિલમ આવી છે. તેમાં મિસ બેલીનો નાચ જોઇને બોત લોક ખુશ થાય છે. માય ડિયર હસબંડ, તમે જાણો છો કે લંડન ઑપેરા મંડળીના ખેલમાં તમે મને નાચતાં દેખી હતી, અને મારા ઉપર આપ ફીદા હો ગયાતા તે નાચની ફીલમ બોમ્બઈમાં આવી છે. આ વાતની ખાતરી કરવા મેને ઉસકો બાત કરી હતી, તેનો ખુલાસો પૂછને માટે આજે બાત કરી તો એ બાત ખરી છે.

રઘુનંદ—ત્યારે તો એ ફિલમ જોવા આપણે ક્રિસમસની રજાઓમાં જઈશું. તારો એ નાચ જોવાથી આપણી દોસ્તી થઈ, તે નાચ પાછો જોવાને આપણને બહુ ખુશી થશે.

રઘુનંદી—તમારી રજા હોય તો હું આવતી કાલે બોમ્બઈ જઇને એવી ફિલમ આવી હોય તો જોઇ આવું, તે પછી, આપણ બંને જણાં જોવાને જાઇશું.

પણ મ્હારી છબીલી ! તું જઇશ એટલી મુદતમાં મને ગમશે નહિ.

રઘુનંદી—એક અઠવાડિયામાં જઇને પીછી આવીશ ને બનશે તો આખી ફિલમ ઉપાડી આવીશ. પણ દશ પંદર હજાર રૂપિયા ખરચ થશે ખરો. તેનો ચેક સિટી બંક ઉપરનો લખી આપો તો બસ.

રઘુનંદ—(ચેક બુક લાવીને) હવણાં બેંકમાં મારે ખાતે ૧૨,૫૫૦ રૂપિયા જમે છે, વધારે નથી.

રઘુનંદી—ત્યારે એટલાનો ચેક લખી આપો, માય ડિયર, એ ફિલમ હું નક્કી લઈ આવીશ. મને જવાદો ને ચેક આપો તો બડી મ્હેરબાની ગણીશ. વ્હાલા ! હવણાંજ ચેક ભરી આપો.

રઘુનંદ—(રૂપિયા ૧૨ હજારનો ચેક ભરી આપે છે.) લે, મારી વ્હાલી મડમ, તને ૧૨) હજારનો ચેક આપું છું. રૂ. ૫૫૦) સિલકમાં રહેવા જોઇયે, ચાલતું ખાતું રાખવા માટે.

રઘુનંદી—આવા મેરા પ્યારા હસબંડનું હેત કેમ વિસરાય વ્હાલા ! મને કાલની મેલમાં જવાની રજા છે ? મેં કલ જાઉં ?

રઘુનંદ—ભલે જજે, પણ એક અઠવાડિયા કરતાં વધારે રોકાઇશ નહિ; આવતી કાલે મારે કામગિરિ ઉપર જવાનું છે, તેથી, સ્ટેશન ઉપર તને વિદાય કરવા અવાશે નહિ. (તેને ભેટી કામે જાય છે.)

प्रवेश ३ जो.

સ્થળ—વટપુરના રેલ્વે સ્ટેશનનો એક ઓરડો.
મિસ બેલી, અને પેસ્તનજી સ્ટેશન માસ્તર.

પેસ્તનજી—(મિસ બેલીને આવતી જોઇ) ગુડઇવનીંગ, ડિયર મિસ બેલી ! ઠીક થયું જે તમે વ્હેલાં આવિયાં. મિસ્તર રઘુનંદ કામગિરિ ઉપર ગિયા હોસે એટલે હવે તમને સાહેબજી કરવા આવવાના નહિ હોસે.

મિસ બેલી—યસ ડિયર ઐસા હૈ, લેકિન ઇસકા ભરોંસા નહિ. તુમારી બાત સચ્ચી હૈ, તુમેરે પર ઇસિકો વ્હેમ આયા હૈ. એ ડોર બંધ કરો.

પેસ્તનજી—(બારણાં બંધ કરી, એક ખુણાના કોચ ઉપર બંને સાથે બેસે છે. સામી ભીંતે મ્હોટો આયનો રાખેલો છે, તેમાં એ બંનેની

બધી ક્રિયાનું પ્રતિબિમ્બ પડે છે. તકતાની સામી ડોકાબારી ઉઘાડી છે ત્યાંથી કોઈ જોવા ધારે તો સર્વ ક્રિયા તેના જોવામાં આવી શકે એમ છે.)

મિસ બેલી, રઘુએ ચેક આપિયો કે?

મિસ બેલી—(પોતાની બેગમાંથી કહાડે છે.) દેખો, આ બાર હજારકા ચેક ભરવા લાવી,

રઘુનંદ—(સ્ટેશન ઉપર આવે છે. રઘુનંદીને જોતો નથી, એટલે પેસ્તનજીના રૂમ આગળ જાય છે. તે બંધ છે, પણ અંદર થતી વાતનો ભાસ થાય છે. રઘુનંદી ખડખડ હસે છે, તેનો અવાજ બરાબર સંભળાય છે. રૂમના ખુણા ભણી જતાં પાસેની ડોકાબારી ઊઘાડી દેખે છે, તેમાંથી સામી ભીંત ભણી જુવે છે તો અરીસામાં બંનેને ગેલ કરતાં જુવે છે.) (અપવાર્ય.)

રઘુનંદીનું બધું પાપ હવે ઉઘાડું પડયું, મારી ખુલ્લી આંખે આ બધું હું દેખું છું. ઓ પ્રભુ! મને આ શું સૂઝયું કે આવી વેશ્યા નટીને હું વિલાયતથી ઉપાડી લાવ્યો? હશે, બનવા કાળ હતું તેમ બન્યું. હવે ચેતતાં રહેવું ઉચિત છે.

જમાદાર—(એકાએક પ્રવેશ કરીને રઘુનંદને ખોળે છે, તેને ડોકાબારી આગળ જુવે છે. રઘુનંદ તેને બોલતો અટકાવીને વેગળો લઈ જાય છે,) આપણા બડા સાહેબ કામ જોવા આવ્યા છે, તે આપની રાહા જુવે છે. પેલો ઘોડો આપને માટે હાજર રાખ્યો છે. આપ સવાર થઇ એકદમ રવાને થઇ જાઓ.

રઘુનંદ—(ઘોડે બેશી રવાને થતાં) જમાદાર, તમે પછવાડે આવી પ્હોંચજો.

(મેલટ્રેન આવે છે, મિસ બેલી તેમાં બેસી મુંબઈ રવાને થાય છે. પેસ્તનજી તેને બે ત્રણ કાગળો આપે છે, અને ટ્રેન ચાલતાં મિસ બેલીને સાહેબજી કરીને તેની નજર પ્હોંચે ત્યાં સુધી જોયાં કરે છે. પછી મિસ બેલીને કોલાબા સ્ટેશને લેવા આવવાને ફિરોજ જમશેદ સિનેમાવાળાને તાર કરે છે.)

अंक ३ जो.

प्रवेश १ लो.

સ્થળ—મુંબઈનું કોલાબાનું સ્ટેશન.

ફિરોજ જમશેદ અને મિસ બેલી.

ફિરોજ—(મેલ ટ્રેન ઉભી છે તેમાંના ફર્સ્ટ ક્લાસ લેડી કમ્પાર્ટમેંટ પાસે જઇને) વેલ મિસ બેલી ! ગુડ મોરનિંગ, તમે ભલે પધારિયાં.

મિસ બેલી—ગુડ મોરનિંગ મિ. ફિરોજ, આપકા મિજાજ કૈસા હૈ?

ફિરોજ—આપની મ્હેરબાનીથી મારી તબિયત સારી કાની છે. પન આપણી સિનેમાની બીલ્ડીંગનું કામ ઉતાવળથી ચાલેછ, ત્યાં હાજર ર્‌હેવું પડેચ, તેથી જરા શરદી થઇ આવીચ, એટલુંજ માતર, નહિ કર, સેવકની તબિયત મઝેની છે. ને વળી તમે પધારિયાંચ એટલે ઓર મઝામાં ર્‌હેશે. પેસ્તનજી શેઠની તબિયત સારી છેકની ?

મિસ બેલી—બોત અચ્છી હૈ. પેસ્તનજી શેઠને આપકો સલામ ભેજી હૈ. અને કાગજબી આપ્યો છે. (બેગમાંથી ક્હાડી આપે છે).

ફિરોજ—(કાગળ ગુંઝામાં મૂકીને) હવે ચાલો આપણે ભોજન ભવન (હોટેલ)માં જઇયે (મોટરમાં બેશીને જાય છે.)

प्रवेश २ जो.

સ્થળ—ભોજન ભવન (હોટેલ)નો ૨૫૧ અંકનો ઓરડો.

ફિરોજ અને મિસ બેલી.

ફિરોજ—(સામાન ગોઠવાવી, મિસ બેલીનો હાથ ઝાલી એક કોચ ઉપર બેસે છે.) મિસ બેલી, હું એમ ચહાતો હતો કે, તમે મુંબઇમાં બિરાજો તો આપણે બહુ મઝા કરિયે. હવણાં સિનેમાવાળાઓને ખૂબ તડાકા પડેચ. અને સિનેમા હાઉસ વધતાંજ જાયચ. આપણું સિનેમા

હાઊસ બહુ ફાંકડું થશે હોકે મિસ બેલી ! આપણે જમીને જોવા જઈશું. તમારા ભાગના બાવીસ હજાર રૂપિયા મને લાગેચ કે તમે લેતાં આવિયાં હોસો.

મિસ બેલી—રઘુનંદે મને ૧૨,૦૦૦) રૂપિયાનો ચેક દિયા હૈ (અંગમાંથી કહાડીને) દેખો એ સિટીબંકપર હૈ.

ફિરોજ—(લઇને) આપણે આજે એ રૂપિયા વસુલ લઇશું.

મિસ બેલી—ઉસમેંસે ૨,૦૦૦ રૂપિયે મેરી પાસ ખરચ માટે રખનેવાલી હું, ઔર ૧૦,૦૦૦) દશ હજાર મેરા ભાગમેં જમે કરનેકે લિયે આપકો દેનેકા હૈ.

ફિરોજ—પાંચસે રૂપિયા કરતાં વધારે ખર્ચ અહિં આપને નહિ થાય, તેટલા રાખીને મને બાકીના આપો તો સારૂં, મારે સિનેમા બિલ્ડીંગમાં ખર્ચવાને તાન પડેચ.

મિસ બેલી—મુઝેં કુછ સામાન ખરીદનેકા હૈં ઇસિલિયે બે હજાર તો રખુંગી, મૈં પૂછતીહું કિ લંડન ઑપેરા કંપનીકા ખેલકી કોઇ ફિલમ બોમ્બઇમેં આઈ હૈ ? મેરા એક અચ્છા નાચઇરમે ઉતરા હોગા.

ફિરોજ—રોયલ ઑપેરા હાઉસમાં એક, અને ઇમ્પિરિયલ સિનેમામાં બીજી, એમ બે નાચની ફિલમો હાલ બતાવાય છે.

મિસ બેલી—એ ફિલમ દેખનેકો આજ ખસુસ જાના ચાહિયે. ઐસી એક ફિલમ ખરીદ કરનેકો સબબ બતાકે યેહ બાર હજારકા ચેક મેરા હસબંડ પાસેથી લખાવી લાવી છું. અને એવા સબબથી મારા હસબંડ પાસેથી જ્યાદા પૈસા નીકાલી શકાશે.

ફિરોજ—ઠીક છે. આપણા બે જણનું ખાણું આ રૂમમાં મંગાવીને આપણે ખાઇ લઇયે.

મિસ બેલી—ઐસા કરો.

(ખાણું મંગાવી બંને જણા ખાતા ખાતા ઠઠ્ઠા મશ્કરિયો કરે છે, અને દારૂના પ્યાલા ઠાંસે છે. પછી બીજાં કેટલાંક કામ કરવા, અને સિટિબંકમાંથી રૂપિયા લેવા કોટમાં જાય છે. પછી સાંઝે ૭ વાગતાં ઇમ્પિરિયલ સિનેમા હાઉસમાં જાય છે. ત્યાં નાચની ફિલમ બતાવવામાં આવી.)

આ ઠેકાણે નાચની ફિલમ સ્ક્રીન કરવામાં આવે છે.

प्रवेश ३ जो.

स्थल, भारतीय नाट्यप्रयोगशाळा.

पात्रो.

मिस बेली अने तेनी संगी अनेक नटियो.

एओये

विविध प्रकारना नाच

एक पछी एक करी बतावेला छायापट (स्क्रीन)
उपर अहिं बतावववामां आवे छे.

त्यार पछी

त्रीजो अंक समाप्त थाय छे.

અંક ૪ થો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—મેલટ્રેનનો ફર્સ્ટ કલાસનો ડબો

વિરહો અને મિસ બેલી (રઘુનંદી.)

રઘુનંદી—(વિરહાના કંઠમાં મોતીની માળા અને આંગળિયે મ્હોટા હીરાની વીંટી તથા તેનો ભભકા ભરેલો પોશાક જોઇને અંજાઈ જતી, તેની પાસે જઇ બેસતાં) તમારે ક્રાનસા સ્ટેશન ઉપર ઉતરવાનો છે!

વિરહો—(મિસીસ રઘુનંદીના રૂપથી મોહિત થતાં) મડમ સાહેબ, હું સૂર્યપુર સ્ટેશને ઉતરવાનો છું. તમે કયાં ઉતરશો ?

રઘુનંદી—વટપુરમાં અમારા સાબ રઘુનંદ બડા ઇન્જિનેર છે. વાં મૈં ઉતરીશ. ઇસકી સાથ મેં બિલાયતમાં શાદી કરી છે, મેં સાબ લોક છું. ઔર એ કાલા લોક છે.

વિરહો—મને અજાયબ લાગે છે કે, તમે આવાં રૂપાળાં ગોરાં ગફ છો ને એ મારા જેવો કાળો લોક તમને પસંદ કેમ આવ્યો ?

રઘુનંદી—યહ બાત બડી લંબી હૈ, લેકિન અમારા સાબ બોત કાલા નહિ હૈ. આપકા જયસા શોભતા હૈ. તમારા દેશી લોકને અમે લોક કાલા લોકના નામથી ઓલખિયે છિયે. ઇસ બાસ્તે મૈંને કાલા લોક કહા. દેખો એ મેરા હાત ઔર દેખો યેહ તમારા હાત. (તેનો જમણો હાથ પોતાના હાથમાં લઈ) એ અંગુઠીને આંગલી શોભાવે છે. મને તો તમારા જેવો અંગ રંગ બોત પસંદ છે. (એમ કહી વીંટી ફેરવે છે, અને અજાયબ થાય છે.)

વિરહો—મડમ સાહેબ, મને તો તમારા હાથનો રંગ ગમે છે, અને તમે વીંટી પ્હેરી છે તે આંગળીને તો જાણે—

રઘુનંદી—(તેનો ભાવ સમજી) તમારી વીંટી પ્હેરેલી આંગુલી મુજકો બી ઐસીજ પ્યારી લગતી હૈ. (પોતાને હોઠે લગાડે છે.)

વિરહો—તમને મારી આંગળી ગમે તે કરતાં બાર ગણી તમારી વીંટીવાળી આંગળી મને ગમે છે (એમ કહી પોતાને હોટે લગાડતાં) તમારા ઉપર મને વ્હાલ આવે છે એમ કહું તો તમને ખોટું નહિ લાગે કે?

રઘુનંદી—માય ડિયર! મને તો ઉલટું મીઠું લાગશે, સાકર જૈસા ગલ્યાં. દેખે યેહ અંગુઠીવાળી આપકી આંગળી, (પોતાના મ્હોંમાં ચૂસતાં) ચાકોલેટ જૈસી ગળી લગતી હૈ, અને આખી ચાવી જવાનું મન થાય છે. (ચૂસે છે) આઇ લવ યુ ડિયર—મૈં આપકીપર પ્યાર રખતી હું.

વિરહો—હું પણ તમને લવ કરૂં છું, તેથી મને પણ તમારી આંગળી ચૂસવાનું મન થાય છે. પણ આ મારી વીંટી તમને પ્હેરાવું, અને તમારી વીંટી હું પ્હેરૂં ત્યાર પછી ચૂસું તો વધારે ગળી લાગે. (વીંટીની અદલા અદલી કરે છે, ને પછી એક બીજાની આંગળિઓ ખૂબ્ ચૂસે છે.)

રઘુનંદી—ચલ! અબ આપને નાટકી પ્રીતિસે મિલિયે (એક બીજાને બાથમાં લઈ ભેટે છે.) મેરા રઘુનંદ અબ થોડાસા બુઢ્ઢા હુવા હૈ, તેથી તમારા જેવા હવે મને પ્યારો લાગશે નહિ, પણ વટપુર આવશે એટલે આપણે છૂટાં પડીશું, એની ફિકર મને હવણાંથી થવા લાગ્યો. અને મારો નાટકનો ઉભરો તાજો જાગ્યો. (પોતાની બાકસમાંથી વાઇનનો બોટલ કહાડી એક પ્યાલામાં વિરહાને દારૂ આપે છે, અને બીજા પ્યાલામાં પોતે લઈ બંને પિયે છે.)

વિરહો—તમે નાટકનાં શોકીન જણાઓ છો.

રઘુનંદી—જી, હા. હું બિલાયતમાં નટી (આક્ટ્રેસ) હતી, મારૂં નામ મિસ બેલી છે.

વિરહો—ઓ હો! આ તો જુગતે જોડી મળી આવી. હું પણ મુંબઇની નાટક મંડળીનો નટ છું, અને તમારા જેવી નટી બનું છું. (દારૂના પ્યાલા ઉઠાવતાં) તું નટી ને હું નટ, ચાલો આપણે ચટપટ. (બંને જણ એક બીજાને વળગીને નાચે છે, પછી થાકીને બેસે છે.)

રઘુનંદી—આપ નટ હો તો પીછે આપકી પાસ આવા મોંઘા દાગીના કિસતરહસેં આયા?

વિરહો—(ટ્રંક બતાવીને) આખી પેટી દાગીનાની ભરેલી છે, એની કથા લાંબી છે. રાત થોડી ને વેશ ઘણા છે. આપણે હવે એક ઠરાવ પર આવવું જોઇયે.

રઘુનંદી—હું પણ ટુંકામાં કહું છું કે, મુઝે એક બાર એ સબ દાગીના દેખલાદે, પીછે બાત.

વિરહો—(ટ્રંક ઉઘાડીને બતાવે છે). જો આ બધો માલ ૧૫ લાખ રૂપિયાનો છે.

રઘુનંદી—(આશ્ચર્ય પામી) તબ દેખો, મૈં કૂહતી હું કિ મેરા **રઘુનંદ** હૈ તો અચ્છા, લેકિન અબ બૂઢા હો ગયા છે. અને મારૂં મન પાછું નાટકના ચેટક ઉપર લગ ગયા હૈ. બોમ્બઇમેં સિનેમાકા કામ અચ્છા ચલાને કે લિયે મેં બંદોબસ્ત કિયા હૈ. કમાઇકા અચ્છા તડાકા પડે ઐસા ઐસા મામલા હૈં, તો મેં ખરેખરા કહ દેતી હું કિ મૈં તમારી મડમ બનું તુમ હમારા હસબંડ હો જાઓ. બોલો મેરા પ્યારા, બોલો. આપકો કબુલ હૈ ? મંજુર હૈ ?

વિરહો—કબુલ છે, મંજુર છે, પણ જો ત્યારે હું પણ તને ટુંકામાં કહી દેઉં છું કે, તારા જેવી એક રૂપાળી સ્ત્રી મારા ઉપર મોહી પડી છે તેના આ દાગીના હું ઉપાડી લાવ્યો છું, તેથી મારાથી મુંબઇમાં હવે ઉઘાડાં પડી રહેવાય એમ નથી, તેનું શું કરવું ? તમારી ધ્યાનમાં આવે તો આપણે કલકત્તે જતાં રહિયે.

રઘુનંદી—હમ લોકોને સિનેમા હાઉસ ચલાનેકા બંદોબસ્ત કિયા હૈં. મેરા ભાગમેં આપન દોનું ભેલી, લેકિન ઇસકા રસ્તા તો એવો છે કે, આપણે એકાન્ત જગ્યામાં બંગલો રાખી ત્યાં રહીશું. બ્હાર નિકળિયે ઇસ વેળા તારે ઓરતકા કપડામાં ફિરના. દેખું તેરી સુરત, અહા ! ખુબ સુરતી કઇસી ! ઔરતકી બી ઔરત. કૈસી મધુરી સુરત હૈ ! (ગાય છે.) મધુરી સુરતમેં મોહી–અબ તેરી રસીલી સુરતમેં મોહી. (તેને ગ્લ કરે છે.) લેકિન દેખ, આપના બંગલામાં તો મેં તેરી ઓરત ને તું મેરા હસબંડ હો, ઇસિમેં ફેરફાર નહિ હોના ચાહિયે. જીસકા દાગીના ઊઠાય આયા ઓ ઓરતકી પાસ તો જતો રહીશ નહિ કે ?

વિરહો—તારા ગળાના સમ જો એમ કરૂં તો, વળી, મારાથી એની પાસે જવાય એમ નથી. મેં એને ઠગી છે, તેથી મને એ પોલિસને પકડાવી દે એમ છે, અને એટલા માટેજ મુંબઇમાં મારાથી ઉઘાડાં પડાય એમ નથી, એમ મેં તને જણાવી દીધું છે.

રઘુનંદી—તો દે તેરા કૉલ ઔર લે મેરા કૉલ (ગાય છે).

મૈં હુઇ અબ તેરી પ્યારા ! મૈં હુઈ અબ તેરી,
અચ્છી બની અબ જોડી, દેખો અચ્છી બની અબ જોડી.

વિરહો—પણ તમે તો તમારા રઘુનંદ પાસે જવાનાં છો. એની પાસેથી શી રીતે છૂટાં થઇ શકશો ?

રઘુનંદી—ઇસિકી ફીકર તુમ મત કરો. (ઘડિયાળ જોઇને) અબ-વટપુરકા સ્ટેશન નજીક હૈ. મેરા હસબંડ મેરેકુ રિસીવ કરનેકે લિયે સ્ટેશન પર આવેગા, તુમ બી મેરી સાથ ઉતરી પડજો. રાતકી મેલટ્રેન ઇધર આવશે તે વેળાએ આપણે મુંબઇ જવાને પાછા સ્ટેશને આવીશું.

વિરહો—બહુજ સારી ગોઠવણ. હું બહુજ રાજી થયો. પણ સ્ટેશન ઉપરથી ઉતરતાં મને કોઇ ઓળખશે તો ?

રઘુનંદી—નાટકી હોકે, કિસ તરહસે નાટક ભજવાના યહ આપકો માલુમ નહિ હૈં ? (પોતાની ટ્રંકમાંથી મડમનો નવો સુટ ખરીદી લાવી હતી તે વિરહાને પ્હેરાવી દે છે.)

વિરહો—વાહરે મારી રંગીલી મડમ ! તેં તો તારા જેવી મને મડમ બનાવી દીધો! હવે મને કોઈ ઓળખશે નહિ. પોતાનાં પુરૂષનાં કપડાં ગાંસડીમાં બાંધી દે છે) મોતીની માળા તથા વીંટી રઘુનંદી પાસેથી લઇને પેટીમાં મૂકી દે છે.)

રઘુનંદી—અબ દેખ, વટપુરકા સ્ટેશન આયા, કુછ આપકો બોલના નહિ, મેરી સાથ ચલના, ઔર મૈં કહું ઐસા આપને કરના. (સ્ટેશન ઉપર ટ્રેન ઉભી રહેતાં રઘુનંદ સાંમો આવ્યો છે તેને) આ મિસ આડમ મારી મધરકી તેનાતમેં રેહનેવાળી મેડ હૈ.

રઘુનંદ—(બંનેને શેકહેન્ડ કરે છે. સામાન ઉપડાવી ગાડિયોમાં રાખવા રોકાય છે.)

પેસ્તનજી—(મિસ બેલી પાસે આવીને) મિસ બેલી ! તમારા આવવાની વાત મને ફિરોજે કેમ જણાવી નહિં ? આ બીજી મડમ કોણ છે ?

મિસ બેલી—આપણે હમણાં સબ છાના રખનેકા હૈં ! પિછેસે મૈ વાત કરનેકે લિયે તુમેરી પાસ આવુંગી.

પેસ્તનજી—એ તો ઠીક છે. પણ એક અગત્યની વાત તને કહું છું કે પેલા ૮૦) હજાર રૂપિયાનાં બીલ પાસ થઇ ગયાં છે, અને તેની નોટો રઘુનંદની કેશ બાકસમાં આવી ચૂકી છે. ફાવે ત્યારે સપાટો મારજે, મેં તને ચીઠી પણ લખી છે.

મિસ બેલી—અચ્છા હુવા એ બાત તેંને મુઝસે અભી કહી, અબ દેખિયે કૈસા હોતા હૈ.

મિસ્તર પેસ્તનજી અબ તો સાહેબજી ! (જાય છે).

પ્રવેશ ૨ જો.

સ્થળ—વટપુરમાં રઘુનંદનું ર્‌હેઠાણ

રઘુનંદ અને રઘુનંદી તથા મિસ આડમ.

રઘુનંદ—મારી વ્હાલી રઘુનંદી! તું અઠવાડિયાનો વાયદો કરીને ગઇ હતી, અને એક પખવાડિયું થઈ ગયું. એટલી મુદતમાં તો તારા વિયોગથી હું કેવળ ગભરાઇ ગયો હતો. મને લાગે છે કે પેલી તારા નાચની ફિલમ શોધતાં વાર થઈ હશે.

રઘુનંદી—અને વ્હાલા! મુઝે ભી કાંઇ ચ્હેન પડતા ન્હોતા લેકિન......લેકિન આપકા ફોટોગ્રાફ દેખકે ચમનમેં રહતી થી. ફિલમની ભાલ મીલી, લેકિન ચાલતી કરવાને કુચ્છ દેર છે. વળી મેલ સ્ટીમર આવતાં વાર થઇ, અને એમાં મારી મધર આવનાર છે એમ મિ. રોઝની કંપનીમાંથી મને ખબર મિલિ ઇસ લિયે મૈં ઠેર ગઈ.

રઘુનંદ—તમારાં મધર મુંબઇ આવી ગયાં?

રઘુનંદી—હા, મેરા પ્યારા હસબંડ, વો આ ગઇ. મુજકો દેખકે એ તો બોત રોને લગી. ઔર મેરે ગલે બાઝકે કહને લગી કિ અબ તુઝકો ઇન્ડિયામેં પાંચ વરસ થઇ ગયાં માટે હું તને લેવા આવી છું, પાંચ છ માસ રહી પાછી આવજે. કેમ મિસ આડમ! એવા એવા બોલીને રડતી હતી કે?

મિસ આડમ—(વિરહો) રોઇ રોઇને એમની આંખો લાલચોળ થઈ ગઇ ને કોટે બાઝીને ક્‌હેવા લાગ્યાં કે હવે તને લીધા વિના હું જાઇશ નહિ.

રઘુનંદી—અને મેને ઇસકો બચન દિયા ત્યારે મને વેગળી ખસવા દીધી. કેમ મિસ આડમ! મારે કિતના બધા સમજાના પડ્યા!

મિસ આડમ—માનું હેત એવુંજ હોય છે. મેં એમને મારી છાતી સાથે ચાંપીને એમનો ઊભરો શમાવ્યો ત્યારે ડુસકાં ખાતાં છાનાં રહ્યાં.

રઘુનંદ—માને પાંચ વર્ષે મળ્યાં એટલે એમને ઉમળકો આવે એ દેખીતુંજ છે.

રઘુનંદી—શનિવારે મેલ ઉપડી જવાનો છે તેમાં જવાની એમણે ટિકિટ લઇ રાખી છે, અને આપકી રજા લેકે મૈં પાછાં આનેકી હા કહી ત્યારે મને ઉઠવા દીધી.

રઘુનંદ—(સ્વગત) ઠીક આ તો ટ્હાડે પાણિયે ખસ જાય છે) (ચાસન) એમને સાથે લેઇને તમારે અહિં આવવું હતું. હું એમને સમજાવત, અને મહિનો માસ આપણા ભેગાં રાખત.

રઘુનંદી—મારી નાનકડી સિસ્ટરકી શાદી હોનેકી હૈ. તેનો હસબંડ મુંબઇમાં રોઝ કંપનીમાં નોકર છે તેને સાથે લઇ જવાનો છે, ઇસ લિયે તેના રોકાવાય ઐસા નહિ હૈ.

મિસ આડમ—મિસ્તર રેડમંડ જલદી પરણવાને એટલા બધા આતુર થઇ રહ્યા છે, કે હવે તેઓ વધારે રોકાઇ શકે એમ નથી. જવાને રજા પણ લેઇ રાખી છે, અને ટિકિટ પણ લઈ રાખી છે.

રઘુનંદ—(અપવાર્ય) આ પ્રમાણે છૂટવાનો પ્રસંગ આવ્યો એ અહુજ સારૂં થયું, પણ ઉપર ઉપરનો ભાવ જરા બતાવવો ઠીક છે.)

વ્હાલી રઘુનંદી, તારા વિના હું એકલો કેમ રહી શકીશ ? મારે જંગલનું કામ, તું મારી બધી વ્યવસ્થા કરતી તે જઇશ તો પછી મારૂં ઘર કોણ ચલાવશે ? મારી શી વલે થશે, તેનો તો જરા વિચાર કર.

રઘુનંદી—સંકડામણ તો બોત આવી ગઈ છે. તમારાં માજી મુઝકો ગાલિયાં દેકે મેરા તિરસ્કાર કરતી હૈ ઇસકો આપની પાસે બોલાવી રખો. તુંમેરી ઓરતકુ બી બોલાવો, હું જઇશ એટલે એ લોકભી બોત ખુશ થશે.

રઘુનંદ—અમે હિંદુ અને તું અંગરેજ તેથી અમારી નાતવાળાએ અમને નાત બ્હાર મૂકયાં, તેથી તેણે ગભરાઇને તને ગાળો દીધી, એ વાતની દાઝ તારે મનમાં રાખવી જોઇયે નહિ, પણ હજી લગણ તું વિસરી જતી નથી એ તારી પણ આડાઇ છે.

રઘુનંદી—હું તમારાથી વિખુટી પડવાને થોડીસી બી રાજી નહિ હું લેકિન ઇસલિયે કહુતી હું કિ મેરી ગેરહાજરીમાં તમારાં મધર આપકી પાસ રહેનેમેં રાજી થશે અને આપને અડચણ પડેગી નહિ. મેરી ગેરહાજરીમેં આપકી ઓરતકુ બોલાવજો લેકિન મૈં ઐસી શરત કરતી હું કિ મૈં જબ લોટ આઉં ઇસ બખત ઉસકો નિકાલ દેની ચાહિયે.

રઘુનંદ—એ શરત મારે કબુલ છે, પણ શું આજનીજ મેલટ્રેનમાં તું જતી રહેવા ધારે છે !

રઘુનંદી—જો આજ જાઉં તબ મૈં શનિવારકી મેલ સ્ટીમરમેં જા શકું.

મિસ આડમ—અને વળી, એઓએ ટિકિટ પણ લઈ રાખી છે. આજ ને આજ, પાછાં વળવાના કરારે, અહિં આવવાની તેમણે રજા આપી છે.

રઘુનંદ—ત્યારે તો હું લાચાર છું, પણ છ માસ કરતાં તારે વધારે રોકાવું નહિ, એમ વચન આપું તો જવા દઉં.

રઘુનંદી—દૂરકા મામલા હૈ, લેકીન મારૂં ચાલશે તો હું વધારે રોકાઇશ નહિ; બલ્કે વ્હેલી પણ આવીશ, મને તમારા વિના ગમનેકા નહિ.

રઘુનંદ—(અપવાર્ય) પેરતનજી વિના ગમશે નહિ એ વાત ખરી છે.

મિસ આડમ—પેસેજ મની, અને ત્યાં રહેવાનું ખર્ચ આપો.

રઘુનંદ—(કેશબૉકસ ઉઘાડીને) આ એક હજાર રૂપિયાની નોટ, જતાં આવતાં પેસેજ મની માટે, અને બીજા, ખરચી માટે બે હજાર રૂપિયા આપું છું. જો મારી વ્હાલી રઘુનંદી! તું કોઈ વાતે મૂઝાઇશ નહિં. દરેક મેલમાં કાગળ લખતી રહેજે, ને તારૂં શરીર સાચવજે.

રઘુનંદી—મારા ઉપરના આપકા મહેરબાનીકે લિયે, મૈં આપકા બોત એહશાન માનું છું. વ્હાલા! હું જલદી પાછી આવીશ, અને લેટર લખતી રહીશ.

રઘુનંદ—આ તારૂં વચન પાળજે. (કેશ બૉકસ તિજોરીમાં મૂકી, કુંચિયોનું ઝુમખું પોતાના જૅકેટના ખિસ્સામાં મૂકે છે. અને લુગડાં ઉતારી ન્હાવા જાય છે.)

મિસ બેલી—(જૅકેટના ખિસ્સામાંથી કુચીનું ઝુમખું કહાડી લેઇ, તિજોરી ઉઘાડી, કેશ બૉકસ ઉઘાડે છે, ને તેમાંથી બધી નોટોનું પોટકું કહાડી લે છે. પાસે ન્યુસપેપર પડ્યાં હતાં તેમાંથી બે ત્રણનો બીડો, નોટના પોટકા જેવડો કરી, જે રૂમાલે નોટો બાંધી હતી તે રૂમાલ છોડી લઇ, બીડો તેમાં બાંધી, પોટકું તૈયાર કરીને કેશબૉકસમાં મૂકી દઈ બંધ કરે છે, ને કેશબૉકસ તિજોરીમાં ગોઠવી દે છે. પછી તિજોરી વાસી દઇ, કુંચિયોનું ઝુમખું જૅકેટના ખિસ્સામાં પાછું મૂકી દે છે, અને નોટોનો બીડો પોતાની બેગમાં મૂકી દે છે.)

રઘુનંદ—(ન્હાઇને જમવા જવાને તૈયાર થઇ આવતાં) ચાલો, આપણે હવે ડાઇનીંગ રૂમમાં જઇયે.

મિસ બેલી—મિસ આડમ, ચાલો જમવાને. (જમવા જાય છે.)

(બધાં જમી લે છે, અને સ્ટેશન ઉપર જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—રેલ્વે સ્ટેશન.

રઘુનંદ—ડિયર રઘુનંદી! આ બે ટિકિટ તારી પાસે રાખ.

રઘુનંદી—(મિસ આડમને લઇને ફર્સ્ટ ક્લાસ લેડી કમ્પાર્ટમેંટમાં બેસે છે, બે ટિકિટો પોતાની પાસે રાખે છે.)

પેસ્તનજી—(ટિકિટો તપાસવાને મિષે પાસે જઇને) કેમ, કામ સાધી લીધું કે?

મિસ બેલી—ઑલ રાઇટ—સબ હો ચૂકા. આપકો બોમ્બઇમેં જલદીસે આના.

પેસ્તનજી—હું જલદી આવસ.

રઘુનંદ—ગુડબાઇ, મિસેસ રઘુનંદી, જલદી પાછાં આવજો. ગુડબાઇ મિસ આડમ.

મિસ બેલી— } ગુડબાઇ, છે માસ પિછે, મેં ખસુસ આનેવાલી હું.
મિસ આડમ— } ગુડબાઇ.

(ટ્રેન ઉપડી જાય છે).

રઘુનંદ—(સ્ટેશનમાંથી બ્હાર નિકળતાં, સ્વગત) પાપ ગયું. ટાઢે પાણિયે ખસ ગઇ. આમ વિચાર તો આવે છે, પણ મન માનતું નથી. ખરી વાત! મેં એની સાથે રમુઝનો લ્હાવો લીધો છે તે કેમ વિસરે? ખરે, પેસ્તનજીના રૂમમાં, તકતામાં એનાં કૃત્ય જોયાં હોત નહિ, તો હું પણ, એની સાથે વિલાયતની સૅલ કરવા જાત.

(ગાડીમાં બેશી ઘેર રવાના થાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—મેલટ્રેનનો પ્હેલા વર્ગનો ડબ્બો.
મિસ બેલી અને મિસ આડમ.

મિસ બેલી—મેરી પ્યારી મિસ આડમ, એક કિસ્સ. કૈસી રમુઝકી બાત ! તેં ભી અચ્છા પાર્ટ બજાયા. સાબાશ, વિરહા, સાબાશ !

મિસ આડમ—ખબડદાર ! વિરહાના નામથી મને બોલાવીશ નહિ. મારા બાર વાગી જશે.

મિસ બેલી—એકાન્તમાં હોઇયે ત્યારે તું મારો વિરહો, ને મૈં તેરી વિરહી, કેમ ખરી બાત ?

મિસ આડમ—ખરી બાત તો ખરી, પણ ખરી વાત એમ બોલ.

મિસ બેલી—તું મારો માસ્ટર હોજે, ને મુઝે, તારી ગૂજરાતી ભાષા, ફેરતે ફેરતે, ખાતે પીતે, બેઠતે ઉઠતે, ગાતે બજાવતે, નાચતે કૂદતે, શિખલાતી જાજે. મુઝે ગૂજરાતી ભાષા બોત પ્યારી લગતી હૈ.

મિસ આડમ—તું મને અંગરેજી સાઙ્ગ શિખવજે, ને હું તને ગૂજરાતી ગીત ગાતાં શિખવીશ. હવે આપણુને ખૂબ મજા પડશે. મિસ બેલી, મારી વ્હાલી, ઘેલી.

(તેને બેલડિયે લગાડીને) હું ગાઉં તેમ ગા જોઈયે !

મને ઘેલી કીધી વ્હાલે ગાઇ વજાડી,
બેલડિયે બઝાડી, વાંસળી વગાડી.
મને જાદુ કરીને વ્હાલે જીતી લીધી, મુને ઘેલી કીધી૦

મિસ બેલી—(ગીત ગાય છે.)

મને વ્હાલી કીધી, કેડે પકડી લીધી
દારૂ પ્યાલી પીધી, હાથે કિસ દીધી.

મિસ આડમ—મારી મિસ બેલી, તું છે અલબેલી,
તુજ સાથ ખેલી, હુ બનું છું ઘેલી.

મિસ બેલી—હુ તારી છું ચેલી, ખેલું કામ કેલી

મિસ આડમ—તારી મારી જોડી, દેવી ન વખોડી
પ્રીતિ તું શું જોડી, ટૂટે નવ તોડી.

મિસ બેલી—લે, ત્યારે મૈં તુજકો ઇંગ્લિશ ટ્યુન શિખલાઉં.

(નાચતી નાચતી ગાય છે.)

If a body, meet a body,
Coming through the rye,
If a body, kiss a body,
Need a body cry ?

ઇફ્ આ બૉડી, મીટ આ બૉડી
કમિંગ થ્રુ ધ રાઈ,
ઇફ્ આ બૉડી, કિસ્સ આ બૉડી
નીડ આ બૉડી ક્રાઈ ?

(એક બીજાને ચુંબન કરે છે.)

(સ્મિથ ઈન્સ્પેક્ટર અને મધુરતું એન્જીન મેલટ્રેનની પાછળ પડેલું, સૂર્યપુરની લગભગ એકઠું થઇ ગયું હતું. અને અગાઉથી, સ્ટેશને પોલિસ પાર્ટી તાર કરી હાજર રખાવી હતી તેઓએ ટ્રેન આવતાં, ફર્સ્ટ કલાસના ડબામાં વિરહાની તપાસ કરી હતી, પણ તે તો વટપુર સ્ટેશને ઉતરી પડયો હતો, તેથી, બીજી કોઇ કલાસની ગાડીમાં પણ તે મળી આવ્યો નહતો, એટલે, અમદાવાદથી મેલટ્રેન આવતાં, તેમાં બેશી, બંને જણા મુંબઈ પાછા ફરે છે. તેઓ વટપુર સ્ટેશનેથી બે લેડિયોને ફર્સ્ટ કલાસના ડબામાં બેસતાં જુવે છે. સ્ટેશન માસ્ટરને પૂછતાં મુંબઇથી ઉપડેલી મેલટ્રેનના પ્હેલા વર્ગના ડબામાંથી આ સ્ટેશને પણ કોઇ પુરૂષ ઉતર્યો નથી, એમ જાણવામાં આવ્યું હતું.)

प्रवेश ५ मो.

સ્થળ—દમણ સ્ટેશન.

મધુર—મિ. સ્મિથ, લેડીના ડબામાં બે સ્ત્રિયો ધિંગા મસ્તાઇ કરે છે, અને ગાય છે, તેમાંથી એકનો સ્વર મને વિરહા જેવો લાગે છે.

મિ. સ્મિથ—ઐસા હૈ ?

મધુર—એ બે લેડિયો વટપુરના સ્ટેશનથી બેઠી, તેમાંની એકનું મ્હોં મને વિરહા જેવું લાગ્યું હતું, તેથી પ્રત્યેક સ્ટેશને હું તપાસ રાખતો આવ્યો છું, અને મારો વ્હેમ ખરો પડે એમ મને લાગે છે.

મિ. સ્મિથ—વો તો ઔરત જેસા લગતા હૈ. મરદ નહિ લગતા.

મધુર—નાટકમાં સ્ત્રીનો વેશ એ લેતો તે વેળાએ એમને જેવો દેખાતો તેવો હવણાં પણ જણાય છે. ફેર માત્ર એટલોજ છે કે, હવણાં એણે મડમનો પોશાક પ્હેર્યો છે, પણ મુખમુદ્રા એના જેવીજ લાગે છે; સ્ત્રીનો પ્હોશાક હુ મારી સાથે લેતો આવ્યો છું. જુવો હું પણ લેડી બની જાઉં છું. મને મિસેસ સ્મિથ કહેજો. (લેડીનો પોશાક પ્હેરી લઇ, લેડીના ડબામાં દાખલ થવા જાય છે. તેને નહિ બેસવા દેવાની રગઝગ થાય છે, તો પણ, છેવટે, મિસિસ સ્મિથ (**મધુર**) ગાડીમાં ચડી જઇ એક ખુણામાં પ્હોડી જાય છે.)

મિસ બેલી—(બે કલાક સુધી ગુપચુપ બેશી રહ્યા પછી) મિસ આડમ, લેટ અસ સ્લીપ નાઉ. (બંને ઉંઘી જાય છે.)

મિસેસ સ્મિથ મધુર—(બંનેને સારી પેઠે ઉંઘતા જોઈ, પેટિયો તપાસે છે. એક ટ્રંક જે લુગડે બાંધી હતી તેના ઉપર બાલબોધ અક્ષરે **श्यामजी रामजी झवेरी.** એવું નામ લખ્યું હતું તે વાંચતાં, અને તે તથા બીજી હાથ પેટી તપાસતાં, તેની ખાતરી થાય છે કે, આ બે પેટિયો ગુલાબની છે. મિ. સ્મિથને આ વાત જણાવી, ગ્રાણ્ટરોડ સ્ટેશને પાર્ટી લઇ આવવા, વિગતથી, મુંબઈના પોલિસ કમિશનરને તારથી ખબર આપે છે.)

अंक ५ मो.

प्रवेश १ लो.

સ્થળ—મુંબઈ ગ્રાણ્ટરોડ સ્ટેશન.

પોલિસ કમિશનર, પોલિસ પાર્ટી લઇ સ્ટેશને હાજર છે.

ગુલાબ અને મધુરી પણ હાજર છે, ટ્રેન ઉભી રહે છે, **સ્ટેશન** માસ્ટર લેડીના ડબા પાસે ઉભો રહે છે, મિસિસ **સ્મિથ (મધુર)** તેમાંથી ઉતરી પડે છે.

મિ. **સ્મિથ**—(ગાડીમાંથી ઉતરી પો૦ક૦સાથે લેડી મધુરને મેળવે છે.) I have the pleasure to introduce Mrs Smith to your good self, she has helped me very much in this Viraha affairs

પો. કમિશનર—(આશ્ચર્ય પામી, તેની સાથે શેકહેણ્ડ કરે છે).

મધુરી—(મધુરને ઓળખી ખડ ખડ હશી પડતાં) વાહરે મારી સખી! તું તો **વિરહાની** મડમ બની જણાય છે!

લેડી મધુર—બઇરાંની સાથે બઇરાં બનિયે, ત્યારે બઈરાંનો ભેદ પામી શકાય. ગુલાબ શેઠાણી, જુવો પેલી તમારી વિરહી મડમ, એનું નૉમ તો **મિસ આડમ** પાડયું છે. (તેના પાસે જઇ) મિસ **આડમ**, હવે ઉતરો હેઠળ.

મિસ આડમ—(સ્વગત) આ તો ભોગ લાગ્યા. ખરેખરા સપડાયા, ગળા સુધી ગળાયા. (સ્ટેશન ઉપર ભવાડો જોઇ ગભરાઇ જાય છે).

મિસ બેલી—(ઉતરતાં સ્વગત) પ્રપંચની જાળમાં ઝલાયાં.

(પોલિસ સિપાઇયો તેણીને ઘેરી વળે છે, અને વેટિંગ રૂમમાં લઇ જાય છે. તેમનો સામાન પણ ત્યાં લાવી, ખોલી નાંખવામાં આવે છે.)

અહિં ખાસ ફોજદારી કચેરી કરવામાં આવી છે. ફોજદારી ન્યાયાધીશ સાહેબ ખુરશી ઉપર વિરાજ્યા છે. મધુરને રજુ કરવામાં આવે છે. (રીતસર સોગન ખવરાવ્યા પછી)

ફોજદારી ન્યાયાધીશ—તમારૂં નામ શું ?

મધુર—મારૂં નામ મધુર છે.

ફો. ન્યાયાધીશ—તમે તો બાયડી છો, ને **મધુર** નામ તો ભાયડાનું હોય છે, બોલો તમે બાયડી છો કે ભાયડા છો ?

મધુર—હું છું તો ભાયડો પરંતુ આ મિસ **આડમ**નું નામ ધારણ કરનાર અપરાધી વિરહાએ મને બાયડી બની જવાની ફરજ પાડી છે. પેલાં ગુલાબ બાઇના દાગીના વગેરેની આ એક ટ્રંક, અને પેલી હાથપેટી, એમના ઘરમાંથી ચોરી લઈ ને, વિરહો, ગુલાબના ઘરની પાછલી સીડિયે થઇને નાશી ગયો. તેને પકડવાને હું બાયડી બન્યો ત્યારે એનો પત્તો લાગ્યો.

ફો. ન્યાયાધીશ—ત્યારે તમે એમ કહો છો કે આ પેટિયો ચોરી જનાર એ વિરહો છે !

મધુર—જી, હા, અને એને અમે આ મેલટ્રેનના લેડીના ડબામાંથી કબજે કરી લીધી છે.

ફો. ન્યાયાધીશ—(વિરહા પ્રતિ) તમારૂં નામ શું !

વિરહો—મારૂં નામ, મિસ **આડમ**.

ફો. ન્યાયાધીશ—તમારૂં નામ **આડમ** કોણે પાડયું.

વિરહો—પણે પેલી બેઠી છે એ મિસ બેલિયે પાડયું.

ફો. ન્યાયાધીશ—પણ તમે તો ભાયડા છોકની !

વિરહો—હવણાં તો હું બાયડી છું. આ વેશ કહાડી નાંખીને ભાયડાનો વેશ પ્હેરીશ ત્યારે હું ભાયડો બનીશ. માટે જુબાનીમાં લખવું હોય તો લખો કે **ભાયડો ને બાયડી** બે ભેગાં. મને નથી સમજાતું કે તમે આ બધી ભાંજગડ શું કરવા માટે માંડી છે. કેટલાક ખેલાડિયો, કલ્પિત નાટક ભજવે ત્યારે મેં સાચેસાચું નાટક ભજવ્યું છે. નાટક ભજવવું એ કાંઇ અપરાધ નથી, તો પછી, મેં આ પણ નાટક ભજવ્યું છે, તેમાં મને અપરાધી શા માટે ગણવો જોઇયે ?

ફો. ન્યાયાધીશ—ત્યારે, તમે ખરૂં નાટક કેવી રીતે ભજવ્યું છે તે કહી સંભળાવો.

વિરહો—નાયક અને નાયિકા બન્યા વિના, નાટક ભજવાય નહિ. **આ ભવાડાનાટકનો હું નાયક બન્યો**, અને પ્હેલી, ગુલાબના ફૂલ જેવી, ગુલાબ **નાયિકા** બની. એ મારી વ્હાલી બની, ને હું એનો વ્હાલો

બન્યો. વ્હાલિયે વ્હાલાને સ્વીકાર્યો, એટલે હું થયો એનો વ્હાલો અને એ થઈ મારી વ્હાલી. જુવો સાહેબ! ત્યારે એનું તે મારૂં, ને મારૂં તે એનું. એ ન્યાયે, એની આ બે પેટિયો, એ મને સોંપી દેવાની તૈયારીમાં હતી, એટલામાં, આ નુઘરો મધુરો, અને પ્હેલી પ્હોંચેલી ડગારી મધુરિયે રંગમાં ભંગ કર્યો. અમારી રંગીલી વાતો ચાલતી હતી, તેમાં, એ ધૂતારાંએ પ્રવેશ કરીને અમારી પ્રીતિનો ઘાણ કથાળી નાંખ્યો. દૂધમાં ઝેર ભેળવ્યું અનીતિવાળાંને નીતિવાળાં કરવાનો ફાંકો રાખનારાં પેલાં મધુર મધુરીનું બેલડું, ગુલાબડીને પ્રબોધવા કાજે, ત્રીજે મજલે લઈ ગયું મને એકલો પાડવાની એમની મતલબ એટલીજ હતી કે, મારા ઉપર એમણે કાંઈક ઉપકાર કરવો. એમના આવા વર્તનથી મને એવી પ્રેરણા થઈ કે, મારે પેટિયો ઉઠાવીને પોબારા ગણી જવા. મેં તે પ્રેરણા પાળી; અને મને ચોરી કરવાનું એમણે સૂઝાડ્યું, તેથી એમનો હું ઉપકાર માનું છું. પણ જુવો ન્યાયાધીશ સાહેબ, તમે મને આ ખરા નાટકનો અપરાધી ગણો તો એ બેને, અપરાધમાં ઉત્તેજન આપી મદદ કરનારા ગણજો. વળી, મારા આત્માએ મને પેટિયો ઉઠાવવાની પ્રેરણા કરી તો ત્રીજો અપરાધી એ આત્મા છે. આત્મારૂપે પ્રભુ મારા ખોળિયામાં બિરાજ્યો છે, તો તે ત્રીજો અપરાધી પ્રભુજ કહેવાય. જો તે પ્રભુને તમે અપરાધી ગણો તો મને અપરાધી ગણજો. વળી જુવો સાહેબ! મારામાં પ્રભુ વશેલા છે તેજ પ્રભુ આપનામાં વશેલો છે, માટે આપ મને અપરાધી ઠરાવવા ધારતા હો તો આપ પોતે પોતાને, પ્રથમ અપરાધી ગણીને, જે શિક્ષા આપને કરવી ઘટે તે આપ પોતે પોતાને કરજો.

ફો. ન્યાયાધીશ—(સ્મીત હાસ્ય કરીને) બોલવાની આવી કળા તને કોણે શીખવી!

વિરહો—પથ્થરલાલ પાણકાલાલ કરીને, **શૃંગારી વિરહદર્શક નાટકમંડળીનો** એક સ્થાપક હતો તેણે. આ તો એનું જરાક જેટલું શિક્ષણ એણે મને શીખવ્યું છે, એને તો **ભારતવર્ષના ભરત** થવું હતું. નાટકની કુશળતાને લીધે **બાલીવાળાએ** ચાંદનો એક હારડો મેળવ્યો હતો, ત્યારે તે પાંચ હારનો હારડો મેળવવાની તૈયારીમાં હતો. શૃંગારરસ તો એના બાપનો હતો. સ્ત્રીના એકેએક અંગનું તે પ્રદર્શન કરાવતો હતો. જો એ વધારે જીવ્યો હોત તો, દેશવિદેશની નાયિકાઓની પલટન પોતાની રંગભૂમિ ઉપર ઉતારત; વળી, ખરૂં પૂછાવો તો લોકો પણ એવાજ છે. નીતિની ડાહી ડાહી વાતો લોકોને ક્યાં ગમે છે! એવાં નીતિનાં ટાયલાંનું નાટક જોવાને

કોણ જાય છે? **પરમેશ્વરને** પણ માયાના ભવાડાનાં નાટક ભજવવાં પડે છે. એટલા માટે **ભાસ**, **કાલિદાસ**, **ભવભૂતિ** આદિ આપણી ભારતભૂમિના નાટકકારોને, અને **શેકસપિયર** જેવાને પણ પોતાની હુઝૂરમાં બોલાવી લીધા, પણ અહિં પૃથિવી ઉપર તો તેમનાં નાટક હવે નમાલાં થઇ પડ્યાં. લોકોના ટેસ્ટ બદલાયા, એટલે નિરંકુશ નાટકો પૂજાવાનો અવસર આવ્યો છે. અને **પથ્થરલાલ** જગત મૂકીને ચાલ્યો ગયો તો શું થયું? હું એનો પાકો શિષ્ય, જાગતો ને જીવતો જોત છું, મારૂં નામ **વિરહો** છે, તો પછી, શૃંગારી **વિરહદર્શક નાટકમંડળી**નો નાયક, તેનો વ્યવસ્થાપક થવાને હું બધી વાતે યોગ્ય છું, મેં નાના પ્રકારનાં નાટક રચવાની કલ્પના ધારી રાખી છે.

ફો. ન્યાયાધીશ—તમારી એ કલ્પનાકોટીમાં પેલાં **મિસ બેલી** ભેગાં છે કે?

વિરહો—એના વિના તે ચાલે! નાટકમાં નાયિકા તો અવશ્ય જોઈયે. ગુલાબ ફીટી ગઇ, અરે એને અમારા વેરિયોએ ભમાવી દીધી, ત્યારે એને બદલે, ગોરી ગફ્લ એ મિસ બેલીનો પ્રભુએ અણધાર્યો સમાગમ કરાવ્યો. એ કોણ છે! તે તમારે જાણવું છે?

ફો. ન્યાયા ધીશ—તમારા ભવાડા ભેગી એ છે, એટલે, અમારે એના વિષે પણજાણવું પડશે.

વિરહો—વિલાયતની એકટ્રેસ, નામીચી નટી, નખરાબાજ મિસ બેલીના નામથી એ પ્રસિદ્ધ છે. એના લટકાની લપેટમાં લપટાયલા પેલા નામાહ્કિત એન્જિનિયર રઘુનંદ સાહેબ, પોતાના ધંધાની પરીક્ષામાં પાસ થયા પછી, આજ પાંચ વર્ષથી એને ઉપાડી આવ્યા છે. આવું છાનું રત્ન તે એક ઠેકાણે ખુણામાં સંતાઇ રહે કે! એણે એક સિનેમા કંપની કૂહાડવાની યોજના કરી છે, તેની ગોઠવણ માટે એ મુંબઇ આવી હતી, અને રઘુનંદની પાસે બીજા પૈસા ઓકાવી લેવા જતાં મેલટ્રેનના પ્હેલા વર્ગના ડબામાં બેઠી હતી, તેમાં બંદા પણ પ્હેલા વર્ગની ટિકિટ લેઇને અડી ગયા હતા.

ફો. ન્યાયાધીશ—તમે પ્હેલા વર્ગની ટિકિટ લીધી હતી?

વિરહો—જી, હા. પારકે પૈસે લક્ષાધિપતિ થયેલા વિરહાને નાણાંની ક્યાં ખોટ હતી? આ પેટીમાં નોટોનો થોકડો છે, તેમાંથી, હજાર રૂપિયાની એક નોટ ક્હાડીને પેલા ટિકિટમાસ્ટરને આપી. કેમ ટિકિટમાસ્તર ખરી વાતકની?

ટિકિટમાસ્તર—મેં સૂર્યપુરની ફ્રર્સ્ટ ક્લાસની ટિકિટના રૂ. ૩૦) કાપી લઈ ને બાકીની બધી રકમ તમને પાછી આપી.

વિરહો—હજારમાંથી મને રૂ. ૯૭૦) પાછા મળ્યા એટલે મેં જાણ્યું કે પ્હેલા વર્ગની ટિકિટના એટલા બેસતા હશે;

ચોરીનો માલ લઇને ચાલવાની મારે ઉતાવળ હતી, તો પછી, હિસાબ ચૂકવવા ક્યાં રહું ? હું તો મારો સામાન ગાડીમાં મૂકાવીને, ટ્રેન ઉપડી જતા સુધી, પેશાબખાનાની કોટડીમાં ભરાઇ પેઠો હતો. મને તો લબુક લબુક થતું હતું, અને આ પેલા મિ. **સ્મિથ** ને પેલા પોલિસ કમિશનર સાહેબ આવી પ્હોંચી મને પકડશે તો મારા બાર વાગી જશે તેની ધાસ્તીમાંજ હાંફ્લો પાંપળો બની ગયો હતો. તે જ્યારે **વાંદરા** સ્ટેશન મૂકયું ત્યારે હું, વાનર બનેલો, પેશાબખાનામાંથી બ્હાર નિકળ્યો, અને તે ક્યારે, કે જ્યારે પેલી મિસ **એલિયે** બારણું ઠોકીને કહ્યું કે, તું જીતા હૈ કે મર ગયા ? બ્હાર કયું નહિ નિકલતા હૈ ? મેં બારણું ઉઘાડયું એટલે એ મને જોઇને હશી પડી, અને એ ભાગી ટૂટી ભાષામાં બોલી કે, આપ જીતે બ્હારનિકળે દેખકે મૈં ખુશ થઈ ગઈ, એની અરધી હિંદી ને અરધી ગૂજરાતી બોલી સાંભળીને, અને એની છટા, ને રૂપ જોઇને, બંદા પણ ફ્દિા ફ્દિા થઇ ગયા. એ મૂળ રંગીલી, ને નાટકબાજ. હું પણ રંગીલો ફાંકડો બન્યો હતો.

ફો. ન્યાયાધીશ—તમે ફાંકડા કેવી રીતે બન્યા હતા ?

વિરહો—કોઇ પૂછે તો પૈસાવાળા ઝવેરી છિયે, એમ કહેવા ચાલે. વળી, પેલી ટ્રંક ઉપર **શ્યામજી રામજી ઝવેરી**નું નામ રોગાનથી લખેલું છે તેજ ઝવેરી મારે બનવું હતું. મૂળ વેષધારી એટલે વેષ લેતાં વાર ન લાગે.

ફો. ન્યાયાધીશ—તમે કયાં, ને કયારે વેષ ધારણ કર્યો એ તમારી કથા કહો.

વિરહો—નાટકશાળાને મોખરેજ ભાડાની મોટર ઉભી હતી, તેમાં એ પેટિયો મૂકી દીધી, ને એ માસથી હું પેલી નામીચી નાટ્યાલયમાં નોકર રહ્યો છું ત્યાં મને એક ઓરડો રહેવા આપ્યો હતો. કંપનીનો પોશાક, ને ઘરેણાં જે વેષ ધારણ કરવામાં મારે ઉપયોગમાં લેવાનાં તે મારી પાસે રહેતાં હતાં, તેમાંથી, રેશમી ભભકા ભરેલો ડગલો પ્હેરી લીધો, ને બનારસી કસબી સાફો માથે બાંધી લીધો, શમો ધાટી, મારી તેનાતમાં

રહેતોહતો. તેને રૂ. ૧૦) ની નોટ બખશીસ આપીને મારી વેષધારી સામાનની ગાંસડી, મોટરમાં મૂકાવી, હું તેમાં બેશી રવાને થઈ ગયો. ઉતાવળથી પ્હોંચવું હતું, એટલે, મોટરવાળાના હાથમાં એક મ્હોર મૂકીને તેને ત્વરાથી મોટર ચલાવવા કહ્યું. એણે પણ મ્હોરનો ચળકાટ જોઈને મોટર વેગથી ચલાવી, પણ તે સ્ટેશનના દરવાજા આગળ બીજી મોટર સાથે અથડાઇ પડી. ત્યાં મજુરો હાજર થઇ ગયા, તેમને પેટિયો ને ગાંસડિયો આપી, લાકડી ઉછાળતા બંદા તો સ્ટેશનમાં દાખલ થઇ ગયા. વચ્ચે ક્હેવાનું હું ભૂલી ગયો, તે એ કે, મોટરમાં બેઠા પછી, પેલી હાથપેટી ઉઘાડીને તેમાંથી મોતીનો કંઠો ક્હાડી કોટમાં લટકાવી દીધો, ને, ગુલાબે આપેલી પેલી હીરાની સ્નેહમુદ્રા આંગળિયે પ્હેરી દીધી. ડબામાં પેઠા પછી, વાંદરા સુધીની વાત કહી ગયો છું, ત્યાર પછી શું બન્યું તે તમને જણાવવાની જરૂર નથી. ટુંકામાં સમજી લ્યો કે, શૃંગારી નાટક રસના સરખા અનુભવવાળાં અમે બંને પંખેરૂ સ્નેહના પાંજરામાં પૂરાઈ ગયાં હતાં. છેવટે વટપુર આવતાં અમને વાર જણાઇ નહિ. રમુજની વેળા, રમુજી મનવાળાં પંખેરૂને ત્વરિત ઉડતી અનુભવાય છે. કરી રાખેલા બેતપ્રમાણે અમે બંને પંખેરૂ, બીજા દિવસની મુંબઈથી આવતી આ ટ્રેનમાં પ્હેલા વર્ગના લેડી ડબામાં દાખલ થયાં—માર્ગમાં, અમારાં ગાયન અને વિવિધ પ્રકારના નાચના નખરા ચાલ્યા.—એ જો પ્રત્યક્ષ આપને જોવા હોય તો ભજવી બતાવવાને આ બંદો તૈયાર છે, બોલાવો પેલી બંદીને, ને પછી, જુવો કેવી રમુજ પડે છે તે.

ફો. ન્યાયાધીશ—તમારૂં નાટક તમે ભજવશો ત્યારે અમે તે જોવા આવીશું.

વિરહો—ત્યારે આ શું થાય છે ? આ પણ એક ખરૂં બનેલું નાટક ભજવાય છે. હજી તમે મારો ભાવાર્થ સમજ્યા નથી કે ?

ફો. ન્યાયાધીશ—તમે જેમ ક્હેતા જાઓ છો તેમ અમે સમજીને લખતા જઈએ છિયે, તેની તમે કાંઇ ચિન્તા કરશો નહિ.

વિરહો—તમારા જેવા ન્યાયમૂર્ત્તિ, અમારા જેવા નાટકીનો ન્યાય કરવા બેઠા છો, તો, અમને કશા પ્રકારની ભીતિ નથી. હવણાં હું જેમ મારા નાટકનો અપરાધી નટ બન્યો છું તેમ, અમે નાટક ભજવતા ત્યારે હું પણ ન્યાયાધીશ ઘણી વાર બન્યો છું, અને બીજે પ્રસંગે અપરાધીના પિંજરામાં પણ પેઠો છું. મારે એની કશી નવાઈ નથી. મારા નાટકનો હવે

અંત આવે છે. મારે હવે એટલુંજ કહેવાનું રહે છે કે, પેલો મધુર, માંટીડો ફીટીને માંટીડી બની, અમારી ગાડીમાં વેશધારી થઈ ઘુશી ગયો, અને અમારી ગંમત ફીટાડી. મુવાએ મ્હોડું એવું છુંપાવ્યું હતું કે મને એનું કાંઇ ઓળખાણ પડયું નહિ, ને વળી, મડદા જેવો થઇને ખુણામાં પડી રહ્યો, તેથી અમે ગાફેલ રહ્યાં, નહિ તો અમારા જેવાં બે નાટકિયો મળીને એને પૂરો કરીને પેશાબખાનામાં પૂરત, અથવા તો, ગાડીમાંથી નીચે ગગડાવી પાડત તો અમને કોણ પૂછનાર હતું ! મુંબઇ આવતા સુધી, અમે ઘોર ઉંઘમાં હતાં, નિશાના તોરમાં અમે કશું જાણ્યું નથી કે અમારૂં શું થાય છે. મુને તમે પૂછો છો ત્યારે મારાથી જેમ લવાય છે તેમ નિશાની લ્હેરમાં લવી જવાય છે. પણ હવે તો મારા ટાંટિયા અમળાઇ પડે છે. અરેરે ! હવે મારાથી પડી જવાય છે. મારૂં મગજ ભર ઘેનમાં ઘેરાઇ ગયું છે, મને કોઈ ઝાલો ! મને ઘરમાં ઘાલો ! ગમે તો મારો કે જીવાડો, પણ મારાથી મરી જવાય છે, તો પછી, તમે શું કરવાના છો ? (તે લથડી ધરણી ઢળી પડે છે.)

ફો. ન્યાયાધીશ—ખરો નાટકી; નાટક બરાબર ભજવ્યું.

મધુરી—(આગળ આવીને) આ બે પેટિયોમાં આ મારી પાસે યાદી છે તે પ્રમાણે દાગીના હતા તે આપ પંચોની મારફત તપાસરાવો;

ફો. ન્યાયાધીશ—હા, એમ કરવું ઉચિત છે. આપણે એ કામ કરિયે. પંચને હાથે પેટી ઉઘડાવી, દાગીના મેળવે છે, તેમાં એક હીરાની વીંટી અને મોતીનો કંઠો ખૂટે છે. અને બે લાખ સોના મ્હોરો ને સોનાના પાસલા આ નોંધમાં નોંધ્યા છે તે નથી. એમ જાહેર થાય છે.)

વિરહો—શુદ્ધિમાં આવ્યાનું ડોળ કરીને) સોનાની મ્હોરોની પેટી મારાથી ઉતાવળમાં ઉચકી લઇ જવાય એમ ન હતું તેથી ગુલાબના ગોદડાંના ડામચિયા ઉપર મૂકીને તેના ઉપર ગોદડાં ખડકયાં છે, ત્યાંથી તે તમને મળશે. ને હીરાની વિંટી, સ્નેહમુદ્રા તરીકે મને ગુલાબે આપેલી તે મેં તેવીજ સ્નેહમુદ્રા તરીકે મારી વ્હાલી નટીને આપી છે. મોતીના કંઠાની માલીક પણ એજ છે, તે એની હાથપેટીમાં મૂકી છે. જી–જી–જી રાગડો ખેંચે છે.

ફો. ન્યાયાધીશ—(મિસ બેલીને) તમારી બેગ બતાવો.

મિસ બેલી—(બેગ ઉગાડી ને બતાવે છે) તેમાંથી હીરાની રૂ. ૨,૦૦૦) ની વીંટી નીકળે છે, તેમજ, મોતીનો કંઠો પાંચ શેરોનો નીકળે છે.

તે ન્યાયધીશને આપતાં) યહ ચીજેં મિસ આડમે મુઝે બખશીશ દીઈ હૈ. મૈંને કુચ ચોરી નહિ કી હૈ.

ફો. ન્યાયાધીશ—ચોરી કરી નથી, પણ ચોરીનો માલ તમારી બૅગમાંથી તમે ક્હાડી આપો છો એ વાત ખરીકની?

મિસ બેલી—યહ બાત સચ હૈ.

ફો. ન્યાયાધીશ—તમારી બૅગમાં બીજું શું છે?

મિસ બેલી—આ એક પોટકું છે. (છોડે છે, તેમાંથી ૭૭ નોટો પ્રતિ ૧૦૦૦ ની નિકળે છે. તેમજ બીજી ત્રણ નોટો ત્રણ હજારની જૂદી છે, એમ ૮૦) હજારની નોટો છે.)

ફો. ન્યાયાધીશ—આટલી બધી નોટો તમને કોણે આપી?

મિસ બેલી—મિસ્તર રઘુનંદ ઇજનેર સાબ મેરા હસબંડ હૈ, ઉસને મુઝેં દી હૈ.

ફો. ન્યાયાધીશ—એને તમે, ક્યાં-ક્યારે પરણ્યાં છો?

મિસ બેલી—પાંચ બરસ પર બિલાયતમેં નેકા કિયા હૈં.

ફો. ન્યાયાધીશ—એ એક હિંદુ, અને તમે ક્રિશ્ચિયન, સાહેબ લોક, તમારૂં ચોકઠું શી રીતે બેઠું?

મિસ બેલી—લંડનકા ઑપેરા હાઉસમાં, રઘુનંદ ઑપેરા દેખનેકો બોત દફે આતા થા. મૈં વાં આક્ટ્રેસથી, ગાતી થી, ઔર નાચ કરતી થી, વાંસે મેરી મોહની ઉસકો લગી, ઔર પૈસેકી મોહની મુઝેં લગી, ફિર, હમ ધણી ધણિયાણી હોકે ઈંડિયામેં આયે, અબ તુલક મૈં ઇસકી ઔરત હું.

ફો. ન્યાયાધીશ—ઇજનેર સાહેબને પરણેતરની ઓરત છે?

મિસ બેલી—હૈ, એક ઔરત હૈ. ઉસકો ઔર ઉસકી માતાકો ઇજનેર સાબને ધરમેંસે નિકાલ દીઈ હૈ. અબ તો ધરકી માલક મૈં હું.

ફો. ન્યાયાધીશ—૮૦,૦૦૦) રૂપિયાની નોટો તમને શું કરવા આપી છે?

મિસ બેલી—યહ હમેરી ખાનગી બાબત હૈ. આપકો કયા જરૂર હૈ?

ફો. ન્યાયાધીશ—એ રકમ ચોરી કરીને તમે નથી લાવ્યાં એ તમારે સાબીત કરવું પડશે. વળી, તમે હવે અપરાધી વિરહાનાં સર્વ પ્રકારે સંગી થઇ ચૂકયાં છો, તેથી તમે પણ તેની સાથે અપરાધી છો, તેમાંથી મુકત

થાઓ નહિ ત્યાં સુધી તમારે પણ પોલિસની હવાલાતમાં રહેવું પડશે. શિરસ્તેદાર, આ કાગળો અને નોટોની બેગ રાખો કોર્ટના હવાલામાં.

શિરસ્તેદાર—(ચીજોની ફેરીસ્ત કરતો હતો તે) બહુ સારૂ સાહેબ, હું ઘટિત વ્યવસ્થા કરૂં છું. (ગુલાબબાઇને) તમે તમારા ઘરમાં બે લાખની મ્હોરોની પેટી તપાસી જોજો.

ગુલાબ—હું ઘેર જતાં વાંતજ તપાસ કરીશ.

ફો. ન્યાયાધીશ—(મુદ્દામાલની ફેરીસ્ત રીતસર કરાવી શિરસ્તેદારને સોંપે છે. બંને અપરાધિયોને પોલિસના હવાલામાં સોંપે છે.) હવે હું કોર્ટ બરખાસ્ત કરૂં છું.

(સર્વે ઉઠી જાય છે.)

अंक ६ ठो.

प्रवेश १ लो.

સ્થળ—વટપુરમાં રઘુનંદની ઑફિસ.

પાત્ર, દેવજી કંટ્રાક્ટર, અને રઘુનંદ.

દેવજી—સાહેબ ! ભાગલ તલાવની ખોદામણીનાં મારાં ૩૦) હજાર રૂપિયાનાં બીલ હવે તો મંજુર થઇ આવ્યાં હશે.

રઘુનંદ—રૂ. ૮૦) હજારનાં બીલ મંજુર થઇ આવ્યાં છે તેમાં તમારૂં ૩૦) હજારનું બીલ પણ મંજુર થયું છે. એ પૈસા આપવા હું તમને બોલાવવાનો હતો, તેટલામાં, સારૂં થયું જે તમે આવ્યા, પણ એક મ્હેહેરબાની મારે તમારી પાસે માગવાની છે.

દેવજી—એવું શું બોલ્યા સાહેબ ! એક હુકમ બજાવા લાવવાનો છે, એમ ફરમાવો. કહો, શો, હુકમ છે !

રઘુનંદ—મડમ સાહેબ વિલાયત જવા મુંબઈ સિધાવ્યાં, તેમને ખરચી સારૂં મેં ત્રણ હજાર રૂપિયા આપ્યા છે. બીજાઓને તો મારે પૂરેપૂરાં નાણાં આપવાં પડશે, પણ તમારે મડમ સાહેબ સાથે મિત્રાઇ

હતી તેથી તેમને મેં રૂપિયા આપ્યા છે, તે બાદ જતાં, હાલ હું તમને ૨૭) હજારનો નોટો આપું છું, બાકીના ત્રણ હજાર રૂપિયા મારા પગારમાંથી હું તમને પૂરા કરી આપીશ.

દેવજી—શું મડમ સાહેબ સિધાવ્યાં ? વિલાયત જવા સિધાવ્યાં !

રઘુનંદ—એમનાં માજી એમને તેડવા મુંબઇ આવ્યાં છે, તેથી મુંબઇમાં તેમને મળીને મડમ સાહેબ અહિં પાછાં આવ્યાં, ને પાછાં તરતજ, આજનાં આજ, વિલાયત જવા મેલટ્રેનમાં ઉપડી ગયાં.

દેવજી—એમની મારા ઉપર મ્હેરબાની ઘણી હતી, તેથી મારે એમને વિદાયગિરિ આપવી જોઇયે, તે આપે જાણે મારા ભણીથી આપી એટલા માટે હું આપનો ઉપકાર માનું છું. (ટેબલ ઉપર કાગળ હતો તે લઇને, ૩૦) હજાર રૂપિયા પ્હોંચ્યાની પ્હોંચ લખી, રઘુનંદને આપે છે.)

રઘુનંદ—(નોટો લાવવા તિજોરી ઉઘાડી તેમાંથી કૅશબૉકસ ફ્હાડી લેઇ આવે છે, અને તે ઉઘાડતાં તેમાંથી નોટોનો બીડો ફ્હાડી લઈ ઉકેલવા જાય છે) અરે ! આ શું ! આ તો રદ્દી ન્યુસપેપરોના કાગળોનો બીડો છે !

દેવજી—(ચમકીને) હેં સાહેબ ! નોટોના બીડાને બદલે, એ રદ્દી કાગળોનો બીડો નીકળ્યો ? ફરી જુવો, કૅસબૉકસ ખાલી કરો.

રઘુનંદ—(એકે એક ચીજ તપાશી) ૭૭ હજારની નોટોનો બીડો કાંઇ ઢાંકયો રહે, ગજબની વાત ! રાંડે દગો દીધો જણાય છે.

દેવજી—કોણે ! મડમ સાહેબે ?

રઘુનંદ—મને એમજ સમજાય છે કે, એ રાંડનુંજ કામ છે. હું રસોડામાં ગયો ત્યાર પછી પીરસણુ આવ્યા પછી પછવાડે એ દુષ્ટા રસોડામાં આવી. એટલી વારમાં એણે ગોટાળો કર્યો હોય એમ મારૂં અનુમાન છે. (બારીકીથી ન્યુસપેપરોનો વીંટો ખુલ્લો કરતાં, તેમાંથી એક કાગળ હાથ લાગે છે અને વાંચે છે, તેની સાથે મૂર્ચ્છા થઇ આવતાં તે ખુરશી ઉપરથી ઢળી પડે છે.)

દેવજી—(રઘુનંદનને સાવધાન કરતાં નીચે પડેલો કાગળ લઈ વાંચી ટેબલ પર મૂકી દેછે, તેની આંખે પાણી છાંટે છે,) સાહેબ ! સાવધ થાઓ, ગભરાઓ નહિ.

રઘુનંદ—(શુદ્ધિમાં આવી, પાછો ખુરશી ઉપર બેસતાં) દેવજી ! મારી આખી જીંદગી ધૂળમાં મળી ગઇ, મારૂં સત્યાનાશ વળી ગયું. જે બાયડીને મેં પ્રેમમાં પોશી, તેણેજ મને પૂરો દગો દીધો, તે સર્વ વાતે નિમકહરામ નીવડી. અહો પ્રભુ ! હવે મારૂં શું થશે ?

દેવજી—હવે હિંમત પકડો સાહેબ, મારા બોલવા ઉપર ક્ષમા કરજો, હું એ મડમનાં બધાં લક્ષણ જાણતો હતો, પણ આપ મ્હોટા લોક, મડમોને વશ થઇ ગયેલા, તેમને કાંઇ કહેવા જઇયે તો અમારો રોટલો ગુમાવી બેશિયે, તેથી આપને ચેતાવી શકયો નહિ. પેલા પેસ્તનજી સ્ટેશન માસ્તરની શિખવણીને લીધે અમારા કંટ્રાક્ટ કબુલ રખાવવાની ખાતર, અમારે કટકે બચકે તમારાં મડમ સાહેબને લાંચ આપવી પડતી હતી.

રઘુનંદ—એની પાસે કાંઇ પૈસા હતા નહિ, એની બેગ હું પૈસા વિનાની ખાલી જોતો હતો.

દેવજી—સાહેબ ! તમે ગૌરાંગનાનાં ચરિત્ર જાણતા નથી. એ બધા પૈસા પેસ્તનજીને આપતી, એટલે, એની બેગમાં શાના હોય ?

રઘુનંદ—હવે હું ૮૦) હજાર રૂપિયા કયાંથી લાવીને આપીશ ? મારાં અપકૃત્યની પ્રભુએ મને પૂરી શિક્ષા કરી !

દેવજી—આપ કશી ચિન્તા કરશો નહિ. મારા ૩૦) હજાર રૂપિયા હું જતા કરૂં છું. લ્યો આ પ્હોંચ દફતરે દાખલ કરો. બીજાઓને હું સમજાવીશ. એટલે હાલ કોઇ પણ પૈસા માટે તગાદો કરશે નહિ.

રઘુનંદ—મારા અવિચારને લીધે, મગરૂબીના મદે કરીને, મેં મારે હાથે મારૂં સત્યાનાશ વાળ્યું. મારી વ્હાલી **સીતા** માતાજિયે, અને પેલી ભલી કલ્યાણિયે મને બહુ સમજાવ્યો હતો, પરંતુ મેં કોઇનું કાંઇ માન્યું નહિ, તેની આ શિક્ષા પરમેશ્વરે મને ખરેખરી કરી છે;

દેવજી—તમે મડમ સાહેબને વશ એટલા બધા થઈ ગયા હતા કે, તેનો કોઇ પણ વાંક આપની નજરમાં આવતો ન હતો. આપનાં **સીતા** માતાને એણે, પેટ ઉપર એટલી બધી લાતો મારી હતી કે, તેથી એમની બરોળને નુકશાન થતાં, તે બેભાન થઈ ગયેલાં હતાં, તેમ છતાં, તમે તેમને રેલ્વેગાડીમાં રવાને કરવા સ્ટેશને જોરાવરિયે મોકલી દીધાં. તે વેળાએ હું સ્ટેશને હાજર હતો, તેમનો જીવ નિકળી જવાની તૈયારીમાં હતો, તેથી હું તેમને તુરત મારે ઉતારે લઇ ગયો, ને આજ સુધી તેમની

બરદાશ્ત કરતો આવ્યો છું, તમારો કોપ મારા ઉપર આવી પડે નહિ, અને તમારાં મડમ સાહેબના ઠપકામાં હું આવું નહિ, એટલા માટે, મેં આ બનાવની કોઇને જાણ પડવા દીધી નથી. સજાત કલ્યાણી તેમની રાત્રદિવસ ચાકરી કરે છે. પણ ડાક્ટરોનો અભિપ્રાય એવો થયો છે કે, ડોશીની બરોળ ઉપર અતિશય સોજો ચડી આવ્યો છે, તેમાંથી બચવાં મુશ્કેલ છે.

રઘુનંદ—ત્યારે શું મ્હારી માતા તમારે ત્યાં મરણ પથારીમાં રીબાય છે ?

દેવજી—જી-હા-એમજ છે.

રઘુનંદ—ચાલો-ચાલો ! ત્યારે તમારી ગાડીમાં આપણે ઝટ તેમની પાસે જઇયે.

(બંને જણા ગાડીમાં બેશી ઉતાવળા જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—વટપુરીની સીમમાં, વિશાળ તળાવના કાંઠા ઉપર એક ધર્મશાળા પાસે દેવજીનો ઉતારો. રઘુનંદ અને કલ્યાણી.

કલ્યાણી—(બંનેને આવતા જોઈ સામી જાય છે, રઘુનંદ તેને બાઝી પડી તેને કપાળે ચુંબન કરે છે.) આપ ભલે પધાર્યા, મારા પ્રભુ, માતાજી હવણાં જરા જંપ્યાં છે.

રઘુનંદ—પાંચ વર્ષ તને પચાશ જેટલાં વિત્યાં. કલ્યાણી ! હું તારો પૂરો અપરાધી થયો છું, પાકુ વય, અને પુકત વિચારનો થયા પછી, એનજીનિયર ખાતાનું વિશેષ જ્ઞાન મેળવવા હું વિલાયત ગયો, ત્યાં પેલી ચંડાળ મિસ બેલીના ફંદમાં ફસાયો. સાહેબ લોકો જે અધિકાર ભોગવે છે તેવા અધિકારની ૧૨૦૦) રૂપિયાના પગારની મને જગ્યા મળી, એટલે, સાહેબ લોક બન્યા. સાહેબ લોકનો ડ્રેસ તો હું મૂળથીજ પ્હેરૂં છું. માત્ર ગોરી મડમ હોય તો પૂરો સાહેબ લોક બનું એવું મારૂં ખોટું અભિમાન તૃપ્ત કરવાની ખાતર મેં નીચ કામ કર્યું; તારો મેં ત્યાગ કર્યો,

અને એ ગોરીને ઘરમાં ઘાલી. એનૂજીનિયરીંગ ખાતાના કન્ટ્રાકટ રાખનારા લોકો પાસેથી મારે નામે એણે લાંચો ખાવા માંડી, તેથી મારી નોકરી જતી હતી, અને કેદમાં પડવાનો સમય આવ્યો હતો તેમાંથી માંડ માંડ બચ્યો. એના લખલૂટ ખર્ચથી હું કાંઇ પણ બચાવી કાયમ રાખી નહિ.

કલ્યાણી—બે વર્ષથી તમે અમારી ખરચી એટલાજ માટે મોકલી શક્યા નહિ એ વાત હવે મને સમજાઇ.

રઘુનંદ—હા, વ્હાલી, મને તારી બળતરા હવે થાય છે, પણ મારી પાસે ઝેર ખાવાને એક પાઇ પણ રહેતી ન્હોતી, પેલી ચંડાળ ગોરિયે મને દગો દીધો, એટલે, હવે મારી શુદ્ધિ ઠેકાણે આવી.

કલ્યાણી—ચિન્તા નહિ મારા વ્હાલા પતિ, એ તો આપનાથી છૂટશે, પણ અમારાથી કદિયે છૂટાશે નહિ. આપ હવે પધારો માતાજીની પથારી પાસે, અને જુવો એમની સ્થિતિ. આ દેવજીભાઇનું કલ્યાણ થજો કે, એમણે અમને પોતાને ઉતારે રાખીને, અમારા ભાઇ કે બાપ કરતાં પણ વધારે પ્રતિપાલણા કરી. ભાઇ દેવજી, તમારો ઉપકાર અમારાથી મરતા લગી વિસરાય એમ નથી. આ ખાલનાં ખાસડાં શિવડાવિયે તો પણ તમારો બદલો વળે નહિ. ભાઈ દેવજી, તમે ખરેખરા દેવના અવતાર છો.

રઘુનંદ—વ્હાલી કલ્યાણી! તારૂં કહેવું અક્ષરે અક્ષર ખરૂં છે. મેં દુષ્ટે તમારી અયોગ્ય રીતે દુષ્ટતાથી માઠી સ્થિતિ કરી, તેથી મને ધિક્કાર છે, અને એ દેવસરખા ભાઇયે તમારી પ્રતિપાલના કરી તેને માટે એમને જેટલો ધન્યવાદ આપિયે તેટલો ઓછો છે. દેવજી, મેં વિસારી દીધેલા અને ભૂંડા હાલે પ્હોંચાડેલા મારા કુટુંબનું તમે આવું રક્ષણ કર્યું, વળી, મારા પ્રતિ તમે જે શુભ લાગણી જણાવી છે તેનો બદલો વાળવા, સમર્થ પ્રભુ મને પ્રસંગ આપે એવી મારી તેના પ્રતિ પ્રાર્થના છે.

દેવજી—માણસને જે કરવું ઘટિત તે કરે એમાં નવાઈ સરખું કાંઈ નથી.

રઘુનંદ—મને મારાં વ્હાલાં માતાજીનાં દર્શન ઝટપટ કરાવો, ચાલો આપણે એમની પથારી પાસે જઇયે. (સર્વે જાય છે).

प्रवेश ३ जो.

સ્થળ—દેવજીના ઉતારાનો ઓલાયદો ભાગ.

એક ખાટલા ઉપર સીતામાતા બેભાન સ્થિતિમાં સૂતેલી છે. રઘુનંદ, કલ્યાણી, અને દેવજી.

કલ્યાણી—(આગળ જઈ સીતામાતાને ઓશરડેલો ચોફાળ ઠીકઠાક કરતાં) મારા વ્હાલા પતિ ! આપ આ પડખે બેસો.

રઘુનંદ—(માતાજીને કપાળે ધીરેથી હાથ ફેરવતાં તેનું હૃદય ભરાઈ આવે છે.) ધિક્કાર છે મને, મેં જનિતાની આવી સ્થિતિ કરી.

સીતામાતા—(બબડે છે) નહિ જીવાય ! હેં, નહિ જીવાય ! એકવાર પણ મારા રઘુનું છેલી વારનું વ્હાલું મુખડું જોવા હું નહિ પામું !

દેવજી—માતાજીની આવી વલે થઇ છે, તો પણ, એમનો જીવ તો આપનામાંજ છે, એ જ્યારે લવારો કરે છે ત્યારે એમના ગળામાં રઘુનંદ, રઘુ, મારા વ્હાલા રઘુ, એવાજ બોલ મેં સાંભળ્યા છે.

કલ્યાણી—અને તેવે સમયે હું તેમને કહેતી કે, તમારા વ્હાલા દીકરા કામગિરિ ઉપર ગયા છે; હવણાં આવશે.

રઘુનંદ—હા, વ્હાલી ! માતાજીની આવી માઠી વ્હલે થઇ ત્યારે હવે અન્ત સમયે અહિં આવ્યો, મારા જેવો બીજો દુષ્ટ કોણ !

સીતામાતા—(બબડે છે) ના, ના, મને વીલી મૂકીને મારો વ્હાલો દીકરો જાય નહિ, પણ પેલી ગોરી-ઈ-ઇ—;

રઘુનંદ—પણ એ તો દીસ્તી રહી, માતાજી, હવે એ સદાને માટે, મારૂં સત્યાનાશ વાળીને નાશી ગઇ.

સીતામાતા—ગઇ! મને લાતો મારી...દીકરા ! તેં એને વારી નહિ.

રઘુનંદ—માતાજી ! એ પાપણીનું નામ આવા સમયે સંભારો નહિ. એ તો ગઇ, સદાને માટે દીસ્તી રહી.

સીતામાતા—ગઇ ! સદાને માટે ગઇ ! આ કોણ બોલે છે ! કોણ ડુસકાં ભરે છે !

કલ્યાણી—સાસુજી, એ તો તમારા દીકરા, તમારી આવી વ્હલે થઇ તે જોવા પધાર્યા છે.

સીતામાતા—મારો દીકરો ! ના ના, એ હોય નહિ, ગોરીને વારવાને બદલે ઉશ્કેરતો......

કલ્યાણી—સાસુજી, એ વેળા વીતી ગઈ. એ ચંડાળણી ઘર છોડીને નિકળી ગઈ છે.

રઘુનંદ—માતાજી, હવે હું એનો નથી. હું તારો અને આ...(ડુસકાં વધતાં રોઇ પડે છે.)

સીતામાતા—કોણ રડે છે ? મારો રઘુ ! ઓ વ્હાલા દીકરા ! તું રડે છે ? મારે માટે રડે છે ! તેની ડોક બાઝી પડે છે. હા—આશ ! હવે મને સાતા વળી, જે છાતીમાંથી તને દૂધ ધવરાવેલું તે છાતી હવણાં ઊભરાઇ આવે છે. પણ અલ્યા રઘુ ! તું ધાવતો ત્યારે તને મૂછો ન્હોતી. આવી લાંબી ડાઢી ન્હોતી.

રઘુનંદ—એ ડાઢી હવે હું મૂંડાવી નાંખીશ, માતાજી ! જેવો હું તારો...(વધારે રડે છે.)

સીતામાતા—બાપુ ! તું શા માટે રડે છે !

કલ્યાણી—માતાજી ! આપને સંતાપ થતો હવે એ સાંખી શકતા નથી, માટે રડે છે. તમને થતી પીડા જોઇ, એ પીડાય છે.

રઘુનંદ—મારી છાતી ભરાઈ આવે છે, મારાં અપલક્ષણનો ભાર હું દબાવી શકતો નથી, માતાજી ! તમે મને ક્ષમા કરો, હું હવે સદાનો તમારો રઘુ છું, મારી મૂર્ખાઇ હવે મને સાલે છે.

સીતામાતા—બાપુ ! દીકરા ! રઘુ ! તુ ગમે તેવો હતો પણ મેં તારા ઉપર અભાવ આણ્યો નથી. અને હવે તો તું મારો દીકરો હતો તેવો થયો. હેં ખરી વાત ! પાછો મારો દીકરો થયો ! આ કલ્યાણીનો...... (મૂર્ચ્છાં પામે છે.)

આત્મારામ ડાકટર પ્રવેશ કરે છે.

રઘુનંદ—આપ ઠીક વેળાએ આવ્યા, માતાને મૂર્ચ્છાં આવી છે.

ડાકટર—આપે પધારીને મૂર્ચ્છાં આણી જણાય છે. એમનું હૈયું ભરાઇ આવ્યું છે તે આવે સમયે વધારે ભય ભરેલું છે. આપ આપનાં વ્હાલાં માતાજીથી દૂર હતા એ એમના જીવતર માટે વધારે સારૂં હતું. તમે પધારીને ઉલટો ખેદ વધારયો છે. તમારા જેવા કુલદીપક દીકરા દૂરજ સારા.

રઘુનંદ—ક્ષમા કરો ડાકટર સાહેબ! તમારૂં કથન મારા લાભનું છે, હું સર્વેના ઠપકાને પાત્ર છું, હવે મારી મડમડી ગઇ, સદાને માટે ગઈ.

ડાકટર—ભલે, ઝાનમમાં ગઇ, તમારી મડમડી, પણ તમારાં આ ભલાં માતાજીને ઝાનમમાં મોકલતી ગઈ તેનું શું? જુવો (ચોફાળ ખસેડી) આ બરોળ કેટલી બધી સૂજી ગઇ છે? દવાઓ લગાડી, માંડ માંડ ઠેકાણે આણી છે.

કલ્યાણી—(દવાની શીશી લાવી ડાકટરને આપતાં) ડાકટર સાહેબ! મારા એ પધાર્યા તે પ્હેલાં જરાક જંપ્યાં હતાં, પછી લવરી કરવા માંડી, અને એમને જોઇને એક બીજાનાં મન ઉશ્કેરાઈ આવતાં, હવણાં ફરીને મૂર્ચ્છા આવી છે.

ડાકટર—(બરોલની સ્થિતિ તપાસતાં) આજે તો બરોબર સંભાળવાનું છે. સોજો વિશેષ વધ્યો છે, અને ચાર દિવસથી તો બેશી જવાને બદલે, વધતો જાય છે એ ખોટું ચિહ્ન છે. કેસ સંભાળવા જેવો હવે થયો છે, એમનું મન ઉશ્કેરાય એમ જરા પણ થવું જોઇયે નહિ.

રઘુનંદ—હેં! ડાકટર સાહેબ! તમને આ કેસ ભય ભરેલો લાગે છે!

ડાકટર—આ કેસ ઉપજાવનારા તમેજ છો, અને હવે અંત લાવનારા પણ તમેજ થઇ પડ્યા છો. આવે અન્તને સમયે તમે તમારૂં આ ભૂંડું મ્હોં તમારાં માતાજીને બતાવ્યું હોત નહિ તો તે વધારે સારૂં હતું.

સીતામાતા—અરે! અરે! ઓ! ઓ! રઘુ! રઘુ! રઘુ! મને હવે રહેવાય નહિ એવી...મૂર્ચ્છા આવે છે.)

ડાકટર—લાવો પેલી શીશી, એક ડોઝ સ્ટીમ્યુલંટનો આપવાની અગત્ય છે. (ધીરે ધીરે તેના મ્હોંમાં રેડે છે, પણ તે ગળે ઉતરતો નથી. બરોળ તપાસતાં) સત્યાનાશ ગયું. બરોળ ફાટી, જુવો પેટ બેશી ગયું (નાડ જુવે છે) કેસ લાસ ગયો.

કલ્યાણી—હેં ડાકટર સાહેબ! છેવટ એમ નીપજ્યું? આવી વેળાએ એમના વ્હાલા દીકરાના હેતનો લાવો લેવાનો અવસર પરમેશ્વરે આણ્યો તેવે સમયે? (રડી પડે છે.)

રઘુનંદ—હેં એમજ થયું? હું હીણભાગી, મારી વ્હાલી માતાના જીવનો ઘાતક બન્યો? (કલ્પાન્ત કરે છે.)

ડાકટર—છેવટ વેળાની ચેતવણી શા કામમાં આવે ! જીવ જતી વેળાએ, આટલે દિવસે આજે જણાયા, રંગ છે આ દેવજીને, તમારાથી પણ ના બની શકે એવી એમણે તમારાં માતાજીની કાળજીથી ચાકરી કરી છે. એમના દુઃખને સમયે, કોઇનાથી ના બની શકે એવી, તમારાં માતાજીની સંભાળ રાખી છે, એવે દુઃખને સમયે તમે તમારી ગોરીના ગોદમાં નિજતા હતા. રઘુનંદજી ! તમારો દાખલો તો એક પૂરો બોધ લેવા જેવો નિવડયો છે. ભણ્યા પણ ગણ્યા નહિ. ઈંગ્લંડનું સારૂં જ્ઞાન લેવાને બદલે તમે બદીનું જ્ઞાન લીધું. ઈંગ્લંડમાં મેં તમને ઘણી વાર વાર્યા હતા, પણ મારૂં કહ્યું તમે જરા ગણકાર્યું ન્હોતું. અને નટીનાં નખરાંમાં લલચાયા હતા. ગોરી સાથે ગાંઠ બાંધી, કાળા લોક મટી, ગોરા લોક થવા લાગ્યા. બકરાના જેવી આ (ખેંચતાં) ડાઢી વધારીને લાજ ઘટાડી. છેવટે કાળા તે કાળાજ રહ્યા, અને આ ભૂંડું લજામણું મ્હોં કાળું હતું તે હવે વધારે કાળું થયું. ધિક્કાર છે તમને રઘુનંદ ! આ ભલાં હેતાળુ તમારાં માતાજિએ અને આ પવિત્ર કલ્યાણિયે તમારા પ્રતિની પ્રીતિને લીધે છેવટ લગણ પોતાની વટ સંભાળી, પણ તમે તો તમારૂં કાળું કર્યું તેથી મારૂં મન તમારા વિરૂદ્ધ એટલું બહુ ઉશ્કેરાયું છે કે, તે હું ડબાવી શકતો નથી, માટે તેના આવેશમાં મારાથી આવું બોલાઇ જવાય છે, તેની તમારી પાસે ક્ષમા માગું છું. રઘુનંદ, મને માફ કરજો, અને હજી પણ તમારામાં ડ્હાપણનો કાંઈ અંશ રહ્યો હોય તો આ તમારી પરણેતર કલ્યાણી, જે કલ્યાણી દેવીનુંજ સ્વરૂપ છે, એની સંભાળ લેજો. આ ભલો દેવજી હોત નહિ તો એ બંને જણાં કયારનાંય પરમેશ્વરને શરણે જઈ પ્હોંચ્યાં હોત.

દેવજી—ડાકટર સાહેબ, આવું તમારૂં ભલમનસાઈ ભરેલું ભાષણ સાંભળીને હું તમારો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. મારા કહેવાથી, તમે લાંબી મુદ્દતથી, દિવસમાં બબે વાર તસદી વેઠીને સીતામાતાજીની સંભાળ લેતા આવ્યા છો. તમારા ઘરની મફત દવા આપો છો, તો આ કેસમાં મેં વિશેષ શું કર્યું છે ? જે કાંઇ કર્યું છે, તે ડાકટર સાહેબ, આપેજ કર્યું છે. અને તે વળી, દયાની ખાતરજ કર્યું છે, માટે ખરો તો આપનોજ ઉપકાર માનવાનો છે.

ડાકટર—અને તેમાં મેં કાંઇ નવાઇ કરી નથી, કોઈને પણ ઉપયોગી થવું એ મનુષ્ય પ્રાણીનો ધર્મ છે; તે બજાવેનહિ તો તે માણસ નથી, પણ હેવાન છે.

રઘુનંદ—ડાકટર સાહેબ, હેવાન તો હું છું, મેં તમારી શિખામણ ઈંગ્લંડમાં તરછોડી ફ્હાડી હતી તેનો મને હવે પૂરેપૂરો પસ્તાવો થાય છે, મારા જેવા દુષ્ટ નુઘરા માણસના કુટુંબની આપે આટલી બધી સંભાળ રાખી તેથી હું આપનો અતિશય આભારી થયો છું. જે બનવાનું હતું તે બન્યું તેને માટે મને જે પસ્તાવો થાય છે તે મારૂં મન જાણે છે. ડાકટર સાંહેબ! મને ક્ષમા કરો. હું તમારો ખરેખરો અપરાધી અને દાસ છું. (તેને પગે પડે છે, ને રડી પડે છે.)

ડાકટર—આવો પશ્ચાત્તાપ કરો છો તેથી તમે હવે મારા મિત્ર છો. એ મિત્રાઇનો ટેક પાળવા તમે રાજી છો?

રઘુનંદ—મારા અંતઃકરણપૂર્વક રાજી છું.

ડાકટર—તો આ ગરીબડી પતિવ્રતા કલ્યાણીનો હાથ હું એનો ભાઈબની ને તમારા હાથમાં સોંપું છું તેનું સર્વ પ્રકારે પાલણ કરજો.

રઘુનંદ—હું મારી કલ્યાણીને મારા અંતઃકરણપૂર્વક સ્વીકારૂં છું.

કલ્યાણી—(ડાકટર પ્રતિ) મારા વ્હાલા ભાઇ! હું આપનો અતિશય ઉપકાર માનું છું.

ડાકટર—બ્હેન! આ તારો પતિ રઘુનંદ, પશ્ચાત્તાપના પવિત્ર નીરે સ્નાન કરી શુદ્ધ થયા છે તે હવે તારા પ્રતિ શુદ્ધજ રહેશે એવો મને ભરોંસો છે.

રઘુનંદ—મારા આ દેહમાં જીવ છે ત્યાં સુધી, મારા વ્હાલા મિત્ર, હું તમારી શિખામણ વિસરવાનો નથી. તમારા ઉપકારનો બદલો વાળી શકાય એમ નથી. (ગળગળો થઈ જાય છે).

ડાકટર—જો એમ છે તો, આ કેસનો નિકાલ હવે મારી ઇચ્છા પ્રમાણે મને લાવવાની છૂટ આપો. આ કેસનો ખરો ન્યાય થવો જોઈયે. તમારાં માતાજીનું આ મૃત્યુ થયું છે તે સ્વાભાવિક મૃત્યુ નથી, એ તો ખુન થયું છે અને જેણે ખુન કર્યું છે તે જવાબદાર છે.

રઘુનંદ—એ વિષે જેમ તમારી ઇચ્છા હોય તેમ કરો.

ડાકટર—આ કેસ મારી ટ્રીટમેંટ નીચે હોવાથી તેનો આ પ્રમાણે અંત આવ્યો તેનું પંચનામું પ્રથમ કરવું જોઈશું અને તેની વ્યવસ્થા હું પોલિસ સુપરીનટેણ્ડણ્ટને બોલાવી હવણાંજ કરૂં છું. (જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—દેવજીનો ઉતારો.

પંચ ભરાયું છે. ફોજદારી ન્યાયાધીશ, પોલિસ-સુપરીન્ટેણ્ડણ્ટ, રઘુનંદ વગેરે.

ફો. ન્યાયાધીશ—(ડાકટરની જુબાની રીતસર લેતાં) સીતામાતાજીનું મરણ શાથી નીપજ્યું છે ?

ડાકટર—બરોલ ઉપર કોઈ પણ જાતનો પ્રહાર થવાથી; મને લાગે છે કે તે લાતોનો પ્રહાર હોવો જોઈયે અને મને કેસની હકિકત કહેવામાં આવી તેમાં એવીજ વિગત જણાવવામાં આવી છે. ત્યાર પછી મેં આ કેસની ટ્રીટમેણ્ટ કરવા માંડી. બરોલ ઉપર સોજો વધતો ગયો અને છેવટે રપચર ઑફ સ્પ્લીન થયાને બરોલનું ફાટવું થયું છે. બરોલનો સોજો એટલો બધો વધી ગયો હતો કે તેથી પેટ ઘણું ચડી આવ્યું હતું. હવે તે ફાટતાં તેમાંની મેટર-લોહી પરૂ આદિ નિકળી ફેલાઇ જતાં હવે પેટ બેશી ગયું છે.

ફો. ન્યાયાધીશ—ત્યારે તમારો શો અભિપ્રાય થાય છે ?

ડાકટર—આ કેસમાં મારો એવો અભિપ્રાય છે કે, બરોલ ઉપરનો પ્રહાર થવાથી તલ્લીને સોજો ચડી આવ્યો ને છેવટે (રપચર ઑફ સ્પ્લીન) તલ્લીનું ફાટવું થયું તેથી આ મૃત્યુ નિપજ્યું છે.

ફો. ન્યાયાધીશ—આ કેસવિષે બીજા કોની માહિતી છે ?

ડાકટર—પટાવાળો નથુ મેઘજી આ સર્વ હકિકત જાણે છે.

(પટાવાળો નથુ મેઘજી રજુ થાય છે.)

નથુ મેઘજી—મારૂં નામ નથુ મેઘજી છે. મને ૩૪ વર્ષ થયાં છે, જાતે હિંદુ છું. ધર્મના સોગન ખાઇ સાચેસાચું લખાવીશ. આ સીતામાતાજીને ઓળખું છું. બાંધ ખોદકામના અમારા ઇજનેર રઘુનંદ સાબનો હું પટાવાળો છું. તેમનાં એ માતાજી થાય છે, એમને અને આ કલિયાણી બાઈ, સાબનાં ધણિયાણી થાય તેમને અમારા સાબે ઘરમાંથી કાઢી મેલ્યાં છે. તેનું કારણ ઇજનેર, મારા સાબ એક ગોરી મડમસાબ

વલાયતથી લેઇ આવ્યા કે એણી પળે, ઘરનાં ધણિયાંણી થઈ બેઠાં. એ અમારાં મડમ સાબની હિખવણીથી, આ બેને, ઘરમાંથી કાઢી મૂચ્યાં. એ બચારાં બહુ દખી થતાંતાં, તે ખરચી લેવાને આયાં. તે ખરચી તો મળી નહિ, પણ આ ગરીબડાં સીતામાતાજીને લાતો હાથે મૂચ્ચિયો મળી, અને તે મળી તો મળી, પણ, તે ઘયડાપણથી બેશી જયેલા, ને કરોચલીથી વળી જયેલા પેટ પર લાતો ઝપોઝપ પડી, અને એ લાતો કોણ મારી એમ પૂછો છો તો કહું છું કે, પેલાં અમારાં મડમ સાબ હતાં કને તીમણ મારી. મારી તો મારી પણ દહ બાર મારી, સાબ ! શી વાત કહું ! એ મડમ સાબ છે તો ગોરાં, ને દેખાવડાં, પણ આ બે ભલી બાઇયો ઉપર દશમની એટલી બધી, જે ઇમિને જેઇને રાતાં અને પીળાં થઇ જ્યાં, ને હુંબ મારા બાપ ! જમ જમને જેર આવે કને, ઇમિ આ ડોશીને ધક્કો મારીને પાટી નાંખ્યાં, ને લાતો ઉપર લાતો, ને પાટવો ઉપર પાટવો મારવા મંડી જ્યાં. જુવો સાબ, એમના પગમાં બૂટ પ્હેર્યા હોત નહિ તો આવડો ગજબ ગુજરત નહિ, પણ અધૂરામાં પૂરૂં ઈજે, ચાર આંગળાં એડીવાળા બૂટ પ્હેર્યા'તા કને તેવે પગે, ટપોટપ ને ઝટોઝટ લાતો માર માર કરી. આ વેળાએ મારી આંછોમાં લોઇ ઉભરાઇ આવેલું, ને હું વચ્ચે પડયો, તાણ ઇમિના હાથમાં છતરી હતી કને તેના ઝપાટા મારા બેડા ઉપર ને માથા ઉપર ઝપાટવા માંડ્યા. મને રીહતો બહુએ ચઢી, ને જાંણ્યું જે ઈને જરા વારમાં પટકી પાડું, પણ ઇતો અમારા સાબનાં હઇયાનાં હાર ને મોતીની માળ, ઇમને કશું કહેવાય નહિ તો આંગળી ચમ અડાડાય ? ડોશી તો બોલે કે ચાલે, અને અમારા શાબ તો ઇમિના હામુ શાંનું ભાળે ? ઇતો ભાન વનાનાં થઈ પડેલાં, તેને ગાડે ઘાલીને હું ને અમારા જમાદાર ઇસતેશન ઉપર લેઈ જ્યા. પરભુએ ઠીક કીધું જે તાં દેવજીભાઇ ઊભા'તા તે ઇમને ઉતારે લઈ જ્યા. હું ડાકટર સાબને બોલાવી લાયો; ઇમિણ દવા તો બહુ કીધી પણ છેવટે અમારાં માતાજીબા રામજીને શરણ થઇ જ્યાં. બૌ હારાં હતાં પણ પેલાં અમારાં મડમ સાબ કોણ જાણે ચિયા અવતારનાં વેરવી હશે જે ડાચણ થઇને ઇમિનો જીવ લીધો.

ફો. ન્યાયાધીશ—ત્યારે તમારૂં કહેવું એમ છે કે બરોલ ઉપર લાતોના પ્રહાર મડમ સાહેબે કર્યા તેથી એમનું મૃત્યુ થયું ?

નથુ મેઘજી—લાતો તો લાતો, પણ આભલાં જેવી ઉંચી એડી-વાળા બૂટની લાતો, મારા જેવાનું ભેચું ભાજી નાંખે, તો આ ઘયડી ઢચર ડોશીનું શું ગજુ ? પૂછી જોઓને અમારા જમાદારને, એ બાધું જાણે છે.

જમાદારને રજુ કરવામાં આવે છે.

ફો. ન્યાયાધીશ—(જમાદારનું નામ ઠામ લખી લીધા પછી) તમે આ કામમાં શું જાણો છો ?

જમાદાર—હું એ જાણું છું જે, મારામારી થતી હતી ત મેં મારી નજરે જોઈ. અમારાં મડમ સાબ, આ ડોશીને બૂટવાળા પગે લાતો માર-તાંતાં, ને નથુ પટાવાળો ખાળવા જતોતો તેના ઉપર પણ છતરીના ઝપાટા પડતાતા, ડોશીમા બેભાન થઇને પડ્યાં, એમને ગાડામાં ઘાલીને ઇસ્ટેશને લઇ ગયા. હું ક્હેતાં ભૂલ્યો, અમારા સાબે રેલ્વે ગાડીમાં બેહારી એમને ગામ વદાય કરી દેવા અમને હુકમ કર્યો, તેથી અમે તાં લઈ ગયા પણ ડોશી તો હાલે કે ચાલે. મડદા જેવાં હતાં, અમને દીઠા કે દેવજી-ભાઇ અમારી પાહે આવી ઊભા, તે ડોશીમાને જોઇને ક્હે કે, મારે ઉતારે લેઇ હાલો. અમે ગાડું લેઇને હાલ્યા ને ડોશીમાને ખાટલે હુવાર્યાં તે ખાટલેજ આ ડોશીમા આજે મરેલાં પડ્યાં છે.

ફો. ન્યાયાધીશ—એ ડોશીમા શાથી મરી ગયાં ?

જમાદાર—લ્યો વળી, દેખીતુંજ છે તો ? અમારાં મડમ સાબ, જીમને અમે અમારા સાબ કરતાં વધારે માંન દેતા, તેમણે ચિડાઇને આ ડોશીમાને બૂટવાળા પગે પેટ ઉપર લાતો મારી, તે એવી મારી જે તેથી તલ્લી આજે ટૂટી પડી, ને ડોશીમા સધામ પ્હોંચ્યાં. પૂછો ને અમારા સાબને, ઈમની હાજરીમાં આ બધું બન્યું છે. એ ચ્યાં જાણતા નથી !

(રઘુનંદ રજુ થાય છે;)

ફો. ન્યાયાધીશ—ધર્મના સોગન ખાઇને ખરી હકીકત લખાવો.

રઘુનંદ—મારૂં નામ રઘુનંદ છે, મારૂં વય ૫૩ વર્ષનું છે. હું જાતે હિંદુ છું. ઈરીગેશન ખાતામાં મુખ્ય એન્જિનિયર છું. હું વિલાયત જઈ પાસ થઈ આવ્યો છું. ત્યાંથી, મિસ બેલી, જેનું નામ મેં રઘુનંદી પાડ્યું હતું તેને મારી બઇરી કરી લઇ આવ્યો હતો, તે મારી સાથે રહેલી હતી. તેની શિખવણીથી મેં મારી વૃદ્ધ માતાજીને અને મારી પરણેતર કલ્યાણીને ઘર-

માંથી ફૂહાડી મૂકયાં, પણ તેમને બાર માસની ખર્ચી આપતો હતો. હવણાં તેઓ ચડેલી ખરચી લેવા આવ્યાં હતાં ત્યારે તકરાર ઉભી થઇ. મારી આણેલી મડમને તેની પૂરી અદેખાઈ હતી, તેથી, તેણે બ્હારથી આવતા વાંતજ મારાં માતાજીને ધક્કો મારી પાડી નાંખી, ને બૂટવાળા પગે લાતો મારી, તેથી, તે બેભાન થઈ પડ્યાં, પણ તે શુદ્ધિમાં આવશે એમ જાણી, જમાદારને અને નથુ પટાવાળાને મેં હુકમ કર્યો. તે પ્રમાણે તેઓ આ મારાં માતાજીને અને મારી પરણેતર કલ્યાણીને ગાડામાં ઘાલી અમારે ગામ વિદાય કરવા રેલ્વે સ્ટેશન ઉપર લઈ ગયા. મેં જાણ્યું કે તેઓ મારે ગામ પ્હોંચી ગયાં, પણ આજે મેં જાણ્યું કે દેવજી કંટ્રાક્ટર તે વેળાએ સ્ટેશને હાજર હતા તેમણે મારાં માતાજીની મરણતુલ્ય સ્થિતિ જોઇ પોતે પોતાને ઉતારે લઇ ગયા, અને ડાકટર સાહેબ પાસે ટ્રીટમેંટ કરાવી, પણ આજે તેની તલ્લી ટૂટી પડવાથી મૃત્યુ થયું. મારી હાજરીમાં આ બનાવ બન્યો છે.

ફો. ન્યાયાધીશ—ત્યારે તમારૂં ક્હેવું એમ છે, કે લાતોના પ્રહાર બરોલને લાગતાં તેનું પછવાડેથી રપચર થયું અને તેથી આ તમારાં માતાજીનું મૃત્યુ નિપજ્યું ?

રઘુનંદ—હા, મારૂં માનવું એમજ છે. કંટ્રાક્ટર દેવજીના ક્હેવાથી પછવાડેની હકિકત મેં જાણી ત્યારે હું અહિં આવ્યો, ને મિસ બેલીના બૂટવાળા પગના પ્રહારને લીધે તલ્લીના ઉપર સોજો આવી ગયો, ને છેવટે તેથી એમનું મૃત્યુ થયું છે એમ હું માનું છું.

(દેવજીને રજુ કરવામાં આવે છે.)

ફો. ન્યાયાધીશ (મથાળુંલખી લઇને) દેવજી ! તમે આ કામમાં શું જાણો છો ?

દેવજી—મિસ બેલી-જેને અમે રઘુનંદીના નામથી ઓળખિયે છિયે તે, ઇરીગેશન ખાતાના એન્જિનિયર સાહેબનાં મડમ સાહેબ થાય છે. હું એ ખાતાના કંટ્રાક્ટ રાખું છું. તેથી એમની સાથે મારૂં ઓળખાણ છે. જ્યારે જ્યારે સીતામાતાજી અને કલ્યાણીબાઈ અહિં આવતાં, ત્યારે ત્યારે રઘુનંદી તેમનું અપમાન કરીને ફૂહાડી મૂકતાં. આ ફેરે પણ એમજ થયું છે. જ્યારે સીતામાતાજીને ગાડામાં ઘાલીને પટાવાળો નથુ મેઘજી અને જમાદાર રેલવે સ્ટેશન ઉપર લઇ આવ્યા, ત્યારે, માતાજીને મેં

બેભાન હાલતમાં જોયાં, તેથી, તેમની માવજત કરવા, હું તેમનું ગાડું મારે ઉતારે લઈ ગયો; પછી પટાવાળાને ડાકટર આત્મારામને તેડી લાવવા મોકલ્યો. ડાકટર આવ્યા, અને તપાસ્યું તો બરોલ ઉપર સોજો ચડતો તેમને જણાયો. પટાવાળા નથુએ, અને જમાદારે વિગતથી બધી હકિકત અમને કહી સંભળાવી, તેથી જેમ ડાકટરનો અભિપ્રાય થયો તેમ મને પણ સમજાયું કે, મિસ બેલીના બૂટ પ્હેરેલા પગના પ્રહારથી બરોલને સખ્ત ઈજા થઈ છે. ડાકટરે બહુ કાળજી રાખીને દવા કરી, પણ સોજો ઘટવાને બદલે વધતો ગયો. મને ખબર હતી કે, સીતામાતાજીને અને કલ્યાણીબાઈને મારે ઘેર રાખ્યાં છે, એ વાત જો મિસ બેલી અને રઘુનંદ જાણશે તો મારા ઉપર નારાજ થશે, એવું સમજી, આજ સુધી, તેમના જાણવામાં આવે નહિ એમ, અમે એમનાથી છાની માવજત કરતા હતા, મારા બીલનાં નાણાં લેવાના પ્રસંગે રઘુનંદ સાહેબની પાસે હું ગયો, ત્યારે મિસ બેલિયે ચોરી કરી છે ને નાશી ગઇ છે, એવા સમાચાર મેં જાણ્યા. રઘુનંદને આ બનાવથી રઘુનંદીની ઉપર અતિશય તિરસ્કાર થયો હતો તેથી સીતામાતાજીની હાલત તેમને મેં જણાવી દીધી. તે સાંભળીને તેઓ આજે મારે ઉતારે આવ્યા, મા દીકરાના પ્રેમના ઉછાળાથી સીતામાતાજીનું મન ઘણું ઉશ્કેરાતું હતું, અને મૂર્ચ્છા પણ આવતી હતી. ડાકટર આવ્યા, તેઓ તપાસણી કરે છે એટલામાં બરોલ ફૂટી ને તેમાંથી બગદો નિકળી પેટમાં ફેલાઈ જતાં પેટ બેશી ગયું એમ ડાકટરની તપાસણીથી જણાયું, છેવટે, સીતામાતાજી એક બીજી સીતા હોય તેવી રીતે રામને શરણ પ્હોંચી ગયાં.

ફો. ન્યાયાધીશ—પંચના ગ્રહસ્થો ! તમે આ બધી જુબાનિયો સાંભળી. સીતામાતાજીનું મૃત્યુ શાથી થયું તેનો એકાન્તમાં વિચાર કરીને તમારો અભિપ્રાય જણાવો.

(પંચે એક બીજાના અભિપ્રાયનું વિવેચન કર્યું, ત્યાર પછી આવીને, એક આગેવાન બોલી ઉઠયો.)

પંચપ્રમુખ—અમારો સર્વેનો એક મત થાય છે કે, મિસ બેલી, જે અહિં રઘુનંદીના નામથી જાણીતી છે, તેણે, ઉંચી એડીના બૂટ પ્હેરેલા પગે, સીતા માતાજીના પેટ ઉપર પ્રહાર કર્યો, તેથી, એમની બરોલને ઈજા થઇ, અને પ્રતિ દિવસ સોજો ચડતો ગયો તે આજે બરોળ ફાટી તેથી સીતાબાઈનું મૃત્યુ થયું.

ફો. ન્યાયાધીશ—ત્યારે તમારો અભિપ્રાય એમ થાય છે કે, આ મૃત્યુ લાવનાર મિસ બેલી, જેને રઘુનંદી કહેવામાં આવે છે તે અપરાધી છે!

પંચપ્રમુખ—**સી**તામાતાનું મરણ નિપજાવનાર મિસ બેલી ઉરફે, રઘુનંદી અપરાધી છે એવો અમારો અભિપ્રાય થાય છે;

ફો. ન્યાયાધીશ—મારો પણ એવોજ અભિપ્રાય થાય છે તે પ્રમાણે આ ઠરાવ લખીને **સી**તામાતાજીના શબને અગ્નિસંસ્કાર કરવાની પરવાનગી આપુ છું. (શબ ઉપાડી લઇ જાય છે.)

તારખાતાનો પટાવાળો—(બાયસિકલ ઉપર ચડીને ઉતાવળો પ્રવેશ કરે છે.) આ તાર પોલિસ સુપરીનટેણ્ડણ્ટ સાહેબ! આપના નામનો છે.

પો. સુપરીનટેણ્ડણ્ટ—(તાર લઇ, રિસીટમાં સહિ કરી આપી વાંચે છે, પછી તે ફોજદારી ન્યાયાધીશને આપતાં) વાંચો આ તાર.

ફો. ન્યાયાધીશ—(વાંચે છે). (તાર નીચે પ્રમાણે હતોઃ)

From, Bombay.

From Commissioner of Police,

To, Vatpur,   To Superintendent of Police Vatpur.

Miss Baily who is in police custody states, that, eighty promissory Notes each of one thousand Rupees found in her bag had been given to her by her husband Mr. Raghunand Engineer of Irrigation Department; Inquire and do needful and wire result.

પો. સુપરિનટેણ્ડણ્ટ—મિસ બેલીના એક કેસમાંથી બીજું બચ્ચું પેદા થયું. એ બચ્ચાના દરકારિયો અહિયાં હાજર છે. તેઓને હું આપના તાબામાં સુપ્રત કરૂં છું. કેસ ચાલતાં, આ સિવાય બીજાનાં નામ આવતાં જશે તેમ તેમ હું તેમને કોર્ટમાં રજુ કરતો જઇશ.

ફો. ન્યાયાધીશ—મિ. રઘુનંદ, આ તાર સંબંધમાં તમારૂં શું કહેવું છે.

રઘુનંદ—ઇરીગેશન ખાતાનું કામ કર્યા બદલ, ૮૦ હજાર રૂપિયાનાં બીલ પસાર થઇને આવતાં તે રૂપિયા હું સરકારી ટ્રેઝરીમાંથી લઇ આવ્યો અને મને પ્રત્યેક ૧૦૦૦ રૂપિયાની ૮૦ નોટો મળી, તેનું બંડલ વાળી

મારા રૂમાલમાં બાંધી, મારી કેશબૉક્સમાં મૂક્યું હતું. મિસ બેલી ગયા પછી, દેવજી કંટ્રાક્ટર પોતાના બીલના રૂ. ૩૦) હજાર લેવા મારી પાસે આવ્યા, મેં મારી તિજોરીમાંથી કેશબૉક્સ ક્હાડી આણીને ટેબલ ઉપર મૂકી, સામેની ખુરશી ઉપર દેવજી બેઠા હતા તેમના દેખતાં મેં ઉઘાડી તો નોટના બંડલને બદલે ન્યૂસપેપરોના કાગળોનું વાળેલું બંડળ નિકળ્યું. મિસ બેલી, વિલાયત જવાની મારી પાસેથી રજા લઇને, તેની મા તેને મુંબઇ તેડવા આવી છે એમ કહી, તેની પાસે ગઈ છે. સંગાથે (Miss Adam) મિસ આડમ હતી અને તે મિસેસ બેલીની સહચરી (કમ્પેનિયન) હતી એમ મને ક્હેવામાં આવ્યું હતું. ન્યુસપેપરોનું બંડલ બારીકીથી ચૂંથતાં તેમાંથી આ એક કાગળ નિકળી આવ્યો છે. (આપે છે.)

ફો. ન્યાયાધીશ—(તે નીચે પ્રમાણે વાંચે છે;):—

મારાં જીગરનાં વ્હાલાં મિસ બેલી.

મેં તમોને અગાઉથી ચેતાવિયા પરમાને ૮૦) હજાર રૂપિયા રઘુનંદને મળી ચૂકિયા છેજી. મુંબઇ જતા પ્હેલાં તે હાથ કરવાનો પ્હેલો તડાકો સાધી લેજોજી. સિનેમાના તમારા ભાગના રૂ. ૫૦) હજારમાં ૨૨) હજાર તમારે ભરવાના બાકી છેજી, તે ભાઈ ફિરોજ જમશેદ સિનેમાવાળાને ભરી દેજોજી. સિનેમા કંપનીમાં મારા ભાગના રૂ. ૫૦) હજાર મારે ભરવાના બાકી છેજી તે તમો સારી પડેમ જાનોછોજી, તો મને રૂ. ૨૫) હજાર આપવાને અને તે સિનેમાના નફામાંથી મારી પાસેથી મજરે લેવાને તમો સાહેબજાદાંએ કબુલિયું છેજી, તે પરમાને મારી વતી રૂ. ૨૫) હજારની નોતો ફિરોજને આપશોજી. આએ પરમાને ૪૭) હજાર જતાં બાકી ૩૩) હજાર રૂપિયા રહેશે તે તમારી રકમનું તમે નજરમાં આવે તેમ કરવાને માલિક છોજી. ખુદા આ કામ પેસ પ્હોંચારશે તો આપુનનું કામ બી ફતેહમંદ ઉતરશેજી.

લિ. તમારો વિસવાસુ આસક,

પેસ્તનજી દાદી, દારૂવાળાની દવા સલામ

લવકિસ સાથે કબુલશોજી.

ફો. ન્યાયાધીશ—આ લવકિસવાળી પત્રિકા આખો કેસ ખુલ્લે કરી બતાવે છે. વળી જુવો આ પત્રિકાની પછવાડે નીચે પ્રમાણે લ-ખ્યું પણ છે. જુવો સાંભળોઃ—(વાંચે છે.)

માય ડિયર પેસુ,

તેરી સલાહ અચ્છી હૈ, મેરા પ્યારા ! તેરા લખવા મુજબ સબ બીડા કબજેમેં લેકે બોમ્બાઈ જાતી હું. આપ પીછેસે આઇયો. ફિરોજ પરકા કાગદ લિખકે મુઝે લેડી કમ્પાર્ટમેંટમેં દેના. હસબંડ મુઝે સાહેબજી કરનેકે લિયે સ્ટેશન પર આનેવાલે હૈં. ઉસકે મનમેં ઔર અંદેશા આયા હૈ ઇસલિયે આપકી સાથ અબ બાતાં હોનેકા ઇતિફાક મિલના મુશ્કિલ હૈ. ઇસલિયે આપકી ચીઠ્ઠીકે નીચે જવાબ લિખકે આપકો દેનેકે લિયે મિસ આડમકો દેતી હું, વો આપકો રજુ કરેંગી. પ્યારાપેસુ ! બોત બોત સલામ ! દો કિસ, ૧૦ કિસ, ૨૫ કિસ.

લિ. તુમેરી પ્યારી માશુક,

મિસ બેલી.

પો. સુપરિનટેણ્ડણ્ટ—મને સમજાયા પ્રમાણે હું બીજા દરકારિયોને હાજર કરવાની ગોઠવણ કરૂં છું, મિ. રઘુનંદ તો હાજર છે.

ફો. ન્યાયાધીશ—આ નોટ સાંભળી મિ. રઘુનંદ !

રઘુનંદ—આ નોટ ઉપરથી સાબિત થાય છે કે સ્ટેશન માસ્તર પેસ્તનજીની બદ સલાહથી મિસ બેલી, પોતાના જવાબમાં કબુલ કરે છે તેમ રૂ. ૮૦) હજારની નોટો ચોરી લઇ રવાને થઇ ગઇ છે, દેવજીને મેં મારો અંદેશો તેજ વેળાએ જણાવ્યો હતો એમને પૂછવાથી ખાતરી થશે.

(દેવજી ફરી રજુ થાય છે.)

ફો. ન્યાયાધીશ—તમે આ કામમાં શું જાણો છો !

દેવજી—હુ મારા ૩૦) હજાર રૂપિયા રઘુનંદ સાહેબ પાસે લેવા ગયો ત્યારે તેમણે તિજોરીમાંથી કેશબૉકસ કહાડી ટેબલ ઉપર મૂકી, અને મારા દેખતાં તે ઉઘાડી બીડો કહાડયો, તો નોટોને બદલે ન્યૂસપેપરોના કાગળ નિકળ્યા, તેમાંથી, એક ચીઠ્ઠી મળી આવી તે ઉપરથી જણાય છે કે મિ. પેસ્તનજીની બદસલાહથી મિસ બેલી ૮૦) હજાર રૂપિયા ચોરી ગઇ છે.

(સરકારી તિજોરીનો કિલિદાર રોજમેલ લઈ હાજર થાય છે;)

કિલિદાર—મારા ઉપર હુકમ આવતાં આ ચોપડા સહિત હું હાજર થયો છું.

ફો. ન્યાયાધીશ—તમોએ ઇરીગેશન ખાતાના ખર્ચના બીલના ૮૦) હજાર રૂપિયા આપ્યા છે?

કિલિદાર—મેં ૮૦) હજાર રૂપિયાની ૮૦ નોટો પ્રત્યેક એક હજારની મેહરબાન ઇજનેર સાહેબ રઘુનંદને આપી છે તેના નંબર આ પ્રમાણે છે.

પેસ્તનજીને હાજર કરવામાં આવે છે.

ફો. ન્યાયાધીશ—(રીતસર સોગન ખવરાવી મથાલું લખીને) તમે રઘુનંદ સાહેબને ઓલખો છો?

પેસ્તનજી—જી હા, એવણ જાનીતા જનતનમનને કાંય ના પિછાનું! એઓને હું મારા મિતર ગનુચ.

ફો. ન્યાયાધીશ—તમે મિસ બેલીને ઓળખો છો?

પેસ્તનજી—હા જી. એવણને બી હું ઓળખુંચ. આએ અમારા મિતર રઘુનંદ સાહેબે એઓનું નામ રઘુનંદી કરીને આપ્યુંચ. ઘનુ પિયારૂ નામ આપ્યુંચ.

ફો. ન્યાયાધીશ—(જરા સ્મિત કરીને) રઘુનંદિનીનો અર્થ તો રઘુનંદની પુત્રી. ત્યારે શું એ મિસ તેમની પુત્રી થાય છે?

પેસ્તનજી—નારે જી, એ તો એવનની ધનિયાની થાયચ. ધનિયાનીને કાંઈ પુતરી કહેવાતી હોએ!

ફો. ન્યાયાધીશ—તમે પોતેજ એમ ઠરાવો છો, રઘુ+નંદિની.

પેસ્તનજી—હાં, હાં, હું સમજિયો સાહેબજી, માફ કરજો, મારા પિયારા મિતર રઘુનંદ, તમુને એવણ આણંદ પમાડેચ તેથી આપે એવણનું નામ રઘુનંદિની પાડુચ તેજ નામ બરાબર છે.

ફો. ન્યાયાધીશ—જ્યારે તમારે રઘુનંદ સાથે મિત્રાઈ છે ત્યારે એમનાં મડમ રઘુનંદિની નહિ પણ રઘુનંદી સાથે પણ મિત્રાઈ હશે!

પેસ્તનજી—કાંય નહિજી! એઓ પન એમના હસબંડ પરમાનેજ ઘણાં મમતાલાં ને માયાળુ છે જી.

ફો. ન્યાયાધીશ—હવણાં તેઓ ક્યાં છે તે તમે જાણો છો!

પેસ્તનજી—એવાં જાનિતાં માનસો કયાં જાયચ તે અમારે સ્ટેશન માસ્તરોએ જાનવુંજ જોઇયે, મને લાગેચ કે એવણુ મુંબઇ સિધાવ્યાં છે જી.

ફો. ન્યાયાધીશ—એવણુ શા કામ માટે મુંબઈ સિધાવ્યાં છે !

પેસ્તનજી—(જરાક ગભરાતાં) તે તો આપણ શું જાનિયે ! મોતા લોકોને હજારો કામ હોય.

ફો. ન્યાયાધીશ—તેમાંનું એક પણ તમે જાણતા હોવા જોઇયે.

પેસ્તનજી—ના રે બાવા, એ કાંઈ આપનને ક્હેછે જે આપન જાનિયે !

ફો. ન્યાયાધીશ—સ્ટેશન ઉપર તો રોજ આવતાં, અને રોજ તમને મળતાં, નહિ વારૂ ! તમે એમને આવકાર પણ આપતા હશો ?

પેસ્તનજી—લેડીને અલબત આવકાર આપવો જોઇયે એ તો જનતલમનની ફરજ છે જી. એ પન એક એતિકેત છે જી.

ફો. ન્યાયાધીશ—એ તમારે ત્યાં આવતાં ત્યારે તમે એમની કયાં મુલાકાત લેતા ?

પેસ્તનજી—ઇસટેસન પર જેવાં આવે તેવાંજ એવન સેકહેંડ કરીને મારા પ્રાયવેટ રૂમમાં દાખલ થઇ જતાં, તેમની પછવાડે હું પન ચાલિયો જઇ એજ રૂમમાં એવણની મુલાકાત લેતો.

ફો. ન્યાયાધીશ—તમારો રૂમ તે જાણે એમનો પોતાનોજ તેઓ સમજતાં હતાં નહિ વારૂ ! ત્યાં છાંટો પાણી કે ચ્હાની માવજત પણ તમે કરતા હશો.

પેસ્તનજી—જી, હા. લેડીને માટે તો તેમજ કરવું. આપ સમજોચ તેમ, લેડીની બરદાશ્ત કરવી જોઇયે તે ફરજ બી હું અદા કરતો જી.

ફો. ન્યાયાધીશ—અને એવી રમુજની વેળાએ વાતો પણ ઘણી રમુજી થતી હશે ! કોઈ વાર કાંઇ સલાહ પૂછે તો તે પણ આપવી જોઇયે એવી જંટલમનની ફરજ પણ તમે અદા કરતા કે !

પેસ્તનજી—એવી કાંઇ આંતીઘુતીની બાબત પૂછે તો તેનું સમાધાન બી કરવું પડે, એ તો જનતલમનની ફરજ છે જી.

ફો. ન્યાયાધીશ—આ ફેરે મુંબઈ જતાં પહેલાં કાંઇ આંટીઘૂંટીની સલાહ તેણિયે તમને પૂછી હતી કે !

પેસ્તનજી—(જરા ગભરાટમાં પડતાં) એ કાંઇ મને યાદ આવતું નથી.

ફો. ન્યાયાધીશ—મ્હોએથી પૂછવાની જોગવાઇ ના બને તો ચિઠ્ઠી-ચપાટીથી પણ એવો લાભ આપતા લેતા હશો.

પેસ્તનજી—એમ કરવાનું કાંઇ કારન બનિયું હોય એમ સાંભરતું નથી.

ફો. ન્યાયાધીશ—અગત્યનું કારણ બનવાથી, તમે કોઇ વાર મિસ બેલીને ચિઠ્ઠી લખી છે ?

પેસ્તનજી—મેં ચિઠ્ઠી લખી હોય એમ મને યાદ આવતું નથી.

ફો. ન્યાયાધીશ—સંભારી ક્હાડો, સાચી વાત ક્હો, તમારા જેવા જંટલમને ખરી વાત ક્હેવી જોઇયે, કોર્ટને ઉડાઉ જવાબ આપતાં વિચારજો. ભારે જોખમ વ્હોરવું પડશે એ ખ્યાલમાં રાખજો.

પેસ્તનજી—(વિશેષ ગભરાતાં) પન સાહેબ, સાંભરતું ના હોય તેમાં કાંઈ મારો દોષ કે ગફલત ગણાય નહિ. વાંક ગનો તો મારી યાદદાસ્તનો ગનો.

ફો. ન્યાયાધીશ—ગઇ કાલની વાત તમને સાંભરે કે ભૂલી જાઓ ?

પેસ્તનજી—વચ્ચે આખી અંધારી રાત વીતી જાય એટલે વિસરાય બી ખરી. અલબત વિસરાય એ દેખીતું જ છે.

ફો. ન્યાયાધીશ—(પેસ્તનજિયે લખેલી ચિઠ્ઠી બતાવતાં) આ ચિઠ્ઠી તમારી લખેલી છે કે નહિ ?

પેસ્તનજી—(અતિશય ગભરાઈ જતાં, ચિઠ્ઠી વાંચી જઇને) મારયા રે બાપ ! કેવી અજાયબી ભરેલી વાત છે કે કોઇયે મારા જેવા દસકત આબેહૂબ લખિયાચ. અને વળી આ નીચે મિસ બેલી પાસ જવાબ બી લખાવી હડહડતું તરકટ રચ્યુચ. સાહેબ ! હુ ખુલ્લું કહુંચ કે આએ કોઈની બનાવત છે જી.

ફો. ન્યાયાધીશ—આ ચિઠ્ઠીમાં લખેલો ફિરોજ જમસેદ સિનેમાવાળો કોણ છે ?

પેસ્તનજી—સિનેમાવાળો કરીને લખિયુચ તે સિનેમાવાળો હોવો જોઇયે.

ફો. ન્યાયાધીશ—તમે તેને ઓળખોછો કે નહિ ?

પેસ્તનજી—કદાપિ તેને ઓલખતો બી હોઉં. અને એ વાત કોઇયે જાણી બી હોસે, એટલે, બંધએસ્તી કારીગરી આ નોતમાં લખી ઘાલીચ.

ફો. ન્યાયાધીશ—ત્યારે તમે આ ચીઠ્ઠી કબુલ રાખો છો કે નહિ ?

પેસ્તનજી—એમાંનો એકે દસકત મારો લખેલો નથી, અને તેથી હું કબુલ રાખતો નથી.

ફો. ન્યાયાધીશ—ઠીક છે. આ જુબાનીમાં તમારી સહિ કરો.

શિરસ્તેદાર—તે સાથે વળી હાજર ખુચરકો પણ તૈયાર રાખ્યો છે તેમાં પણ સહિ કરો. પેસ્તનજી (તેમ કરે છે.)

ફો. ન્યાયાધીશ—સર્વ હકિકત ધ્યાનમાં લેતાં સરકારની મિલ્કત ૮૦) હજાર રૂપિયાની મિસ બેલી ઉચાપત કરી ગઇ છે. મતલબ કે ચોરી કરીને નાશી ગઇ છે;

આ અપરાધ વટપુરમાં બન્યો છે, તેમજ, સીતામાતાજીના ખુનનો અપરાધ પણ વટપુરમાં બન્યો છે માટે આ કામના દરકારિયો ફિરોજ જમસેદ સિનેમાવાળાને ફોજદારી ન્યાયાધીશની કોર્ટમાં રજુ કરવા વારંટ કહાડવું અને હાલ નીચે પ્રમાણે તાર કરવો—

From, To,

Magistrate of Vatpur, The Commissioner of Police,
Bombay.

Theft of eighty promissory notes of one thousand Rupees each, appears to have been committed by Miss Baily. Send her, and her companion Miss Adam who is concerned in the case to Vatpur, by Mail train in custody of Police. She is also involved in another murder case and her presence is urgently required here.

પ્રવેશ ૫ મો.

સ્થળ—વટપુર રેલવે સ્ટેશન.

પેસ્તનજી દારૂવાળા અને કાવસજી તારમાસ્તર.

પેસ્તનજી—(પોતાના ખાનગી ઓરડામાં સ્વગત.) ગજબી ગોલો લાગિયો. મારી લખેલ ચિઠ્ઠી, આબેહુબ, અને તેની નીચે મિસ બેલીનો જવાબ, ચોખ્ખો ને ચટ, નામક્કર તો ગિયા છિયે, પન આગળ ઇનકવાયરી ચાલસે તેમાં ખરેખર જૂઠા પડસું.

કાવસજી તારમાસ્તર—(ઘંટનાદની ચાંપ ડબાવે છે, અવાજ સાંભળી પેસ્તનજી બારણું ઉઘાડે છે, કાવસ ટેબલ પાસેની ખુરશી ઉપર બેશીને) મિસ્તર દારૂવાળા ! આજે પોલિસવાળાએ આ પરમાણે તારથી કોરસપોનડેન્સ ચલાવિયુંચ. (તારની નકલો તેને વંચાવે છે.) જુવોની બાવા ! આ ઓડુામાં પેલી મિસ બેલી તમુને મલવા આવતી ’કની તેના ઉપર મરડરનો ચારજ આવિયોચ. વલી, તે ૮૦ હજારની નોતો લઈ ભાગી ગઇચ. તેને આજે આવતી મેલટ્રેનમાં અહિં આણનાર છે.

પેસ્તનજી—(તાર વાંચતાં) એ મુંબઇમાં પકડાઈ ચૂકી, અને પોલિસ હવાલતમાં અહિં આવસે. અય ખોદા ! હવે શું કરવું ?

કાવસ તારમાસ્તર—જુવોની બાવા ! તમે કોઇબી રીતે સંડાયા હોસો, એવો વ્હેમ હોવાથી, તમુને ચેતાવા આયોચ. તમે જાનો ને તમારૂં કામ જાને.

પેસ્તનજી—કાવસ ! હું તારો ઘનો ઉપકાર માનુચ કે, તેં મને આય ઇનિફરમેશન આપી. એ ગોરી ગુલામડી ગમે તેમ બોલી જાય, ને આપુનને સપડાવે,

કાવસજી—બાવાજી ! હું ખુલ્લું કહી દેઉચ તેને માટે માફ કરજો, તમારાં ધનિયાની, આવાં બાઇ, એનીજ મોકાણથી સંતાપ કરતાં મુંબઈ જઈ રહિયાંચ. મેં ઘનુ સમજાવિયા પન ગોરીથી ઘવાયલા તમોએ મારૂં માનિયું નહિ, અને ઉલટો મને ધમકાવી કહાડિયો.

પેસ્તનજી—કાવસ ! તેં તો સમાધાન કરાવા ઘનું કરિયું, પન મેં મૂરખાએ માનિયું નહિ. સંકડામન પૂરી આવીચ.

કાવસજી—સંભારોની બાવા ! પેલી ક્‍હેણી છે કની. જે રાંડ્યા પછી ડાપન આવે. વળી, જાનોચ કે ! આવાંબાઈ તો છૂટાછેડા કરાવવા તમારા ઉપર ફરિયાદ માંડવાની ગોઠવન કરેચ.

પેસ્તનજી—એવણ એમ કરસે તિયારે તો મારા બાર વાગી જશે. મને તો લાગેચ કે, વખતપર મારી નોકરીને ધક્કો બી લાગે.

કાવસજી—મુરબ્બી ! હજુ બી મોડું નથી થયું, જો તમારી મરજી હોય તો એવનની સાથે હું તમારૂં સમાધાન કરાવી આપું. હું તાર કરસ તો આવાંબાઈ નક્કી આવસે.

પેસ્તનજી—ના ભાઇ ! હવણાં એની ઉતાવળ કરવાની નથી. મિસ બેલીના કેસનું સું થાયેચ એ આપણ જોવું. પછી આપન એ ભાંજગડ ચલાવીશું. (ઉઠીને ઓરડામાં આમ તેમ ફેરા મારે છે. ઘંટનાદ થાય છે, બારણું ઉઘાડે છે.)

(આમદ મેમણ પ્રવેશ કરે છે. કાવસ જાય છે.)

આમદ—શેઠ, હું તમને ચેતાવવા આવ્યો છું. પેલો દેવજી કંટ્રાક્ટર તમારા સામી ઘણી ગડબડ મચાવી રહ્યો હોય એમ લાગે છે.

પેસ્તનજી—એનો તો એ ધંધો પરિયોચ. જુવોની આમદ શેઠ ! જિયારે ને તિયારે, તમુને મળવાના કંટ્રાકટ એ લઇ જાયચ. નદીના પૂલની પાસેની ન્હેરનો કંટ્રાકટ મિસ બેલિયે તમુને અપાવિયો એતલા માટે તે ગરીબડી ગોરીની બદગોઇ કરતો ફરેચ.

આમદ—તમારી મારફત મેં પેલા બે હજાર રૂપિયા એને આપ્યા એ વાત દેવજિયે કોણ જાણે શાથિયે જાણી કે તે તેણે રઘુનંદ સાહેબને કહી દીધી. જ્યારે ને ત્યારે તે આપણા કામમાં વચ્ચે પડે છે.

પેસ્તનજી—તમારો માલ ચડાવવાને બે વેગન જોઇતાં હતાં અને તે દેવજીને લેવાં હતાં, પન તમુને અપાવા મિસ બેલિયે મને ઘનુ ઘનુ સમજાવ્યો એટલે મેં બે વેગન તમુને આપિયાં (અપવાર્ય) આમદને વિશ્વાસમાં લઈને હવે કાંઈ જુગતી કરવી જોઇશું. (ચાસન) આમદ શેઠ ! તમે બીજી કાંઇ ગપ્પો સાંભળીચ કે ?

આમદ—હા, જાણી છે, એટલા માટેજ હું ખાસ તમારી પાસે ઉતાવળો આવ્યો છું.

પેસ્તનજી—તારે તે જલદી ભસી નાંખો, જાનું તો ખરો કે કેવી ગપ્પો ચાલેચ.

આમદ—મારૂં એક ૨૫) હજાર રૂપિયાનું ન્હેર બાબતનું બીલ મંજુર થયું છે. તેના રૂપિયા લેવા હું રઘુનંદ સાહેબ પાસે ગયો હતો. મેં રૂપિયા માગ્યા ત્યારે તેણે કહ્યું કે મારી કેસબાકિસમાંથી ૮૦) હજારની નોટો ચોરાઇ છે તે પાછી મળશે ત્યારે તારા રૂપિયા તને મળશે. પેસ્તનજી શેઠ! ગનેસને એમ સંભળાય છે કે એમનાં મડમ સાહેબ એ નોટો લઇને મુંબઇ વટાણા માપી ગયાં છે. અને મુંબઇની પોલીસે તેને પકડી છે.

પેસ્તનજી—ગરીબ બિચારી મિસ બેલી, એને ફસાવનાર તમારો સામાવાળો પેલો દેવજી હોવો જોઇયે.

આમદ—ખરી વાત એમજ છે. અને વળી, વધારે નુકસાનકારક તો એ છે કે, રઘુનંદ સાહેબની સીતામાતાજીને મિસ બેલિયે લાતો મારવાથી તે મરી ગઇ. તેનું પંચાતનામું થયું છે; તેમાંના એક પંચે મને વાત કરી, આ બંને કેસમાં તે સંડોવાયલાં છે.

પેસ્તનજી—તિયારે તો એ ગરીબરી ગોરી ખરેખરી સપડાઈ જસે.

આમદ—મને પણ એમજ સમજાય છે. એક બીજા પંચે વાત કરી કે, મિસ બેલીનો ઇનસાફ કરવા, એને મેલટ્રેનમાં અહિં આણવાની છે; મને પણ એ ગોરી મડમની દયા આવે છે. એ આપણને ઘણી મદદ કરતી હતી.

પેસ્તનજી—તમુને ખરેખરી એના ઉપર દયા આવેચ તિયારે એને ઉગારવાનો તમુને કાંઈ રસ્તો સૂઝેચ! એને મેલટ્રેનમાં પોલિસના પ્હેરામાં આણુશે એ વાત ખરી છે.

આમદ—ટ્રેનમાંથી નાશી જાય તો ઉગરે એમ મને લાગે છે.

પેસ્તનજી—પન એ ઘનુ મુશકેલ કામ છે. પોલિસના પ્હેરામાંથી આપણી મદદ હોય તોજ તેવણ નાસી સકે.

આમદ—તમારે નક્કી એને નસાડવી છે! બિચારી નાસી છૂટે તો સારૂં એમ મને પણ લાગે છે.

પેસ્તનજી—સિરસાટે એ કામ કરવાને હું તૈયાર છું, પન તમારી મદદ હોય તોજ બને. આમદ શેઠ, કાંઈ ગોઠવન કરો તો બહુ સારૂ, હું પન તમારો ઉપકાર નહિ ભૂલું.

આમદ—મારી સ્ટીમ લાંચ નદીમાં રહે છે. મેલટ્રેનમાંથી એને યુક્તિબંધ ઉતારી લઇને લાંચમાં બેસાડી નસાડવી હોય તો તેવી ગોઠવણ કરી શકાય એમ છે.

પેસ્તનજી—હા યાર, એમ થાય તો ઘનું સારૂં.

આમદ—તમારે મને લારી આપવી પડશે, એમાં બેશીને મેલ આવતા પ્હેલાં હું નદી કિનારે જઈ પ્હોંચું, અને ધારણા પ્રમાણે કામ પાર ઉતારી આપું.

પેસ્તનજી—પન યાર આ વાત ફૂટે નહિ એની પૂરી સંભાલ રાખવાની છે, હો કે!

આમદ—એની ફિકર આપ રાખશો નહિ. હું બરાબર કામ પાર ઉતારીશ-મારા મગજમાં બરાબર ગોઠવાઇ ગયું.

પેસ્તનજી—ધરમના કામમાં ઢીલ શું કરવાને કરવી જોઇયે! (ટ્રેન ટેબલ જોઇને).

હમનાં ચાર કલાક સુધી કોઇબી ડાઉન ટ્રેન વટપુર આવવાની નથી, એટલી વારમાં તમે લારી લઇને જાઓ, અને તમારે જે ગોઠવન કરવી હોય તે કરો. ખરચ સામું જોશો નહિ. હું તમુને આપસ.

આમદ—શેઠ, એ શું બોલ્યા! તમારી, અને મિસ બેલીની ખાતર ખરચ થાય એ શું મને વધારે ગણાય!

તમારી નાંક સાચવવાને હું આ નોકરી કરૂં છું એટલી વાત તમે ધ્યાનમાં રાખજો એટલે બસ છે.

(उपाङ्क)

प्रवेश १ लो.

સ્થળ—મુજળા નદીના કિનારા ઉપર આમદનો પડાવ.

આમદ, અને આગબોટના ખારવા, નાખુદા,

આમદ—(આગબોટના ખારવાઓને) જુવો ભાઇ, આજે આપણે અગત્યનું અને વિશ્વાસનું કામ સિરસટે કરવાનું છે, અને તે બહુ છાનું કરવાનું છે;

નાખુદા—જે ફરમાવશો તે કામ જીવ સટે કરશું, અને વાયરે પણ વાત નહિ જાણે હોલકે ?

આમદ—નાખુદા, તમે આગબોટ ઉપર રહો. અને આ તમે ચાર જણા મારી સાથે લારીમાં આગલે સ્ટેશને આવો, ત્યાં શું કરવાનું છે તે હું તમને કહીશ. જુવો નાખુદા ! મેલગાડીને આ પૂલ ઉપર આવતાં ત્રણ કલાકની વાર છે, બોટ ચલાવવાને સ્ટીમ તૈયાર કરજો, અને પૂલની આ બાજુએ ચાર જણાને અને બીજી સામી બાજુએ બીજા ચાર જણાને તૈયાર ઉભા રાખજો. હુ જે માણુસોને લઈને ઉતરૂં તેમને ઉચકી લઈ જઇને આપણી આગબોટમાં ચડાવી દઇ આગબોટ હંકારી જવાની છે.

નાખુદા—બહુ હારૂ શેઠજી-અમે આપના કહેવા પરમાંને ગોઠવન કરી રાખીશુંજી.

આમદ—રામલા, ભાણા, જસા, ને સોમલા, તમે ચારે જણા મારી સાથે લારીમાં આવો.

(પરવડી સ્ટેશને રવાને થાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—પરવડીનું સ્ટેશન.

મેલટ્રેન આવી ઉભી રહે છે.

આમદ—(સેકંડકલાસની ગાડિયો તપાસતાં તેમાંની એકમાં મિસ બેલીને ડોકું કૂહાડેલી જોઇને તેની પાસે જઈ ધીરે રહીને) હું તમને ભગાડી લઇ જવા આવ્યો છું. (એમ કહી ચાર માણસો સહિત તે ખાનામાં ચડી બેસે છે.)

મિસ બેલી સ્ટેશનમાસ્ટરને ઓળખીને તેની સાથે વાત કરતી જોઇ મધુરી તે સાંભળવા ઉતરી પડે છે.

(મધુરી ચડવા આવે છે તેને મિસ બેલીના કૂહેવાથી પેસવા દેતા નથી, ગાડી ચાલી જાય છે.)

મિસ બેલી—(પોલિસવાળાને ઉંઘતા જોઈ આમદની સાથે પેશાબખાનામાં જાય છે.) આમદ શેઠ, મેરી પર બડી આફત આઈ હૈ; મુઝે બચાઓ.

આમદ—મિસ બેલી! તમારી આવી વલે થઈ તે મારા અને પેસ્તનજીના જાણવામાં આવી, તેથી હું પેલા મારા ચાર માણસો લઇને તમને નસાડી લઈ જવા આવ્યો છું. અહિંથી, થોડીવારમાં સજળા નદીનો પૂલ આવશે. ત્યાં આગળ મારાં માણસો ઉભાં રાખ્યાં છે. તે ગાડીમાંથી તમને ઉચકી લઇને મારી આગબોટમાં ચ્હડાવી દેશે. પોલિસના સિપાઇયો તેટલી વાર જાગશે તો તેમને મ્હાત કરવાનો ઉપાય કરીશું. પેલો બીજો માણસ ઉંઘે છે તે કોણ છે?

મિસ બેલી—એ મેરા સાથી હૈ ઉસકોભી અપની સાથ લે લેના.

આમદ—ઠીક છે. (બંને પેશાબખાનામાંથી બ્હાર નીકળી પોતપોતાની જગ્યાએ બેસે છે.

મિસ બેલી—(વિરહાને જગાડી તેના કાનમાં) અભી પૂલ આયગા, વાંસે આમદ શેઠકી સાથ ભાગજાનેકા હૈ. હોશિયાર રહિયો.

વિરહો—(આંખો ચોળતો આમદ ભણી જોઈ તેને સલામ કરતાં) હું તૈયાર છું.

આમદ—(પોતાના એક માણુસને પેશાબખાનામાં લઈ જઇને) અમે ત્રણ જણાં પૂલ આગળ ઉતરી પડીશું. જો પોલિસ સિપાઇયો ઉંઘતાજ રહે તો તમે પણ અમારી સાથે ઉતરી પડજો. પણ કદાપિ તેમાંથી કોઈ જાગે ને ધાંધળ કરે તો, તેના પ્હેલાં તેના મ્હોંમાં આ લુગડાના ડૂંચા ઘાલી (લુગડાં આપે છે) આ દોરડાંવતી બાંધી (દોરડાં આપે છે) આ પેશાબખાનામાં પૂરી દેજો. (બ્હાર નીકળી પોતાની જગ્યાએ બેસે છે.)

એક પો. સિપાઈ—(પાસુ મરડી જુવે છે તો બીજાં માણસો ગાડીમાં બેઠેલાં જોઇ) તુમ લોક યે ખાનામેં કાયકું આયે ! દેખો ઇધિર દો કેદી હૈ.

આમદ—(નરમાશથી) માફ કરો જમાદાર સાહેબ ! અમારી મ્હોટી ભૂલ થઈ. ઉપડી જતી ગાડિયે સ્ટેશનમાસ્તરે અમને આ ગાડીમાં બેસારી દીધા. અમારે આ કેદિયો ભેગા ન બેસવું એમ તમારો હુકમ હશે તો આવતે સ્ટેશનેથી અમે ઉતરી પડીને બીજા ખાનામાં બેશીશું.

સિપાઈ—હમારા જમાદારકુ પૂછના ચાહિયે (એમ કહી તેને જગાડવા જાય છે.)

રામલો—(તેને એકાએક પકડીને તેના મ્હોમાં ડૂચો મારી તેને પેશાબખાનામાં લઇ જાય છે.) વધારે તોફાન કરીશ તો તારૂં મોત આવ્યું જાણજે (ભાણો, જશો ને સોમળો અંદર દાખલ થાય છે.)

ભાણો—(એક દોરડાવતે તેના હાથ બાંધતાં) જો તોફાન કરીશ તો મારયો જઇશ.

જશો—(તેના બે પગ બાંધી તેને પાણીના નળની પાઇપ સાથે બાંધીને ચારે જણા બ્હાર નીકળી આવે છે.

સોમલો—(જમાદારના મ્હોમાં ડુંચો ઘાલે છે. તે જાગે છે, તેના હાથ પગ તાબડતોબ ભાણોને જસો બાંધી લે છે.)

રામલો—(ત્રીજા સિપાઈના મ્હોમાં ડૂચો ઘાલે છે, ને બીજા, તેના હાથ પગ બાંધી લઇને પેશાબખાનામાં ઘસડી જાય છે. ત્રણેને ભેગા એક દોરડે બાંધી, ઉઠી કે બેશી શકે નહિ એમ જકડીને બાંધે છે.)

प्रवेश ३ जो.

સ્થળ—સજળા નદીનોપૂલ.

ગાડી ધીમે ધીમે ચાલે છે.

આમદ—(ગાડીમાંથી ઉતરી પડતાં) **સોમલા** ! તું મડમ સાહેબને ઉતારી ઉચકી જા. **શામલા** ! તું આ વિરહાભાઇને ઉતારી લઇ ચાલ. **જસા** ! તું આ સામાન ઉપાડી ચાલ્યો જા. **ભાણા** ! તું મ્હારી પડખે રહે.

(બધા ઉતરી ગોઠવણ પ્રમાણે રવાને થઇ જાય છે.)

એક માણસ મધુર—(ગાડીના બીજા ખાનામાં બેઠો હતો તે) વિરહાનું નામ કોણે દીધું ! (કેદીખાનામાં જોતાં કોઇને દીઠું નહિ એટલે સ્વગત) પેલાપણ કોણ જાય છે ! (શક જવાથી પૂલને બીજે છેડે ઉતરી પડે છે. ચાર માણસોને પૂલ આગળ ઉભેલા જોઇને તેમના પ્રતિ) પેલાપણ ઉતરી પડ્યા ને હું રહી ગયો. એ તો બધા ચાલ્યા ગયા.

ખારવો—હેં, તમે પણ ઉતરવાનું ભૂલી જ્યા ! એ બધા આગબોટ ઉપર જાય છે. પીર ટેકરે ઉતરશે.

એક માણસ મધુર—હું એમનો માણસ છું ત્યાં ઉતરવાને બદલે અહિં ઉતરી પડ્યો. ભાઇઓ, મને આગબોટ ઉપર લઈ જાઓ. જો હું વખતસર નહિ પ્હોંચું તો ઠપકો ખાઇશ.

ખારવો—એમ છે તો હેંડ મારી પછવાડે. (લઇ જઈ આગબોટ ઉપર ચડાવી દેછે.)

એક માણસ મધુર—(કોઇ દેખે નહિ એમ છાનોમાનો ચડી જઇને આગબોટના તાસખાનામાં પેશી જાય છે) અહિં કોઈ મને જોશે નહિ.

(પોતાની ગાંસડીમાંથી સામાન ક્હાડીને વેશ બદલી નાંખે છે, લાંબી દાઢી બાંધીને મુસલમાન બને છે.) હા, હવે પીર ટેકરાનો ખરેખરો મુસલમાન બન્યો. (આરસામાં પોતાનું મ્હો જુવે છે.) હવે જખ મારે છે. મિસ બેલીને વિરહોપણ બેઠા હરખાય છે, અને હું તાસખાનામાં

બેઠો હરખાઉં છું, આગબોટ ઘણાજ વેગથી ચાલે છે, પેલો ઉંચો ડુંગરો દેખાય છે એજ પીરટેકરો હશે. ચેર અને પીલુડીના ઝાડની ઘટ ઝાડી દેખાય છે. આગબોટ ઉભી રહી કે તરત તે છાનોમાનો ઉતરી પડી ઝાડીમાં ગુમ થઇ જાય છે.)

આમદ—(માણસોને) આ સામાનની ગુણો ને ગાંસડિયો પેલા પીરના થાનકમાં લઇ જાઓ. મિસ બેલી તમે મારો હાથ પકડો, હું તમને ધીરે રહીને ઉતારૂં. વિરહાભાઇ તમે પણ ઉતરો.

મિસ બેલી—(તેનો હાથ પકડી ધીરે રહી ઉતરતાં) આમદ શેઠ, મેરે પર આપકા બ્હોત એહશાન હુવા.

આમદ—મેં મારી ફરજ બજાવી છે. આપની મારા ઉપરની મેહેરબાનીના બદલામાં આ સેવા કશા હિસાબમાં નથી.

(બંનેને લઇને પીરના ટેકરાને માર્ગે ચાલ્યા જાય છે.)

વેષધારી મધુર—(માર્ગને એક પડખે લાકડાની ભારી માથે મૂકીને ઉભો છે) મિસ બેલીને બાળવાને લાકડાં જોઇશું ત્યારે ખાણું પકાવી શકશે. જો એ પેલાં આવે.

આમદ—(તેને સામો આવતો જોઈ) આ લાકડાંની ભારી વેચવાની છે ? તને રોટી પકાવતાં આવડે છે ?

વેષધારી મધુર—યેહ લકડેકી ભારી બેચનેકી હૈ. મૈં રોટી પકાતા હું. ચાવલ રાંધતા હું, મિઠાઈ બનાતા હું. ખાનેકી સબ કુચ ચીજેં પકા શકતા હું. મૈં જાતકા બટલર બબરચી હું.

આમદ—ત્યારે તો ચાલ મારી સાથે, તને આ ભારીના પૈસા આપીશું અને તને બટલરનું કામ સોપીશું. શો પગાર લઈશ બોલ !

વેષધારી બટલર—હમેશ રખો તો પંદરા રૂપિયે, ટુંક મુદત રખો તો બીસ રૂપયે.

આમદ—કબુલ છે. અમને ફાવતું આવશે અને આ મડમ સાહેબને તારી રસોઇ પસંદ પડશે તો તને હમેશને માટે રાખીશું ને પંદર રૂપિયા પગાર આપીશું. ફાવતું નહિ આવે તો થોડી મુદત માટે રાખીને વીસ રૂપિયા લેખે તારો પગાર ચૂકવી આપીશું.

બટલર—અચ્છી બાત હૈ. યેહ કરાર મુઝેં કબુલ મંજુર હૈ.

એક ખારવો—(સામો આવીને) શેઠજી, પેલું પણ દેખાય છેકને એ બબરચીખાંનું છે. દાંણાના બધા કોથળા તાં મૂસ્યા છે.

આમદ—(બબરચીને) આ ખારવા સાથે તમે બબરચીખાનામાં જાઓ. અમે મેમણ છિયે એટલે હિંદુ લોકની પેઠે ચાવલ, દાળ, રોટલી, શાકભાજી એવું જમિયે છિયે, માટે તેની રસોઇ બનાવી ઘો. આ મડમ સાહેબ પણ એવીજ રસોઇ જમે છે.

બબરચી—મડમ સાબકુ ઔરખાના સાબ લોકકા ચહિયે તો વો ભી મેં પકા શકતા હું. કયું મડમ સાબ કયા હુકુમ ફરમાતે હો.

મિસ બેલી—શેઠજીને કહા ઉસ મુઆફક ખાના પકાઓ.

બબરચી—આપકા હુકુમ સિર ઉઠાતા હું. (નીચે પડી, સલામ કરતો બબરચીખાનામાં જઇ રિસોઈ બનાવે છે, પોતે પ્રથમ ખાઇ લે છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—મિરઝા પીરના તકિયાનો એક ઓરડો.

આમદ, મિસ બેલી, અને વિરહો.

(જમવા બેઠા છે ને વાતો કરે છે).

આમદ—(જમતાં જમતાં) મિસ બેલી, હું અને પેસ્તનજી તમારી બધી હકીકતથી વાકેફ થયા છિયે. પોલિસખાતાવાળાના મુંબઇના અને વટપુરના તાર અમે વાંચ્યા છે. આ ઇલાયદી જગ્યા છે. અહિં કોઇનો અવરજવર નથી. આખું જંગલપડયું છે. હવણાં બધે હોહા થશે. તે શમી ગયા પછી, આપણે જ્યાં જવું હશે ત્યાં જવાશે. આગબોટ મારી પોતાની છે. તેમાં આવજા થઇ શકે એમ છે. પેસ્તનજીને મળવું હોય તો એમને હુ અહિં બોલાવી લાવું, પણ સ્ટેશને એમની ગેરહાજરી પોસાય એમ નથી. જો બની શકે તો એ રજા લઇને આવી શકે પણ તમારા કેસમાં એ પણ સપડાયા છે તેથી એમનાથી વટપુરથી ભાગ્યેજ ખશી શકાશે.

બબરચી—(સ્વગત) ખાવાની ચીજો પીરસતાં, એમની વાતો બધી સાંભળી લેવાય છે એ પણ ઠીક થયું.

મિસ બેલી—બોલ. મિ. વિરહા તેરી ક્યા મરજી હૈ! અબ કૈસા કરના!

વિરહો—જો આપણાથી મુંબઇ જવાય અને કોઇ એકાન્તની જગ્યામાં છૂપા રહેવાની જોગવાઈ બની શકે એમ હોય તો મુંબઇ જવું ઠીક છે. ત્યાં આપણને બધી બાનમી મળી શકશે, વળી મુંબઇમાં છૂપા રહી શકીશું તેવી રીતે બીજે કહિં રહી શકાવું કઠિણ છે.

મિસ બેલી—તેરી યહ બાત મુજકો ભી પસંદ આતી હૈ. લેકિન અપની પાસ પૈસા નહિ.

વિરહો—મારી પંદર લાખની મતા ગઈ, એટલે, મારી પાસે પણ ફૂટી બદામ રહી નથી.

મિસ બેલી—ને મેરા ૮૦ હજાર ભી ગયા. ફિરોજ જમશેદ સિનેમાવાળા પાસ મેરા ૨૭ હજાર રૂપિયે હૈ, મગર વો તો સિનેમા બિલ્ડિંગમેં ખર્ચ હો ગયે ઐસા વો બોલતાથા.

આમદ—તમારી મુસિબત મારા સમજવામાં આવી. મુંબઈમાં મેમણવાડામાં મારૂં ઘર છે. તેના ચોથા મજલા ઉપર તમને રહેવાની હું સોઇ કરાવી શકીશ. મેં મારે માટે તે મજલો ખાલી રાખ્યો છે, અને તે તમારે રહેવા લાયક તૈયાર છે. ત્યાં ગયા પછી, તમારે જે ગોઠવણ કરવી હશે તે કરી શકાશે. આ સેવક તમારી ચાકરીમાં હાજર છે; મારાથી બનતી સર્વે પ્રકારની મદદ હું આપી શકું એવી મારામાં આવડ છે, અને સાધન પણ મારે જોઇયે તેવાં છે.

મિસ બેલી—આપકો મૈં બોત એહશાન માનતી હું. જો આપને ઇતની તકલીફ ન લી હોતી તો કૈદખાના હમારે સિરપર આ ચૂકા થા. (વિરહા ભણી જોઈને) બોલ વિરહા! અબ ક્યા કરના! યે સેઠકી મેરેપર બડી મહેરબાની થી ઇસ લિયે ઉનુને ઈતની તકલીફ ઉઠાઇ! દેખ લિજિયે.

વિરહો—એ જો આપણને ઉપાડી લાવ્યા હોત નહિ તો આપણા બૂરા હાલ હતા. મને તો શેઠની સલાહ દુરસ્ત લાગે છે. અહિં રહેવું જોખમ ભરેલું છે. પોલિસના સિપાઇયોને આગગાડીના પેશાબખાનામાં પૂર્યા છે, તે ઉઘાડવામાં આવશે ત્યારે તેઓ બધી હકિકત કહેશે અને

પૂલ આગળની જગ્યાઓ શોધાશે તે સાથે અહિં લગી પણ તપાસ થશે, અને જો તેમ થાય તો આપણે પકડાઈ જઇયે, માટે હવે, આપણે જમી પરવાર્યા છિયે તો આગબોટમાં બેશી જઇયે. હવે આપણે તાકીદથી મુંબઈ પ્હોંચી જઇયે એજ આપણે માટે સારો માર્ગ છે.

મિસ બેલી—મિસ આડમ ! ચલિયે અબ તાકીદસે.

(જવા માંડે છે.)

આમદ—(બબરચીખાનાની ઓરડીમાં જઇ) બબરચી, હવે આપણે મુંબઇ જવું છે. આ બધો સામાન માણસો પાસે ઉપડાવીને તું આગબોટ ઉપર આવી પ્હોંચ.

બબરચી—બોત ખૂબ શેઠજી. યેહ સબ સામાન લેકે તાકીદસેં મૈં આતા હું, આપ ચલિયે (બબરચીખાનામાં રખાવેલો બધો સામાન ઉપડાવી માણસોને વિદાય કરે છે. ત્યાર્ પછી એક કોયલો લઇને બ્હારની ભીંત પર લખે છે—

મુંબઈ, મેમણવાડો, આમદબિલ્ડિંગ,

મ.

(ઉતાવળો આગબોટ ઉપર પ્હોંચી જાય છે. આગબોટ રવાને થાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—વટપુરનું રેલવે સ્ટેશન.

પેસ્તનજી—(ટ્રેન આવવાની રાહા જોતો મોખરાને છેડે ઉભો રહે છે. ટ્રેન આવે છે. સ્વગત) અહો! ફર્સ્ટ અને સેકન્ડ ક્લાસમાં **આમદ** કે કેદિયો કે પોલિસ કોઇ પણ દેખાતું નથી. સાબાશ **આમદ**! સાબાશ!

(પોલિસ પાર્ટી લઇને પો. સુપરિનટેણ્ડણ્ટ હાજર છે ગાડિયો તપાસે છે.)

પો. સુ.—પોલિસસિપાઇ કે કેદી જોવામાં આવતા નથી. સેકન્ડ ક્લાસની બધી ગાડિયોની અંદર પેશીને તપાસો.

એક જમાદાર—(એક ગાડી તપાસતાં) આ ગાડીની બેઠક નીચે પોલિસના સિપાઇયોની આ એક પોટકી છે. પણ પેશાબખાનામાં ધબાકા થતા સંભળાય છે, તે શાના હશે ! (તે ઉઘાડતાં) અરે ! અહિં તો ત્રણ પોલિસ સિપાઇયો બાંધેલા જણાય છે ! (તેમના મ્હોમાંથી લુગડાના ડૂચા કહાડી નાંખી તેમને છૂટા કરવામાં આવે છે. અને તેમને વેટીંગ રૂમમાં લઇ જઈ મેડીકલ બરદાશ્ત કરાવ્યા પછી તેઓની પાસેથી–)

પો. સુ.—(હકીકત સમજી લે છે અને પરવડી સ્ટેશને પોલિસ ઇન્સ્પેકટરને તારમાં બધી હકિકત જણાવે છે.

પ્રવેશ ૬ ઠ્ઠો.

સ્થળ—પરવડી સ્ટેશન.

જહાંગીર તારમાસ્તર અને હેરકના વેશમાં મધુરી.

હેરક મધુરી—(સ્વગત) મિસ બેલીની સાથે વાત કરતાં આ તારમાસ્તર છે એમ જણાયું અને તે પ્રથમ વટપુરમાં આસિસ્ટંટ તારમાસ્તર હતો તેથી મિસ બેલીને ઓળખતો હતો એમ તેમની વાતોનો સાર સમજવાથી હું ગાડીમાંથી ઉતરી પડી, અને જ્યારે ગાડી ચાલવાની બીજી સીસોટી વાગી ત્યારે મિસ બેલીવાળા અમારા ખાનામાં માણસો ચડ્યા, તેમણે મને અંદર પેસવા નહિ દેતાં બારણું બંધ કરી દીધું, ગાડી ચાલી ને, હું રહી ગઈ. હવે તો પેલા જહાંગીર તારમાસ્તર પાસે જઇને બાતમી મેળવું, (તેને જઈ મળતાં) સલામ સાહેબ, હું સેકન્ડ કલાસ પેસેનજર છું. તમો મિસ બેલી સાથે વાત કરતા હતા, ત્યારે હું નીચે ઉતર્યો હતો, અને તેની ગાડીમાં બેસવા ગયો ત્યારે અહિંથી મેમણ જેવો દેખાતો એક ગૃહસ્થ અને ચાર માણસો ગાડીમાં ચડ્યા, તેમણે મને અંદર દાખલ થવા દીધો નહિ, એ માણસ કોણ હતો !

જહાંગીર તારમાસ્તર—એ આમદ નામનો કંટ્રાકટર છે, અહિંથી પાસે સુજળા નામની નદી આવે છે ત્યાં આગળ એનો મુકામ રહે છે, ત્યાંના એ માણસો હતા. એની એક આગબોટ આયે કોસ્તા ઉપર નદીમાં આવજા કરે છે, તેમાં માલ અને પેસેનજરોને પણ લેછે, પેલી લારી દીઠી ? એમાં બેશીને એ વટપુરથી આય ઇસ્ટેશને આવિયો હતો.

હેરકમધુરી—ત્યારે તો એને જરૂરી કામ હશે !

જહાંગીર—મિસ બેલીના ઓળખાણને લીધે તેને લેવા બી આયો હોય, કેમ કે લારીમાં આયો ને તેના ભેગો પાછો ગિયો.

(ઘંટડી વાગે છે તે સાંભળી ઑફીસમાં જાય છે.) માફ કરજો, સાહેબજી, કોઇ સંદેશાનો તાર આવેચ.

હેરકમધુરી (સાથે જતાં) હું અહિં બેસું તેમાં કાંઇ હરકત છે !

જહાંગીર—ના જી, ભલે પેલી ખુરશીપર બિરાજો.

(નીચે પ્રમાણે તાર આવે છે.)

From—Police Superintendent of Vatpur.

To—Inspector of Police, Parawadi.

Miss Bailey and Virahá escaped just near Sajalá River side with others who entered her compartment and carried her away. Inquire.

અરે! આ ગોતાળો ક્યાંથી નિકલિયો ! જુવો સાહેબજી ! આ તાર.

હેરકમધુરી—હું આપનો આભાર માનું છું, પણ પ્લૅટફાર્મ ઉપર ફરે છે તે ઇન્સ્પેક્ટર જેવા જણાય છે.

હું એમને અહિં તેડી લાવું છું, તમે તાર બીડીને તૈયાર કરો. (પોલિસ ઢબથી તેને સલામ કરીને ડિટેક્ટિવની ચપરાસ તેની પાસે હતી તે બતાવે છે.)

પોલિસ ઈન્સ્પેક્ટર—તમે મુંબઇ ખાતાના હેરક છો ! અહિં કેમ આવવું થયું !

હેરકમધુરી—મારી સાથે કેદિયો હતા તે નાઠા છે. આપના ઉપર પણ તાર છે, પધારો.

પો. ઈન્સ્પેક્ટર—(પટાવાળો આવી તેને તાર આપે છે. રિસીટમાં સહિ કરી આપી તાર વાંચે છે.) તમે ચાલો મારી સાથે.

હેરકમધુરી—પેલી લારી તૈયાર છે. એમાં બેશીને ઝટ પ્હોંચી જવાશે. (સ્ટેશનમાસ્તર પાસે જાય છે તેને હકિકત સમજાવતાં તે લારી તૈયાર કરાવે છે તેમાં બેશીને સજળા નદીના પૂલ ભણી રવાને થાય છે. ત્યાં આગળથી અગત્યની બાતમી મેળવ્યા પછી, એક બતેલામાં બેશીને જતાં એટડામાં પીરતકિયાની ટેકરી જેવામાં આવે છે તેથી ત્યાં ઉતરી પડે છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—બેરડામાં પીરતકિયાનો ટેકરો.

(હેરકમધુરી, પોલિસ ઇન્સ્પેકટર, જમાદાર, અને સિપાઇયો).

હેરકમધુરી—આ માર્ગે પગરવટ તાજો થયેલો છે. આ ઘરનું જંગલ ઘાડું છે. એમાં સંતાઇ રહે તો પત્તો લાગે નહિ એવું છે. (જરા પડખે ચાલતાં પગલાં જોઇને ખમચતાં) આ પગલાં મને તો વાઘના જેવાં લાગે છે.

એક પોલિસ સિપાઇ—આ ઝાડીમાં વાઘનું જોડું રહે છે એ અમારા જાણવામાં છે. ખરે, આ પગલાં વાઘનાંજ છે. (તે સાંભળી જમાદાર નાસવા માંડે છે.)

હેરકમધુરી—ખબડદાર નાઠા તો! તમારી પાસે બંધુક છે ને ડરો છો શા માટે!

પો. ઇન્સ્પેકટર—ડિસ્ટ્રીકટ પોલિસને હથિયાર વાપરવાની ઘણે પ્રસંગે અગત્ય પડે છે, માટેજ ડંડાને બદલે અમે બંધુકો રખાવિયે છિયે.

હેરકમધુરી—અને તે વાપરવાનો પ્રસંગ આવે ત્યારે!

પો. ઇન્સ્પેકટર—તે વાપરવી જોઇયે. જમાદાર! તમેજ ભાગવાનું કરો છો એ શરમ ભરેલી વાત છે.

પો. જમાદાર—અમે કાંઈ મરવા આવ્યા નથી. જાણી જોઇને વાઘના મ્હોમાં શું કરવા જવું જોઇયે! (વાઘનો ઘુઘવાટો સંભળાય છે. તે નાસવા જાય છે.)

હેરકમધુરી—(તેને અટકાવીને તેની પાસેથી બંધુક લઈ લે છે.) હવે તમારે નાશી જવું હોય તો નાશી જાઓ, બંધુક ભરેલી છે?

પો. નાયક—હાજી, ભરેલી છે; અરે, જુવો પેલો વાઘ સામો આવે છે. બધા ગભરાઈ જાય છે.

હેરકમધુરી—ખબડદાર કૂતરા! (તેના ઉપર બંધુકથી ગોળી છોડે છે તે તેના ફાડેલા મ્હોમાં સુસરી નકળી જાય છે, તે છલંગ મારી પાસે આવતાં, પડે છે. મધુરી પોતાના ખિસ્સામાંથી પાંચનાળી પિસ્તોલ કૂહાડે છે, એક પછી એક સાંમટી ગોળિયો ચલાવે છે. વાઘ શબ થઈ પડે છે.)

પો. ઇન્સ્પેકટર—સાબાશ ભાઈ! સાબાશ ! તમારૂં વય તો ઘણું ન્હાનું છે ને નાજુક જણાઓ છો, પણ સમય સૂચકતાની સાથે હિંમત પણ ભારે છે. જોયું જમાદાર!

પો. જમાદાર—જગતમાં ફાવ્યા ડાહ્યા ગણાય છે, ઉંમર છોટી છે તેથી અનુભવ કાચો છે. જીવને જોખમમાં નાંખીને જસ ખટાતો હશે!

પો. ઇન્સ્પેકટર—જશ જાનગરો છે. જોખમ વ્હોરે તો જ જશ ખટાય. કહ્યું છે કે, (દોહરો)

જોખમ વણ જશ નવ મળે, જોખમ ખેડે જેહ,
જશ ખાટે છે જગતમાં, જયવંતો થઇ તેહ.

પો. જમાદાર—જાતજાતમાં ફેર હોય છે, તમે રજપૂત છો, ને હું વાણિયો છું.

પો. ઇન્સ્પેકટર—હિંગતોલનારા માટેજ બ્હીકણા છો; તમારે તે પોલિસખાતામાં શું કરવા પેસવું પડ્યું ?

પો. જમાદાર—તમારી પેઠે ફોજદાર અને પોલિસ ઇન્સ્પેકટરથવા માટે. અંગરેજ સરકારના રાજ્યમાં ક્યાં ધાડો પડે છે જે બ્હીવું પડે ! ચોરી ચપાટી થાય તેની જુવાનિયો લેવી ને ફાવતા ગોટાળા વાળવા એ અમેજ કરીશકિયે. તુમાર ગબડાવતાં અમને આવડે તેવું તમને ના આવડે. તમે તો આવા બંધુકોના ભડાકા કરતા ફરો, એવું કામ આવે તે તમે કરો ને લખાણનું કામ અમે કરિયે; ને ખિસ્સાં ભરિયે; હું તો ખરી વાત છે તે કહું છું, ફોજદાર થવાને જમાદાર થયો છું તે બંધુકો ફોડવાને કાંઈ થયો નથી; બંધુક તાકતાંજ કોને આવડે છે ? આ ભાઇયે તાકીને વાઘના મ્હોમાં ગોળી મારી તે અમારાથી બને કે ? અરે ધ્રુજતા હાથમાંથી બંધુક નીચે પડી જાય અને અમે વાઘની નીચે આવી જઇયે. અને એના દાંતના ને ન્હરના ઝપાટા ખાઇયે.

હેરકમધુરી—તમે નિખાલસપણે તમારો જે અભ્યાસ પડ્યો છે તે તમે જણાવો છો તે તમને મુબારક છે. વારૂ તમારી પાસે કારતુસ હોય તો આપો. આપણ બંધુક ભરી રાખીને તૈયાર રહિયે, કદાપિ વાઘણ હવણાં આવી પ્હોંચે.

જમાદાર—હા જી, લિજિયે (કારતુસ આપે છે).

હેરકમધુરી—(બંધુક ભરીને જમાદારને આપતાં) હું મારી પિસ્તોલ ભરૂં ત્યાં સુધી આપ આ બંદુક આપની પાસે રાખો. (પિસ્તોલનાં પાંચે ખાનાં ભરે છે, પિસ્તોલ ગૂંજામાં મૂકે છે, અને જમાદાર પાસેથી બંધુક લે છે. એટલામાં વાઘણનો ઘુઘવાટો સંભળાય છે.)

પો. ઈન્સ્પેકટર—વાઘણ સંભાળવાની છે. આપણે બધાએ સાવધાન રહેવાની ઘણી અગત્ય છે. વાઘની મરણચીસ એને કાને પડી હોય એમ સમજાય છે, જુવો એ ધસ્તી આવે છે. (તે બંદુક ઉગામી ગોળી બ્હાર કરે છે તે વાઘણના મસ્તક ઉપર સણસણાટ કરતી ચાલી જાય છે. વાઘણ પગ માંડી છલંગ મારવાની તૈયારી કરે છે. તેવામાંજ)

હેરકમધુરી—(બંધુક સાધતાં તાકીને ગોળી બ્હાર કરે છે. ગોળી તેના કપાળ ઉપર વાગે છે, એટલે, ઉભાં થતાં ભમરી ખાઇને પડે છે. બીજા સિપાઈ પાસેથી બંદુક લેઇને બીજો બ્હાર કરે છે તે તેના ફાડેલા મ્હોમાં વાગે છે. વાઘણ એક પડખે ચતાપાટ પડે છે.)

પો. ઈન્સ્પેકટર—સાબાશ! ભાઈ સાબાશ! મારાથી જે કામ ના થયું તે તમે કર્યું. તમારો શિકારનો પ્રેકટીસ પૂરેપૂરો જણાય છે. સાબાશ! ભાઈ સાબાશ!

હેરકમધુરી—વાઘનું જોડું હતું તે માર્યું ગયું એટલે હવે વધારે સાવધાની રાખવાની અગત્ય નથી. મનુષ્યોનાં પગલાં હજી આગળ વધ્યાં છે. બૂટની ઉભી એડીવાળાં પગલાં મિસ બેલીનાં હોય એમ લાગે છે. ચાલો એ પગલે જઇયે. (પડખાની બાજુએ વાઘનું બચ્ચું જતું જોતામાં આવતાં તેના ભણી દોડી જાય છે. બચ્ચુ નાસમનાસા કરે છે પણ છેવટે તેને પકડી લઇ આવે છે.) વીર વાઘના બચ્ચા! મેં તારા માબાપનો ઘાત કર્યો તેથી મારા સામાં ઘૂરકાં કરે છે! હા કરૂં જ, એ સ્વાભાવિક છે. હું તારો અપરાધી છું, (તેનું માથુ પંપાળતાં તે આગળ ચાલે છે. **પીર**ની ટેકરી આવે છે, સર્વ જગ્યા બારીકીથી તપાસે છે. પાસેની રસોડાની ભીંત ઉપર લેખ દેખે છે. આશ્ચર્ય પામીને) અહો! આ અર્થસૂચક લેખ છે.

મુંબઈ, મેમણવાડો આમદ બિલ્ડિંગ,

મ.

મધુર! મધુર! મારા વ્હાલા **મધુર!** આ તારાજ અક્ષર છે.

પો. ઈન્સ્પેકટર—મધુર કોણ છે?

હેરકમધુરી—(સ્વગત) મારા હૈયાનો હાર છે. (ચાસન) એ પણ મારા જેવોજ હેરક છે. કેદિયો સાથે એ પણ અમારા ભેગો હતો. કેદિયોની પછવાડે પડેલો, કેદિયો સાથે ભળી ગયેલો જણાય છે. અહિં એણે રસોઇ કરી છે, અહિં એ જમ્યો છે અને હું અહીં શોધ કરવા કદાપિ આવીશ એવી એની ખાતરી હોતાં, એ સર્વે જ્યાં જવાનાં છે તે ઠેકાણાની ભાળ લખી છે. જુવો અહિંયાંથી પાછાં પગલાં પડેલાં જણાય છે. બધાં પાછાં વળ્યાં છે ત્યારે હવે આપણે પણ પાછા વળો. આગબોટ મુંબઇ ગઇ, અને એ સર્વે મુંબઇ ગયાં એ વાત નક્કી છે.

પો. ઇન્સ્પેકટર—મને પણ એમજ સમજાય છે.

હેરકમધુરી—આમદ કંટ્રાકટરની આ બધી કારીગરી છે. એનું ઘર મુંબઇમાં આમદ બિલ્ડિંગ નામનું છે ત્યાંજ એ બધાંને લઇ ગયો, અને અગમચેતી કરી મધુરે તેના ઠામઠેકાણાની આપણને ચેતવણી આપી. રંગ છે મધુર ! તને રંગ છે !

(સર્વે બતેલા ઉપર ચડી બેસે છે. મુંબઇ ભણીનો અનુકૂલ પવન નિકળેલો જોઈ તંડેલને પૂછે છે) ભાઇ તંડેલ, મુંબઇ ભણી હંકારી જવાને પવન અનુકૂળ છે કે નહિ ?

તંડેલ—વાયરો મઝેનો નિકળેલો છે; આપણે ઝપાટાબંધ મુંબઇ મ્હોંચીશું.

હેરકમધુરી—આગબોટ આપણી આગળ ગઈ છે તેની લગોલગ થવાય કે નહિ ?

તંડેલ—વખત ઘણો વીતી ગયેલો છે. વાયરો પાંહરો વાયલો એકતો એ લાભ, વળી હાંભલો કે આગબોટને વરાળ ધચેલતી તેનો ધક્કો મળેલો તેથી તેને પકડી પાડવાની હું હિંમત બકતો નથી.

પો. ઇન્સ્પેકટર—ભલે, તંડેલ, બની શકે એટલી ઝડપથી હંકારો મુંબઇને માર્ગે.

(બતેલો ઝપાટાબંધ જાય છે અને મુંબઇને બંદરે છેવટે પ્હોંચી જાય છે.)

अंक ७ मो.

प्रवेश १ लो.

સ્થળ—મુંબઈ પોલિસ કમિશનરની ઑફિસ.

પોલિસ કમિશનર અને મધુરી.

પો. ક.—લડકી ! અચ્છા હુવા જો તું મેરી પાસ આઇ, અભી મેરે પર યહ તાર આયા.

મધુરી—(તાર વાંચી) મારા જાણવામાં એ બધી વાત આવી ગઈ છે, મેમણવાડામાં આમદ બિલ્ડિંગમાં, મિસ બેલી, અને વિરહો આવી સંતાવાના હોય એમ જણાય છે. એ ઘર હું હવણાંજ જોઇ આવી, અને તપાસ કરતાં મને એમ જણાયું કે, એ ઘરના ત્રણ મજલા ભાડે આપ્યા છે. અને ચોથો મજલો ઘરધણિયે પોતાની વપરાશ માટે રાખ્યો છે, એ માળો આમદ કંટ્રાકટરનો છે, અને તેનો એક ચાકર હવણાં તેમાં રહે છે. અપરાધિયો હજી લગણ ત્યાં આવ્યા નથી. મારી સૂચના એવી છે કે, એ લતાના પોલિસ ઇન્સ્પેકટરને હવણાંજ આપ બોલાવો.

પો. કમિશનર—(ટેલીફોન કરે છે.)

Mister Edward, please come at once to my office

(મિ. એડવર્ડ મારી ઑફિસમાં તુરત આવો.)

એડવર્ડ—(ઉત્તર આપે છે) yes sir, I am comming

(બહુ સારૂં સાહેબ, હું આવું છું.)

પો. કમિશનર—લડકી ! યે બાતમી તુજકો કિસ તરહસે મિલિ ?

મધુરી—(વિગતથી પોતાની કહાણીનો કિસ્સો કહી સંભળાવે છે) આપે મને પોલિસ હેરકની ચપરાસ આપી હતી, તેથી, આ કામ સિદ્ધ થયું, તેને માટે હું આપનો ઉપકાર માનું છું.

પો. કમિશનર—લડકી ! કયા તેરી તારીફ કરૂં ! તેરા કિસ્સા મુજકો બોત ઇન્ટરેસ્ટિંગ લગતા હૈ, ઔર મુઝે અજાઇબીમે ગિરકાવ બનાતા હૈ.

પોલિસ ઈન્સ્પેકટર મિ. એડવર્ડ પ્રવેશ કરે છે.

પો. કમિશનર—યહ મિસ મધુરીકી સાથ મૈં આપકી મુલાકાત કરાતા હું. યે લડકી અપને ખાતે કે લિયે બહુત કામકી હૈ. યે જો કહે ઇસ મુવાફક મામલા બિચારકે તાકીદસે અમલ કરના ચાહિયે.

(I Introduce Miss Mathuri to you, she is a very useful girl to our department please hear her and act at once according to her statement as circumstances permit.)

પો. ઈન્સ્પેકટર—મિસ મધુરી ! તમારી મુલાકાતથી મને ઘણો લાભ થવાનો છે, તમારે શું કહેવાનો છે ?

મધુરી—મેમણવાડામાં આમદ કંટ્રાકટરનો માળો છે તેના ચોથા મજલામાં ત્રણ અપરાધી આવી સંતાવાના છે, એ માળાની આસપાસ તમારા માણસો ફરતા રાખવા, અને અપરાધિયો આવી ઘરમાં પેસે કે તુરત મને પર૭ અંકના ઘરમાં ટેલીફોનથી ખબર આપવી.

(એક બાતમીદાર ઉતાવળો પ્રવેશ કરે છે.)

બાતમીદાર—બ્હેન મધુરી ! આમદ બિલ્ડિંગમાં હવણાંજ ચાર માણસો મુસાફર તરીકે દાખલ થયા છે; એમને ઘરમાં પેસતાં જોઇને હું આવ્યો છું.

મધુરી—તે દેખાવમાં કેવા જણાય છે ?

બાતચીદાર—એક સાહેબ લોક છે, બીજો અંગરેજી પોશાકમાં કોઇ એક જવાન છે, તે હાફકાસ્ટ જેવો જણાય છે, ત્રીજો, એક મેમણ જેવો સાદો માણસ છે. ચોથો, એક મુસલમાન લાંબી દહાડીવાળો છે, તેના હાથમાં કોથળો હતો, તેથી ચાકર હશે એમ લાગે છે, તે મારા સામું જોઇને મારા ભણી વળવાનું કરતો મને જણાયો, એટલામાં, પેલા મેમણ જેવા માણસે તેનો હાથ ઝાલીને તેને પોતાની ભણી ખેંચી લીધો, ને બધા ચોથે મજલે ચડી ગયા.

મધુરી—(પો. કમિશનર ભણી ફરીને) સાહેબ ! મારા સમજવામાં બધી વાત આવી ગઈ. સાહેબ લોક જેવો જે જણાય છે તે **મિસ એલી** છે; હાફકાસ્ટ એ **વિરહો** છે, અને લાંબી દહાડીવાળો મુસલમાન જેવો જણાય છે. એ મિસ્ટર **મધુર** છે. તેમજ **મેમણ** જેવો સાદો જણાતો માણસ **આમદશેઠ** કંટ્રાકટર માનવો જોઇયે. મધુર તેમના ભેગો ભળી

ગયો છે તે **આમદનો** બબરચી બન્યો હશે. **પીરટેકરાના** બબરચીખાનોની ભાંતે તેણે કોલસાથી સૂચના લખી હતી કે "**મુંબઈ, મેમણવાડો,** આમદ બિલ્ડિંગ. **म.**" આ ઉપરથી હું ચેતી ગઇ.

પો. કમિશનર—તેરી અગમચેતી બરાબર હૈ. દેખો મિસ્ટર એડવર્ડ યે લડકી કૈસી દુરંદેશી ઔર ચાલાક હૈ !

પો. ઇન્સ્પેકટર—ખરી વાત છે, મિસ **મધુરી** ! મારા થાણામાં હવણાં ૧૨ સિપાઇયો હાજર છે. ચાર જણાને પકડવાને એટલા માણસો સફિશિયંટ છે. **નાસર** જમાદાર ઉપરી રહેશે.

પો. કમિશનર—આધે ડઝન સીપાહી મેરી ઑફિસસે લે જાઓ.

મધુરી—ચાલો હવે ઝટ કરો.

પો. ઈન્સ્પેકટર—મારી મોટરકાર હાજર છે. ચાલો, આપણે જઇયે.

પો. કમિશનર—છે સિપાહિયોકો મૈં બાયસિકલસે અભી રવાના કરવા દેતા હું. (સર્વે જાય છે.)

प्रवेश २ जो.

સ્થળ—મેમણવાડામાં આમદ બિલ્ડિંગ.

નાસર જમાદાર—(આમદનું ઘર ઘેરી લે છે.)

આમદ—(સીડી આગળ પોટલિયો ગોઠવતો હતો તે સટકી જવા ધપે છે.)

નાસર—(તેને રોકી) મત ભાગો, કિસિકો જાને દેનેકા હુકુમ નહિ.

આમદ—(**નાસરના** કાનમા વાત કરી તેને કાગળનું એક પડીકું આપતાં) હું તો ઘરધણી નથી, પાડોશી છું માટે મને જવા ઘો.

નાસર—જંદ તો તુમ તાકીદસે ભાગ જાઓ.

આમદ—(ઉતાવળો ધશી જઇને, હજી પોતાની મોટર ઉભી હતી, તેમાં બેશી પાલવા બંદર ઉપર જાય છે, ત્યાં પોતાની લાંચ હતી તેમાં બેશી વરલીના એકાન્ત દરિયામાં હંકારી જાય છે.)

પો. ઇન્સ્પેક્ટર—(મોટરમાંથી ઉતરતાં) જુવો મધુરી, અમારા થાણાના **નાસર** જમાદારે ૧૨ સિપાહિયોથી **આમદ** બિલ્ડિંગ ઘેરી લીધી છે.

મધુરી—એ તો ઠીક થયું છે. પણ અંદરથી કોઇ છટકી જાય નહિ એ સંભાળવાનું છે. માટે ચાલો આપણે ઘરમાં પેશી જઇયે. જોઇ પેલી બારીમાંથી ડોકિયાં કરે છે તે મિસ બેલી છે. (ઘરમાં દાખલ થવા આગળ વધે છે.)

મિસ બેલી—(બારિયેથી જોઇને) મિસ આડમ, દેખ, નીચે પોલિસ ઇન્સ્પેક્ટર આ ગયા. અબ કયા કરના !

મિસ આડમ—સાથે પેલી મધુરી છે. અરે એ તો ઘરમાં પેઠાં. (પ્રવેશ કરવાનું બારણું બંધ કરતાં) ચાલો આપણે અગાશીમાં થઇને ભાગિયે, (પાસેના ઘરની અગાશીમાં બંને કૂદી પડે છે. તેમની પછવાડે ઇન્સ્પેક્ટર અને મધુરી ધાય છે, છાપરાં અને અગાશિયો ઉપર નાસમ-નાસા થાય છે.)

મધુર જે બબરચીના વેશમાં છે, અને જે નીચે ઉતરી પડેલો છે, તેને **આમદે નાસર** જમાદારે કાંઇકિ આવ્યું એવો ભાસ થયો છે. તેની નજર છાપરે છે અને ઉપરવાળા જેમ છાપરાં કૂદતા નાસે છે, તેમ તેમ તે નીચે માર્ગમાં આગળ વધતો જાય છે. (અહિં ફિલ્મ દાખલ કરવી.)

મિસ બેલી અને **આડમ** બંને જણાં કૂદકારા મારતાં, ચોથા ઘરની અગાશીમાં પેશી જાય છે.

મિસ બેલી—એ આકાશી (છત) સે નીચે ઉતરકર ભાગ જાના મુનાસિબ હૈ.

વિરહો—હા, હા. ઉતરી જા તું નીચે, હું અગાશીનું બારણું બંધ કરૂં છું એટલે પોલિસ હવે આપણી પીઠ પકડી શકશે નહિ. (બંને જણાં, ત્રીજે મજલો ફરી વળી, બીજે મજલે આવે છે, ત્યાં એક ઓરડામાં, ટેબલ ઉપર પૈસાની થેલી (પર્સ) જોવામાં આવી તે વિરહો ઉપાડી લે છે, એક વળગણિયે બઇરાંનાં લુગડાં હતાં તેમાંથી બંને જણાં અકકેકો સાલ્લો પ્હેરી લે છે. બઇરાંના કબજા પણ ખીંટિયે ભરવેલા હતા તે પણ પ્હેરી લે છે,

અને લાગલાજ ભોંયતળિયે આવી બ્હાર નીકળી નાસે છે. જરા છેટે, ભાડાની મોટરકાર ઊભી હતી તેમાં બેશી જાય છે.)

મધુર—(જે ઉંચે તથા નીચે, ઇમારતો તપાસતો આગળ વધતો જતો હતો, તે બે બાયડિયોને દોડતી જતી જોઇને તેમની પછવાડે દોડે છે; અને જે મોટરકારમાં તે બેશી ગયાં છે તેના પાછલા ભાગ ઉપર ભરાઇ બેસે છે.)

વિરહો—(મોટર હંકારનારને) અમારે મહાલક્ષ્મી દર્શણ કરવા જવું છે, માટે અમને તાકીદથી વરલી લઇ જા.

મોટરવાળો—અચ્છી બાત હૈ. અભી પ્હોંચા દેતા હું (મોટર ઝપાટાબંધ ચલાવે છે).

વિરહો—મેં જે કબજો પ્હેરી લીધો છે તેમાં એક સોનાનું ઘડિયાળ છે, અને આ બીજા ખિસ્સામાં એક કોથળી છે (તે ઉઘાડી જુવે છે) એમાં રૂ. ૧૦–૧૨-૦ રોકડા છે, અને દશ દશ રૂપિયાની દશ નોટો છે. ચાલો હવે આપણી ભીંડ ભાગી. ખરચી મળી આવી, આ મોટરવાળાને ભાડું આપવા જેટલા પૈસા આપણી પાસે હતા નહિ તે મિસ બેલી, તારા ભાગ્યેજ મળી આવ્યા.

મિસ બેલી—(પોતે પ્હેરેલા કબજાનાં ખિસ્સાં તપાસે છે). દેખિયે, યહ ઓપન ફેસકી એક ઘડિયાળ હૈ ! સોનેકી સાંકળી ભી હૈ ! દેખું દુસરે ખિસ્સેમેં કયા હૈ ? દેખ, એ પાંચ રૂપિયે, ૩) ચૌ અન્ની, ૫) દો આની, ૫૦) રૂપયેંવાલી દો નોટીં, ઔર દેખ, એ અંગુઠી હીરાકી હૈ. (આંગ-લિયે પ્હેરતાં) વિરહા ! દેખ કૈસી ફિટ હો ગઇ !

(વરલી આવે છે, મોટર ઉભી રહે છે.)

મધુરખબરચી—(પછવાડેથી ઉતરી પડી, જરા વેગળો ખશી જાય છે. માર્ગમાં સીસાપેને મધુરી ઉપર ચિઠ્ઠી લખી રાખી હતી તે ઉપર, **વરલી પીરની જગ્યા,** એટલું વધારી પરબીડિયું બંધ કરી, પાસેના ટપાલના થાંભલાની બૉકિસમાં નાંખે છે.)

વિરહો—(મિસ બેલીને સાચવીને ઉતારે છે) મોટરવાળાને ૧૦; રૂપિયાની નોટ આપે છે એટલે તે પાછો રવાને થઇ જાય છે)

મધુરખબરચી—(પાસે આવે છે; સલામ મિસ બેલી !

મિસ બેલી—ખબરચી ! તુમ કિસ તરહસે ઇધર આયા ?

મધુરબબરચી—આપકી મોટરકે પીછે ચૂપકીસે બૈઠ કર મૈં ભી ચલા આયા, મુંઝેં સીપાઇને પકડા, દો થાપડ ભી લગાઈ, ફિર આમદ શેઠકો પકડનેકે લિયે દોડા, ઇતનેમેં મૈં ભાગા; મૈંને નહિ જાના થા કિ ઇસ મોટરમેં આપ દોનો હોંગે. ભાગનાહી થા, સો મૈં મોટરકી પીછે બૈઠ ગયા. મૈં અબ કહતા હું કિ રાસ્તેમેં ખડા રહના અચ્છા નહિ, દેખો સામને નઝર આતી હૈ વોહ જાયગા પીરકી હૈ. અભી જ્વાર ઉતર ગઈ હૈ વાં જાકે ઠેરના ઠીક હૈ. ચલિયે.

વિરહો—હા, હા, એ જગ્યા એકાન્તમાં છે. ચાલો જઇયે.

(ત્રણે જણાં વરલીના પીરની જાયગામાં જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—શ્યામજી રામજી ઝવેરીનું ઘર. અંક. ૫૨૭.

મધુરી અને ગુલાબ શેઠાણી.

મધુરી—(ગુલાબબાઇને બધી હકિકત કહી ગયા પછી) વિરહો અને મિસ બેલી બંને સંગાથે કયાં ગંબ થઇ ગયાં તેની હજી લગણ ખબર પડી નથી.

ગુલાબ—મિસ બેલી બહુ રૂપાળી છે ! રાંડ ખંદી જણાય છે.

મધુરી—રૂપ રૂપનો ભંડાર છે, પણ એનામાં કુચાલનો પાર નથી તેથી રૂપ અને કુશળતાનું વગોણું થાય છે; એ હાથમાં તો આવે છે અને પાછી છટકી જાય છે).

ગુલાબ—રાંડ પક્કી બહુ છે, હોં !

મધુરી—હું એને છોડનાર નથી. પૃથ્વીના પડમાંથી પકડી પાડીશ.

(ટપાલનો પટાવાળો પ્રવેશ કરે છે.)

પટાવાળો—મધુરી બાલિકા તમારૂં નામ !

મધુરી—હા, હું પોતે.

ટપાલવાળો—નોટપેડ કાગળ છે. એટલે એક આની આપો.

મધુરી—(ખિસ્સામાંથી કહાડી) લ્યો આ એક આની;

(ટપાલવાળો તે લઈ જાય છે. પોતે પરબીડિયું વાંચે છે.)

ગુણસંપન્ન મધુરી બાલિકા.

શ્યામજી રામજીનું ઘર અંક, ૫૨૭.

(લોકલ) પોસ્ટ નંબર–૫

(ફોડતાં) અક્ષર મધુરના છે. (વાંચે છે):—

ગુલાબબાઈ જેવા સાલ્લા પ્હેરે છે, તેવાજ સાલ્લા, અને તેવાજ પોલકા પ્હેરેલી બે બાઇયો મોટરમાં બેશી જતાં મેં જોઈ, એટલે, તે મોટરની પછવાડે હું બેશી ગયો, ને અમે વરલીના પુલ આગળ આવ્યા. હવે દરિયામાં પીરની જગ્યા છે તેમાં પેસવાનો વિચાર થાય છે..

લિ૦ મધુર.

ગુલાબ—જ્યાં ને ત્યાં મારૂં નામ આગળ આવે છે. મારા જેવો વેશ, મુવા વિરહાએ શું કરવા લીધો હશે !

મધુરી—તમને વધારે વગોવા માટે, તમે તેને લુંગડાં આપ્યાં છે એવો દેખાવ કરવા માટે.

ગુલાબ—રડ્યોં ફાંશિયે જાય તો મને ટાડક વળે.

મધુરી—હું એવાજ ધાટમાં ફરૂં છું.

(ટેલીફોન આગળ જઇને) પોલિશ કમિશ્નરને ફોન કરે છે.)

સાહેબ સલામ ! હું મધુરી, મધુરની પત્રિકા મને હવણાંજ ટપાલ માર્ગે મળી છે. મિસ બેશી અને વિરહો વરલીના પૂલ પાસે દરિયામાં પીરનું મકાન છે તેમાં ભરાઈ પેસવાનાં છે. બબરચીના પોશાકમાં મધુર તેમના ભેગો છે. ત્યાં પોલિસ પાર્ટી હવણાંજ મોકલો, દરિયાનું કામ છે માટે (Launch) વરાળ નાવિકા પણ હાજર રખાવશો. હું હવણાંજ બારોબાર ત્યાં જવા તૈયાર થાઉં છું.

પો. કમિશનર—(ટેલિફોનમાં ઉત્તર આપે છે.) લડકી, સલામ. બંદોબસ્ત કરનેકે લિયે અભી હુકુમ દેતાહું. મૈં મોટર લેકે આપકો લેનેકે લિયે અભી આતા હું, આપ તૈયાર રહિયે.

મધુરી—ગુલાબ બ્હેન ! પોલિસકમિશનર સાહેબ હવણાંજ અહિં પધારશે.

ગુલાબ—મધુરી ! આવા મ્હોટા અધિકારિયો તને કેટલું બધું માન આપે છે ! હું તારા ઉપર બહુ રળિયાત થાઉં છું; હવે તારી શિખામણ મને ગળી સાકર જેવી લાગે છે;

મધુરી--ને વિરહામાં લપટાયાં, અને હું તેનું ભૂંડુ બોલતી હતી ત્યારે કેવી લાગતી હતી ?

ગુલાબ—કડવી ઝેર, પણ હવે તો એ રસ્યાને ઝાલી લ્યો હો !

મધુરી—(પુરૂષનો પોશાક પ્હેરે છે. પાંચ નાળીવાળી પિસ્તોલ ભરીને ગૂંઝામાં મૂકે છે. કોરો કાગળ, પેન્સિલ આદિ અગત્યની વસ્તુઓ પણ બીજા ખિસ્સામાં મૂકી દે છે.)

ગુલાબ—વાહરે મધુરી ! તું તો ફાંકડો જવાન બની ગઇ, મને તારા ઉપર બહુ વ્હાલ આવે છે. એક બચ્ચી કરવા દે.

મધુરી—મારી સાથે પુનર્લગ્ન કરો તો બચ્ચી કરવા દઉં.

ગુલાબ—હજી પણ તું મને શારે છે ? હું બદલાઇને ડાહીડમરો બની છું, તે તું જાણતાં છતાં, મને મેણાં મારે છે એ હવે તને ઘટતું નથી, તારી દાસી હોઉં એમ હું હવે વર્તુ છું. અને મારી ધર્મગુરૂ મેં તને કરી છે એ વાત કેમ ભૂલી જાઉં છું !

મધુરી—એમ છે તો ભલે મને વ્હાલની બચ્ચી સુખેથી કરો. બ્હેનપણિયો એક બીજાને બચ્ચિયો કરે એમાં દોષ નથી.

ગુલાબ—(બચ્ચી કરતાં) હાશ ! મારી મધુરી ! તું મને બહુ વ્હાલી લાગે છે.

મધુરી—(બારીમાં જોઇને) પેલા પોલિસ કમિશનર મોટરમાં બેશીને આવે છે. (નીચે ઉતરે છે, મોટર બારણા આગળ ઉભી રહે છે, વાઘનું બચ્ચું તેણે પાળ્યું છે તે તેની પછવાડે નીચે ઉતરી પડે છે, તેના પગ આગળ ઉભું રહીને તેના પગ ચાટે છે. મધુરી તેને હાથમાં લઇને પંપાળે છે).

પો. કમિશનર—(નીચે ઉતરી, કરાલિંગન કરતાં) લડકી ! એ બાઘકા કબ તું કિધરસે લાઈ ? (હાથમાં લઇને) બોત અચ્છા હૈ.

મધુરી—મિસ બેલીને પકડવા હું મિરઝા પીરજાદાના તકિયાના ટેકરીવાળા બેટડામાં ગઇ હતી ત્યાં મેં એનાં માબાપનો શિકાર કર્યો,

ને એને પકડી લાવી. એ મારી સાથે બહુ હળ્યું છે, ને રાત્રદિવસ મારી પાસેજ રૂહે છે.

પો. કમિશનર—લડકી ! કયા તારીફ્કી બાત ! તેંને બાઘ ઔર બાઘણ દોનુકા શિકાર કિયા ! કિસ તરહસે ! ભલા,એ કિસ્સો તો સુનાવ મુઝેં !

મધુરી—(મોટરમાં બંને બેશી જાય છે, મોટર ચાલે છે, ને શિકારની વાત કહી સંભળાવે છે.)

प्रवेश ४ थो.

સ્થળ—વરલીનો કિનારો.

મધુરી—(વરલી જઇ પ્હોંચતાં) પૂર ભરતી ચડી છે. એક આગબોટ વેગળે નાંગરેલી જણાય છે. જુઓ સાહેબ, પેલી પણ પોલિસપાર્ટી આવીને દેખાય નહિ એમ ખડી થઇ છે.

પો. કમિશનર—હાં, મૈંને દેખી.

મધુરી—(બાઇનોક્યુલર ફ્હાડીને પીરની જગ્યા તપાસે છે.) મિસ બેલી આ તરફ તાકીને જોતી જણાય છે.

પો. કમિશનર—(બાયનોકયુલરથી તે પણ એજ રીતે જોતાં;) ચલ લડકી ! અપનેં વહાં પ્હોંચ જાના ચાહિયે.

(પાણી ડોળતાં પોલિસ કમિશનર અને **મધુરી** પીરની જાયગા ભણી જવા માંડે છે. પો૦ પાર્ટીવાળા પણ પછવાડે જાય છે.)

મિસ બેલી—(ગભરાતી !) વિરહા ! દેખ, અપને પાસ પોલિસ આ રહી હે, અબ ક્યા કરના ચાહિયે !

વિરહો—(બીડી ફૂંકતો) અહિંયાં કંઇ સંતાવાની જગ્યા નથી. હવે શું કરીશું !

પણ પેલી આગબોટ નાંગરેલી જણાય છે તે **આમદશેઠ**ની હોય એમ લાગે છે. એના ઉપર પ્હોંચી જવાય, અને જો બોટવાળા તુરત આપણને ઉપાડી લે તો ઉગરાય, નહિ તો હવે સપડાઈ જઈશું.

મિસ બેલી—ફાંસી પર તો ચડનાહી હોગા. મરના તો પડેગાહી. અબ ચલિયે, દરિયામેં તેરકે આગબોટ પર ચડ જઇયે.

વિરહો—(કિમતી વસ્તુ સાથે લે છે, નોટો પલળી જાય નહિ એમ પડીકુ વાળે છે, અને તે કેડે બાંધી લે છે.)

બબરચી (મધુર)—(સ્વગત) ભરતી ઉતરતી છે તેથી દરિયામાં પડીશું તો તણાઈ જઈશું માટે પણ વેગળો ખરાબો જણાય છે ત્યાં પ્હોંચી જવાની સલાહ આપું. (ચાસન) દેખો, વોહ ખરાબા નજર આતા હૈ વાં છૂપાના અચ્છી બાત હૈ. દરિયાકી બ્હારોમેં ધસડાતા જાના ઇસમેં ફાયદા નહિ હૈં.

મિસ બેલી—દેખિયે, એ લોક હમેં પકડનેકે લિયે આ રહે હૈં. અબ તો જૈસે બને તૈસે તેરકે આગબોટ પર ચડ ભાગ જાનેમેં ફાયદા હૈ. (ત્રણે જણાં, દરિયામાં તરતાં આગબોટ ભણી જાય છે, ત્યાં પ્હોંચી જતાં, આગબોટવાળા તેમને ઓળખે છે અને બોટ ઉપર ચડાવી લે છે. આગબોટ રવાને થાય છે, થતી વાત ઉપરથી મધુરે જાણી લીધું હતું તે પ્રમાણે, આ ગભરાટનો લાભ લઇ, મધુર કાગળ ઉપર થોડાક શબ્દો લખી, મધુરીનું સીરનામું કરી, તુંબડીમાં નાંખી દરિયામાં ફેંકે છે, તે પછવાડે પડેલા એક તરતા પોલિસ સિપાઇની જોવામાં આવતાં તુંબડી ઉપાડી લે છે. અને તેમાંનો કાગળ હતો તે ઝપાટાથી જઇને મધુરીને આપે છે.)

મધુરી—(પરબીડિયું ફોડીને વાંચે છે.),

એલિફંટા આગળ અમને ઉતારીને, નાશી આવેલા **આમદ**, પોતાની વરાળનાવિકા **મિરઝા** પીરજાદાના તકિયાવાળા બેટડાને માર્ગે હંકારી જશે. **મ.**

પો. કમિશનર—અબ ક્યા કરના લડકી ?

મધુરી—**આમદ** શેઠ પણ પોતાના ઘરમાંથી નાશી જઇને લાંચમાં ભરાઈ પેઠો છે તેને ઝાલી લેવા, આપ પોલિસની વરાળનાવિકામાં ચડી જઈ, **આમદ**ની આગબોટની પૂઠ પકડો, એ વરાળનાવિકા જ્યાં જાય તેની પછવાડે આપ જાઓ, હું આપની મોટરકારમાં બેશીને **પાલવા** બંદર ઉપર જાઉં છું, ત્યાંથી, પોલિસની ન્હાની નાવ લઇને હું એલિફંટા ભણી જઇશ.

પો. કમિશનર—ઠીક હૈ, પોલિસસ્ટીમલાંચ આયગી ઉસ પર સવાર હો કે ઉસ આગબોટકા પિછા કરેંગે, તુમ એપોલો બંદર પર જાકે, **પોલિસ લાંચ** લેકે, એલિફંટા જા પ્હોંચો. (ચિઠ્ઠી લખે છે.)

મધુરી—(ચિઠ્ઠી લઇને) હું જાઉં છું.

પો. કમિશનર—વૉટરપોલિસ ઇન્સ્પેક્ટરકો એ ચિઠ્ઠી દેના.

મધુરી—(મોટરમાં બેશી પાલવા બંદરે જાય છે, અને ત્યાંથી વૉટર પોલિસ ઇન્સ્પેક્ટરને સાથે લઇને એલીફંટા બેટડો છે ત્યાં પ્હોંચી જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—એલિફણ્ટાની ગુફા.

આમદની વરાળ નાવિકા એલિફણ્ટાની ગુફા પાસે ઉભી છે.

આમદશેઠ—મિસ બેલી ! તમે, વિરહો, અને આ બબરચી અહિં ઉતરી પડો. (ત્રણેનો ભીનો પોશાક બદલાવીને નવો પોશાક પ્હેરાવે છે, ભીનાં લુગડાંની ગાંસડી વગેરે જોયતો સામાન આપે છે) આપણે ગોઠવણ ધારી છે તે પ્રમાણે તમે અમલ કરજો. કેસનો નિકાલ આવતા સુધી મારે વટપુર રોકાવું પડશે.

મિસ બેલી—અચ્છા, આમદશેઠ ! સલામ, આપને મુઝે દુસરી બાર બચાયી, ઇસ લિયે મૈં આપકા એહશાન માનતી હું.

વિરહો—અને હું પણ આપનો ઉપકાર માનું છું. શેઠજી, મુંબઇમાં અમને આપની ઘણી જરૂર પડશે માટે ત્યાં આવવાની જોગવાઈ કરી રાખજો.

આમદ—પરવારીને હું તુરત મુંબઈ આવીશ. મિસ બેલી, સલામ, આ સોમલા ખારવાને આપની તહેનાતમાં મૂકી જાઉં છું. (સોમલાને) હો સોમલા ઉતરી પડ, મડમ સાહેબની સંભાળ રાખી એમની ઉલટથી ચાકરી કરજે. હવે આગબોટ લઈને હું રવાને થઈ જાઉં છું. (હંકારી જાય છે.)

હેરકબબરચી—ચલિયે અબ, ઇન ગુફાઓમેં (રવાના થાય છે) ઐસી જગે હમેં છિપના ચાહિયે કિ કોઈ દેખ ન સકે.

વિરહો—મિસ બેલી, આપો તમારો હાથ, અહિં ખાડાટેકરા છે માટે સંભાળીને ચાલવાનું છે.

(ગુફાના એક પછી એક ખંડમાં દાખલ થાય છે. બધી ગુફા જોઇ વળે છે, અને એક ખંડમાં વાસ કરે છે.)

હેરકબબરચી—મૈં ઝાડેકો જાતા હુ (ખડકના એકાન્ત ભાગમાં જાય છે. સ્વગત) દરિયાના પાણીમાં પલરવાથી બાંધેલી ડાઢી ઉપડી ગઇ છે તે છોડીને ઠીકઠાક કરૂં (છોડીને નીચે મૂકે છે, મોં ધોઇને સાફ કરવાના કામમાં ગુંથાયો છે.)

ખારવો—(આમદે મિસ બેલીના રક્ષણને માટે તેની ત્હેનાતમાં ર્‌હેવા અને તેની ચાકરી કરવા આગબોટમાંથી ઉતાર્યો હતો તે પણ ફરતો ફરતો ત્યાં આવે છે, અને મધુરને જુવે છે) એ બબરચી! પેલી તારી ડાઢી છોડીને તેં વેગળી મૂચી છે તે બનાવટની ડાઢી બાંધવાનું તારે શું કામ હતું જે? તું કોઇ ઢોંગી માણસ જણાય છે. ખરી વાત ક્‌હે.

હેરકબબરચી—હું હિંદુ છું, તે મારાથી મુસલમાનનું ખવાય નહિ, ને બબરચીનો ધંધો કરવો પડ્યો એટલે ડાઢી બાંધી રાખું છું.

ખારવો—(તેની ડાઢી પોતાને કબજે કરીને તેને ધક્કા મારતો લઈ જાય છે, અને મિસ બેલી ને વિરહા આગળ રજુ કરીને) જુવો, આ ડાઢી આ હિંદુ બાંધીને બબરચી બન્યો છે.

વિરહો—(ચમકીને) અરે! આ તો મધુર? હરામખોર! તેં આવી અમારી સાથે દગલબાજી કરી? અમને પકડાવનાર, અને હેરાન કરનાર તુજ છું.

મિસ બેલી—તું પોલિસ ડિટેકટિવ હૈ. હમેં ફસાનેકે લિયે બબરચી બનકે તેંને ઐસા હરામખોરીકા કામ કિયા? (ગુસ્સે થઈ તેને લાત મારવા જાય છે.)

મધુર—ખબરદાર ગોરી, છેટે ર્‌હેજે, મારા ઉપર ધશી આવીશ તો મારે તારા ઉપર હાથ ચલાવવો પડશે.

વિરહો—બાયલા! આમ દગો દે તો શરમાતો નથી, ને ઉલટો ધમકી આપે છે?

મધુર—(પોતાનાં કપડાંમાંથી કાંઇ લેવા જાય છે. વિરહો તેને પકડે છે, ને મારામારી થાય છે. વિરહાને ઘણો માર પડે છે, તેની મદદે ખારવો જઇ પ્હોંચે છે, તેની સાથે પણ મારામારી કરવા મધુર ચૂકતો

નથી, છેવટે, બે થઇને તેને પકડી તેના ઉપર ચડી બેસે છે. મિસ બેલી એક કપડાવતી તેના પગ બાંધવા જાય છે, તેના ઉપર પગપ્રહાર કરે છે.)

સોમલો ખારવો—એમ પાંશરો નહિ થાય, મારી પાહે છરો છે. (પોતાની પોટકી માંહેથી છરો કહાડીને તેને મારવા ઉગામે છે. મધુર હાથચાલાકીથી તેનો હાથ પકડી લે છે. ધમ્માચકડી ચાલે છે. છેવટે ખારવો તેની છાતીમાં છરો ઘોચવા હાથ ઉચકવા જાય છે. મધુર થપ્પડ મારે છે, છરો નીચે પડે છે. વિરહો તે ઉચકી લઈ ઘા કરવા જાય છે, તેટલામાં પછવાડેથી મધુરી પો૦ ઇન્સ્પેક્ટર સાથે ઓચિંતી આવી પડે છે.)

મધુરી—(વિરહાની પાસેથી છરો ઝુંટાવી લે છે.) ખારવા સામી તે પિસ્તોલ તાકે છે, બીજો વાંટર પો૦ ઇન્સ્પેક્ટર હતો તે વિરહાને પકડે છે, અને ત્રીજો માણસ મિસ બેલીને પકડે છે. સ્તંભીકરણ—(ટબ્લો.) પડદો પડે છે. (પડદો પાછો ઉપડે છે.)

મિસ બેલી, વિરહો અને સોમલા ખારવાને હાથકડી પ્હેરાવે છે.

મધુર—મધુરી ! તું જરાક માંડી આવી હોત તો મારૂં આવી બન્યું હતું, પરમેશ્વરે મને ઉગારવા તને મોકલી. તેં મને જીવન દાન આપ્યું.

મધુરી—આપના તેડાવવાથી હું આવી છું. આપની સૂચના પ્હોંચી કે હું દોડતી આવી.

(ત્રણ કેદિયોને લઇને વરાળ નાવિકામાં બેશી પાલવા બંદરે ઉતરી, મોટરમાં રવાને થાય છે.)

ન્યાય અંક.

સ્થળ—મુંબઈ, ખાસ ન્યાયાધીશી.

(દરકારિયો, સાક્ષિયો, પંચાયત અને ભરકચેરી).

(તપાસને છેલ્લે દિવસે તમામ પુરાવો રજુ થઇ રહ્યા બાદ.)

ન્યાયાધીશ—પંચાયતના સદ્‌ગૃહસ્થો! આ કેસમાં, ૧ લા અંકની અપરાધણ મિસ બેલી છે; તે પ્રથમ વિલાયતમાં નર્સ હતી. ત્યાંથી તેમને ડિસ્ટ્રિકટ ઇરિગેશન ખાતાના મુખ્ય એન્જીનિયર મિ૦ રઘુનંદ ધણિયાણી કરીને લઇ આવ્યા છે. હિન્દમાં આવતાં, રઘુનંદના ઘરમાં તેમની માતા અને પરણેતર ધણિયાણી કલ્યાણબાઇને જોતાં, મિસ બેલીને અણગમો થવાથી તેઓ વચ્ચે વૈરભાવ ઉત્પન્ન થયો, તેથી છેવટે, તેમને તેમના વતનમાં જૂદાં ફુહડાવેલાં છે. તેમને બાંધીઆપેલી ખરચી, બે વર્ષની ચડી જવાથી, બંને જણી વટપુરમાં રઘુનંદ પાસે લેવા આવતાં, આ કેસની ઉત્પત્તિનો પ્રારંભ થયેલો છે. અપરાધ વટપુરમાં બનેલો છે, ત્યાર પછી તેને લગતા બીજા અપરાધ, જૂદા જૂદા અપરાધિયોની શામેલગિરિથી, જૂદે જૂદે સ્થાનકે બન્યા છે. મુખ્યત્વે કરીને મુંબઇની પોલિસે એમાં ઘણો ભાગ બજાવેલો છે, અને તેમના લખાણ ઉપરથી, ખાસ કારણોને લીધે, આ કેસ ખાસ ન્યાયાધીશી નીમી મુંબઇમાં ચલાવવાનો ઠરાવ થયો છે, એટલે, એ સંબંધમાં કાયદાની કોઈ પણ પ્રકારની બારીકીનો સવાલ રહેતો નથી.

વટપુરમાં બનેલા અપરાધના કેસની રજુવાત (ઇન્કવાયરી) ત્યાંના પ્હેલા વર્ગના ફોજદારી ન્યાયાધીશની રૂબરૂ થઇ છે, તેના તમામ કાગળો આ કેસમાં દાખલ છે. તેના પક્ષકારો અને સાક્ષિયોએ આપેલા જવાબ અને જુબાનિયો આ કોર્ટની સમક્ષ અક્ષરે અક્ષર દરકારિયો માન્ય રાખે છે; એમાં કોઈ પક્ષકારે કશો વાંધો લીધો નથી. એક બારીકી ધ્યાનમાં રાખવા જેવી છે, તે એ કે, સીતામાતાનું મૃત્યુ, મિસ બેલીના લાતોના પ્રહારથી તત્કાલિક થયું નથી, પણ કેટલાક દિવસ વીત્યા પછી થયું છે, લાતોના પ્રહારથી મૃત્યુ નિપજશે એમ ઇરાદાપૂર્વક મિસ બેલિયે પ્રહાર કર્યો નથી એમ તેનું ક્હેવું છે.

મિસ બેલીનો ઇરાદો ખુન કરવાનો હતો કે નહિ એ વાતનો નિર્ણય લાવતા પ્હેલાં, તેણે આપેલો જવાબ લક્ષમાં રાખવા જેવો છે. માટે

તેની જુબાની, જે હિન્દી અને ગૂજરાતી મિશ્રિત અશુદ્ધ ભાષામાં છે, તેનું અવતરણ આપવા કરતાં તેનો સાર અત્રે આપવાની અગત્ય છે.

વટપુરના ફોજદારીન્યાયાધીશ રૂબરૂ થયેલી તપાસણીની વેળાયે આપેલો પોતાનો જવાબ એણે માન્ય રાખ્યો છે, તે ઉપરાન્ત, વધારે વિગત આ કોર્ટના આગળ કરેલા તેના એકરારમાંથી મળી આવે છે.

તે કહે છે કે, રોમન કેથોલિક પંથના બાહ્ય થઈ ગયેલા પાદરીની તુખમની મારી ઉત્પત્તિ છે, માટે હું કહીશ તે સાચેસાચું કહીશ, જો કે કોર્ટ જેમ સાક્ષિયોને સોગન ખવરાવે છે તેમ તમે મને સોગન ખાવાની ફરજ પાડતા નથી, તો પણ, હું ક્રિશ્ચિયન હોતાં સાચુંજ કહીશ.

મારાં માબાપ કોણ હતાં એ સવાલ જ્યારે તમે પૂછોછો ત્યારે હું કહું છું કે, ચર્ચમાંથી બાહ્ય કરેલા રેવરેંડ મિસ્તર બેલી નામના એક રોમન કેથોલિક પાદરી ભેગી મારી માતા રહેતી હતી. મારી માતાનું નામ પેનલ હતું. તે વિધવા થયા પછી ભ્રષ્ટ થયેલા બેલીના સંબંધમાં આવી ગઈ હતી. આ સંબંધ થયા પછી, પાંચ વર્ષે, મારો જન્મ લિવરપુલમા થયો તે વેળાએ વાત ઉઘાડી પડી, અને મારી માને પાદરિયે કુહાડી મૂકી, કેમ કે, રો૦ કે૦ પાદરીથી સ્ત્રી કરાય નહિ. વિખાની મારી, મારી મા લંડન આવી. લંડન ઑપેરા હાઉસમાં મિસ એની હંટરે તેને નોકર રાખી. હું જેમ વયમાં વધતી ગઈ, તેમ, મને ગાતાં અને નાચતાં શિખવવા માંડયું. એનીનો પ્યાર મારા ઉપર વધતો ગયો, તેમ મને પણ ઉત્તેજન મળતું ગયું. નાટકમાં મુખ્ય નટીની ભૂમિકા (પાર્ટ) ભજવવામાં મારી યોગ્યતા વધવા લાગી. મારી સાથે નટ જોડાતો તે વેળાએ એકબીજા પ્રતિ પ્રેમનાં કથનને અનુસરીને નખરાં-હાવભાવ કરતાં તે પ્રમાણે અમારી ખાનગી વર્તણુકમાં સાચી ક્રિયા કરવાના છંદમાં હુ પડી. એમ ચાર પાંચ નટના સંબંધમાં આવી જવાથી, હું હવે પૂરેપૂરી વગોવાઈ. મિસ એનિએ મને ઘણો બોધ કરીને વારવા માંડી, પણ "પડી પટોળે ભાત ફાટે પણ ફિટે નહિ." એવી તમારી કહેણી છે તે પ્રમાણેજ મારી રહેણી ચાલતી રહી. એશઆરામ, અને મઝા મારવાનો છંદ જેમ જેમ વધતો ગયો, તેમ તેમ, કુછંદી ટોળિયોમાં ભળવાની મારી લાલચ પણ વધતી ગઈ. વળી પ્રેક્ષકોમાંના ડાહ્યાડમરા જેવા જણાતા જનો પણ મારા સંબંધમાં આવવા લાગ્યા. આવે સમયે રઘુનંદ મારો નાચ જોવા આવતો હતો; તે પણ મારી સાથે હળી ગયો હતો. એને મારી કોટડીમાં

આવતો જતો જોઇને એનિયે મને બહુ વારી, તેમ છતાં, મેં એનો છંદ મૂકયો નહિ અને ત્યારે તેણે મને ઑપેરા કંપનીમાંથી ક્હાડી મૂકી. મારી મા મરી ગઈ હતી, મારી પાસે પૈસા નહિ, અને મારૂં કોઇ પાલણ કરે એવું રહ્યું નહિ. એટલે રઘુનંદ લંડનમાં રહ્યો ત્યાં સુધી એની પાસે કામ કરનારી મેઇડ તરીકે હું રહી. એના ઇન્ડિયન મિત્રો એને બોધ કરતા પણ મારા ઉપર એની એવી પ્રીતિ બંધાઇ હતી કે એણે કોઈનું કહ્યું માન્યું નહિ. એ જયારે મેં ખરેખરૂં જાણ્યું, ત્યારે હું એની સાથે પરણી. અને છેવટે તે મને પોતાને વતન લઈ આવ્યો. ત્યાં સીતામાતા અને કલ્યાણી બાઇયે કકળાટ કરવા માંડ્યો ત્યારે રઘુનંદે તેમને ખોરાકી બાંધી આપી ને જૂદાં કર્યાં. તેમણે મને ક્હાડી મૂકાવવાને વાસ્તે ઘણા ઉપાયો રચ્યા હતા, પણ મારે ક્હેવું જોઇયે કે રઘુનંદ તો મારા પ્રતિ ખરેખરો ફેથફુલ રહ્યો હતો. જયારે સીતામાતા અને કલ્યાણી બે વર્ષની ચડેલી ખરચી લેવા આવ્યાં તેની ખબર મને પેસ્તનજી સ્ટેશનમાસ્તરે સ્ટેશન ઉપર આપી, અને જરા મને ભંભેરી પણ ખરી, એટલે ક્રોધના આવેશમાં આવેલી હું ઘેર ગઈ ત્યારે એ ડોકરી રઘુનંદની સાથે કજિયો કરતી હતી. હું પ્રથમથીજ ધુધવાઈ તો રહી હતી, અને મેં જાણ્યું કે કદાપિ રઘુનંદના ઘરમાં તેઓ પેશી જશે, તેથી ડોશીને કહાડી મૂકવા, મારે તેને લાતો પાટુઓ મારવી પડી. અલબત મારે કબુલ કરવું જોઇયે કે, મારા એડીવાળા સૂઝથી ડોશીના કુમળા પેટ ઉપર ઘણો માર પડ્યો તેથી તે બેભાન સ્થિતિમાં આવી ગઈ એટલે મિ. રઘુનંદે બંનેને ગાડામાં ઘાલીને સ્ટેશને રવાને કરી દીધાં. છેવટે એ ઘરડી હોવાથી મરણ પામી. પણ તેનું મૃત્યુ થાય એવો મારો ઇરાદો નહતો. ફકત માર ખાય તો જતી રૂહે એવો મારો ઇરાદો હતો. તેમને ક્હાડી મૂકવાને રઘુનંદે પટાવાળાને હુકમ કર્યો તે વેળાએ એ બંને રવાને થઈ ગયાં હોત તો મારે લાતો મારવાની જરૂર ન હતી.

રઘુનંદથી છૂટાં પડી મુંબઇમાં રૂહેવાને અમે પ્રપંચ રચ્યો, અને મારી માતા મને તેડવા આવી છે, માટે મને ૬ માસ માટે વિલાયત જવાની રજા આપો, એવું જૂઠું મેં રઘુનંદને કહ્યું. મારા નાચનો ઉતારેલો સિનેમા આવ્યો છે, તે, જોવાને બ્હાને હું મુંબઈ ગઇ, ત્યારે સિટિબેંકમાં એમના રૂપિયા ડિપાઝિટ હતા, તેમાંથી, ૧૨૦૦૦) નો ચેક મને રઘુનંદે લખી આવ્યો હતો અને તે રૂપિયા મેં ફિરોજ જમશેદને આપ્યા છે. પેસ્તનજિયે તાર કર્યો હતો તેથી કોસાંબા સ્ટેશને ફિરોજ મને તેડવા

આવ્યો હતો. તે મને ભોજનભવન હોટલમાં ઉતારો કરાવા લેઇ ગયો હતો. ખર્ચ થયું તેટલા રૂપિયા મેં તેને ઓછા આપ્યા છે. આ ઉપરાન્ત રઘુનંદ પાસે પૈસા સિલકે નહતા પણ ૮૦,૦૦૦) એંશી હજાર રૂપિયાનાં બીલ સરકાર પાસે લેણું થયેલાં તે જેના તેને આપવાને તે નાણાં રઘુનંદ સરકારની તિજોરીમાંથી લઇ આવ્યાની ખબર પેસ્તનજિયે મને ચિઠ્ઠી લખી આપી તે વાંચી તેની નીચેજ મેં જવાબ લખ્યો તે કાગળ આ કામમાં રજુ થયો છે. મુંબઇ જવાને નીકળતી વેળાએ કૅશબૉક્સમાંથી રૂ. ૧૦૦૦) વિલાયત જવા આવવાની ટિકિટના, અને રૂ. ૨૦૦૦) ખરચી માટે, એમ ત્રણ હજારની નોટો મને રઘુનંદે આપી એટલે બાકીની ૭૭,૦૦૦) હજારની નોટોનો વીંટો રૂમાલે બાંધેલો કૅશબૉક્સમાં તેણે મૂકીને તિજોરી બંધ કરી. ખીંટિયે જૅકેટ ભરાવ્યું હતું તેમાં કુંચિયો મૂકીને તે રસોડામાં ગયો. મારે પણ તુરતજ જમવાને રસોડામાં જવાનું હતું તેથી ઉતાવળથી કૂંચિયોનું ઝૂમખું ક્હાડી લેઇ તિજોરી ઉઘાડી અને કૅશબૉક્સ ઉઘાડી તેમાંથી નોટોનું બંડળ છોડી લીધું, તેને બદલે, આસપાસ કેટલાક નકામા કાગળ પડ્યા હતા તે, તથા ન્યુસપેપરો પાસે પડ્યાં હતાં તેનો વીંટો નોટોના જેટલોજ કરીને રૂમાલે વિંટીને કૅશબૉક્સમાં મૂકી, તે બંધ કરી, તિજોરીમાં મૂકી દઇ, તે પણ બંધ કરી દીધી, ને કૂંચિયોનું ઝૂમખું પાછું જૅકેટના ખિસ્સામાં મૂકી દીધું. પેસ્તનજીની શીખવણીથી મેં આ ચોરી કરી અને હું નાશી ગઈ એ સાચી વાત છે, પણ હું મુંબઇમાં પકડાઇ, અને બધી નોટો પોલિસના હાથમાં ગઇ, એટલે, એ નોટોનો મેં કશો ઉપયોગ કર્યો નથી. રઘુનંદ ઉપરથી મન ઉતારો થવાની ક્હાણીનું હવે હું કથન કરૂં છું. એને કામગિરિની રખડપટ્ટી ઘણી કરવી પડતી હતી, અને ગામડાની હવાથી સ્લોફિવર લાગુ પડ્યો હતો, તેથી, એની શરીર સંપત્તિ બગડી હતી. આણી તરફ પેસ્તનજી સ્ટેશનમાસ્તર સરખા મને લલચાવનારા મળ્યા હતા, એટલે, મારી વૃત્તિ પાછી બગડવા માંડી. પેસ્તનજી અને તેના મિત્ર મુંબઇના ફિરોજ જમશેદ સિનેમાવાળા સાથે મળીને અમે સિનેમા હાઉસ બાંધી નાટકનું કારખાનું ક્હાડવાની યોજના કરી. અમે ત્રણ જણે થઈને (૧,૫૦,૦૦૦) દોઢ લાખ રૂપિયાની થાપણ કરવાનું નક્કી કર્યું. પેસ્તનજી, વેપારિયોને માલનાં વેગન આપવા અને તેમના માલના વજનના આંકડાનું ઓછું તોલ માંડીને લાંચ ખાઈ રકમ એકઠી કરવા લાગ્યો. રઘુનંદના ઇરિગેશન ખાતાના કાંટ્રાકટ રાખનારા, મારી મદદથી કાંટ્રાક્ટ મેળવવા પ્રયત્ન કરે એવી પેસ્તનજી તેમને સલાહ

આપતો, ને તેમની પાસેથી પોતે નાણાં ખાતો, અને મને પણ અપાવતો, તેમાં **આમદ**શેઠ મુખ્ય હતો. આવી એકઠી કરેલી રકમ મારા જાણવા પ્રમાણે ૫૦,૦૦૦ હજારની તો થઇ ચૂકી હશે, પણ એણે ફિરોજને મારા ભાગના માત્ર ૨૮) હજાર રૂપિયા આપ્યા છે. બાકીના રૂપિયા ૨૨) હજાર મારે આપવાના બાકી છે એમ એ કહેતો હતો. આ બે ઠગારા મારી પૂઠે વળગ્યા. તેવામાં અચાનક રીતે વિરહાના સમાગમમાં હું આવી ગઈ. (જુવો ફોજદારી ન્યાયાધીશ આગળ પ્રથમ ચાલેલી તપાસણીમાં મિસ બેલી અને વિરહાનું ઈકરારનામું.) અમે વટપુરથી ચોરી કરી ભાગ્યાં તે મુંબઈના સ્ટેશન ઉપર પકડાયાં, ત્યાર પછી, અમે નાના પ્રકારના અપરાધ કર્યા, અને નાશભાગ કરી, એ સર્વેનો કર્ત્તા **વિરહો** છે, અને હું તેની મદદગાર છું. મુંબઇથી ત્રણ પોલિસ સીપાઇની હવાલતમાં અમને વટપુર મેલટ્રેનમાં રવાને કર્યાં તે વેળાએ **પરવડી** સ્ટેશન ઉપર **આમદ**શેઠ એના ચાર માણસોને લઇને, અમારા કમ્પાર્ટમેંટમાં ચડી બેઠો, તેણે મને ભાગી જવાની ગોઠવણ સમજાવી, અને **પેસ્તનજી**ની શિખવણીથી **આમદ**શેઠે આ જોખમ પોતાને માથે વ્હોર્યું હતું, તેમાં વળી, મારા ઉપરની એની ઉંડી પ્રીતિનું પણ કારણ હતું. ગાડીમાં ત્રણ પોલિસ સિપાઇ હતા. તેમને એકેએક પકડી, તેમના મ્હોમાં લુગડાના ડૂચા ઘાલવામાં, તેમને બાંધીને પેશાબખાનામાં જકડી લેવામાં, **વિરહો** આગેવાન હતો અને તેની મદદમાં ૪) ચાર ખારવા હતા. એક સિપાઇયે વધારે જોર કરવા માંડયું ત્યારે તેની ઘાંટી ડબાવીને મારી નાંખવાનો પ્રયત્ન કરનાર **વિરહો** પોતેજ છે. **આમદ**શેઠના મુંબઇના મેમણવાડાની **આમદ** બિલ્ડીંગમાં અમને પોલિસે ઘેર્યાં ત્યારે છાપરાં કૂદી, હું અને **વિરહો** નાઠાં, તે. વેળાએ, એક ઘરમાંથી લુગડાં ચોર્યાં અને બૈરાંનાં વસ્ત્ર પ્હેરી અમે નાઠાં, તે વસ્ત્રોમાં ઘડિયાળ, તેના છેડા, રોકડ નાણું, નોટો વગેરે જે હતું તેની ચોરી કરનાર પણ મુખ્યત્વે કરીને **વિરહો** અને તેની સલાહ પ્રમાણે વર્તનાર હું એમ અમે બે છિયે. ત્યાંથી મોટરગાડીમાં નાશીને **વરલી**ના **પીર**ના મકાનમાં ભરાઇ ત્યાંથી **આમદ**શેઠની આગબોટ ઉપર અમે ચડી જઇ પોલિસ આવી પ્હોંચે તે પહેલાં અમે **એલીફંટા**ની ગુફામાં ભરાઇ ગયાં. અને બોટ, અમારા પ્રથમ સંતાઇ પેઠેલા વટભણીના **મીરઝા પીરજાદા**ના ટેકડાને માર્ગે ચાલી ગઇ અમે **એલિફંટા**માં સંતાઇ રહ્યાં ને પકડાઇશું નહિ એમ અમને લાગ્યું, પણ બેટડામાં મિરઝા **પીરટેકરી**માં **આમદે** જેને બબરચી કરીને રાખ્યો હતો તે મુસલમાનના વેશમાં **મધુર** હતો, તે, અમે જ્યાં ગયાં ત્યાં અમારા

ભેગોજ રહ્યો હતો. દરિયામાં તરવું પડયું ત્યારે તેની બનાવટી દાઢી વિખેરાઈ ગઈ હતી માટે મ્હોં ધોઇ તે ઠીકઠાક કરવા તેણે છોડીને નીચે મૂકેલી સ્થિતિમાં, આમદે અમારી ત્હેનાતમાં રહેવા આપેલા ખારવા સોમલાના જોવામાં આવી, તેથી તેને તે પકડીને અમે બેઠાં હતાં તે ગૂફામાં લઇ આવ્યો, વિરહાએ મધુરને ઓલખ્યો, અને મારામારી થઇ, તેમાં છેવટે મધુરને બાંધવામાં મેં પણ ભાગ લીધો હતો, વિરહો ખારવાના છરાથી તેને જેવો ઘા કરવા જતો હતો, તેજ ક્ષણે હેરક બની આવેલી મધુરિયે તેનો હાથ પછવાડે રહીને પકડી લીધો, જરા વાર થઇ હોત તો વિરહાને હાથે તે માર્યો ગયો હોત. પાંચનાળની પિસ્તોલ હેરકે તેના સામી ઉગામી હતી મને અને ખારવાને પોલિસે પકડી લઇ કેદ કર્યાં. અને હવાલતમાં રાખ્યાં.

ઉપર પ્રમાણે મિસ બેલીનું ઇકરારનામું છે તે તેણે સાચેસાચુ લખાવેલું જણાય છે. કેસમાં પડેલી બીજી જુબાનિયો સાથે તે બરાબર મળતું આવે છે; અને એના ઉપર મૂકેલા આરોપોની ચોખી કબુલાત છે.

બીજા અંકનો આરોપી-મિસ આડમનો વેશ ધારણ કરેલો વિરહો છે. તેણે ફોજદારીન્યાયાધીશ આગળ કરેલાં બે ઇકરારનામાં કબુલ રાખ્યાં છે, એમાં એણે દારૂની કેફમાં ચડીને પ્હેલો ઇકરાર લખાવ્યો છે એવો નાટકી ઢાંગ કર્યો છે ખરો, પણ તે હવે માન્ય રહેશે નહિ, એમ એના સમજવામાં આવ્યું છે. તથા પોતાની કરણીનો તેને પૂરો પસ્તાવો થયો હોય એમ બીજા ફોજદારી-ન્યાયાધીશ આગળ કરેલા ઇકરાર ઉપરથી જણાઇ આવે છે. એ ઇકરાર એણે એની નાટકી લઢણ પ્રમાણે કર્યો છે, તો પણ, તેમાંથી કેટલીક હકિકત, જે સાક્ષિયો પરથી નિકળી આવી નથી તે, કોર્ટ આગળ રજુ થાય છે. અને તેથી ઘણી બાબતો ઉપર અજવાળું પડે છે.

અંક ૩ જાનો અપરાધી ખલાસી સોમલો પણ, ફોજદારી-ન્યાયાધીશ આગળ કરેલો ઇકિરાર માન્ય રાખે છે, તેમાં આ મુકદમાસિવાયની કેટલીક હકિકત, પોલિસખાતાને ઉપયોગી થઈ પડે એવી, નિકળી આવે છે.

(વિશ્રાન્તિ લેવાને કોર્ટ બરખાશ્ત થાય છે, ને પાછી ભરાય છે.)

વિરહાનો ઈકરાર,

ન્યાયાધીશ—(વિરહાપ્રતિ) તમારૂં નામ શું છે!

વિરહો—મારૂં નાટકી નામ વિરહો છે, અને તેજ નામથી હું જગત્માં વિખ્યાત છું.

ન્યાયાધીશ—હજી પણ, એ નામથી તમે વધારે વિખ્યાતીમાં આવશો, પરંતુ તમારૂં ખરૂં નામ શું છે તે કહો.

વિરહો—નાન્સન્સ! જે નામથી હું જગજાણીતો થયો છું તે નામ ઉપરાન્ત ન્હાનપણનું મારૂં નામ, મારી એક મૂર્ખ, અભણ ફોઇબાએ કચરાપટ્ટી જેવું પાડયું હતું, તે હવે તદ્દન વિસરાઈ ગયું છે, તે નામને આ ભરચક ન્યાયાધીશીમાં ભરાયલા નવરા લોક આગળ કહી સંભળાવું તો, મહા પ્રયાસે, જે નામ મેં છુપાવી રાખ્યું છે તે, સર્વના જાણવામાં આવી જાય, એટલા માટે, તે પ્રસિદ્ધિમાં આણવાને હું કાયદાથી બંધાયો નથી.

ન્યાયાધીશ—તમે તમારૂં ખરૂં નામ કહેવાને કાયદાથી બંધાયલા છો, માટે તે કહેવું પડશે.

વિરહો—જે નામથી મારી ફજેતી થઈ છે તે નામ પાછું તાજું કરવાને હરગીઝ હું ઇચ્છતો નથી.

ન્યાયાધીશ—તમારી શી ફજેતી થઇ છે?

વિરહો—છોકરવાદીમાં કાંઈ આડુંઅવળું કૃત્ય થઇ ગયું, અને ચોરી ચપરાશ બની ગઇ, તે બધું, એક દોઢડાહ્યા છાપાવાળાએ છાપી નાંખી મને ચકડોળે ચડાવ્યો હતો. એવી ઢંકાઇ ગયેલી તે નામ સાથેની મારી ફજેતી પાછી તાજી થાય છે માટે તેમ થવા દેવાની હું જરૂર જોતો નથી.

ન્યાયાધીશ—તમે આડાં અવળાં ટાયલાં કરીને કોર્ટનો વખત ગુમાવો નહિ.

વિરહો—Exact words એક સરખા શબ્દો.

ન્યાયાધીશ—વળી એ શું?

વિરહો—આપ ન્યાયાધીશ થઇને કથનચોરી કરો છો, તેનો ખુલાસો પૂછો તો તે એ છે કે, આપ જેવો હું પણ વડો ન્યાયાધીશ ઘણી વાર બન્યો છું. તમારી આ કોર્ટમાં ભાગ્યેજ ૫૦૦) કે ૧,૦૦૦) તમાશગીનો ભેગા થયા છે. પણ નાટકના તકતા ઉપર ગોઠવાયલી મારી ન્યાયાધીશીમાં હું વડો ન્યાયાધીશ બની બિરાજતો ત્યારે મારો ન્યાય જોવાને ૫૦૦૦ માણસો નાટકના તકતા સામે બેઠેલા મેં જોયા છે, તેમની વચ્ચે

એવા ન્યાય ચૂકવ્યા છે કે, એટલા બધા પ્રેક્ષકોની તાળિયોના ઝપાટાથી આખી નાટકશાળા ગાજી રહેતી હતી. અને વળી, હું કેવો ન્યાવ ચૂકવું છું એનો ઉઘાડો દાખલો આપને જોવો હોય તો આપ આ મારી બોક્ષમાં પધારો ને મને આપને સ્થાને બિરાજવા દ્યો, પછી હું કેવો ઇનિસાફ આપું છું તે જુવો. મારા પોતાના અપરાધનો કેસ ચૂકાવવાનું કામ જો આપ મને સોંપશો તો હું તોલ અને ન્યાય કરી, મને પોતાને ઘટીત શિક્ષા ફરમાવીશ.

ન્યાયાધીશ—તમે મુદ્દાનો જવાબ ક્હેવો મૂકીને આડા ફાટો છો, તમે કોર્ટનું અપમાન કરો છો, માટે જરા સંભાળીને બોલો, નહિ તો શિક્ષાને પાત્ર થશો.

વિરહો—શિક્ષાને પાત્ર તો હું ક્યારનોય થઇ ચૂકયો છું, તેમાં વળી, એક વધારે શિક્ષા ફરમાવશો તે સાંભળવાને મારા કાન તૈયાર છે, તો પણ, ટૂંકાણ લાવવાને, આપે કથનચોરી કરી છે તેનો ખુલાસો કરૂં છું તે સાંભળો. એમાં સુધારાની ખરેખરી વાત પણ આવે છે.

આ ભરતખંડનો પ્રાચીન ઉદ્યોગ ફીટી ગયો છે. તે ઉપરાન્ત પશ્ચિમનો ઘટિત સુધારો આપણા પૂર્વમાં દાખલ કરવાનો છે. તેને માટે વિજ્ઞાનશાસ્ત્ર આદિના જૂદા જૂદા પ્રકારોનું, ખેતીવાડીનું, અને એવા ઘણા અગત્યના વિષયોનું જ્ઞાન મેળવી સાક્ષરો દેશમાં ઉદ્યોગ ચાલતો કરે તો સર્વેનું પેટ ભરાય, પરંતુ ક્હેવાતા સાક્ષરો તેવો અભ્યાસ કરવાને બદલે, હવણાં, બી. એ. એલ. એલ. બીમાં મચવાથી એ ખાતામાં કીડિયાણું ઉભરાયું છે.

તકરારીલાલ હેમજી નામીચા

બી. એ. એલ. એલ. બી. હાયકોર્ટ પ્લીડર.

એવાં પાટિયાં, જ્યાં ને ત્યાં લટકતાં જોવામાં આવે છે. નહિ લેવા, કે નહિ દેવા, ખીંટિયે પોતિયું. વર મરો કે કન્યા મરો, પણ ભટનું તરભાણું ભરો. અસીલ હારો કે જીતો, એમના બાપનું શું જવાનું હતું. ગોખી ગોખીને, કાયદાની પરીક્ષા આપી, માંડ માંડ પાસ થયેલા, પછી તો બ્રીફલેસ બૅરિસ્ટર ક્હેવાય છે તેવા થઈ પડ્યા. કેસ બેસ આવે નહિ, એટલે, કાયદાનો ઉપયોગ કરવાનો પ્રસંગ મળે નહિ, તેથી, ગોખેલું ભૂલી જવાય, અને ભોગ જોગે કોઇ કેસ મળ્યો તો કાંઇકને બદલે કાંઇક

ભચડી જવાય. આડી અવળી ગમે તેવી ગોઠવણ કરીને કેસો જીતે તો નામીચા થવાય, એટલા માટે, કેટલાક સાંકળના અંકોડા ગોઠવવાની યુક્તિયો પણ કેટલાક પોતાના અસીલોને શિખવે છે.

ન્યાયાધીશ—તમે આવો લવારો બકીને લરનેડવર્ગનું અપમાન કરો છો તે બાબત તમને સખ્ત વિક્ષા કરવી પડશે. હજી લગણ તમે પૉઈંટ પર આવતા નથી.

વિરહો—હું તો સાહેબ, મારા પૉઈંટ પર જ છું. આ ઝભા ધારિયો, આટલા બધા, સંખ્યાબંધ, મારા વિરૂદ્ધ કેસ ચલાવવાને આપની કોર્ટમાં દાખલ થયા છે. તે બધા મારા શત્રુ છે એમ સાબિત કરવાને મારે મારા બચાવનો પૂરાવો કરવો જોઇયે તે હું મારી અક્કલ હોંશિયારી પ્રમાણે કરતો જાઉં છું, અને તેમ કરવાની મને ફરજ પડે છે. હવે ટુંકામાં કહું છું કે, મેં વર્ણન કરેલા એવા એક વકીલે મારા સરખા નાટકી ન્યાયાધીશની રૂબરૂ ટાયલાં કરવા માંડ્યાં, એટલે હવણાં આપ મને જેમ ધમકાવો છો તેમ, મેં તેને ધમકાવ્યો કે, **તમે આડાં અવલાં ટાયલાં કરીને કોર્ટનો વખત ગુમાવો નહિ.** આવા શબ્દો હું આ મારા મુબારક મુખમાંથી ભર કોર્ટ વચ્ચે વદેલો, તેના તેજ, અરે આબેહુબ, અક્ષરે અક્ષર આપે મારા તે કથનમાંથી ચોરીને મને કહી સંભળાવ્યા તે શું આપે કથનચોરી કરી નહિ કે ?

ન્યાયાધીશ—આ કાંઇ નાટકની કોર્ટ નથી, એવાં ટાયલાં કરો નહિ, આપણા પૉઈંટ પર આવો. બોલો, તમારૂં ખરૂં નામ શું છે. ?

વિરહો—હું મારૂં ખરૂં નામ કહેતો નથી, તેનું કારણ સમજાવું છું. મને બાળપણથીજ નાટક જોવા જવાનો શોખ હતો. ઘણી વાર, વિના ટિકિટે હું ઘુસી ગયેલો, અને ઘણી વાર ટિકિટકલેક્ટરના હાથના ધબ્બા ને તમાચા પણ ખાખેલા. આવું તે ઘણી વાર નભે ! છેવટે થાકીને પૈસા મેળવવા માટે મેં ચોરિયો કરવા માંડી. એક વાર એક રંગીલો મેમણ ૫૦) રૂપિયાની કિંમતની ભરતની સોનેરી ટોપી પ્હેરીને આવેલો હતો. તેણે વ્હેલાં આવીને એક સીટ પસંદ કરી, અને તે પોતે રોકી છે એવું બતાવાને પોતાની બેઠક ઉપર ટોપી મૂકી, તે સાથે વળી, એક ફાંકડી દશ રૂપિયાની રેશમી છત્રી પણ ગોઠવી, ને બ્હાર હવા ખાવા ગયો; આ બધું બંદાએ દીઠું અને લાગ સાધીને પેલી ટોપી માથે મૂકી દીધી, ને મારી ચીથરેહાલ ટોપી ગઝવામાં ઘાલી દીધી, છત્રી હાથમાં લઇને લટકા

કરતો બ્હાર નિકળી ગયો તો ખરો, પણ પેલો ટિકિટકલેક્ટર મારી પછ-વાડે દોડતો આવ્યો, મને પકડયો, લોકો એકઠા થઈ ગયા, તેમાં પેલો ફ્રાંકડો મેમણ પણ હાજર થઇ ગયો, અને પોતાની ટોપી અને છતરીની મારી પાસે માગણી કરવા લાગ્યો. પોલિસ સિપાઈ આવી પ્હોંચ્યો, ને ચોરીનો કેસ ચાલ્યો તેમાં હું દંડાયો.

ન્યાયાધીશ—આવા ચોરીના કેસ તમારા ઉપર કોર્ટમાં કેટલા ચાલ્યા છે ?

વિરહો—પંચાવન કે સાઠ કરતાં વધારે ભાગ્યેજ હશે. વખત પર પાંચ દશ વધારે હોય તો હોય.

ન્યાયાધીશ—મ્હોટામાં મ્હોટી ચોરી તમે કઈ કરેલી ?

વિરહો—આ બધિયે મ્હોટી ગણો તો ગણાઇ શકાય એવી છે, કોઈ રૂ. ૫૦) ની હશે તો કોઇ સો કે પાંચસેની હશે. દંડ થાય તે એક પછી એક ભરવા પડે તે આવી ચોરિયોમાંથી પૂરા કરૂં, ને સાથે વળી, ટિકિટો ખરીદવાને અને છાંટો પાણી કરવાને ફાલતુ પૈસા પણ બચે ખરા.

ન્યાયાધીશ—એવી એક બે ચોરિયોની વિગત તો જણાવો ?

વિરહો—**નાટકમાં** ચોરિયો કરવા કરતાં **સિનેમા**માં કરવાની મને ઘણી રમુઝ પડતી, તેમાં વળી, પકડાઇયે નહિ એમ પણ બની શકતું હતું. દાખલાને માટે કહું તો એક સિનેમામાં એક સ્ત્રી પોતાના દીકરાને લઈ બેઠી હતી, તેની પાસેની સીટ ઉપર હું બેઠો હતો. છોકરો ઉંઘી ગયો તેના હાથે નક્કર સોનાની કલ્લાઇયો ને સાંકળાં પ્હેરાવેલાં હતાં, ને કોટમાં સોનાની સાંકળી એક સેરની પ્હેરાવી હતી, ખુરશી ઉપર તે ઉંઘી ગયો. બંદાને ખરેખરો અંધારાનો લાગ મળ્યો અછોડા કલ્લાંની ખીલીના ઇસ્ક્રુ ધીરેથી ફેરવીને તે ફ્હાડી લીધાં, તેવીજ રીતે કોટની સાંકળી પણ ફ્હાડી લીધી, ને બંદા ત્યાંથી પોબાર ગણી ગયા તે આજની ઘડી ને કાલનો દ્હાડો.

ન્યાયાધીશ—ત્યારે એ ચોરી પકડાઇ નહિ કે ? એની શિક્ષા નથી થઈ ?

વિરહો—હજી લગણ તે છૂપી હતી. અત્યારે મેં જાણમાં આણી ત્યારે જણાઈ.

ન્યાયાધીશ—આ તો મ્હોટી ચોરી ક્હેવાય નહિ. બીજી મ્હોટી ચોરી કરી હોય તે કહી સંભળાવો.

વિરહો—એક ડોસો બેઠક પર છૂટા હાથ રાખીને મારી પાસે બેઠો હતો, તે ઝોકાં ખાતો હતો, અને વળી જોવામાં મસગુલ થતો હતો. તેની આંગળિયે હીરાની વીંટી, અંધારામાં પણ ચળકતી હતી, જરાક આંગળિયે ઢિલી પડતી જણાતી હતી, તે તેને ખબર ન પડે એમ યુક્તિબંધ ક્હાડી લીધી. પછી બંદા તો ત્યાં બેસે શાના ? લાગલોજ રવાને થઇ ગયો.

ન્યાયાધીશ—એ ચોરી તો તમે બહુ હોંશિયારીથી કરી. તેથી હજી લગણ છૂપી રહી.

વિરહો—એમજ થયું છે. વળી બીજે દિવસે એક બીજા સિનેમામાં ફાંકડો લાગ ફાવ્યો. એક બોજાએ ખીસ્સામાં પર્સ રાખેલી તે લાગ જોઇને મેં ક્હાડી લીધી, બ્હાર જઇને ચાંપ ઉઘાડી જોયું તો સો સોની ત્રણ નોટ હતી. લીલમની એક વીંટી હતી, બે પચાસની નોટો હતી અને, રૂ. ૧૦–૧૨ છૂટા હતા.

ન્યાયાધીશ—સિનેમામાં તો ચોરિયો કરવાને ઘણા લાગ તમને મળેલો જણાય છે.

વિરહો—જી, હા. આ તો દામની ચોરિયોની વાત કરી પણ ચામ એટલે ચામડી ઉપર શરિરે હાથ ફેરવવાની ચોરિયો પણ સિનેમામાં મેં ઘણી કરી છે.

ન્યાયાધીશ—અરે એ શું ! આ તો તમને વિપરીત પ્રકારનો લાભ મળેલો જણાય છે.

વિરહો—આપ પૂછો છો તો હું કહું છું, તેમ છતાં આવા સવાલો પૂછવામાં ઇરેવેલંટ નથી થતું ? અને કોર્ટનો વખત પણ નથી જતો કે ! અને મારે જે મારા લાભનું ક્હેવાની અગત્ય પડતાં તે કહું છું ત્યારે કોર્ટનો વખત જાય છે.

તમે ના જાણશો કે હું આ મૂર્ખાઇની વાતો કરૂં છું. હું મારૂં ભવિષ્ય વરતી ગયો છું. તમારી એકજ શિક્ષામાં મારા સર્વે અપરાધોનો સમાવેશ થવાનો છે તો તે અપરાધો હવે જગતની આંખ્ય આગળથી છૂપા શા માટે રાખવા ? જે અપરાધ કર્યા હોય તે કહી નાંખીને પાપમુક્ત થવું એજ હવે મારે માટે યોગ્ય છે. તમને હું મારા પાપવિમોચન પાદરી ગણીને તમારા આગળ સાચેસાચું કહી દેવાને તત્પર થયો છું. મને આડું અવળું, વાંકુચૂંકુ, ઉડાવવાનું બોલતાં ઘણું આવડે છે. પણ હું જાણું છું કે એમાં મારી કશી કારીગરી ચાલે એમ નથી. મારો પાપનો ઘડો પૂરો

ભરાયો છે. હું મ્હોએ ના કહીશ તે નભી શકવાનું નથી. મારા કામમાં વિરૂદ્ધ પૂરાવો એવો સજ્જડ પડ્યો છે કે હું બચુ એમ નથી. જે ઘણો લુચ્ચો અને પૂરો અપરાધી પાપી હોય છે પણ અનુભવને આંકડે પરોવાય છે, ત્યારે તેને અંતઃકરણનો પસ્તાવો પણ થાય છે, અને તે એવો સુધરી જાય છે કે તેના જેવો કોઇ બીજો પવિત્ર હોયજ નહિ, પરંતુ હવે હું સુધરીને સીધાં થવાની મારી ઇચ્છા અમલમાં લાવી શકું એમ નથી.

ન્યાયાધીશ—તમે આ પ્રમાણે તમારૂં હૃદય ખાલી કરો છો તેથી તમારા ઉપર હું ખુશ છું, તમારા કેસની હકિકત તો હજી મારે હવે પછી પૂછવાની છે, પણ તમે તમારૂં ખરૂં નામ કેમ ક્‌હેતા નથી.

વિરહો—હું મારા બાપને લાડકવાયો દીકરો હતો. તેમની મ્હોટી વયે મારો જન્મ થયો હતો. હું જેમતેમ બચીને મ્હોટો થાઉં એવી તેમની ઇચ્છા હોય એમાં નવાઈ નથી. હું કચરામાંથી તેમને પ્રાપ્ત થયો છું એમ ક્‌હેવાય તો મારૂં જીવતર લાંબુ ચાલે એટલા માટે મારૂં નામ **કચરાલાલ** પાડયું, હું લાડમાં ઉછર્યો ને નઠારી સોબતમાં ફસાયો, તેથી મેં મારૂં જીવતર બગાડયું, એ મને હવે સમજાય છે. મારા અપરાધની નિંદા છાપામાં **કચરાલાલ**ના નામથી છપાયલી કોઇ એક ગૂજરાતી પેપરમાં હતી, તેથી હું તેના ઉપર ચીડાયો, તે છાપાની વીસ હજાર નકલો છપાતી હતી તેનો ઢગલો મળસકામાં તૈયાર થયો હતો, એ વાત મેં જાણી, એટલે, છાપખાનામાં જઈને દીવાશળી સળગાવી મૂકી દઈને હું નાશી ગયો, પછી તો પરિણામનું શું ક્‌હેવું ! મારી ફજેતી જેમાં છાપી હતી તે બધા પેપર બળી ગયા, તે સાથે, ત્યાં તો કાગળોના ને ચોપડિઓના થોકે થોક પડ્યા હતા તે સળગતાં કચરાલાલની ફજેતી કરવા બદલ આગમાં હોમાયા; તેની ૧) લાખ રૂપિયાની મિલ્કતમાં મેં આગ મૂકી, પણ આ બંદો એ અપરાધની શિક્ષાએ પ્હોંચ્યો નથી. જો તે પ્રસિદ્ધ થાય તો મારા ઉપર કેસ ચાલે. આવાં મારાં કૃત્યો અતિશય ધિક્કારને પાત્ર હોવાને લીધે મારૂં ખરૂં નામ ક્‌હેવાને હું આનાકાની કરતો હતો.

ન્યાયાધીશ—વારૂ, ત્યારે તમારૂં ખરૂં નામ **કચરાલાલ** તમારા બાપનું નામ શું છે. ?

વિરહો—કસ્તુરલાલ સરાફ. અમારી શરાફની ૭ પ્હેડીથી દુકાન ચાલતી આવતી હતી તેથી અમે સરાફને નામે ઓલખાઇયે છિયે.

ન્યાયાધીશ—તમારો જન્મ કયારે થયો છે ?

વિરહો—ભાદરવા માસની અમાવાસ્યાને દિવસે, ખગ્રાસ ગ્રહણ સમયે, અને તેનોજ આ પરિણામ છે. મારા જન્મ પછી મારા બાપે દેવાળું ફૂંકાડ્યું. બે પૈસા આઘાપાછા કર્યા હશે તેટલું બચ્યું. તેમના મરણ પછવાડે હું **રાંડીપુત્ર શહાજાદો** બન્યો. મારી વિશેષ ખરાબી શૃંગારી નાટકો જોવામાં થઇ, અને અધૂરાગાં પૂરૂં મને **પથ્થરલાલના** પ્રસંગમાં આવવાની અગત્ય પડી તેથી મારૂં સત્યાનાશ વળ્યું.

ન્યાયાધીશ—પથ્થરલાલ કોણ ?

વિરહો—એ શૃંગારી નાટક મંડળીનો માલિક હતો, કેટલીક નાટક કંપનિયોમાં તે નટ તરીકે કામ કરતો હતો. તેથી લોકોનાં, તેમાં વિશેષે કરીને સ્ત્રિયોનાં મન હરણ કરવામાં તે ફાવતો હતો. શેઠને રડાવીને ગુમાસ્તા કમાઇ જાય છે, તેવો ધંધો પણ એણે આદર્યો હતો. નાટક મંડળી સ્થાપનાર પોતાના માલિકની **સ્ત્રીને ફીટાવીને** તેનો માલિક એ થઈ પડ્યો. ધણી મરી ગયો, અથવા તો કહો ને કે તેનું ગમે તે પ્રકારે કાટલું થઈ ગયું, એટલે, કંપનીનો તે માલિક થઇ પડ્યો. ગમે તેવો તે હતો પણ મારી નાટ્યકુશળતાને લીધે એની મારા ઉપર પ્રીતિ હતી. અને તેથીજ મારી પ્રીતિ એના ઉપર થઇ હતી. એના પ્રેમલીલાના પ્રપંચમાં મને અડુકદડુકિયો તેણે બનાવ્યો હતો. ચિઠ્ઠિયો લઇ જવી લાવવી, સંદેશા પ્હોચાડવા એવું કામ એ મારી પાસે કરાવતો.

ન્યાયાધીશ—એવું તો તમે બહુ કર્યું હશે તેની સાથે આપણા આ મુકદ્દમાનો સંબંધ નથી. પરંતુ ગુલાબના કેસથી તમારો સંબંધ જોડાયો છે તે વિષે તમારે શું કહેવું છે ?

વિરહો—મારી પ્રસ્તાવના એજ કેસની ઉત્પત્તિ પ્રગટ કરવા માટે છે. **નીતિદર્શક નાટક મંડળી**માં સારાં નાટક થતાં હતાં, તે વેળાએ, **શ્યામજી રામજી ઝવેરી** પોતાની જુવાન સ્ત્રી ગુલાબના આગ્રહથી તેને લઇને નાટક જોવા આવતા. **પથ્થરલાલ** રૂ. ૩૦) ના પગારથી આ મંડળીમાં નટનું કામ કરતો, તે ગુલાબને પડખે બેશીને નાટકનું રહસ્ય સમજાવવાનું ડોળ કરતો. પછી તેણે પોતાની આગવી નાટકમંડળી સ્થાપી ત્યારે શેઠનો ગુમાસ્તો **જીવણ ભગુ** હતો તેની ખુશામત કરીને **શ્યામજી** શેઠ પાસેથી કોઇ કોઈ વાર રૂપિયા ઉપાડતો, અને પાછા તે ભરી દેતો. ગુલાબને ફિટાડવા તેણે ઘણા પ્રયત્ન કરેલા પણ તેમાં તે ફાવ્યો નહિ. તો પણ તે ધારતો હતો કે છેવટે તેને તે વશ કરી શકશે. ગુલાબ કરતાં, **શ્યામજીની**

ઝવેરાત ઉપર એનો ડોળો વધારે હતો, નાનાપ્રકારના દૃશ્યો કરી બતાવવાને નાણાંની ઘણી અગત્ય હતી, એ પણ એક મુખ્ય કારણ હતું.

ન્યાયાધીશ—નાટકમંડળી જમાવાને તમે પથ્થરલાલને નટ થઇને ઉપયોગી થયા હતા તે ઉપરાન્ત નાણાની પણ મદદ કરી હતી કે ?

વિરહો—હા, તે પણ કરી હતી ખરી.

ન્યાયાધીશ—કેટલા રૂપિયાની કરી હતી ?

વિરહો—૨,૫૫૭ રૂપિયાની કરી હતી.

ન્યાયાધીશ—એ રકમ તમે ક્યાંથી લાવ્યા ?

વિરહો—પથ્થરલાલને એ રકમ મારે રોકડી આપવી પડી નથી. મારી પાસે રૂ. ૨૫૫ ની નોટો હતી તે એક વેપારીને બ્હાનામાં આપીને તેની પાસેથી રૂ. ૨,૫૫૭ નો માલ ખરીદ્યો હતો. તે માલ મેં મારા પથ્થરલાલ માલિકને આપ્યો હતો.

ન્યાયાધીશ—તમારી પાસે ૨૫૫ રૂપિયાની નોટો શી રીતે આવી હતી ?

વિરહો—શી રીતે તે એમની એમ.

ન્યાયાધીશ—એમની એમ તે કેમની કેમ ?

વિરહો—મારી પાસે એક લેડીઝ બૅગ આવી ગઈ હતી તેમાં એ નોટો હતી.

ન્યાયાધીશ—મડમો બજારમાં જાય છે ત્યારે હાથે ભરવેલી બૅગ તેમની પાસે લટકતી રાખે છે તેવી તે બૅગ હતી ?

વિરહો—હા, સાહેબ, તેવીજ તે બૅગ હતી.

ન્યાયાધીશ—તમે પૈસા રાખી મૂકવા એ બૅગ રાખી રહ્યા છો નહિ વારૂ ?

વિરહો—હા, સાહેબ, એટલાજ માટે એ બૅગ મારી પાસે મોજુદ છે.

ન્યાયાધીશ—એ બૅગ કેટલી કિંમતની છે ?

વિરહો—એ તો મારી બલા જાણે. પણ હું જાણું છું કે તે ઘણી ઉંચી કારીગરીની છે તેથી રૂ. ૨૫) ની કિંમતની તો હશે ખરી.

ન્યાયાધીશ—ત્યારે એ બેંગ તમારી પાસે ક્યાંથી આવી ?

વિરહો—શેઠાણી ચપળાબાઈ ચોકસી પાસેથી-

ન્યાયાધીશ—ચપળાબાઈ ચોકશી સાથે તમારે ઓળખાણ શી રીતે થયું ?

વિરહો—મારે **ચ**પળાબાઇની **ચ**પળતા શિખવી ન હતી કે હું **ચપ**ળાબાઇનું ઓળખાણ કરૂં. એ તો અનાયાસે મળી ગઈ.

ન્યાયાધીશ—તમારે અગાઉથી એની સાથે ઓળખાણ ન હતું ત્યારે તમે શેઠાણી **ચ**પળાબાઇ ચોકશી એવું નામ શા ઉપરથી જાણ્યું ?

વિરહો—તે એ ઉપરથી કે પેલી બેંગ ઉપર તેનું નામ રોગાનના અક્ષરોથી લખ્યું હતું.

ન્યાયાધીશ—એ બેંગ શેઠાણી **ચ**પળાબાઇયે તમને ખુશીથી આપી હતી ?

વિરહો—ના જી. એ હકિકત મારે મ્હોએથી કહડાવવાને આપે યુક્તિબંધ મને સવાલ પૂછ્યા અને તેના ઉત્તર પણ મેં આપ્યા. એમ કરતાં આપને કેટલું બધું લખાણ કરવું પડયું ? એ ચોરી હતી અને તેની હકિકત પેલાપણ બેઠા છે તે મેહેરબાન પોલિસ અધિકારી સાહેબ પાસે જાહેર થયેલી છે પણ હજુ લગણ તેમને કશો પત્તો મળ્યો નથી પણ જ્યારે હવે પ્રસંગ આવી પડયો છે ત્યારે હવે મારે મારો એ અપરાધ છૂપાવી રાખવો નથી અને હું જૂઠું તો બોલવાનો નહી તો એ કેસને લગતી ખરેખરી હકિકત નિવેદન કરી દેવામાંજ છેવટ મને લાભ થશે માટે ખરેખરૂંજ કહી દઉં છું. મારા ઉપરના કેસો તૈયાર કરવામાં પોલિસ થાકી જાય એટલા કેસની હકિકત હું આપને જણાવી ચૂકયો છું, તો પછી, આ કેસનો રમુજ પડે એવો વૃત્તાન્ત જણાવવાને હું આનાકાની કરતો નથી. નાટકનો ધંધો હવણાં ઉભરાવા માંડયો છે તેના પ્રારંભ કેટલાક જણા કેવી રીતે કરે છે તે જાણવાને અમારા પથ્થરલાલે અને મેં શું કર્યું છે તે સાંભળો. પોલિસ અને મધુરી ભલે નોંધો લે.

ન્યાયાધીશ હવે તેમને નોંધો લેવાની અગત્ય રહી નથી, પણ તમારી હકિકતમાંથી કોઈ નવા અપરાધિયો જાહેર થઈ આવે તો તેમના ઉપર કેસ કરવાને તેમને નોંધ લેવાની અગત્ય ખરી.

વિરહો—જો એમ કરવા જશે તો, બીજાઓને ગુંથણીમાં ગુંથી લેવા જતાં, એજ ગુંથાઈ જશે. અપરાધ પકડવાના શોધમાં પોલિસ જેઓને ઉપયોગમાં લે છે, તેમાંથી, ઘણા ભાગ તો પોલિસનેજ ઠગે છે. અને પોતાનો રોજગાર તેમાંથી ઉભો કરે છે. તે હું અહિં કહી બતાવું તે કરતાં મને પોલીસવાળા ખાનગીમાં પૂછશે તો તેઓને અચંબો લાગે એવાં દૃષ્ટાન્તો બતાવી આપીશ.

ન્યાયાધીશ—એ વાત જવા દો. હવણાં તો શેઠાણી ચપલાબાઇની હકિકતના સંબંધમાં તમારે જે કહેવું હોય તે કહો.

વિરહો—કમાઈધમાઇને તૃપ્ત થયેલી નાટકમંડળીવાળાની સાથે ચડસાચડસી કરવાને, અને તેમના ધંધામાં ભાગ પડાવવાને, તેમનાથી વિશેષ તો નહિ, પણ તેમની હારમાં ઉભાં રહેવાય એવી વ્યવસ્થા કરવા માટે કાળજી, શ્રમ, આવડ, અને યુક્તિનો ઉપયોગ કરવો પડે છે. સારાં દૃશ્ય બતાવવાને પ્રથમ તો સારા નટ ખોળી કહાડવા પડે છે, પછી તેમને શોભતા પોશાક તૈયાર રાખવા પડે છે; અલંકાર પણ કામ ચલાઉ જોઇયે. કેટલાક જણા તો ભાડુતી સામાન લઇને ચલાવે છે, કેટલાક બનાવટી ચીજોનો સંગ્રહ કરે છે. પથ્થરલાલને બનારસી સાડિયો, શાલો, દોપટ્ટા વગેરે સાચો માલ મેળવવાની બહુ ઇચ્છા હતી, પણ તેની પાસે કાંઈ સાધન ન હતું. મારા મનમાં આવ્યું કે, આ કામમાં મારે શેઠને મદદ કરવાનું માન મેળવવું જોઇયે. ઇરાદાપૂર્વક હું મારવાડી બજારમાં ચાલ્યો જતો હતો, તેવામાં, એક બનારસી અને દિલ્હીના કાપડવાળા પરમેશ્વરીદાસની દુકાને સાડિયો ખરીદવા બેઠેલી, એક સુધરેલી લાગતી સ્ત્રી મારા જોવામાં આવી; તેણે પોતાનું ઓલખાણ આપતાં, પોતાનું નામ શેઠાણી **ચપલાબાઈ ચોકસી** એમ જણાવ્યું હતું. તેની બૅગ મેં ચોરી લીધી. તેણે પોતાની બૅગ હાથે ભરવેલી હતી તે પોતાની બેઠક પાસે મૂકીને સાડિયોની ભાત મેળવા લાગી, તેથી, સાડિયો નીચે તે ઢંકાઈ ગઇ હતી તેથી હળવે રહી તે ઉપાડી લેવામાં મને ઠીક ફાવ્યું. હું તે લઇને વટાણા માપી ગયો. ઘેર આવી જોયું તો તેમાંથી રૂ. ૨૫૫ ની નોટો, અને આ ઘડિયાળ જે મેં મારે કાંડે સોહાવ્યું છે તે નીકળી આવ્યું. બીજે દિવસે હું ગોવાનો વ્યાપારી બન્યો. મેં વેશ એવો ધારણ કર્યો હતો કે, કોઇ મને ઓળખી શકે નહિ. તો પણ હું પરમેશ્વરીદાસની દુકાને ન ગયો, કેમ કે, કદાપિ તેણે મારૂં મ્હો આગળે દિવસે જોયું હોય તો વ્હેમાય,

એક છેલ્લી દુકાન હતી ત્યાં ગયો. તેની પાસેથી ૧૫ બનારસી સાડિયો. જૂદા જૂદા રંગ અને જાતની; ૧૨ કસબી દોપટ્ટા, ૧૦ કસબી બત્તિયો. ૧૫ દીલ્હીની જુદા જુદા રંગની પાઘડિયો. ૨૫ કસબી ચોળીખંડ. ૧૫ ઢાકાની મલમલના તાકા. ૧૫ કસબી અને સાદા ધોતીજોટા. ૨૫ જામદાનીના તાકા. એટલો માલ પસંદ કરીને તેની કિંમતનો આંકડો તૈયાર કરાવ્યો તે રૂ. ૨,૫૫૭ નો કુલ થયો; તેની ગાંસડી બંધાવીને, હું એક હોંશિયાર માણુસ મારી સાથે લેઈ ગયો હતો તેને આપી. આંકડાના પૈસા ચૂકવી આપવાનું ડોળ કરવા સારૂ મેં એક રેશમી રૂમાલે નોટો બાંધી રાખી હતી તે પોટકુ મારા ખિસામાંથી કહાડયું. મારે અહિં ખુલાસો કરવો જોઇયે કે પેલી ૨૫૫) રૂપિયાની નોટો વટાવીને મેં બધી દસ દસની અને પાંચ પાંચની કરાવી રાખી હતી. એટલે નંબર પકડાવાની ધાસ્તી પણ નહતી. પોટકુ છોડતાં તેમાંથી દસ દસની નોટો જોઇ મેં પેલા મારા માણુસને કહ્યું કે ૧૦૦ રૂપિયાવાળી નોટોનું પોટકું લેવા મેં તને કહ્યુ હતું ને તું તો ૧૦ રૂપિયાની નોટોનું પોટકુ ઉપાડી લાવ્યો. માણુસ કહે કે મેં પોટકુ છોડીને જોયું નહિ એ મારી ભૂલ થઈ. પછી મેં કહ્યુ કે ચિન્તા નહિ. લો શેઠજી આ નોટો ગણી લ્યો. તેણે ગણી તે ૨૪૫ રૂપિયાની થઇ મેં કહ્યું કે આ આંકડામાં નોંધીને બાદ કરો, તેણે તેમ કરચું, તો રૂ. ૨,૩૧૨ બાકી રહ્યા. મેં કહ્યું કે બજારગેટ આગળ શેઠ પરમાનંદદાસ અમારા આરતિયા છે ત્યાં તમારા માણુસને આ આંકડો આપી મારી સાથે મોકલો. અમારો ઉતારો એમની પેઢીમાં છે ત્યાંથી હું રૂપિયા આપીશ. તે પ્રમાણે તેણે કરચું. લોભિયા આગળ ધૂતારો ભૂખે મરે નહિ એ કહેવતનો માસલો અહિં મળ્યો. અમે લક્ષ્મીદાસ મારકેટ આગળ ગયા, એટલે, સંકેત કરી રાખ્યા પ્રમાણે મેં મારા માણસને કહ્યું, કાપડિયા રામજી ડોસાની દુકાનેથી આપણે કાપડ લીધું છે તેની ગાંસડી ભેગી આ ગાંસડી બંધાવવાને તું તેની દુકાને લઈ જા અને તે આખી ગાંસડી બંધાય તે આપણા આરતિયા શેઠ પરમાનંદદાસ માધવદાસની દુકાને બજારગેટમાં લઈ આવ. માણુસ ત્યાંથી કાપડ બજારમાં થઇને મારે ઘેર દાખલ થઈ ગયો. જરા આગળ ચાલમાં બરફીવાળાની દુકાન સામી હારમાં હતી, ત્યાંથી પાંચ શેર બરફી લાવવાને મારા ખીસ્સામાં મેં રૂ. ૧૦) ની નોટ ઇલાયદી રાખી હતી તે આપીને બરફી લેવા, પેલા માણુસને મોકલ્યો તે બરફીવાળાની દુકાને પ્હોંચ્યો નહિં એટલામાંજ પાસે એક વિકટો-રિયા ઉભી હતી તેમાં બેશીને હું રવાના થઈ ગયો. આ બધું અમારા પથ્થરલાલ શેઠની ખાતર કરવું પડયું.

પેલો અમારો માણસ કાપડની ગાંસડી લઈને રવાને થઇ ગયો તેનું નામ **ઉત્પાત્તિયો** હતું તે પણ કહી દઉં છું. **મધુરભાઇ** ભલે તેને **શોધી** કૂહાડે. અમારી નાટક ટોળી વીખરાઇ ગઇ તેમાં એ પણ વીખરાઇ ગયો.

વિખરાઈ ગયો એટલે **વિખરાઈ** નામની કોઇ જગ્યાએ ગયો એમ નહિ.

વિખરાઈ નામની કોઈ જગ્યા પૃથ્વીના પડઉપર હોય તો ભલે **મધુરભાઇ** અને **મધુરી** બ્હેન પોતાની ભૂગોળવિદ્યામાંથી તે ખોળી કૂહાડે. કેમ કે, ઠગાઇના અપરાધમાં આશ્રય આપવાનો આરોપ ઉત્પાતિયા ઉપર એસતો કરવાને તેને ખોળી કૂહાડવો પડશે.

ન્યાયાધીશ—સીધી વાત કરો.

વિરહો—ઉત્પાતિઓ વિખરાઇ ગયો, એટલે છૂટો પડી ગયો. હું મારા શબ્દકોશ પ્રમાણે એવો અર્થ કરૂં છું. ઉત્પાતિયો વિખરાઇ ગયો એટલે એ એના શરીરથી જૂદો પડી ગયો, મરી ગયો, અથવા સ્પષ્ટ શબ્દોમાં કહિયે તો યમરાજ ભણીથી વારંટ (તેડું) આવ્યું એટલે પોતાના અપરાધોનો એકરાર કરવા યમરાજના ધર્માસન આગળ બિરાજમાન થયો છે. એના (૮૧) એકાશી અપરાધ તો મારા જાણવામાં છે. અને બીજા છૂપા રાખ્યા હશે તે જૂદા. હું એના એકાશી અપરાધ જાણું છું. એમ પોલિસ કે તેમનાં સાહાય્યક પેલાં મધુર મધુરી જાણે તો મારી જુબાની લેવરાવે પણ પ્રભુના દરબારમાં તેમ કરવાની અગત્ય પડતી નથી. ત્યાં તો યમરાજની ધટમાલ ચાલ્યાંજ કરે છે. અહિં આ પૃથ્વી ઉપર આપણે સારૂં કે નરસુ કૃત્ય કર્યું કે લાગલુંજ તેમની દૈવીવિદ્યાના પ્રબલ પ્રભાવરૂપી ટેલીફોન દ્વારાએ તેમના ચોપડામાં આપણો પ્રથમ તો ફોટો પડે છે અને તેની નીચે યંત્રબળથી એની મેળે સારાં કૃત્ય આપણા ખાતામાં જમે થાય છે, અને નરસાં કૃત્ય ઉધાર બાજુમાં નંધાયાં જાય છે. જ્યારે આપણું આયુષ્ય પૂરૂં થાય છે ત્યારે યમના દરબારમાં આપણને આપણા પાડેલા ફોટાવાળા ઉધાડા ખાતા આગળ રજુ કરવામાં આવે છે. ન્યાયાધીશ મહાશય ! અહિંયાં તો તમે અમને પૂછીપૂછીને જાણો છો. અને તમારા આગળ પડેલા પૂરાવા ઉપર આધાર રાખીને ન્યાય કરો છો. નિરપરાધીના ઉપર બનાવટી પૂરાવા પડ્યા હોય તો તમે અપરાધી ગણીને ફાંશીને લાકડે લટકાવો છો તેવું ત્યાં થતું નથી.

ન્યાયાધીશ—અત્યારે તો તમે મ્હોટા પંડિત બની ગયા જણાઓ છો.

વિરહો—હા મહાશય ! એ આ આપના ધર્માસન સમાન ન્યાયાસનના વાતાવરણનો પ્રતાપ છે. જેવા વાતાવરણના આવરણમાં આવિયે તેવો રંગ આપણામાં જામે છે. મને આશ્ચર્ય લાગે છે કે મારા જેવો અધમ, મહા પાપી તેના આ ટાણે આવા વિચાર શી રીતે બદલાઇ ગયા ? અપરાધમાંથી છૂટવાને માટે હજાર પ્રકારનું જૂઠાણું બકવામાં આવે છે. હું એક અપરાધી છું છતાં તેમાંથી બચી જવાને ખોટું બોલવાનું મને જરા પણ મન થતું નથી.

ન્યાયાધીશ—જ્યારે એમ છે ત્યારે તમે કહો કે શ્યામજીનું ધન હરણ કરવાના સાધનરૂપ ગુલાબનું મન હરણ કરવામાં પથ્થરલાલ ફાવ્યો નહિ, ત્યારબાદ, શ્યામજી ઝવેરીનું ઓચિંતું મરણ કેવી રીતે થયું તે બાબત તમે કાંઇ જાણો છો !

વિરહો—હા સાહેબ—

શ્યામજીની હૈયાતી ન હોય તો એની એ ઇચ્છા પૂર્ણ થાય એમ પથ્થરલાલ ધારતો હતો, તેથી તેમના ગુમાસ્તા જીવણ સાથે મળીને કાંઇ પ્રપંચ રચ્યો હશે એમ મને વ્હેમ જાય છે. નાટક જોવા આવવાને એકવાર પથ્થરલાલે ગુલાબના ઉપર ચિઠ્ઠી લખી મને આપી, તે લઇને હું તેની પાસે ગયો, તેણ તે વાંચીને મને કહ્યું કે, શેઠ હોત તો હું તેમને લઇને આવત, પણ તેઓ પરગામ ગયા છે તેથી હું નહિ આવું. મે કહ્યું કે, ઘણી ઉમેદવારીથી એમણે ચિઠ્ઠી લખી છે ને તમે નહિ આવો તો અમારા શેઠ નિરાશ થશે, તમારા ભાવના તે ભૂખ્યા છે, ત્યારે ગુલાબ કહે કે જોયો તારો શેઠ ! એ તો કાતડા જેવા લ્હેકા કરે છે, નાટકમાં એના હાવભાવ કાંઇ અસર કરે એવા થતાજ નથી. હાવભાવ તો તારા સારા, મને તો તારા અભિનય બહુ ગમે છે. તું નટી બને છે ત્યારે તો અમ અપ્સરાંને તું આંગળાં કરડાવે એવી તારી લઢણોને લેકા થાય છે. તારા લ્હેકિયા પથ્થરને કહેજે આજે નાટક જોવા આવવાને તે નવરી નથી, આવી તેની વાત ઉપરથી હું ગુલાબનું મારા પ્રતિનું વલણ સમજી ગયો, ને ત્યાર પછી, મારા વિચાર પણ બદલાયા. જીવણ ભગુની સાથે ભળીને શેઠના શેરમાં બંનેયે મળીને કાંઇક ગડબડાટ કર્યો ને એક અઠવાડિયા પછી તો શ્યામજી ઝવેરી ગત થયા. જીવણને મળવાને બ્હાને પથ્થરલાલે ગુલાબને ઘેર જવા માંડયું, પણ પછવાડેથી તે ઓચિંતુ બંધ પડયું.

જીવણ તો શેઠને ત્યાંથી નિકળી ગયો, ને મેં મારો પગ પેસારો વધાર્યો. શેઠાણિયે વખત વીતતો ગયો તેમ નાટક જોવાનું પાછું ચાલતું કર્યું. કેટલાક સમય પછી અમારા પથ્થરલાલ પણ રામશરણ થઈ ગયા, ને મેં કંપની ચલાવા માંડી. અમારી કંપનીનું નામ શૃંગારનાટક મંડળી પથ્થરલાલે પાડયું હતું. તે પ્રમાણે શૃંગારનાં ભરચક નાટકો ભજવાતાં હતાં.

શેઠે વિલમાં વિધવારક્ષક સંસ્થાને કાંઇ રકમ કે શેર આપ્યાનું લખ્યું છે કે નહિ, તે જાણવા માધવી પંડિતાએ પ્રયાસ કરવા માંડ્યો, અને એમણે મધુરી સેવિકાને ગુલાબના ઘરમાંજ રાખવાની ગોઠવણ કરી, એ મધુરી તો ગુલાબ સાથે એવી હળી ગઇ કે કાંઇ કહેવાની વાત નહિ. એના આવ્યા પછી મારો અવરજવર ઓછો કરાવી નાંખ્યો. નાટક જોવા આવે તો તે ગુલાબની સાથેજ હોય. શૃંગારીનાટક મંડળીના ખેલોને તો એ પ્રથમથીજ ધિઃકારતી હતી પણ ગુલાબ તો મારા હાવભાવમાં પૂરેપૂરી લપટાઇ ગઇ હતી પરંતુ મધુરીનો પ્રતાપ એના ઉપર એટલો બધો પડતો કે તેની સેહેમાં તે લેવાઇ જતી. જ્યારે એક વાર તેણિયે મારા ઉપર સુગંધીવાળા ફૂલનો હાર નાંખી મને સ્ટેજ ઉપર ભેટી પડી, અને હીરાના વિંટી પ્હેરાવી દીધી, તે દિવસે ખાસડાંનો વરસાદ અમારા ઉપર વરશી પડ્યો, અને ત્યારથી, મધુરી સાથે તેને તાણ પડી; આટલું થયું તો પણ, મને બોલાવીને ગુલાબે પોતાની મિલ્કત મારે સ્વાધીન કરવાને તિજોરી ઉઘાડી તેમાંથી એક ટૂંક અને એક હાથપેટી મારા મ્હો આગળ રજુ કરી દેઈ તેમાંના બધા દાગીના મને બતાવ્યા, અને મને તે અર્પણ કરી દેવાનું કથન કરવાની તૈયારીમાં હતી, એટલામાં મધુરી અને મધુર ત્યાં આવી પ્હોંચ્યાં, ને અમારા રંગમાં ભંગ કર્યો. ગુલાબને કાંડે પકડીને તે ત્રીજે માળ લઇ ગયાં એટલે મેં જાણ્યું કે, બાજી કથળી, હવે આ દાગીના હાથથી જશે, એમ સમજી તે ટૂંક અને હાથપેટીમાં ભરી દેતેકને બારી બારણાં અંદરથી બંધ કરી પાછલી સિડિયે થઇને હું પોબારા ગણી ગયો. મ્હોરોની પેટીમાં ભાર ઘણો હતો તેથી તે ઉચકી લેવાનો લોભ કર્યો નહિ, પણ કોઈ બીજે સમયે લઇ જવાની ધારણાથી ડામચિયા પર મૂકી દેઇ તેના ઉપર ગોદડાં નાંખી દીધાં. નાકાપર ભાડાની મોટર ઉભી હતી, તેમાં પેટિયો મૂકી, પાસેજ ભારતીય નાટ્યપ્રયોગશાળા હતી તેમાંનીમારી ઓરડીમાં હું દાખલ થયો, ત્યાંથી મારે વેશ લેવાનાં લુગડાં લત્તાં ઘરેણાં હતાં તેની પોટકી બાંધી મેં રામા ઘાટીને આપી મોટરમાં મૂકાવીને હું રવાને થઈ ગયો.

ન્યાયાધીશ—આ હકિકત પછીનું સાંધણુ ફોજદારી ન્યાયાધીશની તપાસણીમાં વિગતવાર છે. તેથી સાબીત થાય છે કે ગુલાબ શેઠાણીના ઘરમાંથી ૧૩) લાખ રૂપિયાનો માલ **વિરહા**એ ચોર્યો છે, તેમાંથી, ૩,૦૦૦ રૂપિયાના દાગીના મિસ **બે**લીના હવાલામાંથી નિકળ્યા છે.

અંક ૧) ના અપરાધી **વિરહા** ઉપર ગુલાબબાઇના દાગીનાની ચોરી કર્યાનો અપરાધ સાબીત થાય છે. તેમાં મિસ બેલી ઉરફે **ર**ઘુનંદિયે તેમાંથી ચોરીનો માલ રાખ્યો એ અપરાધ તેના ઉપર સાબીત થાય છે.

ન્યાયાધીશ—મિસ બેલિયે ૮૦ હજાર રૂપિયાની નોટો ચોરી લીધી એ વિષે તમે શું જાણો છો ?

વિરહો—એ ચોરી કરવાની ચિઠ્ઠી પેસ્તનજી સ્ટેશનમાસ્તરે મિસ બેલી ઉપર લખી હતી અને મિસ બેલિયે જવાબ લખી નાંખીને એ ચિઠ્ઠી પેસ્તનજીને સ્ટેશન ઉપર જઇયે ત્યારે આપવા મને સુપરત કરી હતી, પરંતુ એ ચિઠ્ઠી સ્ટેશન ઉપર ગયા પછી મેં મારા ખિસ્સામાં ખોળી તો મને જડી નહિ. ઉતાવળમાં ગેરવલ્લે પડી.

ન્યાયાધીશ—એ ચિઠ્ઠી તમને બતાવવામાં આવે તો તમે ઓળખી શકો કે ?

વિરહો—જી હા, જોતાંવાંતજ ઓળખી શકું.

ન્યાયાધીશ—(કેસના કાગળોમાંથી ચિઠ્ઠી કહાડી) તમે જે ચિઠ્ઠીની વાત કરો છો તેજ આ કે ?

વિરહો—(હાથમાં લઈ તપાસીને) જી હા, એજ એ ચિઠ્ઠી. એના ઉપર આ જવાબ મિસ બેલિયે મારા દેખતાંજ પોતાને હાથે લખેલો છે.

ન્યાયાધીશ—ત્યારે ૭૭) હજાર રૂપિયાની ચોરી મિસ બેલિયે કરી અને તેમાં તેને તમે મદદ આપી એ વાત તમે કબુલ કરો છો ?

વિરહો—ઝખ મારીને કબુલ કરવું પડે છે.

ન્યાયાધીશ—આમદશેઠના ઘરની અગાશી ઉપરથી નાસતાં, એક ઘરમાં ઉતરી, ત્યાં તમે બંનેયે બાયડીના સાલ્લા પ્હેરી ચોરી કરી એ વાત પણ કબુલ કરો છો ?

વિરહો—કબુલ, મંજુર.

ન્યાયાધીશ—વટપુર પાસેના પરવડીના સ્ટેશને આમદશેઠ અને તેના ચાર ખારવા તમારા ખાનામાં બેશી ગયા, અને મિસ બેલી અને તમને નસાડી ગયા, ને તમારી સાથેના ત્રણ પોલિસ સિપાઇયોને તમે એક પછી એક ઝાલી, તેમના મ્હોમાં ડૂચા ઘાલી, હાથપગ બાંધી, પેશાબ ખાનાની કોટડીમાં કેદ કર્યા. તેમાંથી એકનું ગળું ડબાવી તમે તેને મારી નાંખવા પ્રયત્ન કર્યો એ વિષે તમારૂં શું કહેવું છે ?

વિરહો—પોતાનો જીવ જતો ઉગારવાને કોણ પ્રયત્ન ના કરે ? અમારો જીવ જવાનો પ્રસંગ આવ્યો ત્યારે અમારો જીવ ઉગારવાને અમે બીજાનો જીવ લેવા પ્રયત્ન કરિયે એમાં અપરાધ શાનો ? પ્રત્યેકે, પોતાના જીવનું રક્ષણ કરવા, ફાવે તે યુક્તિઓ અને ઉપાય યોજવા જોઇયે, એ વ્યવહારનીતિ છે. માફ કરજો, સાહેબ, આપ અમારે ઠેકાણે આ પ્રસંગે હો તો આપ શું કરો ?

ન્યાયાધીશ—એક અપરાધને માટે બીજો અપરાધ કરવો જોઇયે નહિ. જો તમે પોલિસ સિપાઇનું ગળું ડબાવીને તેના ખુનની કોશીશ કરી હોત નહિ તો એ વિષેના અપરાધી તમે ગણાત નહિ. પરંતુ તમે તમારો અપરાધ છૂપાવવા નાસવાના પ્રયત્નમાં જેની હવાલતમાં હતા તે સિપાઇનું ગળું ડબાવી તેનું મૃત્યુ આણવા પ્રયત્ન કર્યો. એ વાત તો ખરી કે નહિ ?

વિરહો—હા, એ વાત તો ખરી.

ન્યાયાધીશ—ત્યારે તમે ખુન કરવાના પ્રયત્નના અપરાધી થયા એ વાત પણ ખરી. વારૂ એ ઉપરાન્ત, તમે જ્યારે બેલીફૂટાની ગુફામાં સંતાયા, અને બબરચી બનેલા મધુરને ઓાલખ્યો ત્યારે તેને મારી નાંખવાને ખારવાનો છરો લઇને તમે તેની છાતીમાં ઘા કરવાની તૈયારીમાં હતા, એટલામાં મધુરિયે તમારી પાસેથી છરો સૂંટાવી લીધો હોત નહિ તો તમે તે મધુરની છાતીમાં મારી, તેનું ખુન કરત કે નહિં !

વિરહો—જેવો ઘા થાત તેવો પરિણામ આવત, પણ મધુર તો અમને મરાવા, પકડાવવા અમારા ભેગો ભળ્યો હતો તેને અમે ગમે તે કૃત્ય કરીને અટકાવિયે એ કાંઇ અપરાધ કર્યો ગણાય નહિ, એ તો અમારો પોતાનો બચાવ કર્યો ગણાય. અને વળી, એ કયાં મરી ગયો છે ? જીવતો ને જાગતો છે. હજી પણ અમારો કેડા કયાં મૂકે છે ?

ન્યાયાધીશ—તમારો ઇરાદો તો એને મારી નાંખવાનો હતો કેનહિ ?

વિરહો—અલબત હતો, એ વાત તો કબુલ કરૂં છું.

ન્યાયાધીશ—મિસ બેલિયે મધુરના હાથ પગ બાંધ્યા, અને તેથી તમે એની છાતી ઉપર ચડી બેશીને ઘા કરવાને ફાવ્યા હતા એ વાત ખરી કે?

વિરહો—હા, એમજ થયું હતું.

ન્યાયાધીશ—ખારવા સોમલાએ પણ આ ખુન કરવામાં તમને મદદ કરી હતી એ વાત પણ ખરી કે?—

વિરહો—એ વાત પણ ખરી.

(ખારવા સોમલાને રજુ કરાવતાં તે આવે છે.)

(અંક ૩ નો તોહમતદાર ખારવા સોમલાની જુબાની.)

ન્યાયાધીશ—તમારૂં નામ શું?

સોમલો—મારૂં નામ સોમલો ચોરટો.

ન્યાયાધીશ—ચોરટો એ તારૂં ઉપનામ છે, નહિ વારૂ?

સોમલો—એ મારા ઓળખાણનું નામ છે.—સોમલા તો બીજા ઘણાય છે. પણ સોમલો ચોરટો કહે તાણ હું ઓળખાઉં.

ન્યાયાધીશ—ચોરી કરતો હોઇશ તેથી તું ચોરટો કહેવાયો હતો?

સોમલો—હાસ્તો વળી. હું નાનો પોરિયો હતોકને, તારથી આમદહેડના બતેલાખાતે રહેલો અને તાર પછે, એણ ધુમાડાની ને આગની આગબોટ રાખીકને તારથી હું એમની પાહે ખારવાની નોકરી કરતો આવિયો હતો. લોકોની દાંણાની ગુણો આવેકને તેમાંથી દાંણા કહાડી લેવાનું વહવાહનું કામ પણ આમદહેડ મારી પાહે કરાવતા અને હવણાં પન હું એવોજ ધંધો કરૂં છું.

ન્યાયાધીશ—મ્હોટામાં મ્હોટી ચોરિયો પણ તેં કરી હશે?

સોમલો—હોવેસ્તો, પન તે મારે માટે નહિ હોકે! મારા હેઠને માટે, કોઈ કાંય અનાંમ આપે તેટલુંજ હું મારી ખાઉં.

ન્યાયાધીશ—તને ઇનામ કયા કામમાં મળેલું?

સોમલો—સાબ ! એ તો છાંની વાત છે. બહુ છાંની વાત છે. એ કાંઈ મારા પેટમાંથી કાઢી નેકળે એમ નથી. ને એવી વાતો ઓકાવી પણ ઓકતો નથી, તેથીજ, મારા હેડનો મારા ઉપર વહવાલ ર્‌હોટેલો છે.

ન્યાયાધીશ—પણ કોર્ટ જે પૂછે તે તો બધું ક્‌હેવું પડે. કોર્ટના આગળ જે જૂઠું પડે તેને શિક્ષા થાય છે, માટે જે ખરૂં હોય તે ક્‌હે.

સોમલો—ખરૂં તો ઇકે, **પીરજાદાનો** તકિયો છેકને, પેલા બેટડાના ટેકરા ઉપર, તાં એક પીર **મિરજાં** ર્‌હેતો'તો તેને માટે ઘી, ખાંડ, હાકર, ગોળ, ઘઉં, ચોખા બધુંએ જોઇયે. એક વેપારિયે આખા બતેલામાં આવો માલ ખૂબ ઠાંહીને ભરિયો'તો. બતેલો મોટો હતો, તે આખો બતેલો **પીરજાદાના** ટેકરા ઉપર અમે ઉતારી લીધો, ને જઇને **પીર મિરજાંને** હું આપી ગયો. પીરે મૂઠી ભરીને મને મ્હોરો આપી. એ મારૂં અનામ, ને એમાંથી આ કાંનની મરચિયો, ને આ પગનો તોડો મારે માટે. મારી ખારવીનાં ઘરેણાં ઘડાવ્યાં તે જૂદાં. મારી ખારવી, મને વ્હાલી હેમ જેવીકને તેથી, મારૂં મન ઇનામાં લલચાયલું.

ન્યાયાધીશ—વેપારિયે આ ચોરીની ફરિયાદ કરી હતી કે ?

સોમલો—હોવેસ્તો, અમને છો હાત ખારવાને અનશાફ્દાર ક્‌હાહે ઉભા કીધા'તા. શાબ તમને તો ડાઢી નથી, ઇને તો લાંબી ડાઢી ઉતી.

ન્યાયાધીશ—તમે તમારા જવાબમાં શું લખાવ્યું ?

સોમલો—ઇમિ લખાવ્યું જે. ર્‌હો, હંભારવા દિયો, શાબ, તે વેળાએ વાવોઝડુ એવું ફાટી નેકળ્યું,તું જે પાંણી તો માથોડુ માથોડુ ઉછળવા માડયું'તું ને મારો બાપો કરૂં, બતેલો મોજાં ઉપર ચડે ને પાછો ફટ લેઇને નેચે પડે, ને અમે તો જાણ્યું જે, ગયો, ગયો, બતેલો ગયો, અને ખરે, થયું એમસ્તો. બતેલો ઉંધો વળ્યો ને ઓલ્યા વેપારીનો બધોય માલ પાંણીના તળિયામાં પેહી ગયેલો. અને મોજાનો એક જબરો ઝપાટો વાગેલો એટલે ઝટ બતેલો પાછો તરી આવેલો. અમે ઇના ઉપર ચડીજિયા, જો એમથયું હોત નહિકને તો અમે પન પેલા વેપારીની હાકર ને ચોખા ખાવા દરિયાના તળિયામાં હમેટઇ જાત.

ન્યાયાધીશ—તમે સાતે ખારવાએ આ પ્રમાણે જૂઠી જબાની લખાવી ?

સોમલો—હોવેસ્તો, અમને બધાંને એવું કહેવાનું કહી રાખ્યું'તું. તે પરમાંણે અમે બધાએ ભરી નાંછ્યું.

ન્યાયાધીશ—કોણે કહી રાખ્યું હતું ?

સોમલો—અમારા હેટે એક વકીલ રાછો તે તીણસ્તો.

ન્યાયાધીશ—તારા શેઠ શિખવવામાં સામેલ હતા કે ?

સોમલો—અમે કાંય બીજું ના જાણિયે. અમે તો એટલું જાણિયે જે વકીલે પોપટના પેઠે અમને ભણાવ્યા ને અમે જબાનીમાં એ પરમાંણે ભરી નાંછ્યું.

ન્યાયાધીશ—કોર્ટે છેવટે શો ઠરાવ કર્યો ?

સોમલો—એમ ઠરાવ્યું જે વાવાઝડામાં બનેલો પાણીમાં પેઠો તેમાં કોઇનો વાંક નથી તેથી કોઇ જવાબદાર નથી.

ન્યાયાધીશ—આ સિવાય તમે બીજી ચોરિયો કરેલી કે ?

સોમલો—જુવો શાબ, અમારો ખારવાનો ધંધો પડિયો. બતેલામાં માલ આવે ને તેમાંથી થોડું થોડું કાઢી લીજિયે તો જણાય પણ નહિ ને અમારૂ કાંમ થાય. એ તે કાંઇ ચોરી કહેવાય ?

ન્યાયાધીશ—ત્યારે તમે બીજી ચોરિયો ઘણી કરી હશે. અને ગુનાહ પણ ઘણા કર્યા હશે.

સોમલો—અરે એક તો હું, એવા હજારો ધના કરેલા. આ પેટ લાજેલું તે કરવા પડેલા, પેટ કાંય ઉંચુ મુકાય કે શાબ ?

ન્યાયાધીશ—તેમાંનો એક જબરો ગુનોહ તો કહી સંભળાવો ? તમે તો નામચી નાખુદા જણાઓ છો. બહુ બાહોસ છો.

સોમલો—મારા જાતવાળાએ મને એમજ ગણેલો; અને તેથી મારા જાતવાળાને જમાડવાને ખરચ પણ કરવાં પડેલાં હોલકે.

ન્યાયાધીશ—તમારા બતેલામાં માલ ચડે તેમાંથી દાણામાંથી દાણા ને ઘી ને ગોળમાંથી ઘી ને ગોળ કહાડી લેતા હશો એટલે એવો સામાન વેચાતો લેવાને પૈસા ખરચવા પડતા નહિ હોય.

સોમલો—એ તો એમજ કાઢી લેવાય શાબ, અમારી નાત જમતી હોયકની, તાણે તાડીનાં તુમડે તુમડાં, ને છાંટાપાંણીના હીહેહીહા વેચાતા લેવા પડેલા, જાણ્યું કને ?

ન્યાયાધીશ—હા, એ તો જાણ્યું, પણ આફ્રિકામાંથી કમાઇને ઘણા લોક પૈસા લઇને તમારા ઝાઝમાં બેશીને પાછા દેશમાં આવે છે, તેવા તમારા ઝપાટામાં ઘણા આવ્યા હશે.

સોમલો—પાંચ હાત મોટા ઝપાટા મારેલા, વધારે નહિ, હોલકે ?

ન્યાયાધીશ—એમાંથી તમારે બીજાને પણ ભાગ આપવો પડતો હશે ?

સોમલો—હેઠના જાણવામાં આવે એવા તડાકાનો ભાગ હેઠને આપેલો.

ન્યાયાધીશ—હવે તો તમે મધુરને મારી નાંખવા છરો ક્હાડ્યો તે કિસ્સો કહી બતાવો.

સોમલો—એ કિસ્સો તો ટૂંકો ને ટચ બનેલો, હોલકે ?

ન્યાયાધીશ—તમે છરો ક્હાડ્યો તે મધુરને મારી નાંખવાને ?

સોમલો—હાસ્તો વળી. એક ઘામાં એને પૂરો કરી નાંખત, પણ એ કાંમ વિરહાને કરવું'તું, ને પેલાં મડમ શાબને કરવું'તું, ને ગારે કરવું'તું તે અમે તણ મળીને, બાંધી જકડીને, આમ મારી નાંખવાની તૈયારી કરી, ને વિરહાએ ઘા કરવાને ઉંચો હાથ કરેલો, એટલામાં, પેલી પોરી મધુરી આવેલી, તેણિયે વિરહાનો હાથ ઝાલેલો ને કાંમ કથાળેલું.

ન્યાયાધીશ—મધુરનું ખુન કરવાના અપરાધમાં તમે તમારી પૂરેપૂરી મદદ આપેલી, અને તેથી, ખુનની કોશીશના ગુનાહમાં મદદ કરવાનો અપરાધ કર્યો એ વાત તમે કબુલ કરો છો ?

સોમલો—હોવેસ્તો, ઇમાં ના ચમ ક્હેવાય જે.

પંચાયતને ફેંસલાની સુપ્રત.

ન્યાયાધીશ—પંચાયતના સદ્ગૃહસ્થો !

સીતામાતાના મરણવિષે ફોજદારી ન્યાયાધીશની સમક્ષ **વટપુરમાં** થયેલી તપાસણી ઉપરથી, અને એને લગતા જે સાક્ષિયો (અમુક

અંકના) આ કોર્ટની સમક્ષ લેવાયા છે તેના કથનથી અંક ૧ લા ની અપરાધણ મિસ બેલીની લાતોના પ્રહારથી સીતામાતાનું મરણ નિપજ્યું છે. એ વાતની પૂરતી હકિકત તમારી આગળ રજુ થઇ છે. પોલિસ સિપાઈ, અને મધુરના થતા ખુનમાં એની સામેલગીરી હતી તથા ચોરિયો કરવામાં તેણિયે મુખ્ય ભાગ લીધો છે, એ વિષેની હકિકત પણ કેસમાં છે.

તેમજ, બીજા અંકના કેદી વિરહાએ પોલિસ સિપાઈનું ગળું ડબાવીને તેનું ખુન કરવાની કોશીસ કરી છે. વળી, મિ. મધુરનું ખુન કરવામાં પણ કોશીસ કરી છે. મિસ બેલીના સર્વે અપરાધોમાં તેને આશ્રય આપ્યો છે. ચોરિયો કરવામાં અને કરાવવામાં તેણે મુખ્ય ભાગ લીધો છે એવો પૂરાવો રજુ થયેલો છે.

અંક ત્રીજાનો અપરાધી ખારવા સોમલાએ પોલિસ સિપાઇનું ખુન કરવાના ઈરાદામાં પોતાની સામેલગિરિ રાખી છે, તથા મધુરનું ખુન થવાની કોશીસમાં તેણે ભાગ લીધો છે. આમદશેઠ અને તેના બીજા ખારવાઓ, તેમજ, મિ. પેસ્તનજી દારૂવાળા તથા ફિરોજ જમસેદ સિનેમાવાળા એઓના અપરાધની પોલિસ તપાસણી હજી પૂરી થઈ નથી, તેમના ઉપર કાયદાસર આ કોર્ટથી વારંટો કૂહાડવામાં આવશે. પછી તેમનો મુકદ્દમો ઈલાયદો ચલાવવામાં આવશે. આ કેસની બધી હકિકત ઉપર લક્ષ રાખી, આ ત્રણ મુખ્ય અપરાધિયો વિષે પંચો, તમારો શો અભિપ્રાય થાય છે તેનો સમગ્ર નિર્ણય કરવા તમારે પેલા એકાન્ત ઓરડામાં જવું, અને જે નિર્ણય થાય તે પંચાયતના અગ્રણી ગૃહસ્થે કોર્ટને નિવેદન કરવો. (પંચાયત વિચાર કરવા જૂદા ઓરડામાં જાય છે. થોડી વાર પછી નિર્ણય કરી પાછા આવે છે.)

પંચનો અગ્રણી—અમારી પંચાયતનો સમગ્ર એવો અભિપ્રાય છે કે, આ મુકદ્દમાના પ્રત્યેક અપરાધી ઉપર જે અપરાધ મૂકવામાં આવ્યા છે તે સાબીત થાય છે.

ફેંસલો.

ન્યાયાધીશ—વિરહા, તમે મિસ બેલીની સાથે મળીને ઘોર કર્મ કર્યાં છે. તમારા ઉપર જૂદા જૂદા ખુનની કોશીશ કરવાના અપરાધ સાબીત થાય છે; માટે તમે દેહાન્ત દંડની શિક્ષાને પાત્ર છો. પરંતુ તમને તમારા અપકૃત્યોનો પશ્ચાત્તાપ થતો તમે પ્રદર્શિત કર્યો છે; એ વાત લક્ષમાં રાખીને તમને દેશનિકાલની શિક્ષા કરવામાં આવે છે.

મિસ બેલી, તમે દુરાચારની ચાલે ચઠીને **રઘુનંદને** પૂરેપૂરો ઠગ્યો છે. ને નિર્દોષી **સીતામાતાજી**નું તમે ખુન કર્યું છે. ઘણા જણાને દુરાચારી કર્યા છે. તમારા ઉપર, જૂદા જૂદા ખુનની કોશીસના અપરાધ સાબીત થાય છે, માટે તમે પણ ફાંશીની શિક્ષાનાં ગ્રાહક થઇ ચૂક્યાં છો, પરંતુ, તમને તમારા અપકૃત્યોનો તિરસ્કાર પૂરેપૂરો ઉપજતાં, તમે તમારા અપરાધો માન્ય રાખી, પૂરો પસ્તાવો કરતાં જણાયાં છો. એ ઉપર કોર્ટે લક્ષ ફરમાવતાં, તમને દેશનિકાલની શિક્ષા કરવામાં આવે છે, અને તમને બંનેને જૂદે જૂદે સ્થળે નિરાળાં રાખવામાં આવશે.

અંક ૩ ના બારવા **સોમલા** અપરાધી, તમને પણ ખુનની કોશીસ કરવાના અપરાધોને લીધે દેશનિકાલની શિક્ષા કરવામાં આવે છે.

આ ઠેકાણે અમે ખુશીથી નોંધ કરિયે છિયે કે, આ મુકદ્દમામાં અપરાધિયોને ન્યાયની કોર્ટમાં ચડાવવા માટે, મિ. **મધુર** અને મિસ **મધુરિયે** સ્તુતિપાત્ર ભાગ લીધો છે. જનસમાજના કલ્યાણને અર્થે તેઓ પરોપકારી કૃત્યો કરવાને ઉત્સાહ બતાવે છે. નિન્દ્યશૃંગારી નાટકોથી યુવકોનાં મનપર થતી ખરાબ અસરનો અટકાવ કરાવવા તેઓ પ્રયત્ન કરે છે તે માટે તેમને ધન્યવાદ આપવો ઘટે છે.

(ગુલાબને ઉદ્દેશીને)

ગુલાબબાઇ ! તમારા મન ઉપર નિન્દ્યશૃંગારી નાટકો જોવાથી થયેલી ખોટી અસર **મધુરી** આદિના બોધથી ધોવાઇ ગઈ છે એમ અમારૂં માનવું છે.

ગુલાબ—(ઉભી થઉને) મારૂં હૃદય હવે ચોખ્ખું ચટ થઇ ગયું છે. મારા કૃત્યને માટે હું મને પોતાને હજારો ફિટકાર આપી ચૂકી છું. મેં આ **માધવી** પંડિતાની સાથે તેમની સેવામાં વસવાની ગોઠવણ પૂરી કરી છે.

માધવીપંડિતા—(ઉઠીને) એમણે પોતાની મિલ્કતની ધાર્મિક રૂડી વ્યવસ્થા કરવાની મારી સાથે વાત કરી છે. તે પ્રમાણે અમે વ્યવસ્થા કરીશું.

ન્યાયાધીશ—બહુ સારી વાત છે. (નાઝરને) આ ગુલાબનો મુદ્દામાલ કોર્ટના કબજામાં છે તે આ પૂજ્ય **માધવી** પંડિતાની અને **મધુરભાઈ** તથા **મધુરીબ્હેન**ની સમક્ષ તેમને સોંપી દેજો.

(રઘુનંદને ઉદ્દેશીને)

મારે તમને બે બોલ કહેવાની અગત્ય છે.

રઘુનંદ—(ઉભો થાય છે) હું તે સાંભળીને સ્વીકારવાને તૈયાર છું, મને મારા અવિચારી કૃત્યો માટે અતિશય પશ્ચાત્તાપ થાય છે.

ન્યાયાધીશ—તમારી આવી વાણી સાંભળીને મને આનંદ થાય છે. પરદેશ જઇને જ્ઞાન મેળવવા આપણા યુવકો હવે ઘણા જવા માંડ્યા છે. આપણને સારા ગુણ ગ્રહણ કરવાનું મન થતું નથી, પરંતુ પરદેશિયોના અવગુણ જાણતાં છતાં તે ગ્રહણ કરવાનું મન થાય છે. દરિયાપારના દેશોમાં મ્હોટા શહરોમાં રઝળતી હજારો છોકરિયો કામકાજ કરવા રહે છે, તેવિયોના ફંદમાં ફસાતાં કાચા મનના યુવકોને વાર લાગતી નથી, પણ તમે નિવડેલા, . પાકા વયના એન્જિનિયર સાહેબ છતાં એક નટીના પાશમાં આવીને—

રઘુનંદ—(વચ્ચે બોલી ઉઠે છે) પૂરો ફશી પડ્યો. મને કહેતાં શરમ આવે છે. મને ડાક્ટર આત્મારામે ઘણો વાર્યો, બીજા હિન્દી મિત્રોએ બહુ સમજાવ્યો, પણ મારે સાહેબલોક બનવું ત્યારે પૂરેપૂરા બનવું, એમ મારા ઉછાછળા તોડકામાં ભરાઈ ગયું. સાહેબોને મડમ હોય ત્યારે હું સાહેબ થયો તો મારે પણ મડમ જોઇયે એવી ખોટી નકલ કરવાની મોકાણ, મારી મોકણ મંડાઇ. એના પરિણામે મેં પૂરાં ખાસડાં ખાધાં. આડકતરી રીતે મારી વ્હાલી જનેતાના મરણનું હું પોતેજ કારણ નિપજ્યો, અને અંતઃકરણથી ચ્હાનારી મારી વ્હાલી કલ્યાણીના કલ્યાણનું સત્યાનાશ વાળ્યું. ધિક્કાર છે મને,(રડી પડે છે) મારી સમજણમાં આગ ઉઠી, મારા ભણતરને મેં બંબ લગાડી, મારા કુળમાં હું એક અંગારો નિવડ્યો, મને આ શું સૂઝયું ! આવો અંધાર પછેડો મારી જ્ઞાનરૂપી ચક્ષુએ કેમ બંધાયો તેની મને સમજ પડતી નથી. હવે મારૂં જે થયું તે થયું, પરંતુ કુમળી વયના યુવકો ઘણાક પરદેશ જઇને કેટલાક ખરાબ થાય છે, માબાપ અને વાલીના પૈસાએ મોજશોખ કરે છે. વાંચવાનાં થોથાંને વેગળાં મૂકીને રઝળતી છોકરિયોના ફંદમાં ફસાઇ, પૈસાનું, અંગનુ, અને બુદ્ધિનુ સત્યાનાશ વાળે છે. દારૂડિયા થઇ જાય છે, હિન્દુ ધર્મમાં ધિક્કારેલા દારૂનું ઉંધી બુદ્ધિના યુવકો અમૃત ગણી પાન કરે છે, અને ભાન ભૂલે છે. પોતાના ઉત્તમ શાસ્ત્રનું વચન તોડે છે. પોતે ડાહ્યો અને બીજા મૂર્ખ

એમ માને છે. એવા જે ચલિત બુદ્ધિવાળા હોય તેઓએ મારો આ દાખલો જોઇને સુધરવું ઘટે છે; બગડવાને માર્ગે ન ચડવાને હું તેમને બે હાથ જોડીને વિનતિ કરૂં છું. મેં કેટલાકને બગડતા જોયા છે, ને જોઉં છું, તેમને પગે પડીને કહું છું કે ભાઇ! ભણવા ભલે જજો પણ અનીતિને માર્ગે ચડશો નહિ; અને ચડશો તો મારી પેઠે પછવાડેથી પસ્તાશો, રાંડ્યા પછીનું ડહાપણ કામ નહિ લાગે. તમારા સારા સહવાસિયો તમને ખોટે માર્ગે જતાં વારે તો તેમની શિખામણ ઉપર પૂરતું લક્ષ આપજો. મેં ડા. આત્મારામના બોધને ધિક્કારી ફ્હાડ્યો તેવું વર્તન તમે કરશો નહિ.

ન્યાયાધીશ—તમારાં આવાં વચન સાંભળીને મને આનંદ થાય છે; એ વાત હું વળી પાછો નિવેદન કરૂં છું, કાયદાનો કે વિજ્ઞાનનો વધારે અભ્યાસ કરવા દરિયાપાર ઘણા યુવકોજાય છે તેઓને, તથા બીજે ગમે તે પ્રકારનો ધંધો કરવા જાય છે, તેમનેતમારાં કિમતીવચનો લક્ષમાં રાખવાં ઘટે છે.

(નાઝર પરત્વે.)

નાઝર! રઘુનંદવાળી નોટો વગેરે મુદ્દામાલ એમની પોતાની મિલ્કત નથી, પણ તે સરકારી છે, તેથી તેમને તે ઇરિગેશન ખાતાના ઉપરીની મારફત મળે તેવો બંદોબસ્ત કરવો.

નાઝર—મહાશય, હું આપની આજ્ઞા પ્રમાણે અમલ કરીશ.

અપરાધિયોને પોલિસ સ્વાધીન લે છે, તેમને બેડિયો જડીને કેદખાનામાં લઇ જાય છે. કેસમાં જણાયલા બીજા અપરાધિયોને પકડવાનાં વારંટોમાં સહિ કરે છે.) (કોર્ટ બરખાસ્ત થાય છે.)

અંક ૮ મો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—વનિતાવિશ્રામ.

માધવીપંડિતા, ગુલાબ, મધુર, અને મધુરી.

ગુલાબ—(વંદન કરીને) માતુશ્રી પંડિતા, હું આ ગુણિયલ મધુરી સાથે કવેવાએ આવી તેનું કારણ એ છે કે, મારી તિજોરીના છૂપા ખાનામાંથી નિકળેલા કાગળનું પોટકું અમે બે તપાસતાં હતાં તેમાંથી આ એક આપના શિરનામાનો કાગળ મળી આવ્યો છે તે હું આપની સેવામાં રજુ કરૂં છું.

માધવીપંડિતા—(આદરપૂર્વક કાગળ લઈ, ફોડીને વાંચે છેઃ—)

ધર્માત્મા માતાજી માધવી પંડિતા.

મેં તમારી વિધવારક્ષક સંસ્થા માટે બે લાખ રૂપિયાના શેર ઇલાયદી ગોઠવણથી તમને સોંપ્યા છે. એ ઉપરાન્ત બીજી વ્યવસ્થા મેં કરવા ધારી છે, તે તમને નિવેદન કરૂં છું.—

તમારી **વનિતાવિશ્રામસસ્થાના** સંબંધમાં, તમે એક **વનિતારોગશાન્તિકશાળા** સ્થાપવાની ઇચ્છા મને જણાવી હતી, તે ઉપરથી વિચાર કરતાં, તેની અગત્ય ખરેખરી છે એમ મને પણ લાગ્યું હતું, તેથી એવી એક શાળાની સ્થાપના કરવા માટે એક લાખ સોનામ્હોરો મેં ઇલાયદી રાખી છે. મારા અંક. ૫૨૭ ના ઘરના ભોંયતળિયામાં એક ભોંયરૂ છે તેની ખબર મારી વ્હાલી પત્નિ ગુલાબને પણ નથી.

આ ઘરની સીડીની પછવાડે કોટડી કરીને તેમાં પત્થાર બાંધ્યો છે, તે ખુલ્લો કરશો, એટલે તેની નીચે એક છાટ જણાઇ આવશે, તે ઉપાડી લેશો તો ભોંયરૂ જણાઈ આવશે. મારો વિચાર આ ઘર તમારી સંસ્થામાં આપી દેવાનો હતો, તેથી એ તમારી સંસ્થાનું ઘર ગણી, એમાંજ સુરક્ષિત ભોંયરૂ કરી ત્રાંબાના બે ચરૂમાં એ મ્હોરો રાખી છે. મારી સ્ત્રી ગુલાબની

તમે પ્રતિપાલના કરજો, હું એને તમારા રક્ષણ નીચે મૂકી જાઉં છું, મારે કોઈ સગુંવ્હાલુ નથી. તમે એની માતાની ગરજ સારજો. મારી સ્ત્રીને ન્હાનપણથી નાટક જોવાનો છંદ લાગ્યો છે તે હજી લગણ કાયમ રહ્યો છે. હું એની ઈચ્છાને અનુસરીને સારાં બોધક નાટકો જોવાને લઈ જતો. રામ વનવાસ જતાં સીતાજીનો તેમની સાથે રહેવાનો આગ્રહ; તારામતી દેવી જેવીનો પોતાના પતિ હરિશ્ચન્દ્ર ઉપરનો દુઃખી સ્થિતિમાં અચળ પ્રેમ; દમયન્તી જેવી સતી રાણીનો નળ પ્રતિ વિપરિત સ્થિતિમાં પણ અડગ પ્રીતિભાવ, એ આદિની અમે ચર્ચા કરતાં હતાં. મદાલસાને માટે ઋતુધ્વજે કરેલા પ્રેમવિલાપની છાપ તેને એટલી બધી બેઠી હતી કે, **ધણી તો એવાજ જોઇયે** એમ વારંવાર તે મને કહેતી હતી. મારી સાથે કાંઇક વાંકુ પડે તો કહેતી કે, તમે ઋતુધ્વજ કેમ થતા નથી? ઋતુધ્વજનો મદાલસા ઉપર કેવો પ્રેમ હતો તે ભૂલી ગયા હો તો ચાલો આપણે તે પ્રયોગ ફરીને જોવા જઇયે. મારી સ્ત્રી દ્રુપદીનાં અતિશય વખાણ કરતી અને કેખુશરો કાબરાજીની રચેલી નંદબત્રીશી તો એના આગ્રહથી અમે ૩૨ કરતાં પણ વધારે વાર જોવા ગયાં હતાં. નંદનકુમારને તો તે પાર વિનાની ગાળો દેતી અને લલિતાનાં વખાણ કરતી. આ કલમ વિસ્તારથી લખવાની મારી મતલબ એ છે કે, માત્ર પૈસા કમાવાને માટે કેટલીક નાટકમંડળિયો ઉભી થાય છે, તે સાવ ઉઘાડો શૃંગારરસ ભજવી બતાવી વિકારવાસના ઉશ્કેરાવે છે, એથી પ્રેક્ષકોના મન ઉપર વિકારી વાસનાની અસર થાય છે. આવો મામલો હોતાં વિધવાઓને ઘણુ સંભાળવાનું છે, તેઓ અણધાર્યાં, અનીતિને માર્ગે ચડી જાય છે, માટે, એવાં નાટક ભજવાતાં અટકાવવાની સર્વે કોઇયે કાળજી રાખવી ઘટે છે. તમારી **વિધવારક્ષક** સંસ્થાને મેં ૨ લાખ રૂપિયાના શેર એટલા માટેજ આપ્યા છે. લલિતાનંદ મારા મિત્ર છે, એમની સલાહ પ્રમાણે વેપાર કરવામાં હું કમાયો છું, એ પણ, થોડા સમયમાં, નાટકપ્રયોગના સુધારા સંબંધી સારૂં લક્ષ આપવાના છે, એમની પાસે મારા કરતાં ચાર પાંચ ઘણા અત્રેજનો હવણાં ઠામ છે, અને તેનો ઉપયોગ તેઓ આ વખાણવા જોગ કામમાં કરવાના છે. સારાં નાટકનાં લખાણને ઉત્તેજન મળે, એટલા માટે, આ ભોંયરામાં હું એક લાખ મ્હોરો ઉપરાન્ત, ૪ લાખ રૂપિયાની કિંમતની સોનાની લગડિયો રાખું છું, તે પિત્તલના ચરૂમાં છે, તે કબજામાં લેજો, અને તેના વ્યાજમાંથી પારિતોષિક આપીને પ્રતિવર્ષ બોધદાયક રૂપકો રચાવી છપાવજો. સ્ત્રિયો લખનારી મળે ત્યાં સુધી તેમને પ્રથમ પસંદગી આપવી.

નાટકના પ્રયોગોની અને છાયાચિત્રપટ (સિનેમા) ના દૃશ્યની ખોટી અસર થતી અટકાવવાને તેમના ઉપર દેખરેખ રાખવા સ્ત્રીનિરિક્ષકોની ગોઠવણ તમે કરી છે અને તેની વિશેષ સુવ્યવસ્થા કરવા તમે ધારો છો તે યોજના અચૂક કરજો, અને તેમ કરવામાં વધારે રકમની અગત્ય જણાય તો ત્રણ લાખ રૂપિયાના રૂપાના પાસલા મેં ભોંયરામાં છૂટા રાખ્યા છે, તેના વેચાણની રકમમાંથી જે ઉત્પન્ન આવતું જાય, તેમાંથી, તેની વ્યવસ્થા કરજો. ચાલતી સાલની ખાતાવહીમાં જે આશામિયો પાસે મારૂં લેણું છે તે ખાતાવાર જણાવ્યું છે અને એ લેણું મારી પત્નિના નિભાવને માટે બીજી મિલ્કત સાથે ઇલાયદ્ રાખ્યું છે. એનો ઉપયોગ એ પોતાની ઇચ્છાપૂર્વક કરે, અને છેવટે જો તમારી પાસે વશી એ વહિવટ પણ તમને સોંપી દે તો તે પ્રમાણે તમારી વનિતાવિશ્રામ માટે તમે સઘળું લેણું વસુલ કરી લઈ, તમને યોગ્ય લાગે તે પ્રમાણે તમે તેનો ઉપયોગ કરજો.

મારા ઇચ્છાપત્રમાં, આ કાગળમાં લખેલી બધી વિગત મેં જણાવી નથી, પરંતુ માત્ર ઘરવિષેજ લખ્યું છે, અને તમને અર્પણ કરવાના ઘરમાં એ રોકડ નાણું એટલાજ માટે રાખ્યું છે. એ બાબતની સાબીતી માટેજ મેં આ કાગળ આખો મારા હાથ દસ્કતથીજ લખ્યો છે.

મુંબઈ ૧૯૧૪
શ્રાવણ શુદિ ૮

લિ૦ સેવક,
શ્યામજી રામજી ઝવેરીનું ભગવત-
સ્મરણ વાંચજો.

ગુલાબ—ઓ મારા વ્હાલા પતિ ! તમારી મારે માટે આટલી બધી ચિંતાને કાળજી હતી ? તમે મને માધવીપંડિતા માતાજીને સુપ્રત કરી છે, એ તમારી ઇચ્છા નહિ જાણતાં છતાં પણ, પ્રભુ પ્રેરણાથી તમારૂં મન સમજી હું તેમની સેવામાં પ્રવેશ પામી ચૂકી છું. એટલે તમારી ઇચ્છા મેં અગાઉથીજ પાળી છે.

માધવીપંડિતા—બ્હેન ગુલાબ, તમારા પતિની ઉદારતા; દેશદાઝ; અને સ્ત્રિયોનું ભલું કરવાની ઉંડી કાળજી એ સર્વેનાં જેટલાં વખાણ કરિયે તેટલાં ઓછાં છે.

મધુર— (રૂચિરા દ્વિપદી).

જનસુખ કરવા પ્રેમ ધરાવી, પ્રભુપ્રીત્યર્થે કાર્ય કરે,
પરઉપકારી પરસુખ કરતાં પરદુઃખભંજન ભાવ ધરે;

પ્રભુ લાડીલો તે પ્રાણી છે, પૂર્વભવે પૂણ્યો કીધાં,
એ માટે આ ભવમાં જનનાં, અંતઃકરણો હરી લીધાં.

મધુરી—હા, એમજ છે.

(રણશૂરવૃત્ત).

જેને દેશતણી મન દાઝો, સદાકાળ સાલે ભારી,
જેમાં સ્હાય્ય થવા ધન આપે, પ્રસંગો સદા સંભારી;
સુકાર્યો તનથી મનથી જે સધે તેહ સાધે ભાવે,
તે છે દેશતણો શુભકારી, કરી યત્ન લાભો લાવે.

(માધવીપંડિતા પ્રતિ) માતાજી ! ભોંયરાની જગ્યા ચાલો આપણે તપાશિયે. ધર્મકાર્યની આ પ્રમાણે પ્રગતિ થતી જોઇને આવડી મ્હોટી સાહાય્યથી મારા તનમનમાં નવજીવન રેડાશે, અને નાણાના આશ્રયથી થતા કાર્યોની સુવ્યવસ્થા કરવામાં મારાથી બનશે તે શ્રમ લેવાને મને ઘણો આનંદ થશે.

ગુલાબ—મારો જીવ અધિરો થાય છે. ભોંયતળિયાની સીડી નીચેની જગ્યામાં પાટિયાં ભરી લઇને કોટડી કરી તેમાં એક બારણું મૂકેલું છે, તેને તાળું પૂરીને કબજામાં રાખવામાં આવે છે. એમાં ડાગડમાલ ભર્યું છે એટલુંજ મારા જાણવામાં છે. એની કુંચી આ રહી મારા ઝૂમખામાં.

માધવીપંડિતા—(કુંચી લઇ, સર્વેને લઇ જાય છે).

પ્રવેશ ૨ જો.

સ્થળ—શ્યામજી રામજી ઝવેરીનું ઘર. અંક. ૫૨૭. ભોંયતળિયું.

માધવીપંડિતા, ગુલાબબાઈ, મધુર, અને મધુરી, તથા ભગવતીબાઇ.

ગુલાબ—(સર્વ સાથે ઘરમાં પ્રવેશ કરતાં) આ ભોંયતળિયે ભાણજી દલાલ રહે છે. આપણે ભોંયરૂ ઉઘાડિયે તે પ્હેલાં હું જોઈ આવું. ઘરમાં કોણ કોણ છે તે. (અંદર જઇને) ભગવતીબાઇ! છો કે? શું કરો છો!

ભગવતીબાઈ—પધારો ગુલાબબાઇ. હવે તો મારે ચૂલામાં પેસવાનો વારો આવ્યો છે, તેથી, ચૂલામાં પેઠી છું. રસોઇયાને રજા આપી છે. રાંધુ છું. દાળ ઉકળે છે એટલી વાર મધુરીબ્હેને આપેલા ગીતાજીના ગુટકામાંથી પાઠ કરૂં છું.

ગુલાબ—ઘરનું કામકાજ કરવામાં લજવાવા જેવું કાંઇ નથી. ભાણજી દલાલ ઘરમાં નથી કે શું?

ભગવતીબાઈ—"એક હારનો સોદો કરવા જાઉં છું" એમ કહીને હવણાંજ બ્હાર ગયા છે. કાંઈ કામ છે કે?

ગુલાબ—કામ તો કાંઇ નથી, પણ વચલું બારણું ઉઘાડું દીઠું, એટલે તમારી ખબર કહાડવા આવી.

ભગવતી—ભલે આવ્યાં. વચલું ઉઘાડું બાયણું દેતાં જજો. મારા એ બંધ કરવું ભૂલી ગયા હશે.

ગુલાબ—તમે રસોઇ કરો, હું બારણું બંધ કરીને ઉપર જઇશ. (વચલુ બારણું બંધ કરી, સીડી પાસે આવે છે.) હવણા ભોંયરૂ ઉઘાડીશું તો કોઇ જાણી શકે એમ નથી.

(પ્રવેશદ્વાર બંધ કરી, ભોંયરાનું બારણું ઉઘાડી, સર્વે સામટાં કામે લાગી જાય છે.) બારણા આડે ઘંટી હતી તે ઉપાડીને સામા ખુણામાં ગોઠવે છે.

બે મ્હોરોના ત્રાંબાના ચરૂ, અને એક ત્રીજો સોનાની લગડિયોનો પિત્તલનો ચરૂ એમ ત્રણ ચરૂને પિત્તળના ઢાંકણાંના ડાટા ઝાળી લીધેલા જોવામાં આવે છે. રૂપાના મ્હોટા પાસલા છૂટા પડ્યા છે.

માધવીપંડિતા—લખ્યા પ્રમાણે માલ સુરક્ષિત રહેલો છે, હવણાં તો આપણે જેમ છે તેમ બધું ઢાંકી દઇયે.

ગુલાબ—મને પણ એમજ લાગે છે. અવકાશે આપણે ક્હાડી લઇશું તો ઠીક પડશે. હવણાં તો ડાકડમાળ ગોઠવી, હતું તેમ કરી દઇયે.

(બધાં મળી તેમ કરે છે. અને કોટડીનું બારણું બંધ કરી, તાળું દઇ દે છે. અને પ્રવેશ દ્વાર ઉઘાડી નાંખી સર્વે ત્રીજે માળ જાય છે.

प्रवेश ३ जो.

સ્થળ—શ્યાણજી રામજી ધર્માલયનો ત્રીજો મજલો.

માધવીપંડિતા, ગુલાબ. મધુર અને મધુરી.

માધવીપંડિતા—ભોંયતળિયે ભાડુત રહે છે તેને હવે આપણે એ જગ્યા ખાલી કરવાની સૂચના આપી આપણા કબજામાં રાખવી પડશે.

ગુલાબ—મને પણ એમજ કરવું ઠીક લાગે છે. હવે ભોંયતળિયું સંભાળવાની ઘણી અગત્ય છે. આ ભોંયરાની વાત હું જાણતી નહતી, તો પછી, આ કાગળ હાથ લાગ્યો ન હોત તો ગજબ થાત. ઉપયોગી વાત અજાણમાં ઢંકાઈ જાત.

મધુરી—માધવી માતાજીના શુદ્ધ અંતઃકરણમાં પ્રભુએ પ્રેરણા કરી, અને તેમણે મને તમારી પાસે રહેવાની આજ્ઞા કરી. તેનો આ શુભ પરિણામ છે.

મધુર—તેથીજ મહા મ્હોટો ગજબ વળી જવાનો હતો તે અટકી પડ્યો.

(ગીતિ.)

પ્રભુ પ્રેરી સજ્જનને, શુભ કાર્યોનો પ્રસંગ સૂઝાડે;
એ પણ પ્રભુની ખૂબી, સદ્‌માર્ગે તે સહાય ઝટ પાડે.

ગુલાબ—ખરૂં કહો છો મારા ભાઈ મધુર, તમારા બોધની અસરથી હું વિરહા સંબંધી ઉતાવળ કરતી અટકી, વચ્ચે ગાળો પડ્યો, અને વ્હાલી મધુરિયે પછવાડેથી મને સંભાળી લીધી. આવા પ્રસંગ તે પ્રભુ પ્રેરણાનાજ ગણાય.

મધુરી—વારૂ ગુલાબબાઈ! હું તમને પૂછું કે જો તમે મારે વશ થયાં હોત નહિ તો કેવી કરણી કરત?

ગુલાબ—એ વિષેનો વિચાર ઉપજતાં મને ત્રાસ અને કંપારો વછૂટે છે. વિરહાને બધું આપી દીધું હોત, અને છેવટે, માતાજી ઉપરનો મારા પતિનો કાગળ પણ એનાજ હાથમાં જાત. અને એ દુષ્ટ, પાપી, ચાંડાળ, ભોંયરામાંથી આવડી મ્હોટી રકમ પોતાના કબજામાં લઇ લેત.

મધુરી—વિરહો તમારો થયો હતો, તો પછી, એ મિલ્કત પણ તમારીજ રહેત.

ગુલાબ—હું મર્મ સમજી. આવડી બધી મિલ્કત એ જીરવી શકત નહિ. બધી પોતાને કબજે કરીને દૂરદેશાવર ભાગી જાત, મને રઝળતી મૂકત, અને છેવટે, મારે ઘર ઘર ભટકી ભીખ માગીને પેટનું પૂરૂં કરવું પડત, એ હવે મને ચોખ્ખેચોખ્ખું સમજાય છે.

માધવીપંડિતા—ત્યારે હવે તમારી ખાતરી થઈ કે જેવો સંગ તેવો રંગ બેસે છે.

ગુલાબ—માતુશ્રી પંડિતા, હવે મારી ગળા સુધી ખાતરી થઈ ચૂકી.

મધુરી—   (રોળાજાતિ.)

કાચો લાગે રંગ તુરત તે ઉડી જાશે,
અથવા ધોવાથકી સમૂળો તે ધોવાશે;
પાકો ચડતાં રંગ ભંગ તેનો નવ થાશે,
કડાકૂટ બહુ કરો, તોય તે નહિ ફિટાશે.
પડી પટોળે ભાત પડી તે કાયમ રહે છે,
ફાટે પણ નવ ફિટે વાયકા એમ વદે છે;
સોબત તેવી અસર તુખમ તાસીર ગણે છે,
ફૂટે શુભ અંકુર હીણતા તરત હણે છે.

ગુલાબ—ભાઈ મધુર ! તમારા બોધથી મારા મનમાં નીતિના શુભ અંકુર ફૂટતા હતા ખરા પણ વિરહા ઉપરના વલણ ઉપરનું વમળ તેને ડાબી નાંખતું હતું.

માધવીપંડિતા— (રોળા.)

શેકી નાંખ્યું બીજ વાવીં જળ ખાતર દઇયે,
ઉગે નવ અંકુર કરોડો ઉપાય કરિયે;
તેમ વાસના બીજ શેકવા દૃઢ મન કરિયે,
પછી ફૂટવા તણી જરા પણ બીક ન ધરિયે.

ગુલાબ—મને તો લાગે છે કે, કુછંદનો રંગ મને પાકો લાગવા માંડ્યો હતો, અને તેથી તમારા ઉપદેશનો પટ બેસતો નહતો, પણ મારી જાત પર અનુભવ થયો, પગ ઉપર ફ્હોવાડો પડ્યો ત્યારે મારી ભૂલ ભાગી. મારા ધણીનું ઇચ્છાપત્ર જોવાની ખાતર, માધવી માતુશ્રી ! તમે મધુરીબ્હેનને મારા સહવાસમાં મૂકી હોત નહિ તો હું દુનિયામાંથી નિકળી જાત અને મારૂં બધુ ધૂળધાણી થઇ જાત.

માધવીપંડિતા—વિધવારક્ષકસંસ્થામાં, તમારા દુરંદેશી સ્વામિયે બે લાખ રૂપિયાના શેર આપવાની વ્યવસ્થા કરી હતી તેમાં પણ તેમનો ઉંડો ભેદ રહ્યો હતો. તમારી બાલ્યાવસ્થાને લીધે, તમારૂં પોતાનું પણ અમારી સંસ્થાથી રક્ષણ થાય, તમે ધર્મને માર્ગે પ્રવર્ત્તો એવો તેમનો ઉંડો મુખ્ય હેતુ હતો, એમ હવે સમજાય છે.

ગુલાબ—અને એ એમનો હેતુ હવે ફલીભૂત થયો, તેથી મારા ધણીનું મનવાંછિત કાર્ય સચવાયું. હું આ ઘરમાં રહું છું એ ઘર મેં તમારી સંસ્થાને અર્પણ કરવાની ધારણા કરી હતી, તે પ્રમાણેજ, મારા ધણીની ઇચ્છા પણ થઇ. સદ્ગુણી મધુરીબ્હેન ! હું મારો બંગલો તમને તુષ્ટિદાનમાં આપું છું. એનું ૯૭૫ રૂપિયા ભાડુ આવે છે તે હવેથી મધુરી બ્હેન લે. અને એ જ્યાં સુધી પરણ્યાં નથી ત્યાં સુધી, તમારી સંસ્થાને આપેલા આ ઘરમાં રહે છે તેમજ મારા ભેગાં રહે. દશ લાખ રૂપિયા હું મધુરભાઇને આપું છું. તે એવી શરતે કે, તેઓ મારા ધણીની પ્હેડી (**શ્યામજી રામજી ઝવેરી**) નું નામ કાયમ રાખીને તે ચલાવે અને એમને ફાવે તે ધંધો કરે.

મધુરી—માતુશ્રી માધવીપંડિતા જાણે છે તેમ, હું ધનસંબંધી કોઇ પ્રકારની તંગીમાં છું નહિ. ગુલાબબ્હેન, તમે મને બંગલો આપવાની

તમારી ભાવના જણાવી તેને માટે હું તમારો આભાર માનું છું. એ બંગલાના ઉપજતા ભાડાની સુવ્યવસ્થા આપણે પરોપકારી કાર્યોમાં કરીશું.

મધુર—બ્હેન ગુલાબબાઈ, હું પણ તમારો મ્હોટો આભાર માનું છું. તમે મને ૧૦ લાખ રૂપિયા આપી તમારા પતિની પ્હેડી ચાલતી રાખવાની ઇચ્છા જણાવી તો એ તમારી ઇચ્છા સ્તુતિપાત્ર છે. તમારા પતિનું નામ ચાલતું રહે એવી એમણે જે વિવિધ યોજનાઓ સૂચવી છે તે, સુરક્ષિત નાણું રહે, અને તે દ્વારા ઉત્પન્ન થતી ઉપજમાંથી કાર્યસિદ્ધિ થાય, એવી પાકી વ્યવસ્થા આપણે હવે પછી કરવાની છે તે શેઠ **શ્યામજી રામજી** ઝવેરીના નામની પ્હેડી ચાલતી રાખીને કરીશું. આ કામ માટે આપણે એક વ્યવસ્થાપક મંડળ સ્થાપીશું. તેની દેખરેખ નીચે **લલિતાનંદના** પ્રમુખપણા દ્વારાએ પ્હેડીનું કામ ચલાવવાને અગત્ય પ્રમાણે ગુમારતા રાખીશું તેમાં એક મુન્યમ રાખવો પડશે, તેને માટે જો મારી પસંદગી કરવાની ધારણા થશે તો સ્વયંસેવક તરીકે તે કામ હું બહુ ઉલટથી ઉપાડી લઈશ.

માધવીપંડિતા—**મધુરનો** આ અભિપ્રાય યોગ્ય છે. **મધુર** કે **મધુરી**, બેમાંથી કોઈને પણ, નાણાંની તંગી નથી. એ વાત મેં પ્રથમ જણાવી છે. તેઓએ પોતાનું જિવતર પરોપકારનાં કાર્યો કરવામાંજ નિર્ગમન કરવાનું સ્વીકાર્યું છે. વળી આપણી પાસે સ્વયંસેવકો અને સેવિકાઓની ખોટ નથી. તેમના દ્વારાએ સભ્યજનોનું મંડળ નિમીને તેમની દેખરેખ નીચે કામ ચલાવવાનું છે. આવી ગોઠવણ કરવાની **મધુરે** ધારણા જણાવી તે પ્રમાણે આપણે સત્વર અમલ કરીશું. **લલિતાનંદને** બોલાવીને કામ થાળે પાડીશું.

ગુલાબબાઈ—**મધુર** અને **મધુરીને** નાણાંનો ખપ નથી, તો પછી, જે મિલ્કત મારા સ્વાધીનમાં છે તે, અને હવે પછી નિકળે તે સર્વે **વનિતાવિશ્રામને** અર્પણ કરૂં છું. હું એ રૂડી સંસ્થાની સેવિકા થઈને રહીશ, અને માજી! તમે કડકો રોટલો મને ખાવાને આપશો તે ખાઈને તમારા સત્સંગમાં મારૂં બાકીનું આયખું દેશસેવામાં તત્પર રહી પૂરૂં કરીશ.

માધવીપંડિતા—ગુલાબબાઈ! તમારી આવી શ્રદ્ધાને ધન્યવાદ આપું છું. **મધુરી**! તારી સંગતનું આ પરિણામ છે. તેથી તને **વનિતાવિશ્રામની** સર્વે સેવિકાઓ ભણીથી અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપું છું કે, તારી મનકામના સફળ થાઓ!

ગુલાબ—સેવિકાઓમાં મારો સમાવેશ થાય છે, એટલે, મારા ભણીથી જૂદી આશીષ આપવાની મારે અગત્ય રહેતી નથી, તો પણ, પરમેશ્વરની પ્રાર્થના કરીને હું કહું છું, હે પ્રભુ! તારી પ્રેરણાથી આ મીઠી મધુરી પ્રેરાઇ, ને એણે મારા આત્માનું તારણ થાય એવે માર્ગે મને ચ્હડાવી, માટે, એનું સર્વ પ્રકારે કલ્યાણ કરજો. એની મનવાંચ્છના પૂર્ણ કરજો. એને ઇચ્છિત વર મળજો.

મધુરી—આવા રૂડા ભાવને લીધે હું આપનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

ગુલાબ—મધુરીબ્હેન હવણાં મારા કિલિદારનું કામ કરે છે તેમ જો એ આ પ્હેડીનું કિલિદારનું કામ ઉપાડી લેશે તો મને બહુ ગમતી વાત થશે. હવણાંજ એમણે નવા વર્ષની ખાતાવહીમાં દેણદારોનાં ખાતાં ખતવ્યાં છે.

મધુરી—હા, માતાજી! લેણાની રકમ ઘણી મ્હોટી છે તે હવે આપણને સોંપે છે. તો પછી વ્યવસ્થાપકમંડળ મને એ કામ સોંપશે તો હું આદરપૂર્વક ચલાવીશ.

ગુલાબ—કિલિદારનું વિશ્વાસપાત્ર કામ તો મધુરી પાસે રહેવું ઉચિત છે, એમ મને પણ લાગે છે.

મધુરી—અને સર્વેની એમજ ઇચ્છા હશે તો એ સેવા હું અંતઃકરણપૂર્વક બજાવીશ.

માધવીપંડિતા—હા. છેવટે આપણે એમજ કરીશું. (મધુર પરત્વે)

મધુર! હું વિશ્રામે જાઉં છું, તમે જઇને લલિતાનંદ મહાશયને મારી પાસે તેડી લાવો. મધુરી, તુ પણ ગુલાબબાઇને લઇને ત્યાર સોરી ત્યાં આવી પ્હોંચજે.

સર્વે નીચે જાય છે, તેમને પ્રવેશદ્વારમાં ભાણજી દલાલ ભેગો થાય છે.

પ્રવેશ ૪ થો.

સ્થળ—ભાણજી દલાલનું રેઠાણ.

ગુલાબ—ભાણજીભાઇ, આ ઘર મારા સ્વામિયે વનિતાવિશ્રામ માટે પૂજ્ય માધવીપંડિતા માતાજીને ધર્માર્થે અર્પણ કર્યું છે, માટે તમારે અહિંથી હવે નિકળવું પડશે.

માધવીપંડિતા—તમે નિકળ્યાં કે તુરત અમારે એ ઉપયોગમાં લેવાનું છે.

ભાણજીદલાલ—શેઠે ઘર ધર્માદા કર્યું તેથી હું રાજી છું. હવેથી ભાડું તમને આપીશ.

મધુરી—નામુ જોતાં, વર્ષનું ભાડું ચડી ગયું છે, છતાં, તે તમે આપ્યું નથી, વળી, તમારે ખાતે બીજી મ્હોટી રકમ લેણી છે તે તમારે હવે આપી દેવી પડશે.

ગુલાબ—ઉઘરાણી તો ત્રણ ચાર વાર કરી હતી પણ તમે હજી લગણ ગણકાર્યું નથી. હવે એ ધર્માદાની રકમ થઈ તો તમારે ઝટ ભરી દેવી.

ભાણજીદલાલ—શેઠજીનો માનીતો હું દલાલ છું, એમની ઝવેરાતના આપ લેના સોદા હું કરતો આવ્યો છું, અને તેથી, શેઠજી મારી પાસેથી વર્ષ પૂરૂ થાય ત્યારે ભાડુ લેતા હતા. હવે વર્ષ પૂરૂ થયું છે તો ચડેલું ભાડું ભરી દઇશ, પણ મારે જણાવવું જોઇયે કે પાંચ વર્ષની બંધીથી મેં આ ઘર શેઠજીના આગ્રહથી રાખ્યું છે તે મુદત પૂરી થવાને હજી એક વર્ષ ખૂટે છે. મુદત થશે કે તરતજ તમારા સ્વાધીનમાં કરી દઈશ.

મધુરી—ધર્મનું કામ છે તો તમારે હવણાંજ ઘર ખાલી કરવાને આનાકાની કરવી ઘટતી નથી. અમારે આ ભોંયતળિયે દુકાન માંડવાની છે.

ભાણજીદલાલ—તમારે દુકાન માંડવાની છે પણ હું ક્યાં જઇને ઘર માંડુ ? આજકાલ ઘર ભાડે મળતાં નથી, તે તમે કયાં જાણતાં નથી ? હુ તપાસ કરતો રહીશ અને કદાપિ કોઇ લાગતું ઘર મળી જશે તો પછી ખાલી કરવાને આનાકાની નહિ કરૂં.

ગુલાબ—ભાણજીભાઇ, તમારે હવણાંજ ઘર ખાલી કરવું એમાં શોભા છે. તમારો કરાર અમારી સાથે છે. ધર્માદાની માલિક સાથે નથી, એ વાત ધ્યાનમાં રાખો. તમે અમારા ઘરના દલાલ થઇને ઉન્મત્ત કરો એ તમને ઘટતું નથી.

ભાણજીદલાલ—કબજો ઘર સાથે છે, માલિક સાથે નથી, તો પણ, તમે શરમાવો છો ત્યારે એક નિકાલ મને સૂઝે છે, તે એ કે, આ ભોંયતળિયાના બરાબર બે ભાગ થઇ શકે છે, મોખરાના ભાગ વચ્ચે અને મારા આ પાછલા ભાગ વચ્ચે માર્ગનું પેલું દ્વાર છે તે બંધ કરિયે તો મોખરાનો ભાગ નોખો પડશે તે તમે તમારા સ્વાધીનમાં લઇને દુકાન માંડવી હોય તો મુકતાશથી માંડી શકો છો. પેલી પાછલા ભાગની ભીંતમાં મને વચ્ચોવચ્ચ પ્રવેશદ્વાર નંખાવી આપો એટલે હું મારો સર્વ નિકાલ આ પાછલા ભાગમાં રાખીશ. પણ આખી જગ્યાનું રૂ. ૧૨૫) ભાડું છે તેમાંથી મોખરાના ભાગના રૂ. ૭૫ કાપતાં, બાકી રૂ. ૫૦) મારા આ પાછલા ભાગના હું પ્રતિમાસે આપીશ. દરમિયાનમાં જો બીજું ઘર એટલાજ ભાડામાં મળશે તો મુદતની અંદર પણ ખાલી કરી દઇશ.

માધવીપંડિતા—ઠીક છે, ગુલાબબાઇ એમ કરો.

ગુલાબબાઈ—કાલે સવારેજ તમે પાછલું પ્રવેશદ્વાર કરાવાનું કામ ચાલતું કરો, જે ખર્ચ થાય તેનો આંકડો આપજો એટલે તે મજરે આપીશું.

ભાણજીદલાલ—બહુ સારૂ, આ કરાર મારે મંજુર છે. કાલથી હું કામ શિરૂ કરાવું છું. અને કાલથીજ આપણો નવો કરાર પ્રારંભાયો સમજવો. (સર્વે જાય છે.)

સમાપન.

સ્થળ—ભારતીય નાટ્યપ્રયોગશાળા.

સૂત્રધાર—પ્રિય પ્રેક્ષકજનો ! અવળે માર્ગે ચડી જવાની અણીપર આવી રહેલાં ગુલાબબાઇનું છેવટે, પ્રભુકૃપાથી તારણ થયું. તેમના ધણીના ધનનો સદુપયોગ થયો, અને પોતે હવે વનિતાવિશ્રામની સેવિકા થઇને નાના પ્રકારની જનસેવા કરે છે. તેઓ આપ સર્વેની આગળ આવી કાંઇંક કથન કરવાની ઇચ્છા રાખે છે.

એક પ્રેક્ષકબાઈ—ભલે આવે ગુલાબબાઈ. ભલે આવે.

બીજી પ્રેક્ષકબાઈ—પતિવ્રતાધર્મ સાચવી રહેલાં ગુલાબબાઇના અનુભવના બે બોલ સાંભળવાથી અમને લાભ થશે.

સૂત્રધાર—જ્યારે સર્વેની એવી ઇચ્છા છે, ત્યારે, ગુલાબબાઇને હું વિનવું છું કે તેઓ પ્રેક્ષકજનો સામે આવીને પોતાનું કથન સુખે ચલાવે. ગુલાબબાઇ ! ઓ ગુલાબબાઇ ! આપ પધારિયે.

ગુલાબબાઈ રંગમંડપ ઉપર પ્રવેશ કરે છે, પ્રેક્ષકજનો તેમને તાળિયોના નાદથી વધાવી લે છે.

ગુલાબબાઈ—હું ગુલાબ, ખોટા સંગનો રંગ લાગવાથી, પાપવૃત્તિથી પ્રેરાઈ, આ જ રંગભૂમિ ઉપર મારો ભવાડો ભજવી બતાવવાને ઉતરી આવી હતી. પેલા પાપી, ચાંડાળ વિરહાના ઉપર અયોગ્ય ભાવ રાખી તેની આંગળિયે મેં બે હજાર રૂપિયાના મૂલ્યની વીંટી પ્હેરાવી, મારી અયોગ્ય અને ધિક્કારવા યોગ્ય અધમ વિકારવાસના મેં પ્રકટ કરી બતાવી હતી, તેથી, મારા ઉપર આપ જોનારાઓએ ખાસડાંનો વર્ષાદ વરસાવી મારા અઘટિત આચરણ ઉપર ધિક્કાર જણાવ્યો હતો. તે જ આ હું ગુલાબ, એનાએજ સ્થાન ઉપર ઉભી છું, તેને આપ આજ આદરથી જોઇ રહ્યાં છે એ જોઇને મને અતિશય આનંદ થાય છે.

એકનું એકજ માણસ, જો ખોટી ચાલ ચલાવે છે તો તે નિંદા કરવા જોગ થાય છે, પણ જો, સારી ચાલ ચલાવે છે તો વખાણવા જોગ ગણાય છે.

નિન્દા કરવા જોગ શણગારરસની અવલી અસર મને થવા લાગી હતી તેવી વેળાએ, મધુરભાઇએ મને ઘણે પ્રકારે બોધ કરીને વારી હતી.

માણસની વિકાર ભરેલી પશુવૃત્તિ થાય છે, ત્યારે તેની રેણીકરણી પશુના જેવીજ થાય છે. એવી પશુવૃત્તિ નહિ થવા દેવા માટે માણસાઇના સદ્ગુણની અસર આપણા ઉપર થવા દેવી ઘટે છે.

આ નાટક તકતો છે તે બોધનું પવિત્ર સ્થાન છે. એમ મધુરભાઈ વારેવારે કહી બતાવે છે કે, એ સ્થાન કોઇ પ્રકારે ખોટી અસરકરનારૂં થઈ પડે એમ થવા દેવું જોઇયે નહિ. જોનારા, પૈસા આપીને ગંમત પામી બોધ બાંધી જાય એવા ખેલ આ નાટકતક્તા ઉપર થવા જોઇયે. અને જોવા આવનારે જ્યાં એવાં નાટક થતાં હોય ત્યાંજ જોવા જવું જોઇયે. એવી ખાતરી મારા અનુભવ ઉપરથી મને પૂરેપૂરી થઈ છે.

નિન્ધશૃંગારના લટકા જોઈ, મારી વિકારવૃત્તિ ખોટે માર્ગે દોરાવાને ઉશ્કેરાઇ હતી તેમાં જો મધુર મધુરિયે મને વારી હોત નહિ તો મારી સર્વ પ્રકારે અધમ દશા થવાનો સમય આવી પ્હોંચ્યો હતો.

મારી આ બે આંખ્યો, જે નિંદા કરવા જોગ શણગારના હાવભાવ આદરથી જોતી હતી, તેની તેજ આંખ્યો, એવું અજુગતુ હવે જુવે છે તો તે ઉપર અતિશય તિરસ્કાર અને અભાવ ઉપજે છે.

જે મારી વિકારવૃત્તિ, પશુવૃત્તિનું રૂપ ધારણ કરવાને ઉત્કટ ધરાવતી હતી, તે વૃત્તિ હવે તેવું જોવાને અતિશય અણગમો આણી ધિક્કારનું રૂપ ધારણ કરે છે.

ધણીધણિયાણીના પ્રેમભાવનું સ્વરૂપ નિરખી આપણે આનંદ પામવું, અને તે વિનાનો આપણી અયોગ્ય લાગણી ઉશ્કેરે એવો, વ્યભિચારી ભાવના ઉત્પન્ન કરનારો શણગાર હોય તે ઉપર તિરસ્કારની નજરથી જોવું. જ્યાં વિકારવાસના જેવી પશુવૃત્તિ ઉત્તેજન પામે એવો વિકારમય દેખાવ આપણને બતાવવામાં આવે તેવે સ્થાનથી તેજ વેળાએ ઉઠીને જતા રહી, આપણે આપણો અભાવ અને તિરસ્કાર દેખાડવો જોઇયે. કે જેથી કરીને બીજી વાર આપણા આગળ તેવા દેખાવ નાટકકરનારાઓ રજુ કરે નહિ.

કેટલાક નાટકકરનારાઓ ઉલટા આપણ પ્રેક્ષકજનોને વગોવે છે. તેઓ આપણ સર્વને વિકારી પશુવૃત્તિવાળાં માની લઈને એવી વૃત્તિવાળાં આપણે શાથી રીઝીશું, તેનો કાલ્પનિક ખ્યાલ કરીને તેવી પોતાની લાગણીનું અનુકરણ કરી તેવા પ્રયોગની રચના કરે છે, અને કરાવે છે. વિશેષમાં એમ પણ કહે છે કે, અમારે તો એવા વિકારી પશુવૃત્તિવાળાંને રીઝવીને તેમની પાસેથી પૈસા ઓકાવવા છે માટે અમે લોકની વૃતિ, ને વલણ જોઇ તેને અનુસરીને હલકા અને નિંદાપાત્ર રસ જમાવિયે છિયે અને તેમ કરવાની પ્રેક્ષકજનો અમને ફરજ પાડે છે.

ખરી વાત છે કે સર્વેની સરખી સારી વૃત્તિયો હોતી નથી, જૂદી જૂદી રૂચીનાં જૂદા જૂદા સ્વભાવનાં માણસો હોય છે. જેઓની વૃત્તિ પશુ- વૃત્તિ માર્ગે દોરાઇને પશુવત થઇ જવાથી ઢોર જેવાં બની ગયાં હોય છે, તેમને સદ્દગુણ શું છે, માણસાઈ શામાં છે, એમાંનું કશું સૂઝતું નથી. વિકારી પશુવૃત્તિને કેમ તૃપ્ત કરવી એટલુંજ માત્ર સૂઝે છે, તેઓએ, સારો સંગ સેવીને પોતાની વૃત્તિઓનું વલણ ફેરવી નાંખવું જોઇયે, પણ તેને ઉત્તેજન મળે એવું અવળું કાર્ય કોઈપ્રકારે કરવું ઘટતું નથી.

જે આંખ્યો કૂડુ જોઇને રાજી થતી હોય તેઓને રૂડુ જોઇને રાજી થવાની આપણે ટેવ પાડવી જોઇયે. જે વૃત્તિ કૂડાં કર્મ કરવાને દોરાતી હોય તેને અટકાવીને રૂડાં કર્મ કરવા ભણી વાળવી જોઇયે.

રૂપકનો પ્રયોગ થતો પ્રેક્ષકજનોએ કેવી રીતે જોવો તેની એક યુક્તિ મધુરભાઇયે મને સમજાવી છે, તે એ કે, ખેલમાં નાનાપ્રકારનાં કથન ચાલતાં હોય તેમાં સારૂં શું છે ને વખોડવા જેવું શું છે તેની પરીક્ષા કરનાર આપણ છિયે એમ ધારીને પ્રત્યેક કથનનું વિવેચન આપણે પોતે કરવાની ટેવ પાડવી જોઇયે. વિકારી શું છે અને અવિકારી શું છે એની તોલના કરતાં આપણને આવડી એટલે આપણા મન ઉપર ખોટી અસરનો પાશ બેસતો નથી. નટો ભલે ને ફાવે તેવા વિકારી હાવભાવ કરે પણ તે અયોગ્ય છે એવો તેના પ્રતિ ધિક્કાર આપણને ઉપજવાથી તેની અસર આપણા મન ઉપર થતી નથી.

સૂત્ર મધુરભાઈ કહે છે કે, આવાં પરીક્ષક અને ટીકાકાર બનેલાં જનો ગમે તેવો ખોટો દેખાવ જોશે તો પણ તેને બાધકારક થશે નહિ.

પણ બધા પ્રેક્ષકો એક સરખી વૃત્તિના નથી, જેને જે રસ પ્રિય થઈ પડેલો હોય છે તે રસની તેના હૃદયમાં અસર થાય છે.

મારા અનુભવ ઉપરથી મેં જે સારો માર્ગ સત્સંગ થવા ઝાલ્યો તેવા માર્ગે ચાલવાને સર્વે કોઇયે આદર કરવો જોઇયે એમ હું બે હાથ જોડીને આપ સર્વપ્રતિ માગણી કરૂં છું. જેવો સંગ તેવો રંગ લાગે છે માટે સત્સંગ કરી સદ્વાસનાનો આપણામાં વાસ થાય અને આપણે સદાચરણી નિવડિયે એવી મહા પ્રભુની આપણે પ્રાર્થના કરવી કે તે દયાળુ પ્રભુ આપણને રૂડી બુદ્ધિ આપે.

એક પ્રેક્ષકભાઇ—વિલાસી મોહવૃત્તિની અંધારી, આંખ ઉપર નાંખી, પશુવૃત્તિને સ્વાધીન થઈ, તમે પશુવર્તન અહિં આચર્યું હતું ત્યારે અમે તમને ખાસડાના વરસાદથી તાડન કર્યું હતું, હવે જ્યારે મનુષ્યનું રૂડું આચરણ, દેવી સમાન, તમે ધારણ કર્યું ત્યારે હવે તમને દેવી સમાન ગણીને ફૂલડાંથી વધાવી લઇયે છિયે. (ફૂલોનો વર્ષાદ તેના ઉપર વરસાવે છે.)

સૂત્રધાર—ગુલાબબાઈ સુધરી જવાથી તેમને તમે ઘટિત માન આપ્યું તેથી અમને આનંદ થયો. એમના જેવાં હજારો જણાંનું પ્રભુ તારણ કરે માટે આપણે તે દયાળુ પ્રભુની પ્રાર્થના કરો કે,—

(૫૬.)

જે પળ કુમતિ ઉપજે તે પળ, પ્રભુજી ! ઝટ નિવારો,
તોડી પાડો ભ્રષ્ટ ભાવના, પાપી થાતાં વારો
પાપી થતાં ઉગારો, પ્રભુજી ! ભ્રષ્ટ થતાં નિવારો–ટેક. ૧

કુમતિ ટાળો, સુમતિ આલો, પાપબુદ્ધિ પ્રજાળો
જાણી બૂજી પાપી થાતાં, જનને ઝટપટ ખાળો
અમે અબુદ્ધ અજ્ઞાની પ્રાણી ઉંધા અમ વિચારો
સવળા પાડી સાવધ થવા સુધારો
પ્રભુજી ! પાપી થતાં નિવારો. ૨

સદ્‌ગુણભર જળસાગર જગ છે, દુર્ગુણનો નથી દરિયો
તો પણ જન કૂડ કર્મો કરીને પાપથી રાખે ભરિયો
તે શીટાડી બંધ કરો પ્રભુ પાપ પંથનો આરો
જાણે અજાણે જઈ પડતાંને ડુબંતાં પ્રભુ તારો
પ્રભુજી ! પાપી થતાં નિવારો. ૩

ઉત્તમ માણસ જાતિ સૂજી તો, ઉત્તમતા સૌ આપો
પશુવૃત્તિ સમ વિકાર પામી કુમતિ થાતી કાપો
દીન દયાળુ કરૂણાનિધિ પ્રભુ ! અમ અરજી ઉર ધારો
મળીનતા મનની નિખારી શુદ્ધ કરો આચારો
પ્રભુજી ! પાપી થતાં નિવારો. ૪

અમને આપી વિવેક બુદ્ધિ, કુપથ જતાં અટકાવો
આંટીઘૂંટી અવગુણ કેરી સમઝાવી પટકાવો
સદાચરણમાં સીધા જાતાં પ્રતિદિન કરો વધારો
શુદ્ધ સ્વરૂપ કરાવો પ્રભુજી અમ અંતરે પધારો
પ્રભુજી ! પાપી થતાં નિવારો. ૫

(જવનિકા આક્ષેપ.)

દિવાન બહાદુર

રણછોડભાઈ ઉદયરામનાં રચેલાં પુસ્તકો.

હવણાં મળી શકે છે તે.	રૂ. આ. પા.
૧ જયકુમારીવિજય નાટક (ત્રીજી આવૃત્તિ)	૦–૧૨–૦
૨ લલિતાદુઃખદર્શક નાટક (છઠ્ઠી આવૃત્તિ)	૦– ૮–૦
૩ નળદમયંતી નાટક (ચોથી આવૃત્તિ)	૦– ૮–૦
૪ માલવિકાગ્નિમિત્ર (કાલિદાસકવિના નાટકનું ભાષાન્તર)	૧– ૪–૦
૫ રત્નાવલી નાટિકા. શ્રી. હર્ષકવિના સંસ્કૃત ઉપરથી ભાષાન્તર	૦– ૮–૦
૬ બાણાસુર મદમર્દન (ઓખાહરણ) નાટક બીજી આવૃત્તિ	૦– ૮–૦
૭ હરિશ્ચન્દ્ર નાટકનો ટૂંકો સાર	૦– ૧–૦
૮ નિન્ધશૃંગારનિષેધક રૂપક	૧–૧૨–૦
૯ લલિતાદુઃખદર્શક નાટકનો ઑપેરા (કવિતામાં)	૦– ૮–૦
૧૦ કુળવિષે નિબંધ. (બીજી આવૃત્તિ)	૦– ૨–૦
૧૧ સંતોષસુરતરુ. (બીજી આવૃત્તિ)	૦– ૨–૦
૧૨ લઘુસિદ્ધાન્તકૌમુદી સંસ્કૃત તથા તેનું વિસ્તારપૂર્વક ગૂજરાતી ભાષામાં વિવેચન	૫– ૦–૦

૧૩ રણપિંગળ ભાગ ૧ લો. અનેક સંસ્કૃત અને અન્ય ભાષાના ગ્રન્થો જોઇ, તેમાંનું દોહન વિસ્તારપૂર્વક કરવામાં આવ્યું છે. માત્રામેળજાતિ, અને અક્ષરમેળવૃત્તો રચવાનું માપ આપવામાં આવ્યું છે. એના **પ્રવેશકમાં** પિંગળવિષયક ગણો આદિની સમજુત આપી છે. આ પ્રવેશક બાવન પૃષ્ટનો છે. ત્યાર પછી, માત્રામેળ જાતિ અને વર્ણમેળવૃત્તોની અનુક્રમણિકા, માપપ્રદર્શક, પૂર્ણ આપી છે. તેનાં પૃષ્ઠ ૧૨૦ ભરાયાં છે. ત્યાર પછી, પિંગળનો પ્રારંભ થાય છે, તેમાં પ્રથમ માત્રામેળ જાતિ છે. તેના પેટામાં સમજાતિના પ્રકારો ૧૬૪ વિસ્તાર્યા છે, તેનાં ૭૨ પૃષ્ટ ભરાયાં છે. ત્યાર પછી, **અર્દ્ધસમજાતિનો પ્રારંભ થાય છે,** તેનો વિસ્તાર પૃ. ૭૩ થી ૧૨૮ સુધી ૫૫ પૃષ્ટોમાં થયો છે. આ પછી અર્દ્ધ સમજાતિ ૧૫૧ પ્રકારની દાખલ કરી છે, તે ઉપરાન્ત તેના ભેદ થયા છે તે જણાવ્યા છે. આ પછી **વિષમ-**

રૂ. આ. પા.

જાતિનો પ્રારંભ પૃ. ૧૨૯ મેં થાય છે. તેના પેટામાં **ગલિતકપ્રકરણ** આવે છે. તે કેવળ અજાણમાં રહી ગયેલું હવણાં પ્રસિદ્ધિમાં આણ્યું છે. આ પ્રકારે **વિષમજાતિ** ૨૨૪ મેં પૃષ્ટે પૂર્ણ થતાં તેનાં ૯૫ પૃષ્ટો ભરાયાં છે. આવી વિગતે માત્રામેળ જાતિ ૨૨૪ પૃષ્ટોમાં પૂર્ણ થયા પછી, વર્ણમેળછંદનો ૨૨૫ મેં પૃષ્ટે પ્રારંભ થાય છે. તે ૫૩૩ મે પૃષ્ટે સમાપ્ત થાય છે, એટલે એનાં ૩૦૮ પૃષ્ટો ભરાયાં છે. ૨૬ પ્રકારના છંદોનાં અનેક રૂપ બને છે તે વૃત્ત કહેવાય છે. એવાં **સમવૃત્ત** ૧,૪૨૩ ની રચનક્રિયા દર્શાવવામાં આવી છે. ત્યાર પછી પૃ. ૪૧૭ થી **વર્ણદણ્ડકો** દાખલ કર્યા છે, તેનો પ્રારંભ ૧,૪૨૪ અંકથી પ્રારંભાય છે, તે ૧૫૪૭ અંકે પૂર્ણ થાય છે. એના પેટામાં **કવિતપ્રકરણ** વિસ્તારપૂર્વક આપ્યું છે તે ધ્યાન આપવા જેવું છે. આ પછી, **અર્દ્ધસમવૃત્ત** પ્રારંભાય છે, તેના **સંકીર્ણ** અને **અસંકીર્ણ** તથા **સમ, વિષમભેદ** થઇને ભિન્ન ભિન્ન પ્રકારનાં ૨૧૧ વૃત્ત દાખલ કર્યાં છે. ત્યાર પછી, **અન્યદેશીયકવિતા રચનાના** નિયમ બતાવતાં વર્ણમેળની સમાપ્તિ પૃ.૫૪૦ મેં થાય છે. કુલ ૭૧૨ પૃષ્ઠોનો આ ભાગ છે. ૨– ૮–૦

૧૪ રણપિંગળ ભાગ ૧ લાની પૂરવણી. **પ્રથમ** ભાગ છપાઇ રહ્યા પછી, પછવાડેથી વધારેની જાતિ અને વૃત્તો મળી આવ્યાં તે એમાં દાખલ છે. પૃષ્ટ ૯૪. ... ... ૦– ૪–૦

૧૫ રણપિંગળ ભાગ ૨ જો. એમાં પિંગળવિષયક ગણિતનું વિસ્તારથી વિવેચન કર્યું છે. સકળ ભારતીય કવિતારચના કેવી નિયમિત છે તે આ ભાગ બતાવી આપે છે. નવીન જાતિ કે વૃત્તરચનાની રીતિ એમાં બતાવી છે. ૨– ૦–૦

૧૬ રણપિંગળ ભાગ ૩ જો. **વૈદિક છંદઃપ્રકરણ.** વેદમાં વપરાયલા છંદ અને તેના ભેદની વિસ્તાર પૂર્વક સમજુતી આપી છે. વેદ માહેલા મુળ છંદ દૃષ્ટાંતરૂપે ઉતાર્યા છે. પૃષ્ટ સંખ્યા ૧૮+૧૩૬=૧૫૪ ... ... ૦-૧૨-૦

૧૭ રણપિંગળ ભાગ ૩ જો. **ડિંગળ અથવા મારવાડી ગીત રચના.** મારવાડી ભાષામાં મૂળ ગ્રંથ રઘુનાથરૂપક

રૂ. આ. પા.

અને બુદ્ધિવિલાસ આદિ છે, એ ગ્રંથોનું સંશોધન કરીને તેની રચના ગુજરાતીમાં કરી છે. પૃષ્ટ ૬+૧૩૪=૧૪૦ ૦-૧૨-૦

૧૮ રણપિંગળ ભાગ ૩ જો, **ફારસી કવિતારચના અથવા બેતબાજી.**—ફારસી અને ઉર્દૂ ભાષામાં રચાતી કવિતા રચવાના નિયમ જેને વજનકહેવામાં આવે છે તે. જેઓને ખરી બેતો રચવી હોય તેઓ માટે આ આધાર રૂપ ગ્રંથ છે. પૃષ્ટ ૩૫૨ ... ... ૧- ૦-૦

ઉપરના અં. ૧૬, ૧૭, ૧૮ ના એકઠા બાંધેલા ત્રણ ભાગોને રણપિંગળ ભાગ ૩ જાનું નામ આપેલું છે તેનું ભેગું મૂલ્ય ૨- ૮-૦

૧૯ યૂરોપિયનોનો પૂર્વપ્રદેશ આદિ સાથે વ્યાપાર, ભાગ ૧ લો. અથવા હિંદનો વ્યાપારી ઇતિહાસ, જેમાં નામદાર ઈસ્ટ ઇંડિયા કંપનીનો હિન્દ સાથે સંબંધ થયો તેનો વૃત્તાન્ત, તથા વ્યાપારની સ્થિતિ જણાવવામાં આવી છે. તેમજ, ત્યારપછીનો બ્રિટિશ હિન્દનો ચાલુ વ્યાપાર આજ સુધીનો, દાખલ કરવામાં આવ્યો છે. પૃ. ૧૪+૪૭૬=૪૯૦ ૨- ૮-૦

૨૦ યૂરોપિયનોનો પૂર્વપ્રદેશ (ઈસ્ટ ઇન્ડિઝ) આદિ સાથે વ્યાપાર, ભાગ ૨ જો. અથવા સ્પેન અને પોર્ટુગાલ એ બંને દેશોનો ભૂમિશોધ, વ્યાપાર, અને વૃત્તાન્ત પૃ. ૧૬+૧૨૦+૩૭૬=૫૧૨ ... ... ૨- ૮-૦

૨૧ યૂરોપિયનોનો પૂર્વપ્રદેશ આદિ સાથે વ્યાપાર. ભાગ ૩ જો. અથવા નેધરલેંડ-હોલંડ અને બેલ્જિયમ એ બંને દેશોનો વ્યાપાર અને વૃત્તાન્ત પૃષ્ઠ ૮+૪૦૦=૪૦૮ ... ૨- ૮-૦

૨૨ યૂરોપિયનોનો પૂર્વપ્રદેશ આદિ સાથે વ્યાપાર. ભાગ ૪ થો. સ્કાંડિનેવિયા-ડેનમાર્ક, સ્વીડન અને નોર્વે, તથા ઑસ્ટ્રિયા, હુંગરી અને જર્મની, એ દેશોનો વ્યાપાર અને વૃત્તાન્ત, વર્ણવેલો છે. પૃષ્ઠ ૬૦+૮+૪૪૪=૫૧૨ ૨- ૮-૦

૨૩ યૂરોપિયનોનો પૂર્વપ્રદેશ આદિ સાથે વ્યાપાર. ભાગ ૫ મો. જેમાં ફ્રાન્સનો વ્યાપાર અને વૃત્તાન્ત તથા ઇતિહાસ સમાવેલો છે. પૃષ્ઠ ૯૨૨+૬=૯૨૮ ... ...૫- ૦-૦

હવે પછી નવી આવૃત્તિ છપાવવાની છે એવાં પુસ્તકો.

૨૪ બર્થોલ્ડ

૩૨ મદાલસા અને ઋતુધ્વજ

૨૫ તારામતી સ્વયંવર	૩૩ વિક્રમોર્વશી ત્રોટક
૨૬ હરિશ્ચંદ્ર નાટક	૩૪ નાટ્યપ્રકાશ
૨૭ અરોગતાસૂચક	૩૫ પાદશાહી રાજનીતિ.
૨૮ ગૂજરાતી હિતોપદેશ	૩૬ રાસમાળા ભાગ ૧ લો
૨૯ શેક્સપિયરનાટકકથાસંગ્રહ	૩૭ રાસમાળા ભાગ ૨જો
૩૦ પ્રસ્તાવિક કથાસંગ્રહ	૩૮ રાસમાળા પૂરણિકા
૩૧ પ્રેમરાય અને ચારુમતી	એ ફાર્બસ સભા તરફથી છપાય છે

હસ્તલિખિત ગ્રંથો છપાવવાને તૈયાર છે તે.

૩૯ રસપ્રકાશ	૪૩ વૈરનો વારસો (નાટક)
૪૦ અલંકારપ્રકાશ	૪૪ માધવી પંડિતાની આત્મકથા
૪૧ શ્રાવ્યકાવ્ય નિરૂપણ	૪૫ ફારસી કાવ્યરચના અને રૂબાઇ
૪૨ ગોપાળ (નાટક)	

૪૬ યૂરોપિયનોનો પૂર્વપ્રદેશ આદિ સાથે વ્યાપાર ભાગ ૬ ઠ્ઠો. જેમાં, રશિયા, ઇટલિ, અને સ્વિટ્ઝરર્લંડનો વ્યાપાર અને વૃત્તાન્ત આવશે.

૪૭ યૂરોપિયનોનો પૂર્વપ્રદેશ આદિ સાથે વ્યાપાર ભાગ ૭ મો. જેમાં બાલ્કનસ્ટેટ્સ-તુર્કસ્તાન, ગ્રીસ, રૂમાનિયા, બલ્ગેરિયા, સર્વિયા, મૉણ્ટેનિગ્રો અને આલ્બેનિયા એઓનો વ્યાપાર અને વૃત્તાન્ત

૪૮ યૂરોપિયનોનો પૂર્વપ્રદેશ આદિ સાથે વ્યાપાર. ભાગ ૮ મો. જેમાં બ્રિટિશ સામ્રાજ્યનો વ્યાપાર અને વૃત્તાન્ત વિસ્તાર્યો છે.

૪૯ હિન્દ સામ્રાજ્યનો વ્યાપાર અને વૃત્તાન્ત.

૫૦ કચ્છ દેશનો ઇતિહાસ.

ઉપરનાં પુસ્તકો મળવાનાં ઠેકાણાં.

મુંબઈ—એન. એમ. ત્રિપાઠી એણ્ડ કંપની. પ્રિન્સેસ સ્ટ્રીટ.

મુંબઈ—પંડિત જેષ્ટારામ મુકુંદજી. કાલબાદેવી રોડ.

મુંબઈ—કર્ત્તા પાસેથી નવી ગામદેવી. વાછાગાંધીરોડ-લક્ષ્મીનિવાસ.

મુંબઈ—ટાઇમ્સ બિલ્ડિંગમાં ધી બાબ્બે સ્વદેશી કોઑપરેટિવ સ્ટોર્સ કંપની તથા તેની પ્રિન્સેસસ્ટ્રીટ, ઠાકોરદ્વાર અને ગ્રાંટરોડ શાખાઓમાં.

મુંબઈ. બી. એસ. વૈદ્ય, બુકસેલર, સૅંડર્સ્ટરોડ, ગિરગાંવ.

રાજકોટ / **કરાચી** — ધી બાબ્બે સ્વદેશી કોઓપરેટિવ સ્ટોર્સની શાખાની દુકાનોમાં